પંડિત સુખલાલજી સંઘવી ગ્રંથમાળા - ૬

# જૈનધર્મની વૈજ્ઞાનિક આધારશિલા

કાન્તિ વી. મરડિયા

જીવ ઈતિ કર્મ સંયુક્તઃ |૧| નારક-
તિર્યઙ્-મનુષ્યા-દેવા ઈતિ નામ
સંયુક્તાઃ પ્રકૃતયઃ । કર્માવરણ-માત્રાયાઃ
તારતમ્ય-વિભેદતઃ |૨| પરિણામાત્ કર્મ
કર્મણો ભવતિ, ગતિષુઃ ગતિઃ |૩|
મિથ્યાદર્શના-વિરતિ-પ્રમાદ-કષાય-
યોગાઃ બન્ધહેતવઃ |૪અ| પ્રાણિઘાતેન
સપ્તમ્ નરકં ગતોઃ । અહિંસાયાઃ ફલં
સર્વં, કિમન્યત્ કામદૈવ સા |૪બ| તપસા
નિર્જરા ચ |૪ક|

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર
અમદાવાદ-૩૮૦ ૦૦૯

પંડિત સુખલાલજી સંઘવી ગ્રંથમાળા - ૬

# જૈનધર્મની વૈજ્ઞાનિક આધારશિલા

લેખક
કાન્તિ વી. મરડિયા

ગુજરાતી અનુવાદક
શ્રીદેવી મહેતા

પ્રધાન સંપાદક
જિતેન્દ્ર બી. શાહ

પ્રકાશક
લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

## જૈનધર્મની વૈજ્ઞાનિક આધારશિલા


| | | |
|---|---|---|
| લેખક | : | કાન્તિ વી. મરડિયા |
| અનુવાદ | : | શ્રીદેવી મહેતા |
| પ્રધાન સંપાદક | : | જિતેન્દ્ર બી. શાહ |

| | | |
|---|---|---|
| પ્રથમ ગુજરાતી આવૃત્તિ | : | અમદાવાદ, ૨૦૧૧ |
| પુનઃમુદ્રણ અંગ્રેજી આવૃત્તિ | : | દિલ્હી, ૨૦૦૭ |
| સંશોધિત અંગ્રેજી આવૃત્તિ | : | દિલ્હી, ૨૦૦૨ |
| સંવર્ધિત અંગ્રેજી આવૃત્તિ | : | દિલ્હી, ૧૯૯૬ |
| પ્રથમ અંગ્રેજી આવૃત્તિ | : | દિલ્હી, ૧૯૯૦ |
| e-mail | : | ldindology@gmail.com |
| નકલ | : | ૫૦૦ |
| મૂલ્ય | : | ૨૦૦/- |
| ભારતમાં પ્રકાશન | : | પંડિત સુખલાલજી સંઘવી ગ્રંથમાળા-૬ |
| ટાઇપ સેટિંગ | : | લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર<br>નવરંગપુરા, અમદાવાદ-૯. |
| મુદ્રક | : | સર્વોદય ઓફસેટ અમદાવાદ. |

(સ્વ.) શ્રી વરદીચંદજી મરડિયા

(સ્વ.) શ્રીમતી સંગારીબાઈ મરડિયા

તથા

(સ્વ.) શ્રી ધનરાજજી બાફના

શ્રીમતી સુમતિબાઈ બાફના

ને

સમર્પિત

કાન્તિ અને પવન મરડિયા

માતુશ્રી શ્રીમતી સુમતિબાઈ બાફનાની
૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે તેમનાં
કરકમળોમાં સાદર સમર્પિત

– પવન કાન્તિ મરડિયા –

**ધર્મ વિના વિજ્ઞાન પંગુ છે,**
**વિજ્ઞાન વિના ધર્મ અંધ છે.**

....જે વ્યક્તિ ધાર્મિક રીતે પ્રબુદ્ધ હોય તે વ્યક્તિ મને એવી લાગે કે જેણે પોતાની ક્ષમતા અનુસાર સ્વાર્થપરાયણ ઇચ્છાઓનાં બંધનોથી છુટકારો મેળવી લીધો છે....

આઇનસ્ટાઇન (૧૯૪૦-૪૧) જુઓ પૃ.૧૦૬.

જૈન : એ વ્યક્તિ જેણે પોતાના આંતરિક શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરી લીધો હોય.

# પ્રકાશકીય

''જૈનધર્મની વૈજ્ઞાનિક આધારશિલા'' પુસ્તક પ્રકાશિત કરતા અમે અત્યંત હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ. આ પુસ્તક મૂળ તો અંગ્રેજી ભાષામાં લખાયું છે. તેનું પ્રકાશન દિલ્હીની ભારતીય વિદ્યાની અગ્રગણ્ય પ્રકાશનસંસ્થા મોતીલાલ બનારસીદાસે કર્યું છે. તેની એક કરતાં વધુ આવૃત્તિઓ પ્રગટ થઈ ચૂકી છે. આ ગ્રંથનો હિન્દી અનુવાદ પણ થઈ ચૂક્યો છે અને તે વારાણસી સ્થિત પાર્શ્વનાથ વિદ્યાપીઠે પ્રકાશિત કર્યો છે. અંગ્રેજી ન જાણતા ભારતીયોને આ અનુવાદ ઉપયોગી થાય તેવો છે. પરંતુ હિન્દી અનુવાદ મૂળ ગ્રંથને બરાબર અનુસરતો ન હોય તેવો જણાય છે. ઘણા સ્થળે તો અનુવાદ અસ્પષ્ટ છે. બે વર્ષ પૂર્વે મૂળ ગ્રંથના લેખક પ્રો. કાંતિભાઈ મરડિયા અમદાવાદ આવ્યા ત્યારે હિન્દી અનુવાદ અંગેની ચર્ચા ચાલી રહી હતી. તે દરમિયાન ગુજરાતી અનુવાદની પણ વાત પણ ચાલી.

કાંતિભાઈએ જણાવ્યું કે હું ગુજરાતી અનુવાદ કરાવી રહ્યો છું. અને તેમણે ગુજરાતી અનુવાદ વાંચી યોગ્ય સૂચનો કરવા જણાવ્યું. થોડા દિવસ બાદ તેમણે ગુજરાતી અનુવાદનાં થોડાં પાના મોકલી આપ્યાં. એ અનુવાદ એક તો હિન્દી ગ્રંથ પરથી તૈયાર કરવામાં આવ્યો હતો અને તેની ગુજરાતી ભાષા પણ પ્રવાહી ન હતી તેથી મેં મારાં સૂચનો સાથે અનુવાદ પરત મોકલ્યો હતો. તેમણે મારાં સૂચનો તો સ્વીકાર્યાં પણ સાથે સાથે અનુવાદ કરાવવાનું કામ પણ મને સોંપ્યું. આ કામ સરળ તો ન જ હતું. મેં એક અનુવાદકને કામ સોંપ્યું અને તેમણે અનુવાદ કરીને આપ્યો. પરંતુ તે અનુવાદ બરાબર ન હતો. કારણ કે મૂળ પુસ્તકમાં અનેક જગ્યાએ વૈજ્ઞાનિક પરિભાષાનો ઉપયોગ થયો છે. તેનો અનુવાદ તો જે વિજ્ઞાનના સિદ્ધાંતોનું જ્ઞાન ધરાવતા હોય તે જ કરી શકે. આથી સંપૂર્ણ અનુવાદ રદ કર્યો. પરિણામે ધાર્યા સમયમાં કામ ન થઈ શક્યું અને અનુવાદનું કાર્ય તો અધૂરું જ રહ્યું. તે સમયે ડૉ. શ્રીદેવી મહેતાએ અનુવાદ કરવાનું કાર્ય સ્વીકાર્યું. તેમણે મૂળ પુસ્તકનો સંપૂર્ણ અભ્યાસ કરી અનુવાદનું કામ શરૂ

કર્યું. અનેક સ્થળે શંકાઓ હતી તેનું સાથે બેસી નિરાકરણ કર્યું અને સંપૂર્ણ અનુવાદ સુંદર રીતે તૈયાર થયો જે આજે પ્રકાશિત થઈ રહ્યો છે.

પ્રો. કાંતિભાઈ મરડિયા સ્ટેટેસ્ટીક્સના પ્રોફેસર તરીકે ઇંગ્લૅન્ડની યુનિવર્સિટીમાં અધ્યાપન કરે છે. તેમને જૈનધર્મના સિદ્ધાંતો જાણવા અને સમજવાની સવિશેષ રૂચિ હોવાને કારણે સ્વયં અભ્યાસ કરી આજના યુગને અનુરૂપ જૈન સિદ્ધાંતોની વિવેચના કરી છે. તે દૃષ્ટિએ આ ગ્રંથ ઉપયોગી છે.

જૈનધર્મના સિદ્ધાંતો અને તત્ત્વજ્ઞાન અંગે છેલ્લા બે-ત્રણ દાયકાથી વિશ્વસ્તરે ચિંતન ચાલી રહ્યું છે. જૈનધર્મના સિદ્ધાંતો સૂક્ષ્મ અને ગહન છે. જૈનધર્મનું કર્મવિજ્ઞાન અને આત્મતત્ત્વ તો અત્યંત ગહન છે. ખૂબ વિસ્તૃત પણ છે. સામાન્ય જિજ્ઞાસુને તરત ન સમજાય તેવું પણ છે. વળી શૈલી પણ પારિભાષિક શબ્દોવાળી હોવાથી કઠિન લાગે તેવી છે. આ ઉપરાંત સરળ ભાષામાં વૈજ્ઞાનિક પદ્ધતિથી તેનું વિવેચન થાય તો તે આજના યુવાન જિજ્ઞાસુમિત્રોને ઉપયોગી થાય તેવી ચર્ચાઓ હંમેશા ચાલતી હતી, પણ તે કાર્ય થવાનું બાકી હતું. આ ખોટને પ્રો.કાંતિભાઈ મરડિયાએ પૂર્ણ કરી છે માટે તે અભિનંદનને પાત્ર છે. ગુજરાતીભાષી જિજ્ઞાસુઓને ઉપયોગી થાય તેમ ગુજરાતી અનુવાદ કરવા માટે ડૉ. શ્રીદેવી મહેતાને પણ અભિનંદન.

અમને આશા છે કે જિજ્ઞાસુઓને આ ગ્રંથ ઉપયોગી થશે. આ કાર્યમાં સહયોગ કરનાર સર્વનો આભાર.

૨૦૧૧, અમદાવાદ — જિતેન્દ્ર બી. શાહ

# પ્રાક્કથન
## (પ્રથમ અંગ્રેજી આવૃત્તિમાંથી)

પ્રો.મરડિયાએ તેમના પુસ્તક "The Scientific Foundations of Jainism"નું પ્રાક્કથન લખવાનું મને કહ્યું તેનાથી કેટલાંક કારણોસર મેં પ્રસન્નતા અનુભવી. પ્રો.મરડિયાને હું ઘણા વર્ષોથી ઓળખું છું અને જૈનધર્મને લગતા અનેક પ્રશ્નો વિશે અમારે રસપ્રદ વિચારવિમર્શ થતા રહ્યા છે. આધુનિક વિજ્ઞાનના સંદર્ભે જૈન દર્શન અને ધર્મને સમજાવતું એક પુસ્તક લખવાની તેમની મનોકામના વિશે પણ અમારે ચર્ચા થઈ હતી. મને ખુશી છે કે આ પુસ્તકનું પહેલું લખાણ મને જોવા મળ્યું છે અને એના આખરી લખાણને જોનારાઓમાંનો પણ હું એક છું. હું માનું છું કે પ્રા.મરડિયાએ જૈન સાહિત્યમાં એક બહુમૂલ્ય પ્રદાન કર્યું છે. એક બીજું કારણ પણ મારે જણાવવું જોઈએ : મનીષીઓ અને વિદ્વજ્જનો જ્યારે પ્રો.મરડિયાનું આ પુસ્તક વાંચશે ત્યારે સહજ રીતે તે બધા મારી આ નોંધ પણ જોશે.

જૈનધર્મ એક પ્રાચીન ધર્મ-વ્યવસ્થા છે. જૈન પરંપરાઓનાં મૂળ છેક આદિકાળ સુધી પહોંચે છે. અત્યંત સંશયવાદી નાસ્તિક પણ તેના લગભગ ૩૦૦૦ વર્ષના ઇતિહાસને નકારી શકશે નહિ. જૈનધર્મ સમયથી સ્થિર રહ્યો નથી. વિદ્વાનો અને જ્ઞાનીઓની પેઢી દર પેઢી તેમાં ઉમેરો કરતી રહી છે. તે વિવેચન, ટીકા, સમજૂતીઓ ઇત્યાદિથી સમૃદ્ધ થતું રહ્યું છે; પરિણામે જૈન સાહિત્ય પ્રતિવર્ષ વિસ્તૃત, પ્રચુર થતું ગયું છે. જૈનધર્મનો અભ્યાસ મેં શોખથી શરૂ કર્યો હતો. શરૂઆતથી જ હું માનતો હતો કે તેના સિદ્ધાંતો આધુનિક વિજ્ઞાન સાથે સુમેળ ધરાવે છે. જૈન વિચારસરણી, જૈન દર્શન અનંત છે. જો કે પ્રાચીન લખાણો એ સમયની ભાષાઓ – સંસ્કૃત, પ્રાકૃતમાં લખાયાં છે. એ લખાણોમાંની સંકલ્પનાઓ, વિભાવનાઓ એ કાળની વૈજ્ઞાનિક શબ્દાવલીથી અભિવ્યક્ત થઈ છે. ક્ષતિરહિત ચોકસાઈ માટે તેમ જ ગૂઢ, ગહન અને કઠિન સંકલ્પનાઓને સ્પષ્ટ કરવા માટે એ ભાષાઓ

સક્ષમ છે. છતાં આત્યંતિક સચોટતા કે પુનરાવર્તનને કારણે અર્થઘટન અઘરું પણ બને છે. પ્રાચીન પારિભાષિક શબ્દાવલીના આધુનિક પર્યાય કે સમાનાર્થી શબ્દો શોધાયા નથી તેથી જૈન વિચારના કોઈ એક પાસા વિશેનું આધુનિક પુસ્તક સમજાય નહિ તેવી પારિભાષિક શબ્દોના ખીચડા જેવું બની જવાની સંભાવના રહે છે.

પ્રો.મરડિયા વિજ્ઞાનના વિશિષ્ટ વિદ્વાન છે. એ ગણિતજ્ઞ છે. ખરેખર તો એ આંકડાશાસ્ત્રી છે. તેમની યુનિવર્સીટી ડિગ્રીઓમાં ત્રણ પીએચ.ડી. સમાવિષ્ટ છે. વળી, તે એક ભાવિક શ્રાવક છે. આમ આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતો, દર્શન અને નીતિશાસ્ત્રનું અર્થઘટન કરવા માટે એ સુયોગ્ય ક્ષમતા ધરાવે છે. પ્રો.મરડિયાનું પુસ્તક ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. સૌપ્રથમ એ આત્મા, કર્મ, જીવ અને અજીવની મૂળભૂત સંકલ્પના સમજાવે છે અને તેને જીવન, મરણ અને બ્રહ્માંડ વિશેના જૈન વિચાર સાથે સાંકળે છે. ત્યાર પછી, તે સામાન્યમાંથી વિશેષ તરફ, આત્મનિગ્રહના અભ્યાસ તરફ અને આત્માના શુદ્ધીકરણના પથ પર લઈ જાય છે. તે પછીનાં બે પ્રકરણો, જે ધ્યાનપૂર્વકનું વાચન માંગી લે છે, તેમાં જૈન તર્કને તેની માન્ય અને સ્વીકાર્ય એવી અધિકૃત જગા પર ગોઠવે છે. તે આધુનિક ભૌતિકશાસ્ત્રના મૂળભૂત તેમ જ અદ્યતન પાસાઓને જૈન લખાણોમાંના વૈજ્ઞાનિક સિદ્ધાંતો સાથે સમજાવે છે.

પ્રો.મરડિયાએ ઘણાં વર્ષોની જહેમત પછી તૈયાર કરેલા લખાણને પુસ્તક સ્વરૂપે જોતાં મને ખૂબ આનંદ થાય છે. મને ખાતરી છે કે આધુનિક જમાનાના જૈનો જેઓ, સદીઓ પહેલાંનાં લખાણો સાથે સુસંગતતા, તાલ મેળવતા તકલીફ અનુભવે છે તેમને આ પુસ્તક ખૂબ ઉપયોગી થશે. જૈનેતરો, ખાસ કરીને બહુ ઓછા જાણીતા એવા આ ધર્મને તાર્કિક રીતે સમજવા જેઓ પ્રયત્ન કરતા હશે તેમને પણ આ પુસ્તક ખૂબ ઉપયોગી નીવડશે. આગળ મેં કહ્યું તે દોહરાવું છું કે આ પુસ્તક જૈન સાહિત્યમાં મહત્ત્વનું યોગદાન છે. હું પ્રો.મરડિયાને અભિનંદન પાઠવું છું અને સૌને આ પુસ્તક વાંચવા માટે હૃદયપૂર્વક ભલામણ કરું છું.

પૉલ મારેટ
લોફબરો યુનિવર્સિટી

# પ્રસ્તાવના

જૈનધર્મ સમજવા અને તેનો અર્થ આધુનિક સંદર્ભમાં શોધવા બાબતે તાજેતરમાં પુનઃજાગૃતિ આવી છે. પરદેશના જૈન તરૂણો, જે પચરંગી સમાજમાં ઉછર્યા છે તે બધા નવા પર્યાવરણ સાથે જૈનધર્મની સુસંગતતા સમજવા પ્રયાસ કરી રહ્યા છે. હું કહીશ કે જૈનધર્મ વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર રચાયેલો છે અને મેં ચાર વિધાનો, પાયાની મૂળભૂત અવધારણાઓની રચના કરી છે, જેના પર, મારા મતે, જૈનધર્મ આધારિત છે. આ વિધાનો (સૂત્રો) વિગતોને બદલે સત્ત્વ પર ફોકસ કરે છે.

લીડ્ઝ યુનિવર્સીટીમાં સ્ટેટિસ્ટીક્સના પ્રોફેસર તરીકેના મારા ઉદ્‌ઘાટન પ્રવચનની સાથે આ કામની શરૂઆત ઈ.સ.૧૯૭૫માં થઈ હતી. વિધાનો(સૂત્રો) સૌપ્રથમ વાર ૧૯૭૯માં લેસ્ટરમાં એક નાનકડા સંમેલનમાં રજૂ કર્યા હતાં, જેમાં તેને ઉત્સાહથી વધાવવામાં આવ્યાં હતાં. એ સંમેલનમાં સર્વશ્રી નટુભાઈ શાહ અને પૉલ મારેટ પણ હાજર હતા. કેલિફોર્નિયા યુનિવર્સિટીના પ્રો.પદ્મનાભ એસ. જૈનીના પુસ્તક "The Jaina Path of Purification"(૧૯૭૯)થી મારી અભિરૂચિ પુનઃ સક્રિય થઈ. મારા આ પુસ્તક માટે હું પ્રો.જૈનીનો ઋણી છું. જૈન ધર્મગ્રંથોમાંથી મળતા આધાર જે હવે પછીના વિવરણની અંતર્હિત છે તેમાંના મોટા ભાગના પ્રો.પદ્મનાભ જૈનીના પુસ્તકમાં મળશે અને તેથી એનું આ પુસ્તકમાં પુનરાવર્તન કર્યું નથી. જૈન પારિભાષિક શબ્દો પ્રો.જૈનીના લિપ્યાંતરણને અનુસરે છે. એમના પુસ્તકમાં સરસ શબ્દાવલી આપેલી છે, જે વાચકને સમજ માટે બહુ ઉપયોગી છે. ઉદાહરણ તરીકે 'કર્મ' અને 'યોગ' શબ્દોના અર્થ જૈનધર્મમાં અને હિન્દુધર્મમાં જુદા છે. એટલે કે આ શબ્દોના પ્રચલિત અર્થ છે તે જૈનધર્મમાં ઉપયુક્ત નથી. (પુસ્તકને અંતે આપેલી પારિભાષિક શબ્દાવલી જુઓ.) આ વિષયની ભૂમિકા બાંધવા આપણે

પૉલ મારેટનું "Jainism Explained" (૧૯૮૫) અને વિનોદ કપાશીનું "Jainism for Young Persons" (૧૯૮૫) જોવા જોઈએ. ઉર્સુલા કિંગ(૧૯૮૭)નો લેખ જોવા પણ ભલામણ છે.

આ પુસ્તક માટે ગણિત અને ભૌતિકશાસ્ત્રનો આછો અછડતો પરિચય ઉપયોગી થશે. એને કારણે વૈજ્ઞાનિક અને ચિત્રાત્મક નિરૂપણ સમજી શકાશે, અન્યથા એ શક્ય નહિ બને. ઘણાં જૈન બાળકો જન્મથી જૈન હોવાથી જૈન ધર્મ પાળે છે, શ્રદ્ધાથી નહિ. ભારતમાં આશરે ૯૦ લાખ અને પરદેશમાં આશરે એક લાખ જૈનો છે. એવી આશા રાખીએ કે આ પુસ્તક શ્રદ્ધાથી જૈન ધર્મ પાળનારાં બાળકોને ઉપયોગી થશે.

પ્રકરણ ૧ જૈનધર્મનો ટૂંકો પરિચય અને ચાર વિધાનોની યાદી આપે છે. પ્રકરણ ૨ થી ૭ વિધાનોની સમજૂતી આપે છે અને આધુનિક સંદર્ભમાં તેમની વિશ્વસનીયતા સમજાવે છે. આ વિધાનોને કારણે કેટલીક મહત્ત્વની બાબતો ઉદ્‌ભવે છે અને એ વિસ્તારપૂર્વક રજૂ કરવામાં આવી છે. પ્રકરણ ૮માં મૂળભૂત પ્રણાલીઓની રૂપરેખા અને પ્રકરણ ૯માં જૈન તર્કની કેટલીક સંકલ્પનાઓ આપી છે. પ્રકરણ ૧૦ દર્શાવે છે કે જૈનધર્મ અને આધુનિક વિજ્ઞાન કેવો સંબંધ ધરાવે છે. પુસ્તકને અંતે જૈન પારિભાષિક શબ્દાવલી આપેલી છે, જે વાચકને તેના અંગ્રેજી પર્યાય જાણવામાં મદદરૂપ થશે.

પરિશિષ્ટ ૧માં ભગવાન મહાવીરનું એક વ્યક્તિ તરીકેનું જીવન આપ્યું છે. પરિશિષ્ટ ૨માં એવા માન્ય જૈન ગ્રંથોનો આછો ખ્યાલ આપ્યો છે, જેમાંથી વિધાનો તારવ્યાં છે. ખ્રિસ્તી ધર્મ માટે એક ગ્રંથ બાઈબલ છે, એવો એક માત્ર ગ્રંથ જૈનધર્મ માટે નથી, બલ્કે હાલમાં (શ્વેતામ્બરોમાં) ઉપલબ્ધ છે એવા ગ્રંથોની સંખ્યા ૪૫ છે. પરિશિષ્ટ ૩ અ માં જેનાં ૫૨ વિધાનો આધારિત છે એવા મૂળ સ્રોત દર્શાવ્યાં છે. વળી, પરિશિષ્ટ ૩ બ માં કેટલાંક મહત્ત્વનાં અવતરણો, જેમનો લખાણમાં ઉલ્લેખ છે તે દર્શાવ્યાં છે. પરિશિષ્ટ ૪ માં શુદ્ધીકરણનાં સોપાનોની મહત્ત્વની સંકલ્પનાનું સરળ રમત – સાપસીડીથી નિરૂપણ કર્યું છે. તે પછી સંદર્ભસૂચિ પણ આપી છે.

જેઓએ જૈનધર્મનો ખ્યાલ સીધેસીધો મેળવવો હોય તેમને

ઉમાસ્વાતિનું તત્ત્વાર્થ-સૂત્ર વાંચવા ભલામણ છે. તેના અંગ્રેજી અનુવાદ પણ ઉપલબ્ધ છે (જુઓ સંદર્ભસૂચિ). અલબત્ત પ્રથમ વાચન વેળાએ તેમણે તત્ત્વાર્થ-સૂત્રમાંના વિસ્તૃત વિભાજન, પેટા-વિભાજન વગેરેનું બહુ ગંભીર રીતે વાચન ન કરવું, તેને કારણે તત્ત્વ પરથી વિગતોમાં વિષયાંતર થઈ જવાની સંભાવના રહેશે. ઘણા સૈકાઓ સુધી પાયાનાં આધારભૂત તત્ત્વો મૌખિક રીતે, શ્રુતિ-સ્મૃતિથી, પ્રચલિત થતાં હતાં ત્યારે આવી વિસ્તૃત રૂપરેખાઓ જરૂરી હતી.

હું હેરી ટ્રીકેટ પ્રત્યે હાર્દિક કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. તેમણે આખા પુસ્તકનાં વિવિધ લખાણો ધીરજપૂર્વક વાંચીને અનેક રચનાત્મક સૂચનો કર્યાં છે. યુરોપના જૈન સમાજના પ્રમુખ શ્રી નટુભાઈ શાહ, પ્રો. પી.એસ.જૈની, ગુરુદેવ શ્રી ચિત્રભાનુ, ગણેશ લાલવાણી, પૉલ મારેટ, વિનોદ કપાશી, નીગલ સ્મીટન, એલન વોટકિન્સ, વિજય જૈન, ટિમ હેઇન્સવર્થ તેમજ મારા ખાસ મિત્ર સ્વ.કુંદન જોગાટરનો હું ઋણ-સ્વીકાર કરું છું. મારી પત્ની પવન, મારાં સંતાનો – બેલા, હેમંત અને નીતા તથા લીડ્સ જૈન ગ્રુપના સભ્યોનાં સૂચનોથી મને ઘણો લાભ થયો છે.

આધુનિક વિજ્ઞાનના સંદર્ભમાં અમે વિવિધ સંકલ્પનાઓનું શક્ય તેટલી નિરપેક્ષ રીતે પુનઃઅર્થઘટન કરવાનો પ્રયત્ન કર્યો છે. પુનઃઅર્થઘટન સમયે નડેલી સમસ્યાઓમાં એક મોટી સમસ્યા એ હતી કે જૈન પદો પ્રાકૃત અને સંસ્કૃત ભાષાઓ પર આધારિત છે, જ્યારે આધુનિક વિજ્ઞાનની પારિભાષિક શબ્દાવલી ગ્રીક ભાષા પર આધારિત છે. અમે માનીએ છીએ કે વિજ્ઞાનના એક નાના ક્ષેત્રમાં રીસર્ચ ડીગ્રી મેળવનાર ઘણાં વર્ષો પરિશ્રમ કરે છે, તેટલી જ નિષ્ઠા જૈનધર્મના ટેક્નીકલ મૂળાધારને સમજવા અપનાવવી અપેક્ષિત છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈનના સાપેક્ષતાવાદને સમજતા નિષ્ણાતોને પણ લાંબો સમય લાગ્યો હતો તે યાદ રાખવું ઘટે. અંતે, "કેવળજ્ઞાન" અથવા અનંત જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જ વ્યક્તિને જૈન વિજ્ઞાનનું સત્ય સમજાય છે – એ જૈન પ્રતિપાદનને પણ આપણે મહત્ત્વ આપવું રહ્યું.

દિવાળી
૯, નવેમ્બર, ૧૯૮૮

કે.વી. મરડિયા

# વિશેષ ઋણસ્વીકાર

લગભગ બધાં પ્રકરણો માટે પ્રો.પદ્મનાથ એસ. જૈનીના "The Jaina Path of Purification" (૧૯૭૯), બર્કલી યુનિવર્સીટી પ્રેસ, બર્કલી (મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, ૧૯૭૯ દ્વારા પુનર્મુદ્રિત)નાં પ્રમાણભૂત સાહિત્ય પર આધાર રાખવામાં આવ્યો છે. તેમનાં પુસ્તકનાં નીચે દર્શાવેલાં પૃષ્ઠ પરથી લીધેલાં અવતરણો માટે હું કૃતજ્ઞ છું :

પ્રકરણ ૧. પૃ.૩૨

પ્રકરણ ૩. પૃ.૯૮

પ્રકરણ ૪. પૃ.૧૦૯, ૧૧૨-૪, ૧૫૦

પ્રકરણ ૫. પૃ.૧૪૦-૧, ૧૪૭, ૧૫૦

પ્રકરણ ૬. પૃ.૧૫૯, ૧૬૮- ૯, ૧૭૧

પ્રકરણ ૮. પૃ.૨૫૨-૩

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રકાશકીય | v |
| પ્રાક્કથન | vii |
| પ્રસ્તાવના | ix |
| વિશેષ ઋણ સ્વીકાર | xii |
| **૧ : જૈન અને જૈનધર્મ** | **૧-૯** |
| ૧.૧ વિષયપ્રવેશ | ૧ |
| ૧.૨ જૈનધર્મની કેટલીક લાક્ષણિકતાઓ | ૬ |
| ૧.૩ સૂત્રાત્મક અભિગમ | ૮ |
| **૨ : આત્મા અને કાર્મિક દ્રવ્યનો સિદ્ધાન્ત (વિધાન ૧)** | **૧૧-૨૩** |
| ૨.૧ વિધાન | ૧૧ |
| ૨.૨ મૂળભૂત સંકલ્પનાઓ | ૧૨ |
| ૨.૨.૧ આત્મા | ૧૨ |
| ૨.૨.૨ કાર્મણ કણો અને કાર્મિક દ્રવ્ય | ૧૨ |
| ૨.૨.૩ પારસ્પરિક ક્રિયા | ૧૩ |
| ૨.૩ મહત્વના શબ્દો | ૧૫ |
| ૨.૩.૧ કાર્મિક પ્રક્રિયા | ૧૫ |
| ૨.૩.૨ કાર્મિક ઘનત્વ | ૧૬ |
| ૨.૩.૩ દીર્ઘકાલીન સૌમ્ય સ્થિતિ | ૧૮ |
| ૨.૩.૪ નવ તત્ત્વો | ૧૮ |
| ૨.૪ મહત્ત્વની સમાનતાઓ (સાદૃશ્યતાઓ) | ૨૧ |
| ૨.૪.૧ ચુંબકત્વ | ૨૨ |
| ૨.૪.૨ પ્રકીર્ણ સમાનતા | ૨૨ |

**૩ : જીવનની શ્રેણીબદ્ધતા (વિધાન ૨)** **૨૫-૩૧**

૩.૧ વિધાન ૨૫

૩.૨ જીવન-એકમો અને જીવન-ધરી ૨૫

૩.૩ ઈન્દ્રિયોની સંખ્યા/બુદ્ધિને આધારે જીવન-ધરીનું વિભાજન ૨૬

૩.૪ જીવની ચાર ગતિઓ ૨૯

**૪ : જન્મ અને મરણનાં ચક્ર (વિધાન ૩)** **૩૩-૪૭**

૪.૧ વિધાન ૩૩

૪.૨ કાર્મિક ઘટકો ૩૩

૪.૩ શેનું પરિવહન થાય છે ? ૩૬

૪.૪ છ દ્રવ્યો (Existents) ૩૭

૪.૫ જૈન કણ-ભૌતિક વિજ્ઞાન (Jain Particle Physics) ૪૩

૪.૬ જીવનચક્રોના વ્યાવહારિક સંકેતો ૪૪

૪.૭ સામાન્ય અવલોકન ૪૬

**૫ : આચાર-વ્યવહારમાં કર્મબંધ (વિધાન ૪ અ)** **૪૯-૫૮**

૫.૧ વિધાન ૪૯

૫.૨ વ્યવહારમાં કર્મો ૫૦

૫.૩ ભાવજન્ય પ્રવૃત્તિઓ અને ચાર ભાવ ૫૧

૫.૪ કષાયોની કક્ષાઓ (Degrees of Passsions) ૫૬

**૬ : કાર્મણોનું અંતિમ શોષણ (વિધાન ૪ બ)** **૫૯-૬૮**

૬.૧ વિધાન ૫૯

૬.૨ તાત્પર્ય ૬૧

૬.૩ હિંસાનું ભાવાત્મક પાસું ૬૪

૬.૪ જૈન સાર્વત્રિક સાંસારિક ચક્રો ૬૫

**૭ : આત્મવિજયનો માર્ગ (વિધાન ૪ ક)** **૬૯-૮૪**

૭.૧ વિધાન ૬૯

૭.૨ શુદ્ધીકરણ-અક્ષ અને ચૌદ ગુણસ્થાનકો ૭૦

૭.૩ શરૂઆતનાં ચાર સોપાનો ૭૨

૭.૩.૧ સોપાનોની વ્યાખ્યા અને આંતરિક ગતિ ૭૨
૭.૩.૨ ચોથા ગુણસ્થાનકનું વર્ણન અને દેખીતા સંકેતો ૭૪
૭.૪ ગુણસ્થાનક પાંચથી ગુણસ્થાનક અગિયાર ૭૫
૭.૫ ગુણસ્થાનક બારમાથી ચૌદ ૭૭
૭.૬ કક્ષા (level) અને સંક્રમણોનું રૈખિક નિરૂપણ ૭૮
૭.૭ ગુણસ્થાનકોમાં સંક્રમણ ૮૨

**૮ : શુદ્ધીકરણ માટેના ઉપાયો ૮૫-૯૮**
૮.૧ પ્રાસ્તાવિક ૮૫
૮.૨ સમ્યક દર્શનના આઠ ગુણો ૮૫
૮.૩ શ્રાવક માટે પાંચમું ગુણસ્થાનક ૮૬
૮.૪ ગુણસ્થાનક છ અને સાધુઓ ૮૭
૮.૫ ઉચ્ચતર ગુણસ્થાનક અને ધ્યાન ૯૧
૮.૬ ત્રણ રત્નો અથવા રત્નત્રય (Gem-trio) ૯૨
૮.૭ કાર ચલાવવાની સાથે આધ્યાત્મિક પ્રગતિની સરખામણી ૯૫

**૯ : જૈન તર્કશાસ્ત્ર ૯૯-૧૦૭**
૯.૧ પ્રાસ્તાવિક ૯૯
૯.૨ અનુમાનાત્મક તર્ક / સૂક્ષ્મ તર્ક ૧૦૧
૯.૩ સ્યાદ્વાદ, પારિસ્થિતિક કથનનો સિદ્ધાંત ૧૦૨
૯.૪ સાપેક્ષ સમગ્રતાનો સિદ્ધાંત (અનેકાંતવાદ) ૧૦૪
૯.૫ વિચારવિમર્શ ૧૦૬

**૧૦ : જૈનધર્મ અને આધુનિક વિજ્ઞાન ૧૦૯-૧૨૦**
૧૦.૧ સમરૂપતાઓ ૧૦૯
૧૦.૨ આધુનિક કણ ભૌતિક વિજ્ઞાન ૧૧૧
૧૦.૩ કુદરતમાંનાં ચાર બળો ૧૧૪
૧૦.૪ અન્ય કેટલીક સમરૂપતાઓ ૧૧૮
૧૦.૫ સમાપન ૧૨૦

**ઉપસંહાર ૧૨૧-૧૨૬**
૧. કાર્મણ કણ અને કર્મોનું વ્યક્તિગત કોમ્પ્યુટર ૧૨૧

૨. કર્મબંધ અને શાકાહાર ૧૨૩
૩. કાર્મણ કણો અને જ્ઞાનનું આવરણ ૧૨૩
૪. શુદ્ધીકરણનો માર્ગ ૧૨૪
૫. આત્મસંયમ અને પર્યાવરણની સમસ્યાઓ ૧૨૫

**પરિશિષ્ટ** **૧૨૯-૧૩૪**

પરિશિષ્ટ ૧ ભગવાન મહાવીર સ્વામીનું જીવનવૃત્તાંત ૧૨૯
પરિ.૧.૧ લક્ષ્યનું અનુસરણ અને જ્ઞાનપ્રાપ્તિ ૧૩૦
પરિ.૧.૨ તીર્થંકરરૂપે ભગવાન મહાવીરનું જીવન ૧૩૨

પરિશિષ્ટ ૨ જૈન આગમગ્રંથો ૧૩૫-૧૪૦
પરિ.૨.૧ પ્રમુખ આગમગ્રંથો ૧૩૫
પરિ.૨.૨ દ્વિતીયક જૈન આગમ-અનુયોગ-આધારિત ગ્રંથ ૧૩૯

પરિશિષ્ટ ૩ અવતરણ ૧૪૧-૧૪૩
અ : વિધાનો ૧૪૧
બ : ગ્રંથોમાંથી અવતરણ (અવતરણ : અ) ૧૪૨

પરિશિષ્ટ ૪ ગુણસ્થાનકો અને સાપસીડીની રમત ૧૪૫-૧૪૭

**સંદર્ભગ્રંથ સૂચિ** **૧૪૮-૧૫૪**
અ : પ્રાકૃત, સંસ્કૃત તથા હિન્દી ગ્રંથ અને તેમના અનુવાદ ૧૪૮
B : Modern Works ૧૫૦

**પુસ્તકમાં વપરાયેલી પારિભાષિક શબ્દાવલી** **૧૫૫-૧૫૯**
(અંગ્રેજી-ગુજરાતી)


•

# ૧
# જૈન અને જૈનધર્મ


## ૧.૧ વિષયપ્રવેશ

*ણમો અરિહંતાણં.*


જૈનોના સર્વાધિક મહત્ત્વપૂર્ણ પ્રાર્થનામંત્રની આ પ્રથમ પંક્તિ છે. તદનુસાર પોતાના રાગ-દ્વેષ રૂપી અંતરંગ શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો છે, જેમને અરિહંત અથવા અર્હત્ કહેવામાં આવે છે, તેઓને હું અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. આદરભાવની આ અભિવ્યક્તિ વ્યક્તિના ધર્મ, જાતિ અથવા સામાજિક સ્તરની દૃષ્ટિથી નિરપેક્ષ છે. આ ગુણ આધારિત નમસ્કાર છે.

'જૈનધર્મ' શબ્દ પ્રાચીન ભારતીય ભાષા, અર્ધમાગધીના 'જિણ' શબ્દથી નિષ્પન્ન થયો છે. અર્ધમાગધી ભાષા ૨૫૦૦ વર્ષ અથવા તેનાથી પણ પૂર્વે ભારતના કેટલાક ભાગો(ખાસ કરીને મગધ અને કૌશલ)ની લોકભાષા હતી. 'જિણ' શબ્દનો અર્થ છે કે જેમણે આધ્યાત્મિક વિજય પ્રાપ્ત કરી લીધો હોય, જેમણે રાગ-દ્વેષ જેવા દુર્ગુણોને સંપૂર્ણપણે જીતી લીધા હોય તે.

'જિણ' શબ્દનું સંસ્કૃત રૂપ 'જિન' છે. તેનો અર્થ પણ તે જ થાય છે. આને આધારે જૈનધર્મ એટલે એવો ધર્મ કે જે જૈનો દ્વારા પાલન કરાતો હોય. આમ છતાં, આપણે ધર્મની અપેક્ષા આત્મવિજયના માર્ગને મહત્ત્વ આપવા માટે જૈનધર્મને જૈનત્વના (Jainness) રૂપે જ સમજીશું. વસ્તુતઃ જૈનો દ્વારા પારસ્પિક અભિવાદન માટે 'જય જિનેન્દ્ર' બોલવામાં આવે છે. આ શબ્દનો અર્થ 'સર્વોત્કૃષ્ટ જિનનો જયકાર' છે.



ચિત્ર ૧.૧ : ચોવીસમા તીર્થંકર મહાવીરસ્વામી ભગવાનની પ્રતિમા (શ્વેતામ્બર પ્રતિમાઓમાં આંખ, હોઠ અને મસ્તક સુશોભિત છે). ભગવાન મહાવીરની પ્રતિમાની ઓળખાણ તેમની પીઠિકામાં અંકિત સિંહના ચિહ્નથી થાય છે. (સિરોહી, રાજસ્થાનના મંદિરની પ્રતિમા)




ચિત્ર ૧.૨ : જૈન ઇતિહાસની કેટલીક મહત્ત્વપૂર્ણ તિથિઓ, અહીં કેટલીક અન્ય તિથિઓ પણ આપી છે.(આ રેખાચિત્ર રૈખિક પ્રમાણ અનુસાર નથી.)

સામાન્યરૂપે એવું કથન કરવામાં આવે છે કે જૈનધર્મની સ્થાપના તીર્થંકર પરમાત્માઓએ કરી છે. તીર્થંકરો એ શલાકાપુરુષો છે જે જીવનના અશાંત સમુદ્રને પાર કરવાનો માર્ગ દેખાડે છે. તેઓ આધ્યાત્મિક માર્ગ પર અગ્રેસર છે. વર્તમાન યુગના ૨૪ તીર્થંકર છે જેમાંના પ્રથમ તીર્થંકર ઋષભદેવ હતા.

જૈન પરંપરા અનુસાર ઋષભદેવ અનેક યુગો પૂર્વે થયા છે. પરંતુ જૈનધર્મની ઐતિહાસિકતા ત્રેવીસમા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ લગભગ ૨૮૦૦ વર્ષ પૂર્વે (પરંપરાગત તિથિ ઈ.સ. પૂર્વે ૮૭૨-૭૭૨ )ના સમયથી માનવામાં આવે છે આ બાબતે વિદ્વાનોમાં એકમત પ્રવર્તે છે. જૈન ન્યાય અને દર્શન તો ચોવીસમા તીર્થંકર મહાવીરસ્વામીના સમયથી પ્રસિદ્ધિમાં આવ્યાં. ભગવાન મહાવીરનો જન્મ ઈ.સ.પૂર્વે ૫૯૯માં થયો હતો અને નિર્વાણ ઈ.સ.પૂર્વે ૫૨૭ માં થયું હતું. મહાવીરસ્વામી અને ગૌતમ બુદ્ધ (ઈ.સ.પૂર્વે ૫૬૩-૪૮૩)૩૬ વર્ષ સુધી સમકાલીન રહ્યા, પરંતુ એકબીજાને ક્યારેય પણ મળ્યા ન હતા. આથી તે બન્ને ધર્મનેતાઓના વિષયે અને તેમના ધર્મ બાબતે ભ્રાન્તિ હોય એ સ્વાભાવિક છે. તેમની પ્રતિમાઓથી તેમને અલગ-અલગ તારવી શકાય છે. બુદ્ધની પ્રતિમાઓ સવસ્ત્ર હોય છે, જ્યારે મહાવીરસ્વામીની પ્રતિમાઓ વસ્ત્ર વગરની, નિર્વસ્ત્ર હોય છે (જુઓ ચિત્ર ૧.૧). એ પણ ધ્યાનમાં રાખવા જેવી બાબત છે કે જ્યારે બુદ્ધ આત્મજ્ઞાનની પ્રક્રિયામાં લીન હતા, ત્યારે મહાવીર પોતાની પ્રગતિની ચરમ સીમા ઉપર હતા. મહાવીરસ્વામીના જીવનની વધુ માહિતી માટે જુઓ પરિશિષ્ટ-૧. આ તિથિઓને ઐતિહાસિક દૃષ્ટિથી જોતાં જણાય છે કે યુનાનના સંત એરિસ્ટોટલ ઈ.સ.પૂર્વે ૩૮૪ માં જન્મ્યા હતા અને ઈસુ ખ્રિસ્ત લગભગ ઈ.સ. પૂર્વે ૪માં જન્મ્યા હતા. અહીં એ નોંધવું જોઈએ કે ભારતમાં મહાવીરસ્વામીનો ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ ૧૩ નવેમ્બર ૧૯૭૪ થી ૪ નવેમ્બર ૧૯૭૫ સુધી ઉજવવામાં આવ્યો હતો. આ બધી મહત્ત્વપૂર્ણ તિથિઓ ચિત્ર ૧.૨માં દર્શાવી છે. જૈનધર્મના અનેક પ્રશંસકોમાં મહાત્મા ગાંધીનું નામ સુપ્રસિદ્ધ છે, જે શ્રીમદ્ રાજચંદ્રથી ખૂબ જ પ્રભાવિત થયા હતા (જુઓ એસ. એન. હે, ૧૯૭૦).



ચિત્ર ૧.૩ : ભગવાન પાર્શ્વનાથ, તેવીસમા તીર્થંકર, (દિગમ્બર પ્રતિમા) તેમની આંખો, હોઠ કે મસ્તક સજ્જિત કે મંડિત નથી. ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા તેની પીઠિકા ઉપર બનાવેલ ફણાવાળા સર્પના ચિહ્નથી ઓળખાય છે. ચિત્રમાંની પ્રતિમા લીડ્સ, યુ.કે.ની છે.

## ૧.૨ જૈનધર્મની કેટલીક લાક્ષણિકતાઓ

જૈનધર્મનો સૌથી મહત્ત્વનો સિદ્ધાન્ત છે માનસિક, વાચિક અને કાયિક અહિંસા. અહિંસા માત્ર સાથી મનુષ્યો પ્રત્યે જ નહીં પરંતુ નિમ્ન કોટિના જીવો પ્રત્યે પણ આચરવાની છે. આ કારણે જ પ્રાયઃ બધા જ જૈનો શાકાહારી છે. જૈનો મધનું અને દારૂનું પણ સેવન નથી કરતા, કારણ કે તે માને છે કે તેમાં નિગોદ, અસંખ્ય સૂક્ષ્મજીવો હોય છે.

જૈનધર્મના અન્ય મહત્ત્વનાં પાસાઓ છે : (૧) સત્ય બોલવું સત્યવાદિતા, (૨) ચોરી ન કરવી, અચૌર્ય (૩) વ્યક્તિગત પરિગ્રહમાં નિયમ, અપરિગ્રહ અને (૪) મૈથુની ભાવનિગ્રહ, બ્રહ્મચર્ય. ધ્યાન અને સામાન્ય આત્મસંયમ પણ જૈનધર્મનાં અંગ છે.

જૈનો કોઈ બાહ્ય ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવતા નથી. વિશ્વની રચના કરી હોય અને પાલનપોષણ કરતા હોય અથવા ઉદ્ધારક હોય તેવા કોઈ પણ બાહ્ય ઈશ્વરના અસ્તિત્વમાં જૈનો શ્રદ્ધા ધરાવતા નથી. પરંતુ વ્યક્તિએ પોતે જ સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, તથા સમ્યક્ ચારિત્ર દ્વારા જ પોતાના આત્માનું કલ્યાણ કરવાનું છે અથવા મુક્તિ પ્રાપ્ત કરવાની છે એવું માનવામાં આવે છે. જ્યારે કેવળજ્ઞાનથી પુર્નજન્મ ચક્રનો અંત આવે છે તેવું માનવામાં આવે છે, આત્મા છેવટે શાશ્વત આનંદ અને અનન્ત જ્ઞાન મેળવે ત્યારે મુક્તિ પ્રાપ્ત કરે અને તેના જન્મ, મૃત્યુ અને પુનર્જન્મના ચક્ર સમાપ્ત થઈ જાય છે.

ખ્રિસ્તીઓમાં પોપ હોય છે તેવા કોઈ એક સર્વાધિકાર સંપન્ન ધાર્મિક માર્ગોપદેશક જૈનોમાં હોતા નથી, જો કે જૈનોમાં કેટલાક આચાર્યો, સાધુઓ અને શ્રાવક નેતાઓ હોય છે, જેમનો વિશેષ આદર કરવામાં આવે છે. જૈનધર્મના અનેક પવિત્ર ગ્રન્થો છે (જુઓ પરિશિષ્ટ-૨). ખ્રિસ્તીઓના બાઇબલની જેમ જૈનોનો માત્ર એક પવિત્ર પુસ્તક નથી. જો કે ઉમાસ્વાતિ(ઈ.સ.ની દ્વિતીય શતાબ્દી)નો તત્ત્વાર્થસૂત્ર ગ્રન્થ જૈનધર્મનો એક, માન્ય સર્વસંગ્રાહક ગ્રન્થ છે. આ બધાં માધ્યમો હોવા છતાં, જૈનધર્મ અનુસાર પ્રત્યેક વ્યક્તિએ સત્યની શોધ સ્વયં જ કરવી પડે છે, કારણ કે કોઈ સાધુ અથવા કોઈ એક એવો ગ્રન્થ નથી કે જે બધી જ સમસ્યાઓનું સમાધાન આપી શકે. જેવી રીતે એક સંશોધક પ્રયોગશાળામાં શોધ કરે છે તેવી રીતે જૈનોએ સ્વયં સત્ય પ્રાપ્ત કરવાની વિવક્ષા છે.

**સારણી ૧.૧ : જૈનોના વિભિન્ન સંપ્રદાયો, તેમના સંસ્થાપકો, તેમના સમય અને કેટલીક ભિન્નતા**

| સંપ્રદાય | સંસ્થાપક | સમય | વિશેષતાઓ |
|---|---|---|---|
| ૧. દિગમ્બર | ભદ્રબાહુસ્વામી | ઈ.સ.પૂ.૩૦૦ | મૂર્તિપૂજક, સાધુઓ વસ્ત્ર ત્યાગ કરે છે. સ્ત્રીઓને મોક્ષ નહિ. |
| **સુધારાવાદી પ્રવૃત્તિ** | | | |
| તારણપંથ | તારણસ્વામી | ૧૮મી સદી | મંદિર નહિ, પ્રાર્થના ભવન હોય છે. |
| અન્ય | બનારસીદાસ, (ટોડરમલ) | ૧૬મી સદી ૧૮મી સદી | પૂર્ણ સંયમ, મંદિરોમાં વિધાનાદિ નહિ. |
| ૨. શ્વેતાંબર | સ્થૂલભદ્ર ? | ઈ.સ.પૂ.૩૦૦ | મૂર્તિપૂજક, સાધુઓ શ્વેત સુતરાઉ વસ્ત્રધારી, સ્ત્રીઓને મોક્ષ મળી શકે. |
| **સુધારાવાદી પ્રવૃત્તિ** | | | |
| સ્થાનકવાસી | લોંકશાહ | ૧૫મી સદી | મંદિર નહિ, સાધુઓ મુહપત્તિ લગાવે છે. |
| તેરાપંથ | ભીખણજી | ૧૮મી સદી | મંદિર નહિ, સાધુઓને સહાય, અન્યને નહીં. |

જૈનધર્મમાં કેટલાક સંપ્રદાયો છે. તેમાં દિગમ્બર અને શ્વેતામ્બર મુખ્ય છે. આ બન્ને સંપ્રદાય મૂર્તિપૂજામાં માને છે. પરંતુ તેમની મૂર્તિઓ ભિન્ન પ્રકારની હોય છે. શ્વેતામ્બરોની પ્રતિમાઓની આંખો, હોઠ અને મસ્તક મંડિત હોય છે. જુઓ ચિત્ર ૧.૧.માં મહાવીર સ્વામીની (શ્વેતામ્બર) પ્રતિમા અને ચિત્ર ૧.૩.માં તેવીસમા તીર્થંકર પાર્શ્વનાથની (દિગમ્બર) પ્રતિમા. દિગમ્બરો માને છે કે તેમના સાધુઓએ વસ્ત્રો સહિત બધી જ વસ્તુઓનો ત્યાગ કરી દેવો જોઈએ. જ્યારે શ્વેતામ્બર સાધુઓ સફેદ વસ્ત્રો પહેરે છે. દિગમ્બરો અનુસાર જિન (ભગવાન) કોઈ પણ સાંસારિક ક્રિયામાં ભાગ લેતા નથી અને તેમની શારીરિક ક્રિયાઓ પણ થતી નથી..

જૈનોમાં વિવિધ સુધારાવાદી હિલચાલ થઈ છે. શ્વેતામ્બરોના બે ઉપસંપ્રદાયો — ૧.સ્થાનકવાસી અને ૨.તેરાપંથી – દેરાસર અને મૂર્તિપૂજામાં માનતા નથી. ઉપરાંત દિગમ્બરોના એક ઉપસંપ્રદાય —

તારણપંથ – માં પણ મૂર્તિપૂજાનો પ્રતિબંધ છે. સારણી ૧.૧માં વિભિન્ન જૈન સંપ્રદાયો, સંપ્રદાયોના સંસ્થાપકોના અંદાજે સમય અને ભિન્નતા દર્શાવતા કેટલાંક બાહ્ય લક્ષણો આપવામાં આવ્યાં છે. બધા જ જૈનો વિભિન્ન બાબતો માટે અલગ અલગ મહત્ત્વ આપતા હોવા છતાં જૈનધર્મની મૂળભૂત માન્યતાઓ અને ચોવીસ તીર્થંકરોમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવે છે.

## ૧.૩ સૂત્રાત્મક અભિગમ

પ્રત્યેક આધ્યાત્મિક માર્ગ કોઈક સ્વરૂપની માન્યતાથી આરંભાય છે. આ પુસ્તકમાં દર્શાવાયું છે કે જૈનોની આવી માન્યતાઓને ચાર વિધાનો રૂપે અભિવ્યક્ત કરી શકાય અને એ વિધાનોના આધારે સમગ્ર માર્ગ સમજી શકાય.

આપણે અપૂર્ણ કેમ છીએ ? અને અપૂર્ણતા દૂર કરવા માટે આપણે શું કરવું જોઈએ ? જેવા પ્રશ્નોના સમાધાન આ વિધાનો આપી શકે છે. જો આપણે બધા અમર, પૂર્ણ અને પ્રત્યેક કામનાની પ્રાપ્તિ સહિત નિરંતર આનંદમય હોત તો આપણા માટે કોઈ પણ પ્રકારના આધ્યાત્મિક માર્ગની જરૂર જ ન રહેત. વાસ્તવમાં પ્રત્યેક જીવ પોતાના જીવન દરમિયાન ચડતી-પડતીના, સુખ અને દુઃખભર્યા વિવિધ પ્રકારના તબક્કાઓમાંથી પસાર થતો હોય છે.

તદુપરાંત, પ્રત્યેક જીવ અનેક પ્રકારના જીવોના સંપર્કમાં આવતો હોય છે, જે જુદા જુદા પ્રભાવ હેઠળ જુદી જુદી પ્રતિક્રિયા દર્શાવતો હોય છે. આવા ભેદ શાથી હોય છે ? કોઈ જન્મથી વિકલાંગ કેમ હોય છે ? સંસારમાં સારા અને ખરાબ લોકો શાથી છે ? સંસારમાં કોઈ એવું છે કે જે 'પૂર્ણ' હોય ? શું રોગ, વિભંજન, વિઘટન અને મૃત્યુ અનિવાર્ય છે ? જીવના વિભિન્ન સ્વરૂપો કેમ છે ? જૈન દૃષ્ટિકોણથી આ પ્રશ્નોના જવાબ આપવા નીચેના ચાર વિધાનોની રચના કરી છે :

**વિધાન ૧ :** આત્મા કર્મ-પુદ્‌ગલોથી મલિન થતો રહે છે અને તે સતત પરિશુદ્ધ થવા ઈચ્છે છે.

**વિધાન ૨ :** સજીવો કાર્મિક દ્રવ્યના જુદા જુદા ઘનત્વ અને પ્રકારને કારણે જુદા પડે છે.

**વિધાન ૩ :** કાર્મિક બંધનને કારણે આત્મા અસ્તિત્વની ગતિઓ(ચક્રો)માં જાય છે.

**વિધાન ૪-અ :** કાર્મિક બંધ રચાવાનું કારણ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ છે.

**વિધાન ૪-બ :** પોતાના પ્રત્યે કે અન્યને પ્રત્યે આચારાતી હિંસા નવું અતિભારે કાર્મિક દ્રવ્ય પેદા કરે છે. મોક્ષ તરફ જવા માટે અન્યને રચનાત્મક અહિંસક સહાય કરવાથી નવું અત્યંત હલકું કાર્મિક દ્રવ્ય પેદા કરે છે.

**વિધાન ૪-ક :** સંયમ નવા કાર્મિક કણો સામે સંવર રચે છે તેમ જ જૂના કાર્મિક દ્રવ્યના ક્ષયની, નિર્જરણની ક્રિયા શરૂ કરે છે.

આ ચારેય વિધાનો વૃક્ષની શાખાઓ તરફ નહિ, પરંતુ સીધા મૂળ તરફ તાકે છે. જૈન આગમોના પરિપ્રેક્ષ્યમાં આ વિધાનોના અર્થ અને તેની તર્કસંગતતાનું વિવેચન હવે પછીનાં પ્રકરણોમાં કરવામાં આવ્યું છે. વિધાન ૧ થી ૩ જૈનોના કાર્મણ કણો(કાર્મોન)ના વૈજ્ઞાનિક સિદ્ધાન્તોને દર્શાવે છે, જ્યારે વિધાનો ૪ અ,૪ બ,૪ ક તેના પ્રયોજન, ઉપયોગ નિદર્શિત કરે છે.

●

# ૨
# આત્મા અને કાર્મિક દ્રવ્યનો સિદ્ધાન્ત
## (વિધાન ૧)

**વિધાન ૧ : આત્મા કર્મ-પુદ્‌ગલોથી મલિન થતો રહે છે અને તે સતત પરિશુદ્ધ થવા ઈચ્છે છે.**

### ૨.૧ વિધાન

અહીં માત્ર મલિન આત્માની સંકલ્પના સૂચવે છે કે વસવાટ ધરાવતું આ બ્રહ્માંડ બે વિશિષ્ટ ઘટકોથી બન્યું છે :

૧. અજીવ ઘટક

૨. જીવઘટક

જીવ ઘટક 'શુદ્ધ આત્મા' તરીકે વર્ણવી શકાય, જ્યારે અજીવ ઘટક (અશુદ્ધ ઘટક) એ કાર્મિક દ્રવ્ય છે. ઉદાહરણ તરીકે સોનાના ટુકડાનો વિચાર કરીએ. સોનાના અયસ્કમાં ધાતુમળ અને શુદ્ધ સોનું એ બન્ને હોય છે. અહીં ધાતુમળ એ કાર્મિક દ્રવ્ય છે અને તે સિવાયનો, બાકી રહેલો ભાગ શુદ્ધ સોનું, ૨૪ કેરેટ સુવર્ણ એ શુદ્ધ આત્મા છે. આ કિસ્સામાં કાર્મિક દ્રવ્ય એ વાસ્તવમાં ભૌતિક દ્રવ્ય છે જે આત્માને મલિન બનાવે છે. તેનો સામાન્ય વપરાશના શબ્દ 'કર્મ' અર્થાત્ ક્રિયા સાથે કોઈ સંબંધ નથી. એકદમ સરળ શબ્દોમાં એમ કહી શકાય કે શુદ્ધ આત્મા 'જીવ'ના બધા જ મહત્ત્વના સકારાત્મક ગુણ, જ્ઞાન, દર્શન આદિ ધરાવે છે. જીવ/આત્મા જ્યારે કાર્મિક દ્રવ્યથી દૂષિત થાય છે ત્યારે તેમાં નકારાત્મક અસરો ઉત્પન્ન થાય છે. જોકે કાર્મિક દ્રવ્યથી આત્માનું મલિન થવું સ્વાભાવિક કે સહજ નથી, કેમ કે આત્માની અંતર્ગત ઝંખના તો સતત આવા દ્રવ્યથી અલગ થવાની હોય છે.

વ્યવહારમાં, આ વિચાર સૂચવે છે કે આત્માનો ઉદ્દેશ શુદ્ધીકરણ પ્રાપ્ત કરવાનો છે અથવા કાર્મિક દ્રવ્ય ઉપર વિજય પ્રાપ્ત કરવાનો છે. કાર્મિક દ્રવ્ય બધા દુઃખ, કષ્ટ આદિનું કારણ છે. (અહીં આપણે આત્મા શબ્દ શુદ્ધ આત્મા અને મલિન આત્મા બંને માટે વાપરીએ છીએ. પરંતુ સંદર્ભ અનુસાર અર્થ સ્પષ્ટ થશે.)

આ સંકલ્પનાઓને તથા આત્મા અને કર્મની પારસ્પરિક ક્રિયાને સમજવા માટે સર્વપ્રથમ આપણે જૈન સૈદ્ધાન્તિક વિજ્ઞાનને સમજવું પડશે. જૈન પ્રયુક્ત વિજ્ઞાનને વિધાન ૪ સાથે નિરૂપિત કરવામાં આવ્યું છે.

## ૨.૨ મૂળભૂત સંકલ્પનાઓ

### ૨.૨.૧ આત્મા

એવું માનવામાં આવે છે કે પ્રકૃતિમાં એક એવો અભૌતિક પદાર્થ:અસ્તિસ્વ ધરાવે છે જે નીચેના ચાર મુખ્ય ગુણો ધરાવતો હોય છે[૧] :

૧. જ્ઞાન
૨. દર્શન
૩. સુખ
૪. વીર્ય

આપણે આ ચાર ગુણોને આત્મ-તત્ત્વો કહીશું. તેમાંના પહેલા બે ગુણો આત્માનાં જ્ઞાનાત્મક કર્તવ્યો છે અને તે 'સજાગતા' દર્શાવે છે; સુખ એક એવી અવસ્થા છે જેમાં 'કરૂણા' અને 'સપૂર્ણ સ્વાવલંબન' સમાયેલું હોય છે. વીર્ય એ એક અમૂર્ત ક્ષમતા છે જે જ્ઞાન અને દર્શનના ગુણોને અભિવ્યક્ત કરવા માટે આત્માને સામર્થ્ય પ્રદાન કરે છે. (અહીં એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે જૈનધર્મમાં આત્મા માટે પ્રયુક્ત અનેક શબ્દોમાં એક શબ્દ છે 'જીવ' એટલે કે જીવ ઘટક.)

### ૨.૨.૨ કાર્મણ કણો અને કાર્મિક દ્રવ્ય

કાર્મિક દ્રવ્યમાં પરમાણુ (sub-atomic) કર્મ-પુદ્ગલો (karmons) હોય છે. અહીં આપણે તેને કાર્મણ કણ, કાર્મોન કહીશું. આ કાર્મણ કણો

યાદચ્છિક અને મુક્ત રીતે અવકાશમાં તરતા રહે છે. પરંતુ તે એકબીજા સાથે, પરસ્પર કોઈ ક્રિયા કરતા નથી. (સંભવતઃ તેમનું ગુરુત્વીય બળ અત્યંત અલ્પ હોય છે.) વિશ્વના તમામ અણુઓમાં કાર્મણ કણો એ રીતે અનેરા હોય છે, કે તે માત્ર આત્મા દ્વારા જ અવશોષિત થાય છે અને તે સ્વયં પરસ્પર જોડાતા નથી. તેનો અર્થ એ છે કાર્મિક દ્રવ્ય કર્મ-પુદ્ગલો, કાર્મણ કણો તરીકે કેવળ આત્મા સાથેના જોડાણથી અસ્તિત્વ ધરાવે છે. આમ કાર્મિક દ્રવ્ય નવા કાર્મણ કણોના અવશોષણથી વધે છે અને કેટલાક કાર્મણ કણો અવકાશમાં મુક્ત થતા કાર્મિક દ્રવ્ય ઘટે છે.


### ૨.૨.૩ પારસ્પરિક ક્રિયા

શુદ્ધતમ અવસ્થામાં આત્માને અનન્ત જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય હોય છે. આત્મા એ જાગ્રત, પ્રભાવક ઊર્જા છે, પરંતુ સામાન્યતઃ વિધાન ૧ માં દર્શાવ્યા મુજબ મૂર્તસ્વરૂપ ધરાવતો આત્મા કાર્મિક દ્રવ્યથી મલિન થાય છે. આત્મા અને કાર્મિક દ્રવ્ય એ અત્યંત વિરોધી બે ઘટકોની પારસ્પરિક ક્રિયાને કારણે ભયંકર વિકાર થઈ શકે છે. ખાસ કરીને, જ્યારે કાર્મિક દ્રવ્ય,


૧. આત્માના જ્ઞાન ઘટકને આવૃત્ત કરે છે.
૨. આત્માના દર્શન ઘટકને આવૃત્ત કરે છે.
૩. આત્માના સુખ ઘટકને દૂષિત કરે છે.
૪. આત્માના વીર્ય ઘટકને અવરોધે છે.

આમ, કાર્મિક દ્રવ્યને કારણે આત્માના શુદ્ધ ગુણોનો પૂર્ણ લાભ મળી શકતો નથી.


અહીં એ ખ્યાલ રાખવું જોઈએ કે માત્ર સુખ જ આત્માનો એવો ઘટક છે કે જેનું અન્ય કશાકમાં પરિવર્તન થાય છે. આ પરિવર્તન ઉન્માદથી વ્યક્તિમાં થતા પરિવર્તન જેવું હોય છે. આ પ્રકારે દૂષિત થવાથી વીર્ય ઘટક પણ વિકૃત થાય છે. જો કે કાર્મિક દ્રવ્ય કેવળ આત્મામાં જ ટકી શકે છે, પરંતુ આત્મા તો સ્વાવલંબી છે અને તેમાં મૂર્ત સ્વરૂપ સહિત કાર્મિક દ્રવ્યથી મુક્ત થવાની એક અંતર્નિહિત વૃત્તિ, વલણ હોય છે. આત્માની આ અંતર્નિહિત વૃત્તિને હવેથી મુક્તિ ઝંખતો ઉત્પ્રેરક (freedom longing catalyst) કહીશું.





ચિત્ર ૨.૧ : કાર્મિક દ્રવ્ય(ત્રાંસી રેખાઓ) અને કર્મબળ રેખાઓ (સમાન્તર રેખાઓ)ની સાથે આત્મા(ચોરસ), અર્થાત્ કર્મબંધનું નિદર્શન




ચિત્ર ૨.૨ : એક આગંતુક કાર્મણ કણ (ભૂખરું મીંડું) અને કાર્મિક આસ્રવ (વક્ર રેખાઓ)



ચિત્ર ૨.૩ : ચિત્ર ૨.૨ના એક આગંતુક કાર્મણ કણની સાથે કર્મબંધ (વાંકીચૂંકી સીમા)



ચિત્ર ૨.૪ : કર્મબંધ પછી પુનર્ગઠિત કાર્મિક દ્રવ્ય (વધારે અને જાડી ત્રાંસી રેખાઓ તથા વધારે બાહ્ય રેખાઓ)

## ૨.૩ મહત્ત્વના શબ્દો

### ૨.૩.૧ કાર્મિક પ્રક્રિયા

હવે આપણે કેટલાક મહત્ત્વના પરિભાષિક શબ્દોનું વિવરણ કરીએ. આત્મા અને કાર્મિક દ્રવ્ય વચ્ચેના બંધને કાર્મિક બંધ કે કર્મબંધ (karmic bondage) કહેવામાં આવે છે. અહીં એ નોંધવું કે કાર્મિક દ્રવ્ય આત્મા સાથે હોય છે, સંગતિમાં હોય છે, પરંતુ તેનો આત્મા સાથે સીધો સંપર્ક નથી હોતો[૨]. આમ છતાં કાર્મિક દ્રવ્ય અને આત્મા સાથે વિકૃત વીર્યની સંગતિથી આસ્રવ પેદા થાય છે. આ કારણે બધી જ દિશાઓમાંથી કાર્મણ કણો આત્મા તરફ પ્રવાહિત થવા લાગે છે. ઉપરાંત આસ્ત્રવ અને આત્માની અવરોધાયેલા વીર્યની સંગતિ આગંતુક કાર્મણ કણો સાથે સંમિશ્રિત થાય છે. આ વધતા વિસ્તારને આપણે કાર્મિક ક્ષેત્ર કહીશું. તેને પરિણામે આત્મા સાથે સંમિશ્રિત સમગ્ર કાર્મિક દ્રવ્ય ફેરવાઈ જાય છે. આ ગતિશીલ કાર્મિક પ્રક્રિયા સતત ચાલુ જ રહે છે. આ પ્રક્રિયા ચિત્ર ૨.૧ થી ૨.૪માં દર્શાવવામાં આવી છે. કાર્મિક દ્રવ્ય સાથે સંગત આત્માને એક લંબચોરસ આકૃતિ રૂપે દર્શાવ્યો છે, અને કાર્મિક દ્રવ્યને તેના પરની ત્રાંસી રેખાઓ દ્વારા અને આસ્રવને લંબચોરસની બહાર સમાંતર રેખાઓથી દર્શાવ્યો છે (જુઓ ચિત્ર ૨.૧). વાસ્તવમાં ચિત્ર ૨.૧ કાર્મિક બંધ નિરૂપિત કરે છે અને આ નિરૂપણ આખા પુસ્તકમાં વપરાશે. ચિત્ર


૨.૨માં કાર્મિક ક્ષેત્ર દ્વારા આકર્ષાયેલ કાર્મણ કણો (ભૂખરાં વર્તુળો દ્વારા) દર્શાવેલ છે. આ આકર્ષણ વાંકી રેખાઓ દ્વારા સૂચવાયું છે. કાર્મિક બંધની પ્રક્રિયાને આત્માની વાંકીચૂંકી બાહ્ય સીમાના રૂપમાં બતાવી છે (ચિત્ર ૨.૩). કાર્મિક દ્રવ્યમાં વૃદ્ધિના ફળસ્વરૂપ પેદા થતું વધુ પ્રભાવશાળી કાર્મિક બળ-ક્ષેત્ર જાડી ત્રાંસી રેખાઓથી દર્શાવ્યું છે (ચિત્ર ૨.૪).

આત્માની વિભિન્ન અવસ્થાઓ અને જે તે અવસ્થાઓમાં ભૌતિક બળોના ભેદ કરવા એ બહુ મહત્વનું છે. આમ વાસ્તવિક ભૌતિક અવસ્થા જે આત્મા ઉપર કાર્મણ કણોનું આક્રમણ થવા દે છે, તે કાર્મિક બંધ છે, જ્યારે કાર્મણ કણોનું કાર્મિક દ્રવ્ય સાથે ઐક્ય એ કાર્મિક સંમિશ્રણ છે.

અહીં આપણે કાર્મિક સંમિશ્રણ વર્ણવ્યું છે, તેની જેમ જ નિર્જરા પણ હોય છે, જ્યારે કાર્મણ કણો ખરી પડે છે અથવા ઉત્સર્જિત થાય છે ત્યારે નિર્જરા થાય છે. આમ જો કાર્મિક દ્રવ્ય ન હોય તો કાર્મણ કણોનો કોઈ પ્રભાવ હોતો નથી.

### ૨.૩.૨ કાર્મિક ઘનત્વ

કુદરતમાં કાર્મણ કણોને સ્વરૂપથી અલગ પાડી શકાતા નથી, પરંતુ આત્માના અવરોધિત વીર્ય સાથે સંકળાવાને કારણે કાર્મણ કણોમાં વિશિષ્ટ ક્રિયાશીલતા ઉત્પન્ન થાય છે, જેને પરિણામે તે અલગ પાડી શકાય છે.[૩] એવું માનવામાં આવે છે કે કાર્મણ કણોની, ભારે અથવા હલકા કાર્મિક દ્રવ્યોથી પુર્નરચના થાય છે. અર્થાત્ ભારે કાર્મિક દ્રવ્ય એટલે જેમાં કર્મબંધ સખત કે પ્રબળ હોય છે. જ્યારે હલકું કાર્મિક દ્રવ્ય એટલે કર્મબંધ મંદ કે શિથિલ હોય છે. આથી હલકા કાર્મિક દ્રવ્યને આત્માથી દૂર કરવાનું સહેલું હોય છે. આમ, કાર્મિક દ્રવ્યમાં, સતત ફેરફાર થતો રહે છે અને પરિણામે તેની ક્રિયાશીલતા સતત બદલાતી રહે છે. આ પ્રક્રિયા ચિત્ર ૨.૫ માં દર્શાવી છે. તેમાં હલકા કાર્મિક દ્રવ્યના ઘટકો પોલા મીંડાથી અને ભારે કાર્મિક દ્રવ્યના ઘટકો ત્રાંસી રેખાઓને બદલે ઘાટાં મીંડાંથી દર્શાવ્યા છે. આ વૈકલ્પિક નિરૂપણ કાર્મિક દ્રવ્યના ઘટકોને અલગ રીતે, ધ્યાન પર લાવે છે.



ચિત્ર ૨.૫ : આત્મા અને નવા ઉમેરાતા કાર્મિક કણો વચ્ચેની પારસ્પરિક પ્રક્રિયા. (○) = હળવા કાર્મિક ઘટકો અને (●) = ભારે કાર્મિક ઘટકો. (○) = કાર્મિક કણો

ઉપર દર્શાવ્યા મુજબ હલકા અને ભારે કાર્મિક દ્રવ્યથી કાર્મિક ઘનત્વમાં થતો ભેદ નીચેની ચાર બાબતો પર આધાર રાખે છે:

૧. *કર્મબંધમાં કાર્મણ કણોની સંખ્યા*
૨. કાર્મિક દ્રવ્ય/કાર્મિક ઘટકોના વિવિધ પ્રકાર
૩. કાર્મિક વિઘટનની પ્રછન્ન ઊર્જા અને
૪. કર્મબંધમાં સંમિશ્રિત કાર્મણોના વિઘટનનો સમય

કાર્મિક ઘટકો આત્માનાં મૂળભૂત ચાર લક્ષણોથી વિરોધી છે અને તેથી તે સુખ ઘટકને દૂષિત કરે છે, જ્ઞાન/દર્શન ઘટકને આવૃત્ત કરે છે અથવા વીર્ય ઘટકને અવરોધે છે. આ વિશેનું વધુ વિવરણ પ્રકરણ ૩ માં કર્યું છે.

ઉપર જણાવેલ ૧ થી ૪ બાબતો કાર્મિક કણોનાં ઉત્સર્જનનો ક્રમ પણ રજૂ કરે છે.

## ૨.૩.૩ દીર્ઘકાલીન સૌમ્ય સ્થિતિ

આત્માની ટૂંકા ગાળાની એટલે કે લઘુકાલીન સ્થિતિનું વર્ણન આગળ ઉપર કર્યું છે. હવે આત્માની લાંબા ગાળાની અર્થાત્ દીર્ઘકાલીન સ્થિતિ વિશે વિચારીએ. જ્યારે આત્મા પરથી બધા કાર્મણો ખરી પડે એટલે કે, ઉત્સર્જિત થઈ જાય ત્યારે છેવટે શુદ્ધ આત્મા શેષ રહે. અગાઉ મુદ્દા ૨.૨.૨ માં વર્ણવેલા, શુદ્ધ આત્માના ચાર ગુણોને અનંત કક્ષાઓ હોય છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવાના બે તબક્કા છે. પહેલા તબક્કામાં કાર્મિક બળકવચ રચીને નવા કાર્મણના અંર્તપ્રવાહને સદંતર બંધ કરવો. તે પછીના તબક્કામાં સંચિત કાર્મિક દ્રવ્યનું સંપૂર્ણપણે ઉત્સર્જન એટલે કે સંપૂર્ણ કાર્મિક ક્ષય/વિઘટન. જ્યારે તમામ કાર્મણો ખરી પડે ત્યારે આત્માને કાર્મિક ક્ષેત્ર રહેતું નથી. આથી તે પોતાની પૂર્ણ ક્ષમતા મેળવે છે, આ સ્થિતિ તે મુક્તિની અવસ્થા છે. આમ, મુક્તિની અવસ્થા સિવાય કાર્મિક સંમિશ્રણ અને વિઘટન સતત ચાલતી ક્રિયા છે. (વ્યવહારમાં આ કેવી રીતે હાંસલ કરી શકાય તે પ્રકરણ ૫ થી ૭ માં જોઈશું.) ચિત્ર ૨.૬ આ કાર્યવાહી દર્શાવે છે, તેમાં સંકેતો આકૃતિ ૨.૫ જેવા જ છે. ચિત્ર ૨.૬ અ માં કાર્મિક દ્રવ્ય ધરાવતો આત્મા છે અને ચિત્ર ૨.૬ બ કાર્મિક બળ પર કાર્મણના અંર્તપ્રવાહની અસર દર્શાવે છે. ચિત્ર ૨.૬ ક કાર્મિક અંર્તપ્રવાહને અટકાવતું કાર્મિક બળકવચ દર્શાવે છે અને ચિત્ર ૨.૬ ડ માં કાર્મિક બળકવચ છેલ્લા કાર્મણના ઉત્સર્જનથી થતું કાર્મિક વિઘટન દર્શાવે છે. ચિત્ર ૨.૬ ઈ કિરણોના પ્રસારથી મુક્ત આત્માના અપાર વીર્યનું વિકિરણ દર્શાવ્યું છે.


કાર્મણોની સંકલ્પના બહુ ગહન છે. વિવિધ સંજોગોમાં મળતા મનોવૈજ્ઞાનિક પ્રતિભાવોની સંકલ્પના સાથે તેને સરખાવી શકાય. જો કે આ પ્રતિભાવો અન્ય સજીવોના માનસિક ગુણધર્મો કે તેમની આંતરિક ગતિવિધિ સમજાવી શકતા નથી.

## ૨.૩.૪ નવ તત્ત્વો

આપણે અચેતનાની સંકલ્પનાની ચર્ચા કરી, તેમાં :

૧. કાર્મિક દ્રવ્ય

૨. કાર્મિક બંધન/સંમિશ્રણ (બંધ)




ચિત્ર ૨.૬ : કેટલાંક તત્ત્વોની પરિભાષા : (અ) કાર્મિક બંધ, (બ) કાર્મિક આસ્રવ, (ક) કાર્મિક બળકવચ, (ડ) કવચના કારણે કર્મોની નિર્જરા, (ઈ) મુક્ત આત્મા.

૩. કાર્મિક બળ (આસ્રવ)
૪. કાર્મિક બળકવચ (સંવર)
૫. કાર્મિક ક્ષય/વિઘટન (નિર્જરા)
૬. મુક્તિ (મોક્ષ)

૭. આત્મા (જીવ)
૮. ભારે કાર્મિક દ્રવ્ય (પાપ)
૯. હલકું કાર્મિક દ્રવ્ય (પુણ્ય)

જૈનવિજ્ઞાનના નવ મૂળભૂત, પાયાનાં તત્ત્વો ઉપર દર્શાવ્યાં છે. આ તત્ત્વોનો માન્ય ક્રમ નીચે પ્રમાણે છે :

૧. જીવ
૨. કાર્મિક દ્રવ્ય
૩. આસ્રવ
૪. બંધ
૫. સંવર
૬. નિર્જરા
૭. મોક્ષ
૮. પાપ
૯. પુણ્ય

આ તત્ત્વો અનાદિકાળથી અસ્તિત્વમાં છે અને તે કુદરતી નિયમોનો આવશ્યક ભાગ છે. તે બ્રહ્માંડની ઉત્ક્રાંતિ સમજાવે છે. મહાપુરાણમાં દર્શાવ્યું છે :


"જાણો કે વિશ્વની રચના નથી થઈ, સમયની જેમ જ; જેનો આરંભ અને અંત નથી,

આ સિદ્ધાંતો આધારે, જીવન અને બાકીનું."

અહીં "સિદ્ધાંતોનો અર્થ છે નવ તત્ત્વો - 'જીવન' એટલે આત્મા અને 'બાકીનું' અન્ય આઠ તત્ત્વો માટે છે. એટલે કે બ્રહ્માંડનો કોઈ કર્તા નથી. જૈનવિજ્ઞાનને તત્ત્વોમાં વિશ્વાસ છે. પરિણામે કેટલીક વાર તેને પાર-નાસ્તિક (trans-atheistic) ધર્મ કહે છે, ઈશ્વરવાદી ધર્મ નહિ. વ્યક્તિગત ઈશ્વરની વિરુદ્ધમાં અપાતાં કારણોમાંનું એક છે – જો સૃષ્ટિના સર્જક હોય તો એનો અર્થ એ થાય કે સ્રષ્ટાને એક ઇચ્છા હતી કે નીચલી કક્ષાના જીવોનું તેમની આધ્યાત્મિક ઉત્કાંતિ માટે સર્જન કરવું, વધુમાં, ઉચ્ચતમ જીવ માત્ર પૂર્ણ વિશ્વ રચે, અસમાન/અસંતુલિત નહિ, આમ ઉચ્ચતર જીવ એ સર્જનહાર ન હોય.

## ૨.૪ મહત્ત્વની સમાનતાઓ (સાદૃશ્યતાઓ)

ઉપર આપણે વિવિધ પદોની વ્યાખ્યા માત્ર ભૌતિકશાસ્ત્રની સંકલ્પનાઓના આધારે આપી છે. પણ તેમાં કોઈ સમાનતા (સાદૃશ્યતા) નથી દર્શાવી. તેનાથી સાહિત્ય અસ્પષ્ટ રહે છે. જો કે કાર્મણો, આત્મા વગેરે તો તેમનાં લક્ષણોથી જ જાણી શકાય છે. તે બધા તેમની અસરો દ્વારા જ જણાતાં હોવાથી, તેમનાં વિવિધ લક્ષણોનો ખ્યાલ આવે એટલા પૂરતું જ આપણે કેટલીક સમાનતાઓ આપીશું. દા.ત. પ્રકાશ એ કણના અને તરંગના એમ બંને ગુણધર્મો દર્શાવે છે એનો આધાર આપણે તેને કઈ રીતે લઈએ છીએ તેના પર છે. પરંતુ, તેમ છતાં પણ પ્રકાશ તો પ્રકાશ જ રહે છે. માત્ર પદાર્થના ગુણધર્મોથી જ જે-તે પદાર્થ નક્કી ન થઈ શકે. આ જ વાત કર્મો અને આત્માને પણ લાગુ પડે છે.




ચિત્ર ૨.૭ : આત્મા એક ચુંબક છે અને કર્મ-પુદ્ગલ લોહકણ છે.

### ૨.૪.૧ ચુંબકત્વ

આપણે દૂષિત આત્માને ચુંબક તરીકે વિચારીએ. ચુંબક લોખંડના ભૂકાને આકર્ષે છે. લોખંડના ભૂકાને કાર્મણ કણો તરીકે વિચારી શકાય. ચુંબકીય બળરેખાઓને કાર્મિક બળરેખા સમતુલ્ય ગણીએ. લોખંડના ભૂકાનું ચુંબક સાથેનું જોડાણ એટલે કે કાર્મિક સંમિશ્રણ, તેનાથી તે આત્મા પર મજબૂતાઈથી જોડાય છે. બળક્ષેત્ર-કવચ નવા ભૂકાને આકર્ષાતો અટકાવે તે એક જાતનું આવરણ થયું. જૂના કણોનું ખરી પડવું એટલે ચુંબકત્વવિહીનતા. જ્યારે કોઈ આકર્ષણ ન રહે અને બધા જ કણો ખરી પડે ત્યારે આત્મા કાર્મિક દ્રવ્યના ચુંબકીય ગુણથી મુક્ત થાય અને શેષ રહે તે મુક્તિ પામેલો આત્મા. આ બાબત ચિત્ર ૨.૭ માં દર્શાવી છે. એ ખાસ યાદ રાખવું કે આ માત્ર ઉપમા છે કારણ કે કાર્મિક દ્રવ્ય પોતાના કણો(કાર્મણો)ને આકર્ષે છે જ્યારે લોખંડના કણો પરસ્પર આકર્ષાતા નથી.

### ૨.૪.૨ પ્રકીર્ણ સમાનતા

બીજી સમાનતા છે પેટ્રોલ સાથે. એ કાચા, કુદરતી તેલનું પરિષ્કૃત સ્વરૂપ છે. આમ, કુદરતમાં ઊર્જા અશુદ્ધિઓથી અવરોધાયેલી હોય છે. શુદ્ધીકરણ થવાથી પેટ્રોલને પૂર્ણ જ્વલનશીલતા ઉપલબ્ધ થાય છે. દેખીતું છે કે પરિષ્કૃત સ્વરૂપ એટલે શુદ્ધ આત્મા અને અશુદ્ધિઓ એટલે કાર્મિક દ્રવ્ય ગણી શકાય.

અશુદ્ધ આત્માની તુલના તેલવાળા કપડા સાથે કરવામાં આવે છે. આવું કપડું ધૂળના કણોને, કાર્મિક કણોને, આકર્ષે છે. તેલનું કપડા પર ચોંટવું એ કાર્મિક દ્રવ્યના આત્મા પર ચોંટવા જેવું છે. કપડા પર તેલ ચોંટેલું હોય છતાં કપડાના ગુણધર્મો બદલાતા નથી; તેનું માપ બદલાતું નથી; તેને વિવિધ આકારમાં વાળી શકાય છે. એવી જ રીતે આત્મા જે-તે દેહના કદ સાથે અનુકૂલન સાધી લે છે. તેના પર કાર્મિક દ્રવ્ય ચોંટેલું હોય છતાં તેની મૂળ પ્રકૃતિ બદલાતી નથી. અંતે એક રસપ્રદ તુલના વાઈરસને કારણે શરીરને લાંબી કે ટૂંકી બિમારી લાગુ પડે છે; એવી જ રીતે કાર્મિક દ્રવ્યની આત્મા પર અસર થાય છે.

## નોંધ

૧. પી.એસ.જૈની, પૃ. ૧૧૪. "જૈનો આત્માના 'અસંખ્ય ગુણો'ની વાત કરે છે. આમ છતાં યથાર્થ રીતે કહી શકાય કે આપણે ટૂંકમાં વર્ણવ્યા તે ગુણો – દર્શન, જ્ઞાન, સુખ અને વીર્ય – આત્માને એક પૂર્ણ, વિશિષ્ટ અને અનોખા, અન્ય સર્વેથી નિરાળા અસ્તિત્વ તરીકે વ્યખ્યાયિત કરવા પર્યાપ્ત છે."

૨. પી.એસ.જૈની. પૃ.૧૧૩. "એ સ્પષ્ટ કરવું જોઈએ કે જૈનોનો દષ્ટિકોણ - કર્મ સાથે આત્માની સાથે સંલગ્નતા એ માત્ર સંશ્લેષ (એકક્ષેત્રાવગાહ) છે એવું કહેવાય છે એ બેની વચ્ચે કોઈ <u>વાસ્તવિક</u> સંપર્ક હોતો નથી.

૩. પી.એસ.જૈની. પૃ. ૧૧૨. "એવું કહેવાય છે કે કાર્મિક દ્રવ્ય વ્યાપ્ત જગાના દરેક ભાગમાં સ્વતંત્ર રીતે તરતા હોય છે. એ તબક્કે જુદા જુદા કર્મોને આધારે પ્રકૃતિથી, ક્રિયાથી, એ અલગ પાડી શકાતા નથી. કોઈ એક આત્મા સાથેની પારસ્પરિક ક્રિયા શરૂ થયા પછી સાદા સ્વરૂપમાંથી ઘડાય છે."

●

## ૩.
# જીવનની શ્રેણીબદ્ધતા
## (વિધાન ૨)

**વિધાન ૨ : "સજીવો કાર્મિક દ્રવ્યના જુદા જુદા ઘનત્વ અને પ્રકારને કારણે જુદા પડે છે."**

### ૩.૧ વિધાન

કાર્મિક દ્રવ્ય સજીવ જાતિઓને વિભાજિત કેવી રીતે એકબીજાથી જુદા પાડે છે ? જો આપણે વિધાન ૨ સ્વીકારીએ, તો કાર્મિક દ્રવ્યના ઘનત્વનો તફાવત – સજીવ જાતિઓની વિભિન્નતા – માટેના મહત્ત્વનાં કારણોમાંનું એક છે. આત્માના મૂળભૂત ગુણો જેટલા શુદ્ધ હોય એટલું એના જીવનનું સ્વરૂપ ઊંચું હોય. આપણે કાર્મિક દ્રવ્યના પ્રકારો(ભારે, હલકા)નું સંપૂર્ણ નિરૂપણ હવે પછીના પ્રકરણમાં કરીશું.


### ૩.૨ જીવન-એકમો અને જીવન-ધરી

આત્માની શુદ્ધતાની માત્રા સાપેક્ષ રીતે નક્કી થઈ શકે. સરળતા માટે સામાન્ય માનવમાં જેનાથી ૧૦૦ જીવન-એકમો તરફ દોરી જાય તેને આપણે આત્મ-શુદ્ધતાનો એક એકમ કહીશું. આપણી સરળ સમજ માટે આ ૧૦૦ ના આંકને બુદ્ધિ-આંક સાથે સરખાવી શકીએ. આમ, એક છેડા પર શુદ્ધ આત્માને અનંત જીવન-એકમો હોય જ્યારે નિર્જીવ પદાર્થને શૂન્ય જીવન-એકમ હોય. આ રીતે સજીવના આત્માની શુદ્ધતા આપણે શૂન્યથી અનંત સુધીની રેખા પર દર્શાવી શકીએ; આ રેખાને આપણે જીવન-ધરી (જીવન-અક્ષ) કહીશું. એ નોંધવું જોઈએ કે આત્મ-શુદ્ધતા શૂન્યથી અનંત સુધી બદલાતી રહે છે; તેના સમચલનમાં કાર્મિક ઘનત્વ શૂન્યથી અનંત સુધી બદલાશે પણ તે વ્યસ્ત પ્રમાણમાં હશે.

આત્માની શુદ્ધતાને બે મુખ્ય ઘટકોથી વિચારી શકાય : ૧. વીર્ય / સુખ ઘટક સાથે સંકળાયેલી ઇન્દ્રિયોની સંખ્યાને અને ૨. પ્રકરણ ૨ માં નિરૂપેલા જ્ઞાન / દર્શન ઘટક સાથે સંકળાયેલી બુદ્ધિની કક્ષા સાથે. આ બાબતોને લક્ષમાં રાખીને આપણે જીવન-ધરીને હવે બીજા વિભાગોમાં વિભાજિત કરીશું. આ વિભાગો જૈનવિજ્ઞાનમાં ગુણાત્મક રીતે તો હંમેશાં હતા જ, આપણે હવે તેમને માત્રામાં વ્યક્ત કરી શકીશું.

### ૩.૩ ઇન્દ્રિયોની સંખ્યા/બુદ્ધિને આધારે જીવન-ધરીનું વિભાજન

સૂક્ષ્મ જીવો જીવનના નિમ્નતમ સ્વરૂપ છે, તેમને એક જ, સ્પર્શની ઈન્દ્રિય હોય છે. આ બધા અતિ સૂક્ષ્મ હોય છે અને મોટા દેહ





ચિત્ર ૩.૧ : વિવિધ જીવોના આત્માની શુદ્ધતાની માત્રા દર્શાવતી જીવન-ધરી (આ ચિત્ર રૈખિક માપના આધારે બનાવવામાં આવ્યું નથી.)

(સજીવ કે નિર્જીવ)ના એક ભાગ તરીકે જ અસ્તિત્વ ધરાવી શકે છે. આથી તેમના જીવન-એકમો બહુ ઓછા, કહો કે $૧૦^{-૪}$ જીવન-એકમો હોય છે.

જીવનનો તે પછીનો તબક્કો, અન્ય એકેન્દ્રિય સૂક્ષ્મ જીવોનો છે. તે પદાર્થના શક્ય તેટલા સૂક્ષ્મ એકમમાં વસવાટ કરે છે અને આ જીવોને પૃથ્વીકાય, જલકાય, વાયુકાય અને અગ્નિકાય[૧] કહે છે. આપણે પૃથ્વી, જલ, વાયુ કે અગ્નિ કાય જીવોને ચિત્ર ૩.૧ પ્રમાણે $૫ \times ૧૦^{-૪}$ જીવન-એકમો દ્વારા દર્શાવીશું. તે પછી વનસ્પતિ આવે જે આગળના કરતાં ઊંચી ગણાય. તેમને પોતાનો અલગ સ્થૂળ દેહ હોય છે; આપણે તેમની માત્રા $૧૦^{-૩}$ જીવન-એકમો ગણીશું. અહીં એ નોંધવું રસપ્રદ થશે કે વનસ્પતિમાં જીવન-એકમોની વિવિધ માત્રાઓના તફાવત પારખી શકાય છે. આ બાબત ચિત્ર ૩.૧માં દર્શાવી છે. ઉદાહરણ તરીકે કાંદામાં સફરજન કરતાં જીવન-એકમો વધુ, ભારે હોય છે, કારણ કે સફરજનના એક બીજથી હજારો સફરજન મળે છે. આથી જીવનના પેટાવિભાગ થાય છે. જ્યારે કાંદાના મૂળ માત્ર એક જ કાંદો આપે છે. આથી આપણે એક કાંદાના $૧૦^{-૩}$ જીવન-એકમ નહિ પણ $૧૦^{-૨}$ જીવન-એકમ ગણીશું. વૃક્ષો માટે પણ આ નિરૂપણ લાગુ પડે. ઉપરાંત, વનસ્પતિ કે મૃત પ્રાણીનું માંસ જેમાં અસંખ્ય સૂક્ષ્મ જીવોનો ઉપદ્રવ હોય તેમાં પણ વધુ જીવન-એકમો હોય છે.

જ્યારે થોડું કાર્મિક દ્રવ્ય દૂર થાય ત્યારે જીવનનું ઉત્તરોત્તર ઊંચું સ્વરૂપ ઉદ્ભવે છે, જેમાં બે ઇન્દ્રિયો, એક દેહ અને એક મુખ / જીભ હોય છે. સ્પર્શ અને સ્વાદની બે ઇન્દ્રિયો ઉદ્ભવે છે; ઉદાહરણ તરીકે શંખલા, છીપલાં વગેરે.

તેના પછીના ઉત્તરોત્તર ઊંચા જીવોમાં ત્રણ ઇન્દ્રિયો હોય છે; તેને એક નાક પણ હોય છે; એટલે કે તેને વધારામાં ઘ્રાણેન્દ્રિય હોય છે; ઉદાહરણ તરીકે આંખ વગરનાં કીટકો, જીવડાં. આ બધા ૩ જીવન-એકમ ધરાવે છે. કાર્મિક દ્રવ્યના વિશેષ ઘટાડાથી ચાર ઇન્દ્રિયોવાળા જીવો ઉદ્ભવે છે. આવા જીવોમાં આંખો એટલે કે દૃષ્ટિની ઇન્દ્રિય વિકસે છે; ઉદાહરણ તરીકે ભમરા, માખી વગેરે. આ બધાને ૪ જીવન-એકમો નિયત થાય છે. આખરે, કાન કે શ્રવણની ઇન્દ્રિયવાળા જીવ આવે; ઉદાહરણ તરીકે ઘોડા, ઊંટ વગેરે. આ બધા પાંચ ઇન્દ્રિયો – સ્પર્શ, સ્વાદ, ગંધ, દૃષ્ટિ અને શ્રવણ – ધરાવે છે, એટલે કે તેમને કાયા, મુખ, નાક, આંખ અને કાન હોય છે. આ બધા





ચિત્ર ૩.૨ : જીવન-ધરી પર આધ્યાત્મિક રીતે ઉચ્ચતર એવા પાંચ જીવ (આ ચિત્ર રૈખિક માપના આધારે બનાવવામાં આવ્યું નથી.)

પંચેન્દ્રિય જીવો કહેવાય છે. પંચેન્દ્રિય જીવોમાં પ્રથમ કક્ષાએ એવા પ્રાણી-જીવ આવે જેમને સમયનું ભાન ન હોય, એટલે કે ભૂતકાળ શું, વર્તમાન શું કે ભવિષ્યકાળ શું એનું ભાન ન હોય. આવા જીવને જીવન-ધરી પર ૫ જીવન-એકમ અપાય છે. પ્રાણી-જીવ પછી માનવદેહ આવે, જેને સમયનું ભાન હોય છે અથવા તેનામાં પાંચ ઇન્દ્રિયો ઉપરાંત સમય સાથે વધુ પ્રમાણમાં સુમેળ હોય છે. આ વર્ગ ઘણો વિસ્તૃત છે. દા.ત. જીવન-ધરી પર ગુનેગારને પરોપકારી કરતાં ઓછા આંક મળશે. સામાન્ય માનવ માટે લઘુતમ આંક ૧૦૦ જીવન-એકમની સહમતી છે, ગુનેગારને માત્ર ૧૦ જીવન-એકમ આપી શકાય. આ રીતે ચિત્ર ૩.૧ માં જીવન-ધરી પર જીવન-એકમોનું વર્ણન દર્શાવ્યું છે.

આ આંકને વ્યક્તિઓની આધ્યાત્મિક ઉન્નતિની સંકલ્પના સાથે ચડતા ક્રમમાં જોડી શકાય. આ બાબત ચિત્ર ૩.૨ માં દર્શાવી છે. પહેલા સોપાનમાં મુનિઓ, સાધુઓ છે, જે એકચિત્તે આધ્યાત્મિક પથ પર ચાલે છે. બીજા સોપાનમાં આધ્યાત્મકિ ગુરુઓ, ઉપાધ્યાયો છે, જેમણે સત્યની અનુભૂતિ કરી છે. ત્રીજા સોપાનમાં આધ્યાત્મિક આચાર્યો છે, જેઓ ઉપદેશ આપે છે તેનો પોતે અમલ કરે છે. ચોથા સોપાનમાં જેમણે આંતરિક દુશ્મનો પર વિજય મેળવ્યો છે તેવા અર્હતો હોય છે. આ ચાર સોપાનોના સંજ્ઞાત્મક જીવન-એકમો અનુક્રમે $૧૦^{૩}$, $૧૦^{૫}$, $૧૦^{૧૦}$, $૧૦^{૧૦૦}$ છે. છેવટના સોપાનમાં, શુદ્ધ આત્મા (મુક્ત આત્મા) છે, જે વિશુદ્ધ, પરિપૂર્ણ ઊર્જાનું સ્વરૂપ છે. સિદ્ધ આત્માનો આંક અનંત હોય છે, કારણ કે તેમાં કોઈ અશુદ્ધિ હોતી નથી (કાયા પણ નહિ). (મોટા ભાગના જૈનો આ કથનોને કદાચ શબ્દશઃ, યથાતથ સ્વીકરાશે નહિ, જો કે શરૂઆતના કેટલાક અનુયાયીઓ માનતા કે અન્ય ધર્મોના ગુરુઓ ઉચ્ચતર કક્ષાઓએ પહોંચી શકતા હતા.)

## ૩.૪ જીવની ચાર ગતિઓ

દરેક સજીવમાં પોતાની માનસિક સ્થિતિ અનુસાર સંવેદનશીલતાની માત્રા બદલાતી રહે છે. માનસિક સ્થિતિથી જે મુખ્ય ચાર ગતિ થાય છે તેનું હવે નિરૂપણ જોઈએ. સૌથી વધુ યાતનામય છેડો છે નારકીય ગતિ. સુખની ચરમ સ્થિતિ એ સ્વર્ગીય ગતિ છે. આ ભૌતિક, ભોગવાદી આનંદ છે, તે




ચિત્ર.૩.૩ : જીવોની માનસિક સ્થિતિની ચાર ગતિ

આનંદની પરમ આનંદની સ્થિતિ સમાન નથી. જે ગતિમાં જીવને આવતી કાલે શું થવાનું છે અથવા ગઈ કાલે શું હતું તેનું ભાન નથી હોતું તે પશુગતિ છે. આનંદ અને પીડાની વચ્ચેની સમતાની સ્થિતિ એ સામાન્ય મનુષ્ય ગતિ છે.

દરેક જીવ માનસિક સ્થિતિની ઉપર્યુક્ત ચારેય ગતિ પ્રાપ્ત કરી શકે છે. આ ચાર ગતિઓ છે : નારકીય ગતિ, સ્વર્ગીય ગતિ, મનુષ્ય ગતિ અને પશુગતિ. આ ચારેય ગતિ સાંકેતિક રીતે, સ્વસ્તિકના આકારથી ચિત્ર ૩.૩ માં દર્શાવી છે. તેમાં કેન્દ્રબિંદુ એ મન છે. (નાઝીઓએ આ સંકેતનું ઊલટું ચિત્ર વાપરીને દુરુપયોગ કર્યો છે.) આ ગતિઓ પર કાર્મિક

ઘનત્વનો પ્રભાવ પડે છે. જીવને જીવન-ધરી પર ગોઠવતી વખતે આ બાબતની નોંધ લેવી જોઈએ.

આ ગતિઓનું શબ્દશઃ અર્થઘટન અસ્તિત્વની, જીવની ચાર અવસ્થાઓ સાથે મળતું હોય છે : નારકી, દેવ, તિર્યંચ (પશુ / વનસ્પતિ) અને મનુષ્ય. જુદા જુદા ભવના ભ્રમણનો અક્ષ સ્વસ્તિકના કેન્દ્રબિંદુમાંથી પસાર થાય છે. આપણો અભિગમ કુંદકુંદાચાર્યને અનુસરે છે. તે મુજબ ''જીવ પોતાની ભાવાત્મક ક્રિયાઓથી પોતાને માટે આ ચાર રૂપો સર્જે છે'' (જુઓ પરિશિષ્ટ ૩,બ, ૩.૧).

## નોંધ

૧. પી.એસ.જૈની, પૃ. ૧૦૯, ''આ સોપાનપરંપરાના છેક તળિયેના નિમ્નતમ જીવસ્વરૂપને ''નિગોદ'' કહેવામાં આવે છે. આ જીવો સૂક્ષ્માતીસૂક્ષ્મ હોય છે અને તે એક, સ્પર્શની, ઈન્દ્રિય ધરાવે છે એ એટલા સૂક્ષ્મ હોય છે કે તે આગવો દેહ ધરાવતા નથી તેથી જુદા પાડી શકાતા નથી.... નિગોદથી તરત જ ઉપર એકેન્દ્રિય જીવોનું એક બીજું જૂથ હોય છે. તે જે પદાર્થનું સૂક્ષ્મદર્શી કાય ધરાવે છે તે પરથી તે અનુક્રમે પૃથ્વીકાય, જલકાય, તેજકાય અને વાયુકાય કહેવાય છે.''

●

# ૪.
# જન્મ અને મરણનાં ચક્ર
## (વિધાન ૩)

**વિધાન ૩ : કાર્મિક બંધનને કારણે આત્મા અસ્તિત્વની ગતિઓ(ચક્રો)માં જાય છે.**

## ૪.૧ વિધાન

વિધાન ૨ માં આપણે જીવના ભવોભવના ફેરાને બદલે માત્ર એક ભવની દશાઓ પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પ્રશ્ન એ થાય છે કે ખરેખર શું જન્મ અને મરણનું ચક્ર હોય છે ? ઉપર્યુક્ત વિધાન ૩ એવી ધારણા કરે છે, સ્વીકારે છે કે આવું ચક્ર હોય છે. મૃત્યુ થાય ત્યારે આત્મા ભૌતિક શરીરમાંથી મુક્ત થાય છે અને પોતાના જ ધક્કાથી ખસવા માટે તૈયાર હોય છે. વિધાન ૨ થી એકદમ સ્પષ્ટ છે કે જીવન-ધરી પરના એ પછીના સ્થાન માટે કાર્મિક દ્રવ્યનું પ્રમાણ જવાબદાર હોય છે. આમ છતાં નીચેના બે પ્રશ્નો થાય છે :

(૧) એક ભવમાંથી બીજા ભવમાં અર્થપૂર્ણ રીતે શેનું પરિવહન થાય છે ?
(૨) વિજ્ઞાનનું કયું સ્વરૂપ, પદ્ધતિ આ પ્રકારનું પરિવહન થવા દેશે ?

## ૪.૨ કાર્મિક ઘટકો

ઉપરના પ્રશ્નોના જવાબ માટે આપણે એવું માનીએ કે દૂષિત આત્માની ક્રિયાઓ પરથી કાર્મિક દ્રવ્ય આઠ વિશિષ્ટ વિભાગોમાં વહેંચાઈ જાય છે. આ વિભાગોને આપણે કર્મ કહીશું.

આ કર્મો એ કાર્મિક દ્રવ્યમાંથી ઉદ્ભવતાં નકારાત્મક બળો છે અને તે આત્માનો વીર્ય ગુણ ભ્રષ્ટ કરે છે. યાદ કરો આત્માના મૂળ ગુણો –


આનંદ, વીર્ય, જ્ઞાન અને દર્શન – અને આત્માની અંતર્નિહિત મુક્તિની ઇચ્છાનો ઉત્પ્રેરક ચિત્ર ૪.૧ કોઈ એક સમયે આત્માની સ્થિતિની રૂપરેખા દર્શાવે છે. હકારાત્મક બાજુએ અનંત સુખ, વીર્ય, જ્ઞાન અને દર્શન હોય છે. આ ગુણોમાં અંતર્નિહિત મુક્તિ ઇચ્છતો ઉત્પ્રેરક હોય છે. જે સુખના ગુણને દૂષિત કરે છે. આ કર્મને મોહનીય કર્મ કહીશું અને તે આપણે "a - કર્મ" તરીકે દર્શાવીશું. આ "a - કર્મ" દર્શન-મોહનીય કર્મ ($a_1$) અને ચારિત્ર-મોહનીય કર્મ ($a_2$) હોય છે. એ યાદ કરો કે મલિન કરનારું આ કર્મ આત્માની સમગ્ર સંરચના બદલી નાખે છે; એટલે કે આ પ્રક્રિયાથી આત્માના ગુણોમાં મૂળભૂત પરિવર્તન થાય છે. ઉદાહરણ તરીકે, નશાને કારણે વ્યક્તિની લાક્ષણિકતાઓમાં ફેરફાર થાય છે, પરિવર્તન થાય છે. આ જ રીતે બીજું નકારાત્મક કર્મ વીર્યનાં કાર્યોને અવરોધે છે. એને આપણે વીર્ય-અંતરાય કર્મ (b) કહીશું અને તેને b-કર્મ તરીકે દર્શાવીશું. તેનાથી આત્માને સીમિત ક્ષમતાથી કાર્ય કરવું પડે છે એટલું જ નહિ પણ તે હાજર કાર્મિક દ્રવ્ય સાથે સંમિશ્રિત થાય છે તેમ જ કાર્મિક ક્ષયની ક્રિયામાં ભાગીદાર બને છે. આ જ રીતે ત્રીજા અને ચોથા કર્મો છે– જ્ઞાનાવરણીય કર્મ (c) અને દર્શનાવરણીય કર્મ (d). તેમને આપણે અનુક્રમે c-કર્મ અને d-કર્મ તરીકે દર્શાવીશું. અહીં એ યાદ રાખવું કે છેલ્લાં બે કર્મો આત્માના બે ગુણોને જ અવરોધે છે અને આત્માને દૂષિત કરતા નથી.

પ્રત્યેક ઘડીએ આ ચારેય કર્મો કાર્યરત હોય છે અને કોઈ એક જીવનચક્રમાં તેમનું નિરૂપણ ક્ષયધર્મી (ક્ષીણ કરતાં) કર્મો તરીકે થાય છે. આપણે તેમને "ઘાતીય કર્મો" કહીશું.


બીજાં ચાર કર્મો અઘાતીય કર્મો છે. આ કર્મો પછીના ભવને શરીરનો સંદર્ભ આપે છે અને અપરોક્ષ રીતે તે મુક્તિની ઝંખનાના ઉત્પ્રેરક પર હુમલો કરે છે. આ કર્મોના નામ છે : વેદનીય કર્મ (e), નામ કર્મ (f), આયુ કર્મ (g) અને ગોત્ર કર્મ (h). આપણે આ કર્મોને અનુક્રમે e-કર્મ, f-કર્મ, g-કર્મ અને h-કર્મ કહીશું. આ ચારેય કર્મો પછીના જીવનચક્રની શરૂઆતના સમયને બાદ કરતાં પ્રત્યેક ઘડીએ થતાં સંમિશ્રણ અને ક્ષયની પ્રક્રિયા સામે બહુ ધીમેથી પ્રતિક્રિયા કરે છે. સારણી ૪.૧ આ કર્મોને ટૂંકમાં દર્શાવે છે.

## સારણી ૪.૧. આઠ કર્મો

| ઘાતીય કર્મો (આ ભવમાં ક્ષયધર્મી) | અઘાતીય કર્મો (આ ભવમાં અ-ક્ષયધર્મી) |
|---|---|
| (a) મોહનીય | (e) વેદનીય |
| ($a_1$) દર્શન-મોહનીય | ($e_1$) સાતા-વેદનીય |
| ($a_2$) ચારિત્ર-મોહનીય | ($e_2$) અસાતા-વેદનીય |
| (b) વીર્ય-અંતરાય | (f) નામ |
| (c) જ્ઞાનાવરણીય | (g) આયુ |
| (d) દર્શનાવરણીય | (h) ગોત્ર |




ચિત્ર ૪.૧ : કોઈ એક ઘડીએ આત્માની તેના ગુણો અને કાર્મિક દ્રવ્યની અસર સહિતની અવસ્થા.





ચિત્ર ૪.૨ : દૂષિત આત્મા પર આઠ કર્મો તેની ક્રમિકતા સહિત - આંતિરક કરતાં બાહ્ય રીતે વધુ સક્રિય.

જો કે આઠેય કર્મો સ્વતંત્ર રીતે કાર્યોન્વિત હોય છે છતાં a-કર્મ મુખ્ય ભૂમિકા ભજવે છે, કારણ કે તે આત્માને દૂષિત કરે છે અને અન્ય કર્મોને કાર્યરત રહેવા દે છે. વાસ્તવમાં, આ પ્રદૂષણથી b-કર્મને અસર થાય છે. ચિત્ર ૪.૧ માં પારસ્પરિક ક્રિયાનું નિહિત પાસું દર્શાવ્યું છે. ચિત્ર ૪.૨ માં આત્મા પર આ કર્મોની શ્રેણીબદ્ધ અસર દર્શાવી છે. બહારના લંબચોરસમાંનાં કર્મો દરેક પળે, અંદરના લંબચોરસમાંનાં કર્મો કરતાં વધુ સક્રિય હોય છે. ઉદાહરણ તરીકે, $a_1$-કર્મ અને $a_2$-કર્મ, b-કર્મ કરતાં વધુ સક્રિય છે, અને એ પ્રમાણે આગળ. જ્યારે કર્મ-e, f, g, h મંદ હોય છે. (આપણે આ કાર્મિક ઊર્જા-સ્તરની સરખામણી પરમાણુના બહારના અને અંદરના કવચમાંના ઇલેક્ટ્રોનના ઊર્જા- સ્તર સાથે કરી શકીએ.)

## ૪.૩ શેનું પરિવહન થાય છે ?

ઉપર વર્ણવ્યા પ્રમાણે, ચાર અઘાતીય કર્મો, એટલે કે આવતા જન્મનાં વિવિધ પાસાં માટે જવાબદાર હોય છે. ખાસ કરીને નામ કર્મ, દેખીતા ભૌતિક શરીરની અંતર્હિત બે ''સૂક્ષ્મ શરીરો'' અસ્તિત્વમાં લાવે છે : (૧) તેજસ શરીર, જે જીવનાં મહત્ત્વનાં કાર્યો (તાપમાન, વગેરે) જાળવે છે; અને (૨) કાર્મિક/કાર્મણ શરીર, જે તે સમયે આત્મા ઉપર હાજર તમામ કાર્મિક દ્રવ્યનું બને છે. આ પ્રકારનાં શરીરોનું અસ્તિત્વ પુનર્જન્મની પરિકલ્પના માટે મહત્ત્વનું છે કારણ કે તેનાથી એક માધ્યમ રચાય છે જેના દ્વારા આત્મા, પોતાની ક્ષમતાથી એકમાંથી બીજા ભવમાં જાય છે.[૧]




ચિત્ર ૪.૩ : એક આત્માનું સંક્રમણ તેના કાર્મિક શરીર તથા તેજસ શરીર સાથે

મૃત્યુ વેળાએ, નામ કર્મ (f-કર્મ) આવનાર ભવ માટે ખાસ સંજોગોનું પૂર્વઆયોજન કરે છે. આ માહિતીનું કાર્મિક શરીરમાં વહન થાય છે. મૃત્યુથી આત્મા ભૌતિક શરીરમાંથી મુક્ત થાય છે અને કહેવાય છે કે તે લગભગ તરત જ, ક્ષણમાત્રમાં, કાર્મિક દ્રવ્ય દ્વારા પૂર્વ-નિર્ધારિત ગંતવ્યસ્થાન(મંઝિલ)ની દિશામાં સફર શરૂ કરે છે. કાર્મિક શરીર અને આત્મા સહિત પરિવહન પામતું આ દ્રવ્ય, હવાચુસ્ત રીતે બંધ કરેલી કેપ્સ્યુલ(તેજસ શરીર) જેવું જ હોય છે (જુઓ ચિત્ર ૪.૩).

આત્માની ઊર્જાથી પ્રેરિત હોવા છતાં મૃત્યુ વેળાએ તે પોતે ઈંડા કે ગર્ભમાં દાખલ થતા પહેલાં બહુ દૂર જઈ શકતો નથી. મુદ્દા ૪.૪માં વ્યાખ્યાયિત ધર્મ આ બાબત નક્કી કરે છે, સિવાય કે આત્માનો મોક્ષ થાય.

## ૪.૪ છ દ્રવ્યો (Existents)

હવે આપણે આત્મા અને કાર્મણ વચ્ચેની પારસ્પરિક અસર નવો ભવ, આત્માનો મોક્ષ વગેરે ક્રિયાઓ થવા દે છે તે માટેના સૃષ્ટિ વિશેના જૈન નિયમો પર ધ્યાન આપીએ. જૈનવિજ્ઞાન મુજબ બ્રહ્માંડ છ દ્રવ્યોનું બનેલું છે. તે આ પ્રમાણે છે :

૧. *જીવ (Soul)*
૨. પુદ્ગલ (Matter)
૩. આકાશ (Space)
૪. કાળ (Time)
૫. ધર્મ/ગતિસહાયક (Dynamic Medium)
૬. અધર્મ/સ્થિતિસહાયક(Stationary Medium)

માન્ય ભૌતિક વિજ્ઞાન પદાર્થનો સમય અને અંતર યામસંહતિ કે નિર્દેશ તંત્ર(Co-ordinate system)ના સંદર્ભમાં વિચાર કરે છે, જ્યારે જૈનવિજ્ઞાનમાં આત્માનો સમય, અંતર, આકાશ અને પદાર્થ, દ્રવ્યના સંદર્ભે અભ્યાસ કરવામાં આવે છે. આ બધાંને દ્રવ્ય (substances) ગણવામાં આવે છે અને તે સઘળી વિચારણા માટેની એક ઉપયોગી રીત છે.

**આકાશ :**

જૈન આકાશ બે પ્રકારમાં વહેંચવામાં આવે છે : ૧. લોક આકાશ (occupied space), જેમાં પાંચ દ્રવ્ય હોય છે. ૨. અલોક આકાશ (unoccupied space), જે ખાલી હોય છે. લોક આકાશ દેખીતા, પ્રત્યક્ષ બ્રહ્માંડ સમાન છે, જેમાં બાકીના તમામ, પાંચેય દ્રવ્યો પુરાયેલાં એટલે કે બંધનયુક્ત છે. લોક આકાશનો સહજ ગુણ, બીજા પાંચેય દ્રવ્યને 'નિવાસ' પૂરો પાડવાનો છે, અને તેને અતિસૂક્ષ્મ બારીક પ્રદેશો (space points)માં વિભાગી શકાય છે. કે જેમને પરિમાણ હોય છે, પરંતુ તેને વધુ વિભાગી શકાતા નથી.[3] નિવાસિત બ્રહ્માંડ એક હદમાં, સીમામાં બંધાયેલું છે એ વિચાર આ સિદ્ધાંતથી સ્પષ્ટ રીતે દર્શાવાય છે. વળી, લોક, આકાશ અને અલોક આકાશ વચ્ચેની જગા બહુ મહત્ત્વની છે તે આપણે હવે પછી જોઈશું.

**સ્થિતસહાયક માધ્યમ અને ગતિસહાયક માધ્યમ :**

સ્થિતિસહાયક માધ્યમ આત્મામાં અને આત્મા તથા પુદ્‌ગલ વચ્ચે પારસ્પરિક ક્રિયા/ગતિ કરવા દે છે, જ્યારે ગતિસહાયક માધ્યમ આત્મામાં અને આત્મા તથા પુદ્‌ગલ વચ્ચે વિશ્રાંત અવસ્થા/સ્થિર અવસ્થા પેદા થવા દે છે. એક પ્રચલિત સમાનતા છે – સ્થિતિસહાયક માધ્યમ પાણી જેવું છે જે માછલીને ગતિ કરવા દે છે, જ્યારે ગતિસહાયક માધ્યમ એ વૃક્ષની છાયા જેવું છે જે મુસાફરોને આરામ આપે છે. આમ આત્મા/દ્રવ્યનો સહજ ગુણ હોય છે – જવું કે અટકવું, પરંતુ આ ક્રિયાઓ આ બે માધ્યમથી સંભવિત બને છે. સામાન્યતઃ 'પ્રસ્થાન રૂપ' (go mode)માં વિકાસ, પારસ્પરિક ક્રિયા, ગતિ વગેરેનો સમાવેશ થાય છે અને 'વિરામ રૂપ' (stop mode)માં તેનાથી વિરુદ્ધનું સમાવાય છે.

આ બંને માધ્યમ અણુરહિત, નિષ્ક્રિય, સ્વરૂપરહિત અને અખંડ, અતૂટ છે. તે સહઅસ્તિત્વ ધરાવે છે અને આપણે સ્થિતિસહાયક અને ગતિ સહાયક માધ્યમોને અનુક્રમે દ્વિતીયક એટલે કે બીજી કોટિનું અને તૃતીયક એટલે કે ત્રીજી કોટિનું આકાશ ગણી શકીએ. બાશમે (૧૯૫૮, પૃ. ૭૬) આ બંને માધ્યમો વિશેનો તર્ક સુંદર સુરુચિપૂર્ણ રીતે ટૂંકમાં, નીચે પ્રમાણે દર્શાવ્યો છે (આ અવતરણમાં પારિભાષિક શબ્દો બદલ્યા છે) :

''ગતિની ઘટના કે વાસ્તવિકતાથી દ્વિતીયક આકાશ તરીકે સ્થિતિસહાયક માધ્યમનું અસ્તિત્વ, જૈનોને સંતોષ થાય તે રીતે પૂરવાર થઈ શકે છે. આ કશાકથી થતું હશે; એ કાળ કે પરમાણુથી થઈ ન શકે, કારણ કે તેમને પરિમાણ નથી અને તે આકાશમાં ગતિ થવા ન દે; એ આત્માને કારણે શક્ય નથી, કારણ કે આત્માઓ આખું બ્રહ્માંડ ભરતા નથી, છતાં બધે જ ગતિ શક્ય છે; એ આકાશને કારણે ન હોય, કારણ કે આકાશ બ્રહ્માંડની પાર પણ વિસ્તરેલું છે અને જો આકાશ ગતિનો આધાર હોત તો બ્રહ્માંડની સીમાઓ બદલાતી રહેત, પણ સીમાઓ બદલાતી નથી; આથી ગતિ કશાક બીજા પદાર્થને કારણે થતી હશે જે બ્રહ્માંડની પાર વિસ્તરતું ન હોય, પણ આખામાં વ્યાપેલું હોય; આને 'સ્થિતિસહાયક માધ્યમ' કહે છે. 'ધર્મ માધ્યમ'નું અસ્તિત્વ આવા જ તર્કથી પુરવાર થાય છે.''

પહેલા ચાર દ્રવ્ય – જીવ, પુદ્ગલ, આકાશ અને કાળ – પોતે, આ માધ્યમોને કારણે પરિવર્તન પામતા નથી, પરંતુ એ બને ત્યાં સુધી જીવ અને પુદ્ગલ તરીકે ''પ્રસ્થાન રૂપ'' અથવા''વિરામ રૂપ''માં આકાશમાં કાર્ય કરે છે. આમ ખાસ કરીને સ્થિતિસહાયક માધ્યમ કાર્મિક સંમિશ્રણ કે વિખંડન કરવા દે છે જ્યારે ગતિસહાયક માધ્યમ કાર્મિક બંધનની સ્થિતિ થવા દે છે. વળી, સ્થિતિસહાયક માધ્યમ આત્માને પછીના ભવ તરફ ગતિ કરવા દે છે જ્યારે ગતિસહાયક માધ્યમ તેને ગર્ભમાં સ્થપાવા દે છે.

આપણે ગતિ માટે માધ્યમો તરીકે બે દ્રવ્યોને અને બાકીનાંને વિચાર્યાં, પરંતુ એમને ''ગતિશીલ બળ'' અનેક "સ્થિર (Stationary) બળ" તરીકે પણ વિચારી શકાય. તે નિર્જીવ તેમજ સજીવ પર કામ કરે છે. આધુનિક ભૌતિક વિજ્ઞાન(Modern Physics)માં માન્ય એવા કુદરતનાં ચાર બળ સાથે તેમનો સંબંધ પ્રકરણ ૧૦ માં નિરૂપવામાં આવશે.

**કાળ :**

કાળ દ્રવ્ય પણ બીજાં કોઈ દ્રવ્યથી પ્રભાવિત થતું નથી. જૈનો માને છે કે કાળ વિભાજ્ય(digital) છે એટલે કે તેમાં પરિમાણરહિત અલગ - અલગ કાળ-બિંદુ(time point)ઓની અનંત શ્રેણીઓ હોય છે. ઉદાહરણ

તરીકે, ઘડીનો કાળ નોંધી શકાય છે. દ્રવ્ય તરીકે કાળનો કોઈ આરંભ નથી કે અંત નથી. જૈનોએ આકાશ અને કાળની પારસ્પરિક ક્રિયામાં કાળને ચોથું પરિમાણ ગણ્યું છે. કાળ, આકાશ અને અન્ય દ્રવ્યોને લગતા વિશદ નિરૂપણ માટે જુઓ બાશમ (૧૯૫૮, પૃ.૭૮).

**પુદ્ગલ :**

એ ખ્યાલમાં રાખવું કે જૈનવિજ્ઞાનમાં પુદ્ગલનો અર્થ ''ભૌતિક ઊર્જા'' પણ થાય છે. આ શબ્દ – બે પદો ''પુમ્''(જોડાવું) અને ''ગલ''(ભાંગવું) માંથી બન્યો છે. પુદ્ગલનું 'કાર્મણ'માં રૂપાંતરણ થાયે છે. આનાથી કાર્મણોની રચના અને વિનાશને મહત્ત્વ મળે છે. અહીં વિનાશનો અર્થ છે દ્રવ્યનું ઊર્જામાં અને ઊર્જાનું દ્રવ્યમાં રૂપાંતર. તેને માટે આધુનિક શબ્દ છે : દ્રવ્યમાન ઊર્જા (Mass-energy), પણ અહીં મહત્ત્વ છે દ્રવ્ય-ઊર્જાનું.

પુદ્ગલ આખરે તો અંતિમ કણ, પરમાણુ(ultimate particle) ના બનેલા છે. આ નાનામાં નાના અવિભાજ્ય સૂક્ષ્મ કણો છે. તેમને અનેક રીતે એકત્રિત, ભેગા કરી શકાય છે, જેથી આપણને, આત્મા સિવાયના, કાર્બનિક અને અકાર્બનિક દ્રવ્યના તમામ સ્વરૂપ મળે છે.

દ્રવ્યના અત્યંત સૂક્ષ્મ રૂપને ''સૂક્ષ્માતિસૂક્ષ્મ'' (fine-fine) કહે છે અને તેમાં નિશ્ચિત સંખ્યામાં પરમાણુઓ હોય છે. આમ, આ કણોમાંથી કાર્મણકણો કાર્મોનો (Karmons) રચાય છે. કાર્મિક શરીરમાં લઘુતમ સંખ્યામાં કાર્મોનો હોય છે અને કાર્મિક કોષમાં ઘણી વધુ સંખ્યામાં કાર્મોનો હોય છે. એક પરમાણુ વધુમાં વધુ એક આકાશબિંદુ જેટલી જગા રોકે છે. ''સૂક્ષ્માતિસૂક્ષ્મ''માં ભૌતિક ઊર્જા વિદ્યુત સમાન હોય છે. તે પછીના વર્ગમાં ''સૂક્ષ્મ'' દ્રવ્ય આવે, તેમાં કેટલાક પરમાણુ હોય છે. આમ તે આણ્વીય છે. ''સૂક્ષ્માતિસૂક્ષ્મ'' ની જેમ ''સૂક્ષ્મ'' એટલું બારીક હોય છે કે તે ઇન્દ્રિયોથી શોધી શકાતું નથી. યાદ કરો વૈજ્ઞાનિક પરિભાષામાં અણુઓ એ પરમાણુઓનાં સમુચ્ચય છે. દૂષિત આત્મા પરનું કાર્મિક દ્રવ્ય સૂક્ષ્મ હોય છે અને તેમાં અનંત કાર્મોન હોય છે.

કાર્મિક શરીર રચતું કાર્મિક દ્રવ્ય અત્યંત સૂક્ષ્મ હોય છે. કાર્મિક કોષ એનાથી થોડા ઓછા પ્રમાણમાં પણ ઘણો સૂક્ષ્મ, દેખાય નહિ એટલો સૂક્ષ્મ

હોય છે. તે બધા જ દૂષિત આત્માઓમાં હોય છે. આ શરીર એટલા સૂક્ષ્મ હોય છે કે તે તમામ ચીજોમાંથી પસાર થાય છે, થઈ શકે છે. (આનાથી ન્યૂટ્રીનોની લાક્ષણિકતા યાદ આવે.)

તેજસ્વી, પ્રકાશમાન કોષને કેટલાક લેખકો ચુંબકીય શરીર કે વિદ્યુતીય શરીર તરીકે દર્શાવે છે. એવું પણ ખાતરીપૂર્વક કહેવાયું છે (સી.આર.જૈન. ૧૯૨૯) કે તે તેજસ્વી દ્રવ્યનું બનેલું છે; આત્માનાં અન્ય બે શરીરો – કાર્મિક શરીર અને ભૌતિક શરીર – ને જોડવા માટે આ પ્રકારની કડીની જરૂર પડે છે. કાર્મિક શરીર અત્યંત સૂક્ષ્મ છે અને ભૌતિક શરીર અત્યંત સ્થૂળ હોય છે. પરિણામે આ કડી વગર તેમની વચ્ચે સીધી કે નિકટની પારસ્પરિક ક્રિયા થઈ શકતી નથી.

તે પછીનો વર્ગ છે – સૂક્ષ્મ-સ્થૂળ (fine-gross). આ વર્ગની ચીજો ઈન્દ્રિયોથી પારખી શકાય છે, પરંતુ તે એટલી સ્થૂળ નથી હોતી કે નરી આંખે જોઈ શકાય; ઉદાહરણ તરીકે ઉષ્મા, ધ્વનિ, વગેરે. સ્પર્શ, સ્વાદ, ગંધ અને શ્રવણની ઈન્દ્રિયોથી એની સંવેદના અનુભવાય છે, પણ તે નક્કર નથી.

ચોથા વર્ગ છે – સ્થૂળ-સૂક્ષ્મ (gross-fine). તે સૂક્ષ્મ-સ્થૂળ કરતાં વધારે સ્થૂળ હોય છે. આ દ્રવ્ય સ્થૂળ કે મૂર્ત દેખાય પણ તે પકડી શકાતું નથી; ઉદાહરણ તરીકે પ્રકાશ. આમ, અહીં પ્રકાશને કણોનો સમુચ્ચય ગણ્યો છે. અહીં એ બાબત ધ્યાનમાં લેવી કે એક સિદ્ધાંત મુજબ પ્રકાશને કેટલીક વાર કણોના પ્રવાહ તરીકે, તો અન્ય સમયે વિદ્યુત-ચુંબકીય તરંગ તરીકે વિચારવામાં આવે છે (ઉદાહરણ માટે જુઓ પેડલર, ૧૯૮૧). તાજેતરના વિચારવિમર્શ પ્રમાણે પ્રકાશ, વિદ્યુત, ધ્વનિ, વાયુ વગેરેનું દૃશ્યતાના ધોરણને બદલે કણના કદ અનુસાર સ્થૂળ-સૂક્ષ્મ અને સૂક્ષ્મ-સ્થૂળના ધોરણે વધુ ખાતરીપૂર્વકનું વર્ગીકરણ કરી શકાયું છે (જુઓ જૈન એન.એલ., ૧૯૯૩).

પાંચમો વર્ગ છે – સ્થૂળ (gross), જે પ્રવાહીઓ સમાન હોય છે. અને છઠ્ઠો વર્ગ છે – સ્થૂળ-સ્થૂળ, જે ઘન પદાર્થો સમાન છે.

આ બધી પુદ્‌ગલની વિવિધ અવસ્થાઓ છે. પુદ્‌ગલના આ વર્ગીકરણને ટૂંકમાં સારણી ૪.૨ માં આપ્યું છે. અહીં આપણે પુદ્‌ગલનું

એક રીતનું વર્ગીકરણ આપ્યું છે. પરંતુ જૈનો અન્ય એક વૈકલ્પિક વર્ગીકરણનો ઉપયોગ કરે છે. તેમાં પરમાણુઓ વચ્ચેની જગાની ગીચતાના આધારે પુદ્ગલના મુખ્ય ૨૩ પ્રકારના વર્ગો છે. (જુઓ ઝવેરી, ૧૯૭૫, પૃ. ૫૮-૬૧)

**સારણી ૪.૨ : પુદ્ગલનું વર્ગીકરણ**

| નામ | વ્યાખ્યા | ઉદાહરણો |
|---|---|---|
| ૦ પરમાણુ | અંતિમ કણ | – |
| ૧ સૂક્ષ્માતિસૂક્ષ્મ | પરમાણુથી બનેલા અણુ | કાર્મોન, કાર્મિક શરીરથી કાર્મિક કોષ સુધીની શ્રેણી, પરમાણુ ઊર્જા , વિદ્યુત |
| ૨. સૂક્ષ્મ | કાર્મોનમાંથી ''અણુ/સંચય'' | કાર્મિક દ્રવ્ય |
| ૩. સૂક્ષ્મ-સ્થૂળ | આંખ સિવાયની ઇન્દ્રિયોથી પારખી શકાય. | ધ્વનિ, ઉષ્મા, વાયુઓ |
| ૪. સ્થૂળ-સૂક્ષ્મ | આંખથી અનુભવી શકાય પણ પકડી ન શકાય. | પ્રકાશ |
| ૫. સ્થૂળ | તે બાહ્ય પદાર્થ સાથે સંકળાય છે. | પ્રવાહી |
| ૬. સ્થૂળ-સ્થૂળ | બાકીના તમામ | ઘન |

આત્માને જેમ સુખ, વીર્ય, જ્ઞાન અને દર્શન સહિત જીવવાની લાક્ષણિકતાઓ હોય છે તેમ પુદ્ગલને તેની નિર્જીવતાની લાક્ષણિકતાઓ, સ્પર્શ, સ્વાદ, ગંધ, રંગ હોય છે.

મહત્ત્વનો સિદ્ધાંત એ છે કે પ્રાથમિક કણો દ્વારા નીપજેલા પ્રત્યેક ગુણમાં તેમનું સાતત્ય જાળવી તેના સ્વરૂપમાં સતત ફેરફાર થતો રહે છે.

આથી પદાર્થ અને ઊર્જાને સરખાં ગણી શકાય, એટલે કે ધ્વનિ, પ્રકાશ, ઉષ્મા વગેરે પદાર્થ છે પણ તેમનું સ્વરૂપ ઊર્જાનું છે. પદાર્થ અને ઊર્જા વિશેની આ જૈન સંકલ્પનાઓમાં આધુનિક ભૌતિક વિજ્ઞાન (Modern Physics)ની બધી સંકલ્પનાઓનો સમાવેશ થતો નથી, છતાં તે સુસંગત છે (જુઓ પ્રકરણ ૧૦). તો વળી, જૈનવિજ્ઞાન મનની ઇન્દ્રિયગોચર ઘટના સમજાવે છે. તે દર્શાવે છે કે કાર્મોનોનું સૂક્ષ્માતિસૂક્ષ્મ કાર્મિક દ્રવ્ય અને આત્મા કેવી રીતે પરસ્પર સંબંધ ધરાવે છે.

**આત્મા :**

લોક આકાશમાં અનંત આત્માઓ હોય છે. દરેક આત્માને અગણિત સંખ્યામાં પ્રદેશો હોય છે, પરંતુ તે તેની પ્રવર્તમાન ઇન્દ્રિયગમ્ય ભૌતિક મર્યાદાઓમાં અસ્તિત્વ ધરાવે છે. મુક્ત આત્માઓ નિરાળા હોય છે; તેમને કાળ, ધર્મ અને અધર્મ બળોના અવરોધ હોતા નથી અને તે લોક આકાશ અને અલોક આકાશની વચ્ચેની સીમાના ચરમ બિંદુએ હોય છે. આ સીમાનું ચરમ બિંદુ એ કદાચ કૃષ્ણ વિવર (Black hole) ને મળતું આવે છે. એ રીતે કે કૃષ્ણ વિવરને ભૌતિક વિજ્ઞાનના પ્રમાણિત નિયમો લાગુ નથી પડતા. જ્યારે સૂક્ષ્માતિસૂક્ષ્મ સહિતનું બધું જ કાર્મિક દ્રવ્ય દૂર થાય, કરવામાં આવે ત્યારે આત્મા ચરમ બિંદુ તરફ જાય છે. તે પછી આત્માને અનંત સુખ, વીર્ય, જ્ઞાન અને દર્શન પ્રાપ્ત થાય છે.

એ ધ્યાનમાં રાખવું કે જૈનો મનને છઠ્ઠી ઇન્દ્રિય ગણે છે. મન એવા પદાર્થનું બનેલું છે જે પાંચ ઇન્દ્રિયો દ્વારા દાખલ થયેલી માહિતીના પ્રોસેસર (Processor) તરીકે કામ કરે છે. મનને ચેતના – જ્ઞાન અને દર્શન ગણવાનો ગૂંચવાડો ન કરવો.

## ૪.૫ જૈન કણ-ભૌતિક વિજ્ઞાન (Jain Particle Physics)

પુદ્ગલને પાંચમાંથી એક રંગ, પાંચમાંથી એક સ્વાદ, બેમાંથી એક ગંધ અને સ્પર્શની ચાર જોડીઓ પૈકીની દરેક જોડીમાંથી એકનો સ્પર્શ હોય છે. આ વિગત નીચે દર્શાવી છે :

પાંચ પ્રકારના રંગ : કાળો, લાલ, પીળો, સફેદ, વાદળી.
પાંચ પ્રકારના સ્વાદ : મીઠાશ, કડવાશ, તીખાશ, ખટાશ, તૂરાશ.
બે પ્રકારની ગંધ : સુગંધ, દુર્ગંધ
ચાર જોડીમાં આઠ પ્રકારના સ્પર્શ : ગરમ / ઠંડું, ભીનું / સૂકું, (લીસું / ખરબચડું), સખત / નરમ, હલકું / ભારે.
અંતિમ કણ, પરમાણુ નીચેના ગુણધર્મો ધરાવે છે :
પાંચમાંથી એક રંગ
પાંચમાંથી એક સ્વાદ
બે પ્રકારમાંથી એક ગંધ
ચાર જોડી સ્પર્શમાંથી એક-એક સૂકું/ભીનું કે ગરમ/ઠંડું.

આમ, ૨૦૦ જુદા જુદા પ્રાથમિક પરમાણુઓ બને, ભીનાશ અને શુષ્કતા પૂર્ણાંકમાં જુદી જુદી તીવ્રતા ધરાવે છે. આ બધું ભેગું થઈને સંમિશ્રિત શરીરો બનાવે. આમાં પાયાની શરત એ છે કે પરમાણુઓ સંમિશ્રણમાં શુષ્કતા કે ભીનાશની એક એકમથી વધુ તીવ્રતા ધરાવતા હોવા જોઈએ. જો તીવ્રતા માત્ર એક જ એકમ હોય તો તે ભેગા થતા નથી. ઉપરાંત જો બે પરમાણુઓની ભીનાશની તીવ્રતાઓ x અને y હોય તો તેમને જોડવા, ભેગા કરવા


$$|x - y| \leq 2, x = 2, ....; y = 2, .....$$

જુદી જુદી શુષ્કતા ધરાવતા બે પરમાણુઓને પણ આ જ લાગુ પડે છે. બે પરમાણુઓની સંરચના બાબતે કોઈ બંધન, અંકુશ નથી, x એકમ શુષ્કતા ધરાવતો એક પરમાણુ અને y એકમ ભીનાશ ધરાવતો બીજો પરમાણુ, સિવાય કે $x > 1$ અને $x > 1$ આ સિદ્ધાંત કણ ભૌતિક વિજ્ઞાનમાં પાઉલીના અપવર્જન સિદ્ધાંત (Pauli's exclusion principle) જેવો જ છે.

૨૦૦ થી વધુ જુદા જુદા પ્રાથમિક પરમાણુઓ છે, દરેક ગુણની પણ પ્રબળતા કે તીવ્રતા એક એકમથી માંડીને અનંત એકમ સુધીની હોય છે. તેમને સરળતાથી બે મૂળભૂત પ્રકારમાં અલગ પાડી શકાય : પરમાણુની અસર કે પરમાણુનું કારણ. આ રીતે સમગ્ર બ્રહ્માંડની રચના થાય છે. એ યાદ રાખવું કે સખત / નરમ અને હલકું / ભારે – એ પરમાણુના ગુણધર્મોમાંથી બાકાત રાખ્યા છે, કારણ કે આ ગુણધર્મો ઘટ્ટ પરમાણુના કે તેમના સંયોગોના છે. (કાર્મોનો એ પરમાણુઓ દ્વારા રચાતા અતિ સૂક્ષ્મ કણોમાંના કેટલાક છે અને તેથી કદાચ માત્ર બે પરમાણુઓનું સંમિશ્રણ હોઈ શકે.)

## ૪.૬ જીવનચક્રોના વ્યાવહારિક સંકેતો

એ તો હવે સુસ્પષ્ટ છે કે જીવન-ધરી ઉપર એક ભવમાંથી પછીના ભવનો ઘાટ ઘડવામાં કાર્મિક દ્રવ્ય કેન્દ્રવર્તી ભૂમિકા ભજવે છે (જુઓ પ્રકરણ ૨). આથી ગુનાઈત પ્રવૃત્તિઓમાં સંકળાયેલો સામાન્ય મનુષ્ય ભારે કાર્મિક દ્રવ્યને કારણે બીજા ભવમાં સાપ થઈ શકે (જુઓ ચિત્ર ૪.૪). બીજી બાજુ સામાન્ય મનુષ્ય ભારે કાર્મિક દ્રવ્યના પ્રાયશ્ચિતથી, શિક્ષા ભોગવીને આધ્યાત્મિક સીડી પર ઊંચે જઈ શકે એટલે કે




ચિત્ર ૪.૪ : પહેલા જીવનચક્રમાં ગુનેગારથી સાપ સુધીનું અને ત્યાંથી આધ્યાત્મિક ગુરુ સુધીનું એમ બે લાગલગાટ ભવો ધરાવતી જીવન-ધરી કાર્મિક ઘનત્વના આધારે.

''આધ્યાત્મિક ગુરુ'' જેવું કાર્મિક ઘનત્વ ધરાવતો પુનર્જન્મ લઈ શકે. જીવનચક્ર આ રીતે ચાલ્યા કરે છે. ઉદાહરણ તરીકે, સાપ બન્યા પછી કાર્મિક દ્રવ્ય ઘટાડીને તે પછીના જીવનચક્રમાં ઊંચે ચડીને મનુષ્ય બની શકે (જુઓ ચિત્ર ૪.૪). (ભારે કાર્મિક દ્રવ્ય ખેરવવાનું સાપ માટે શક્ય છે. જુઓ મહાવીર સ્વામીના જીવનમાં સાપ વિશેની પ્રખ્યાત દંતકથા પરિશિષ્ટ-૧).

વિધાન ૨ મુજબ જીવ પોતાના ભવફેરા મનુષ્ય અવસ્થા દ્વારા જ સમાપ્ત કરી શકે, કારણ કે અન્ય કોઈ પણ જીવસ્વરૂપ કરતાં મનુષ્ય ભવમાં કાર્મિક ઘનત્વ પ્રમાણમાં ઓછું હોય છે. મનુષ્ય ભવમાં બધું જ કાર્મિક દ્રવ્ય દૂર કરવાની એટલે કે આત્માને બાંધી રાખતા, જકડી રાખતા બંધનોને કાપી તેમનો અંત લાવવાની રીતો હવે પછીના પ્રકરણમાં (જુઓ વિધાન ૪ અ) આપી છે. જો કે એક આત્મા જ્યારે પુનર્જન્મના ચક્રમાંથી મુક્ત થાય છે, ત્યારે નીચલા સ્વરૂપનો એક જીવ ઉપર તરફ ગતિ કરે છે. પરિણામે નીચલા સ્વરૂપનો આત્મા ઉપર તરફ ખસે છે. આ રીતે આપણી મુક્તિથી આપણે નીચલા સ્વરૂપના જીવો વગેરેને જીવન-ધરી પર ઊંચે જવામાં મદદરૂપ નીવડીએ છીએ. આ શૃંખલામય પ્રગતિ એક રસપ્રદ સંકલ્પના છે.

## ૪.૭ સામાન્ય અવલોકન

વિધાન ૩ માં સ્વીકારેલા બે મહત્ત્વના વિષયો છે – (૧) મનનું અને પુદ્‌ગલનું વિજ્ઞાન તથા (૨) પુનર્જન્મની પરિકલ્પના. ભૌતિકશાસ્ત્રી(૧૯૮૧), માત્ર પદાર્થને જ નહિ પરંતુ ચેતનાને પણ નિયમનમાં રાખતા નિયમો શોધવાના પ્રવર્તમાન વલણ વિશે પેડલર ચર્ચા કરે છે; અર્થાત્ ધાતુ વાળવાની, પદાર્થ ખસેડવાની, દૂરસંવેદન (telepathy) વગેરે જેવી જુદી જુદી ઘટનાઓ સમજાવવાની ચર્ચા કરે છે. ઘણા પ્રયત્નો છતાં તેની પ્રગતિ મર્યાદિત છે. એવી બાબતોનું તે વર્ણન કરે છે જે હવે વૈજ્ઞાનિક રીતે ચકાસાઈ છે. કાપ્રા(૧૯૭૫)નું કામ નિશ્ચિત રીતે એક ડગલું આગળ છે.

પુનર્જન્મ બાબતે વિલ્સન(૧૯૮૧) સંમોહન હેઠળની વ્યક્તિઓના દેખીતી રીતે અગાઉના ભવોમાં પ્રત્યાવર્તન (regression) દરમિયાન તેમણે આપેલા આબેહૂબ વર્ણનના જુદા જુદા રીપોર્ટોની વિશ્વસનીયતા ચકાસે છે. એ નોંધે છે કે જૉ કીટોન નામના સંમોહકે ભારપૂર્વક કહ્યું છે કે બે ભવની વચ્ચે નરક નથી હોતું, વિશ્રાંતિ પણ નથી હોતી. મૃત્યુ પછી પુનર્જન્મ તત્ક્ષણ થાય છે. આ અધિતર્ક ચોક્કસપણે ઉપર દર્શાવ્યા પ્રમાણેનો છે.

## નોંધ

૧. પી.એસ.જૈની, પૃ.૧૨૫. શરીરસંબંધી નામ કર્મો પણ ભૌતિક શરીરની નીચે બે સૂક્ષ્મ શરીર બનાવતા હોય છે : 1. તેજસ - શરીર (Heat body) છે, જે જીવના આવશ્યક તાપમાનની જાળવણી કરે છે અને 2. કાર્મણ શરીર (Karmic body), જે કોઈ એક સમયે આત્મા પર હાજર સમગ્ર કાર્મિક દ્રવ્યનું બનેલું હોય છે. પુનર્જન્મના જૈન સિદ્ધાંત માટે આ સંકલ્પના મહત્ત્વની છે, કારણ કે તે એક જન્મમાંથી બીજા જન્મમાં આત્માને, તેની પોતાની ક્ષમતાથી લઈ જવા, વાહન બને છે.

૨. પી.એસ.જૈની, પૃ.૧૨૬-૭. મૃત્યુની ક્ષણે, અઘાતીય કર્મો પછીના મૂર્ત સ્વરૂપના ખાસ સંજોગોનો આગોતરો કાર્યક્રમ ઘડે છે. આ માહિતી કાર્મણ શરીર દ્વારા લઈ જવામાં આવે છે. આત્મા જ્યારે સ્થૂળ શરીર તજે ત્યારે, કાર્મણ શરીર, તેજસ શરીરની સંગાથે રહીને આત્માને ઠેકાણું આપે છે. આત્મામાં સ્વાભાવિક રીતે જ જબરજસ્ત પ્રેરક બળ હોવાનું કહેવાય છે. ઘન સ્વરૂપમાંથી મુક્ત થતાં જ તે માન્યામાં ન આવે એવા વેગથી ઊડવા માંડે છે અને તેની સાથેનાં કર્મોએ વાજબી ગણી હોય તે મંઝિલ તરફ સીધી રેખામાં જાય છે. આ સફરને 'વિગ્રહ-ગતિ' કહે છે. કહે છે કે તેને, ઉપર દર્શાવ્યા પ્રમાણે ગમે તે અંતર પાર કરવાનું હોય છતાં માત્ર એક સેકન્ડની જરૂર પડે છે.

૩. પી. એસ. જૈની, પૃ.૯૮. દ્રવ્યોને ઠેકાણું, સ્થાન આપવાની ક્ષમતા એ આકાશનું વિશિષ્ટ લક્ષણ છે. આ સત્ય છે – લોકઆકાશના કિસ્સામાં બને છે તેમ અથવા અલોક આકાશમાં બને છે તેમ. આથી ''આકાશ'' માત્ર એક જ હોય છે; તેનો વ્યાપ અનંત હોય છે. વળી, આકાશ અતિ સૂક્ષ્મ ''પ્રદેશો''(space-points)માં વિભાજ્ય છે; આ એકમોને થોડું પરિમાણ હોય છે અને છતાં તેને વિભાગી શકાતા નથી.

●

## ૫. આચાર-વ્યવહારમાં કર્મબંધ
## (વિધાન ૪ અ)

**વિધાન ૪ અ : કાર્મિક બંધ રચાવાનું કારણ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ છે.**

### ૫.૧ વિધાન

આગળનાં પ્રકરણોના અભ્યાસથી આપણે જાણીએ છીએ કે કાર્મિક દ્રવ્યના ઘનત્વથી યોનિઓના ભેદ થાય છે અને મનુષ્ય યોનિમાં આ ઘનત્વ ઓછું હોય છે. જોકે આત્મા પૂર્ણ ક્ષમતાના સ્વરૂપે પ્રકટ થાય તે માટે તેના પરનું કાર્મિક દ્રવ્ય દૂર થાય તે જરૂરી છે. મનુષ્ય યોનિમાં આ કેવી રીતે હાંસલ કરવું તે સમજતાં પહેલા વ્યવહારમાં કર્મબંધ કેવી રીતે બંધાય છે તે સમજવું મહત્ત્વનું છે.

હવે આપણે પ્રકરણો ૨ થી ૪ માં વિકસાવેલા અમૂર્ત ખ્યાલોને વ્યાવહારિક રૂપ આપવા પ્રયત્ન કરીએ. મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓથી અથવા ટૂંકમાં જૈન યોગથી કાર્મિક બળક્ષેત્ર રચાય છે. ત્યારે વ્યક્તિની ભાવમય ક્રિયાથી કર્મબંધ બંધાય છે. નવજાત શિશુ જેને ખરા કે ખોટાનો કોઈ ભાવ હોતો નથી તેનાથી કોઈ કાર્મિક બળક્ષેત્ર રચાતું નથી. તેવી જ રીતે પ્રવૃત્તિઓ પોતે કોઈ કાર્મિક બળક્ષેત્ર રચતી નથી અને તે કાર્મણ કણો(કાર્મોનો)ને આકર્ષતી નથી. આમ છતાં જ્યારે ભાવવશ પ્રવૃત્તિઓ કે ક્રિયાઓ કરવામાં આવે ત્યારે કાર્મણ કણો આકર્ષાય છે અને સંચિત થાય છે.[૧]

**વિધાન ૪ અ પાંચ કારકો આપે છે :**

૧. મિથ્યાત્વ (Perverted views) ૨. અવિરતિ (અસંયમ) (Nonrestraint) ૩. પ્રમાદ (Carelessness) ૪. કષાય (Passion) ૫. યોગ (Activities).

આ કારકો કાર્મિક દ્રવ્યને અને તેના પ્રભાવને અસર કરે છે. આપણે આ પાંચ કારકોને કાર્મિક કારકો કહીશું. દરેક કાર્મિક કારક આત્માના ચાર ગુણો(જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય)ને ક્ષીણ એટલે કે મંદ કરે છે.

કાર્મિક કારક મિથ્યાત્વ એટલે આત્માના સ્વરૂપ વિશે મિથ્યા માન્યતા અથવા 'હું કોણ છું ?' તે વિશે ખોટો ખ્યાલ એટલે મિથ્યામતિ. આપણા સંદર્ભે, તેનો અર્થ એ થશે કે વિધાન ૧ થી ૩ માં ભરોસો ન હોવો. પરિણામે જ્ઞાન અને દર્શનના ગુણો આવરિત થાય છે. અવિરતિ શબ્દનો અર્થ છે અસંયમ કે સંયમનો અભાવ, જેનાથી અનૈચ્છિક દુષ્કૃત્યો થઈ શકે. આમ સુખનો ગુણ મલિન થાય છે. પ્રમાદ શબ્દનો અર્થ છે મોક્ષ તરફની પ્રવૃત્તિઓમાં સામાન્ય મંદતા, આળસ. આમ વીર્યના ગુણમાં અવરોધ કે અંતરાય આવે છે. જૈન યોગ શબ્દ મન, વચન અને કાયાની સામાન્ય ક્રિયાઓ, પ્રવૃત્તિઓના સંદર્ભમાં વપરાય છે. તેને આધુનિક સમયમાં વપરાતા 'યોગ' શબ્દ સાથે ગુંચવવો નહિ. સકારાત્મક યોગ(પાવન ક્રિયાઓ)થી હળવું કાર્મિક દ્રવ્ય બંધાય છે, જ્યારે નકારાત્મક યોગ(હાનિકારક ક્રિયાઓ)થી ભારે કાર્મિક દ્રવ્ય બંધાય છે. (પરિશિષ્ટ ૩ બ, અવતરણ ૫.૧). કર્મબંધ માટે જવાબદાર છેલ્લો કારક છે ભાવ. કર્મબંધ માટે આ મુખ્ય કારક છે (પરિશિષ્ટ ૩ બ, અવતરણ ૫.૨) અને તે આત્માના ચારેય ગુણોને અસર કરે છે. આ બાબત મુદ્દા ૫.૩ માં વિગતવાર વર્ણવી છે.

## ૫.૨ વ્યવહારમાં કર્મો

હવે આપણે આઠ પ્રકારના કાર્મિક ઘટકો, કર્મોની વ્યાવહારિક અસરોનું વર્ણન કરીશું. આ ઘટકો મુદ્દા ૪.૨ માં વ્યાખ્યાયિત કર્યા છે. દર્શન-મોહનીય કર્મ(Insight deluding component) ઉગ્ર મતવાદ સહિતની મિથ્યાદૃષ્ટિ પેદા કરે છે. પરિણામે સાચા અને ખોટાનો, સારા અને નરસાનો ભેદ પારખવા ક્ષમતા રહેતી નથી અને એ વિશેની અયોગ્યતા પાંગરે છે. ચરિત્ર-મોહનીય કર્મથી ભાવ અને લાગણીઓ ઉત્પન્ન થાય છે, જેનાથી સમ્યક્ ચરિત્ર અવરોધાય છે. આ બે પેટા કર્મ સાથોસાથ કામ કરીને આધ્યાત્મિક સ્થિતિમાં અંતરાય કે આવરણ પેદા કરે છે. જ્ઞાન-આવરણીય કર્મ જ્ઞાનને પાંચ રીતે આંતરે છે કે અવરોધે છે : (૧) ઇન્દ્રિયો અને મનનાં કાર્યોને (૨) તાર્કિક ક્ષમતાને (૩) અવધિજ્ઞાનની ક્ષમતાને (૪) મનઃપર્યવજ્ઞાનની ક્ષમતાને અને (૫) કૈવલ્ય

ક્ષમતાને અવરોધે છે. દર્શન-આવરણીય કર્મ આંખો અને અન્ય ઈન્દ્રિયો દ્વારા થતી સંવેદનાને, દર્શનને અવરોધે છે. અવધિજ્ઞાન પહેલાના દર્શનને, કૈવલ્યસંબંધી દર્શનને અવરોધે છે. મોહનીય (દર્શન-મોહનીય અને ચરિત્ર-મોહનીય) કર્મ આત્માના વીર્યને તથા મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓ, ક્રિયાઓને સીમિત કરે છે અને ગુંચવણ તથા આકાંક્ષાઓ પેદા કરે છે, જે પછી અન્ય કર્મોને પ્રભાવશીલ થવા દે છે. તેની અસર વ્યક્તિમાં નશા કે ઉન્માદથી થતા રૂપાંતર જેવી નોંધપાત્ર હોય છે.

હવે આપણે અઘાતીય કર્મો ટૂંકમાં જોઈએ. વેદનીય કર્મ માનસિક સ્થિતિનાં લક્ષણો ગોઠવે છે. નામ કર્મથી જાતિ, લિંગ અને વર્ણ નક્કી થાય છે. આયુ કર્મ પછીના ભવનું આયુષ્ય નક્કી કરે છે. ગોત્ર કર્મ આધ્યાત્મિક જીવન આગળ ધપાવવા સહાયક સંજોગોની કક્ષા નક્કી કરે છે.

## ૫.૩ ભાવજન્ય પ્રવૃત્તિઓ અને ચાર ભાવ

હવે આપણે કાર્મિક ગતિશાસ્ત્ર(Karmic dynamics)ની વિગતો જોઈએ. માનો કે ભાવજન્ય પ્રવૃત્તિ(Volitional activity)ને કારણે રચાતા બંધમાં કાર્મણ કણો(કાર્મોનો)ની સંખ્યા x છે. એ યાદ રાખવું કે નવા કર્મો તેમનો ઉદય શરૂ થાય તે પહેલા થોડો સમય પ્રચ્છન્ન કે સુષુપ્ત રહે છે. સારણી ૫.૧ માં x કાર્મણ કણો સાથે સંબંધિત ચાર મહત્ત્વનાં પરિબળો દર્શાવ્યાં છે.


**સારણી ૫.૧ : $x_1 + .... + x_8 = x^*$ સાથેના બંધમાં સંકળાયેલા x કાર્મણ કણોની અવધિ અને ક્રિયા**

| કર્મ | દરેક કર્મની માત્રા | ક્ષય માટેની અવધિ | ક્ષયનો પ્રભાવ |
|---|---|---|---|
| a | $x_1$ | $(t_1^{(1)}, t_1^{(2)})$ | $f_1$ |
| b | $x_2$ | $(t_2^{(1)}, t_2^{(2)})$ | $f_2$ |
| c | $x_3$ | $(t_3^{(1)}, t_3^{(2)})$ | $f_3$ |
| d | $x_4$ | $(t_4^{(1)}, t_4^{(2)})$ | $f_4$ |
| e | $x_5$ | $(t_5^{(1)}, t_5^{(2)})$ | $f_5$ |
| f | $x_6$ | $(t_6^{(1)}, t_6^{(2)})$ | $f_6$ |
| g | $x_7$ | $(t_7^{(1)}, t_7^{(2)})$ | $f_7$ |
| h | $x_8$ | $(t_8^{(1)}, t_8^{(2)})$ | $f_8$ |


(* સંકેતો માટેની વધુ વિગતો માટે જુઓ પ્રકરણના અંતે આપેલી નોંધ ૧).




(અ) ક્રોધ




(બ) માન



(ક) માયા



($ડ_૧$) ખાઉધરાપણું




($ડ_૨$) તૃષ્ણા

ચિત્ર ૫.૧ : જૈનધર્મના ચાર મુખ્ય કષાય


બંધમાં x કાર્મણ કણોની ચોકક્સ સંખ્યા ક્રિયા કરતી વેળાના ભાવની માત્રા પર આધાર રાખે છે. x નું જુદા જુદા કર્મ પરનું પરિવેષ્ટન તેની પ્રવૃત્તિ કે ક્રિયાના પ્રકાર પર આધાર રાખે છે. એટલે કે પ્રવૃત્તિનો પ્રકાર, અવિભાજિત કાર્મણ કણો કયા વિશેષ કર્મો પર સંચિત થશે તે નક્કી કરે છે. કર્મના ક્ષયની અવધિ અને તદનુરૂપ દરેક કર્મની સંભવિત માત્રા, તે પ્રવૃત્તિ કરતી વખતના ભાવની માત્રા પર આધાર રાખે છે. એક વાર કાર્મણ કણોની અસર શરૂ થાય એટલે કે પ્રભાવ શરૂ થાય ત્યારે તે આત્મા પરથી ઉત્સર્જિત થાય છે અને અવિભેદિત સ્થિતિમાં પરત જાય છે એટલે કે મુક્ત કાર્મણ કણોના અનંત ભંડાર તરફ જાય છે.[૨] એ યાદ રાખવું કે દરેક કર્મના પ્રભાવનો સમય, ઉદયની અવધિ અને માત્રા જુદા જુદા હોઈ શકે. વળી, અકાલીન એટલે કે નિયત સમય કરતાં પહેલાં તેમનો ક્ષય, ઉપશમ વગેરે વ્યાવહારિક ઉપાયોથી શક્ય છે (જુઓ પ્રકરણ ૭). કષાય એ કર્મબંધનો મુખ્ય કારક છે. તેના ચાર પેટાકારકો (Sub-agents) છે :

૧. ક્રોધ, ૨. માન, ૩. માયા અને ૪. લોભ.

આ ચાર કષાયોને આપણે મુખ્ય કષાય કરીશું. તે ચિત્ર ૫.૧માં દર્શાવવામાં આવ્યા છે. યાદ રાખવું કે લાલસા, લોલપુતા અને તૃષ્ણા એ બધા લોભની અભિવ્યક્તિ છે. કાર્મણ કણોનું લોભ અને માયાથી ઉદ્ભવતું આકર્ષણ પ્રબળ હોય છે, પરંતુ ક્રોધ અને માનથી થતું આકર્ષણ મંદ હોય છે. જો કે બંને એકસાથે ઉદ્ભવી શકે છે. કોઈ એક સ્થિતિમાં મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓ કે ક્રિયાઓ થાય છે (જુઓ ચિત્ર ૫.૨ અ) અને કાર્મિક ક્ષેત્રને સક્રિય કરે છે. ચાર કષાયો દ્વારા કાર્મણ કણો પસંદ થાય છે અને ત્યાર બાદ આકર્ષિત કે અપાકર્ષિત થાય છે (જુઓ ચિત્ર ૫.૨ બ). અસ્તિત્વમાં હોય તેવા કાર્મિક દ્રવ્યનો ખ્યાલ કરીએ તો આ વ્યક્તિગત ક્રિયા છે. ત્યાર બાદ તેમની ભાવાત્મક પ્રવૃત્તિના આધારે તેમનું કાર્ય નિયત કરવામાં આવે છે. અર્થાત્ નીતિવાન કાર્યને કારણે હલકું કાર્મિક દ્રવ્ય ઉમેરાય, જ્યારે અનીતિપરાયણ કાર્યને કારણે ભારે કાર્મિક દ્રવ્ય ઉમેરાય (જુઓ ચિત્ર ૫.૨ બ), એટલે કે છેવટે અનુક્રમે હલકા કે ભારે કર્મબંધ બને છે. પ્રકરણ ૨ માં વર્ણવેલી અમૂર્ત કાર્યવિધિની સાથે વ્યવહારમાં થતી આ બધી ક્રિયાઓ કેવી મળતી આવે છે તે જુઓ. વિશેષ તો ચિત્ર ૫.૨ એ ચિત્ર ૨.૧ નું વ્યાવહારિક નિરૂપણ છે.




ચિત્ર ૫.૨ : કર્મબંધના ગતિવિજ્ઞાનનો ક્રમદર્શી ચાર્ટ (flowchart) બે ભાગમાં દર્શાવ્યો છે : (અ) સ્થિતિ અને કાર્મિક બળ દ્વારા સક્રિયિત ભાવાત્મક પ્રવૃત્તિ.




ચિત્ર ૫.૨ : (બ) કષાયો અને યોગથી રચાતું કાર્મિક આસ્રવ, કર્મબંધ અને પુનઃગઠિત કાર્મિક

એ ખાસ યાદ રાખવું કે ક્રોધ અને માનને ''રાગ'' તરીકે વર્ગીકૃત કર્યા છે, જ્યારે માયા અને લોભને ''દ્વેષ'' તરીકે વર્ગીકૃત કર્યા છે, કારણ કે તે એવી ભાવસ્થિતિઓ વ્યક્ત કરે છે.

## ૫.૪ કષાયોની કક્ષાઓ (Degrees of Passsions)

હવે આપણે મુખ્ય ચાર કષાયો (ક્રોધ, માન, માયા અને લોભ) ૦, ૧, ૨, ૩, ૪ – એમ પાંચ કક્ષા નિયત કરીને નિરૂપિત કરીએ. અલબત્ત, આનો અર્થ કાર્મણોના બંધનું સપ્રમાણ ઘનત્વ થશે, એટલે કે જેમ કક્ષા ઊંચી તેમ બંધન મોટું, તેનો ક્ષય થવાનો સમય લાંબો અને આસ્રવ વધુ દૃઢ.

ક્રોધ, માન, માયા અને લોભની કક્ષાઓ ૦, ૧, ૨, ૩, ૪ નીચેનાં દૃષ્ટાંતો દ્વારા દર્શાવી શકાય (જુઓ સ્ટીવન્સન ૧૯૧૫, પૃ.૧૨૪) :

**૧. ક્રોધ :**

ક્રોધની કક્ષા ૧ એ લાકડી વડે પાણીમાં દોરેલી લીટી જેવી છે, જે તત્ક્ષણ ભૂંસાઈ જાય છે. કક્ષા ૨ એ દરિયાકિનારા (beach) પર દોરેલી લીટી જેવી છે જે ભરતી આવે ત્યારે ધોવાઈ જાય છે. કક્ષા ૩ એ રેતાળ જમીનમાં ખોદેલી નીક જેવી છે, જે એક વર્ષના હવામાન પછી પુરાઈ જાય છે. કક્ષા ૪ બધામાં અત્યંત ખરાબ છે, તે પર્વત ઢાળ પર પડેલી ઊંડી ફાટ જેવી છે, જે સમયના અંત સુધી જળવાય છે. ક્રોધની કક્ષા ૦ એટલે પ્રશાંતિ, નિર્મળતા, સહનશીલતા, ધૈર્ય.

**૨. માન :**

હવે માનની પાંચ કક્ષાનું નિરૂપણ કરીએ. સૌપ્રથમ કક્ષા ૧ પાતળી ડાળખી જેવી છે, જે લચીલી એટલે કે સરળતાથી વાળી શકાય તેવી હોય છે. બીજી કક્ષા એ વૃક્ષની બાલશાખા જેવી છે જે એક વાવાઝોડાથી વળી શકે છે. ત્રીજી કક્ષા એ પૂર્ણ વિકસિત વૃક્ષમાંથી કાપેલા લાકડાના પાટડા કે મોભ જેવી છે, જેને માત્ર ગરમ કરવાથી કે તેલયુક્ત કરવાથી વાળી શકાય. માનની ચોથી કક્ષા વૃક્ષના ઉદાહરણને અતિક્રમે છે, કારણ કે તે ગ્રેનાઈટના કટકાની જેમ અક્કડ હોય છે વળી શકતી નથી. માનની ૦ કક્ષા એટલે અહંકારરહિત, નિરાભિમાનપણું, શાલીનતા છે.

**૩. માયા :**

માયાને કુટિલતા સાથે સરખાવી શકાય. પ્રથમ કક્ષાની માયાને, પવનથી વળેલા ઘઉં સાંઠીકડાને સીધું કરી શકાય તેવી રીતે સીધી કરી શકાય છે. બીજી કક્ષામાં તે, ખરાબ રીતે કપાયેલી લૉન(ઘાસનું મેદાન)ના છેડા જેવી હોય છે જેને સરખા કરવા ઘણું કામ કરવું પડે છે. તેના ત્રીજી કક્ષામાં તે વાંકા દાંત જેવી હોય છે, જેને નિરંકુશ રીતે ઊગવા દેવામાં આવે તો પછી સીધો કરી શકતો નથી. ચોથી કક્ષામાં તે વૃક્ષમાંની ગાંઠ જેવી હોય છે. શૂન્ય કક્ષા નિખાલસતા, સાલસતા દર્શાવે છે.

**૪. લોભ :**

લોભથી કહે છે કે માનવીના હૃદયનો રંગ બદલાઈ જાય છે. પ્રથમ કક્ષામાં તે હૃદયને પાણીમાં બનાવેલા રંગથી, જળરંગથી પીળું રંગી દે.છે, જે પાણીથી જ સરળતાથી ધોઈ શકાય છે. બીજી કક્ષામાં તેલથી ખરડાયેલાં વાસણો જેવો છે, જેને બહુ મહેનતથી સાફ કરી શકાય છે. ત્રીજી કક્ષામાં તે કપડા પર લાગેલા તેલના ડાઘ જેવો છે, જે માત્ર ડ્રાય-ક્લીનિંગથી દૂર કરી શકાય છે. ચોથી કક્ષામાં તે સ્થાયી, કાયમી રંગદ્રવ્ય(Permanent dye)ના જેવો છે, જે ક્યારેય દૂર કરી શકાતો નથી. શૂન્ય કક્ષાનો લોભ એટલે સંપૂર્ણ પરિતૃપ્તિ, સંતોષ અને ઉદાર વલણ.

આ બધી કક્ષાઓ, જે-તે કષાયોની અસરો ચાલુ રહે તે સમયગાળાઓ સાથે, સાંકળી શકાય (જુઓ ગ્લેસનેપ, ૧૯૪૨). મુખ્ય એક કષાયની ચોથી કક્ષાનો ગાળો જીવનભરનો હોય છે. મુખ્ય એક કષાયની ત્રીજી કક્ષાનો ગાળો એક વર્ષનો હોય છે. મુખ્ય એક કષાયની બીજી કક્ષાનો ગાળો ૪ માસ જેટલો ટકે છે. મુખ્ય એક કષાયની પહેલી કક્ષાને ધૂંધવાતો કષાય કહે છે અને તે એક પખવાડિયું ટકે છે. બધા જ કષાયોની શૂન્ય કક્ષા એટલે ઉચ્ચતર આધ્યાત્મિક સ્થિતિ. મહેતા(૧૯૩૯) એ જૈન મનોવિજ્ઞાનનું વિશદ નિરૂપણ કર્યું છે અને ખાસ તો, કાર્મણોનો સિદ્ધાંત અને ચાર કષાયોનું આધુનિક મનોવિજ્ઞાનની દૃષ્ટિએ નિરૂપણ કર્યું છે.

આપણે ચાર મુખ્ય કષાયો – ક્રોધ, માન, માયા અને લોભનો ઉલ્લેખ કર્યો છે. હકીકતમાં આ ચાર કષાયો, નવ પ્રકારના નો-કષાયો (quasi-passions) અથવા ભાવો માટે જવાબદાર છે. આ નો-કષાયો છે

– ૧. હાસ્ય, ૨. રતિ, ૩. અરતિ, ૪. જુગુપ્સા (ઘૃણા), ૫. ભય, ૬. દુઃખ, ૭. સ્ત્રીવેદ, ૮. પુરુષવેદ અને ૯. નપુંસકવેદ, અહીં ચિંતા 'ભય'માં સમાવિષ્ટ છે, પરંતુ તે પોતાના પ્રત્યેની હિંસાના ભાગ તરીકે વિશેષ છે. આ વિષયનું વિવેચન હવે પછીના પ્રકરણમાં કરવામાં આવશે.

## નોંધ

૧. પી.એસ.જૈની, પૃ. ૧૧૨. ''આ અશુદ્ધિને કારણે 'વિકૃત' થયેલા વીર્યની ગુણવત્તા સ્પંદનો(યોગ) ઉત્પન્ન કરે છે, જેનાથી વિવિધ પ્રકારના ભૌતિક કર્મોનો આસ્રવ થાય છે. અહીં સ્પંદનોનો સંદર્ભ હકીકતમાં વ્યક્તિની ભાવાત્મક ક્રિયાઓ દર્શાવે છે. આવી પ્રવૃત્તિઓ મન, વચન કે કાયાથી અભિવ્યક્ત થઈ શકે.''

* કાર્મિક ઘટકોમાં વિવિધ કાર્મણોની સંખ્યા $x_1$ ..... $x_8$ થી દર્શાવાય છે. $x_1$ ..... $x_8$ ના ક્ષયના સમયગાળા ($t_1^{(1)}$, $t_1^{(2)}$) ....... ($t_8^{(1)}$, $t_8^{(2)}$) છે. આમ કાર્મિક ઘટક a માટે ક્ષયની પ્રક્રિયા $t_1^{(1)}$ સમયે શરૂ થાય છે અને તે $t_1^{(2)}$ સુધી ટકે છે, વગેરે. $f_1$, ..... $f_8$ એ દરેક ઘટકના ક્ષયના પ્રભાવને અનુરૂપ માત્રા છે. અહીં એ સમજાય છે કે પ્રત્યેક ઘટક a, b ......, h માં ક્ષયની પ્રક્રિયા એકધારી, એકસરખી સ્થિર રહે છે, પરંતુ ઘટકોની વચ્ચે તે બદલાઈ શકે છે.

૨. પી.એસ.જૈની, પૃ.૧૧૩. ''કર્મોના ચોક્કસ પ્રદેશો જે કોઈ એક ક્રિયા પછી આત્માને પૂરેપૂરો આવરી લે છે તે ક્રિયા કરતી વેળાના ભાવની માત્રા પર આધાર રાખે છે. વધુમાં ક્રિયાનો પ્રકાર અવિભાજિત કાર્મિક પ્રકૃતિ નક્કી કરે છે. – આપેલા કર્મની સ્થિતિ અને અનુભવ આત્માને કેટલો સમય વળગેલો હશે અને છેવટે કઈ ક્ષણિક અસર નીપજાવશે એ બધું કષાયની કક્ષા અને મૂળ ક્રિયાના વર્ણથી નિયત થાય છે. એક વાર કર્મ તેના ફળ આપે પછી તેની 'પાકું ફળ જેમ વૃક્ષ પરથી ખરી પડે તેમ' આત્મા પરથી નિર્જરા થાય છે, તે અવિભાજિત સ્થિતિમાં પરત જાય છે એટલે કે મુક્ત કાર્મિક દ્રવ્યના અનંત કુંડમાં જાય છે.''

●

# ૬. કાર્મણોનું અંતિમ શોષણ
## (વિધાન ૪ બ)


**વિધાન ૪ બ : પોતાના પ્રત્યે કે અન્યને પ્રત્યે આચરાતી હિંસા, નવું અતિભારે કાર્મિક દ્રવ્ય પેદા કરે છે. મોક્ષ તરફ જવા માટે અન્યને રચનાત્મક અહિંસક સહાય કરવાથી, નવું અત્યંત હલકું કાર્મિક દ્રવ્ય પેદા કરે છે.**

### ૬.૧ વિધાન

આગળનાં પ્રકરણોથી આપણે, કાર્મિક પ્રવાહ શક્ય બનાવતા કારકો(agents)ને જાણીએ છીએ. પ્રકરણ ૫ માં દર્શાવ્યું છે કે સકારાત્મક યોગથી કાર્મણ કણોનું હલકા કાર્મિક દ્રવ્યમાં રૂપાંતર થાય છે, જ્યારે નકારાત્મક યોગથી કાર્મણ કણો ભારે કાર્મિક દ્રવ્યમાં રૂપાંતર પામે છે. એનાથી વિપરીત હળવા કાર્મિક દ્રવ્યનું ઉત્સર્જન સારાં ફળ આપે છે, જ્યારે ભારે કાર્મિક દ્રવ્યના સંચયથી ખરાબ ફળ મળે છે. ઉદાહરણ તરીકે, હલકું કાર્મિક દ્રવ્ય આધ્યાત્મિક વિકાસ માટે સારું વાતાવરણ આપે છે. જ્યારે ભારે કાર્મિક દ્રવ્ય નીચલી યોનિઓ તરફ પુર્નજન્મના ચક્ર દ્વારા લઈ જાય છે.

હવે પ્રશ્ન એ થાય છે કે હલકા કે ભારે કાર્મિક દ્રવ્ય સંચિત કેવી રીતે થાય છે ? આ બે અંતિમ છેડાના સંચય માટે જવાબદાર ક્રિયાઓ છે : હિંસા અને અહિંસા (જુઓ ચિત્ર ૬.૧). અહીં હિંસા શબ્દ વ્યાપક અર્થમાં વાપર્યો છે. વ્યક્તિ પોતા પ્રત્યે કે અન્ય પ્રત્યે ભાવથી મન, વચન, કાયાથી હિંસા આચરે છે કે અન્ય પાસે હિંસા કરાવે છે અથવા અન્યએ કરેલી હિંસાને અનુમોદન આપે છે. વળી, ‘હિંસા’ એટલે પીડા આપે અને આવેશ, વાસના, ગુસ્સો વધારે એવી ક્રિયા ગણાય. અલબત્ત ‘હિંસા’માં

મારી નાખવાનો અર્થ છે. તે માત્ર ભોગ બનનારાઓની યાતના માટે જ નહિ, પરંતુ વધુ તો આવેશની અતિશય તીવ્રતાને કારણે હત્યા કરનારના કાર્મિક બંધનને નોંધપાત્ર રીતે દૃઢ બનાવે છે માટે તે વખોડવાલાયક છે.




ચિત્ર ૬.૧ (અ) હકારાત્મક અહિંસા અને (બ) હિંસાની આત્મા પર અસર

વિધાન ૧ થી આપણે જાણીએ છીએ કે તમામ જીવોને પોતાના કાર્મિક દ્રવ્યથી મુક્ત થવાની અભીપ્સા હોય છે. આ ઉદ્દેશમાં મદદરૂપ થવામાં, આત્મદયા (self-pity) કરતાં ભાવમય અહિંસા, હકારાત્મક અહિંસા છે. આત્માનું મૂળભૂત, નિહિત લક્ષણ છે – ‘જીવવું અને અન્યને જીવવામાં સહાય કરવી’ (પરિશિષ્ટ ૩ બ અવતરણ ૬.૧) એટલે કે આધ્યાત્મિક પ્રગતિના મઝિયારા હિત માટે બાકીના તમામ સાથે અન્યોન્ય ક્રિયા કરવી એ પ્રત્યેક આત્માનું કાર્ય છે. આમ, આ વિધાન માત્ર એક આત્માની નહિ, પરંતુ સાથોસાથ બધા આત્માની અભીપ્સા પ્રત્યે પ્રોત્સાહિત કરે છે. જોકે પ્રથમ જવાબદારી પોતાના પ્રત્યે છે (એટલે કે પોતાને પ્રેમ કરવો), જેના પરિણામે, તે પછી તે અન્યને માટે કરુણા,

અનુમોદના વગેરે દર્શાવી શકે. આ વિચારને મહત્ત્વ આપતું અવતરણ છે – ''તમે તમારા ઉત્તમ મિત્ર છો.'' (પરિશિષ્ટ ૩ બ, અવતરણ ૬.૨).

## ૬.૨ તાત્પર્ય

આ વિધાનનો ખ્યાલ એ માન્યતામાં સમાયેલો છે કે બધા જ જીવો દુઃખ, પીડા પ્રત્યે સંવેદનશીલ હોય છે અને કોઈ મૃત્યુ ઈચ્છતું નથી (પરિશિષ્ટ ૩ બ, અવતરણ ૬.૩). આ કથનો નિગોદને પણ લાગુ પડે છે. જો કે જીવન-ધરી પર દર્શાવેલા કોઈ પણ જીવનો ઉપભોગ કરવા કે ખપાવવા માટે તેને ખતમ કરવું જરૂરી છે, એટલે સૈદ્ધાંતિક રીતે તેનાથી દૂર રહેવું જોઈએ, બચતા રહેવું જોઈએ.

જીવન ટકાવી રાખવા દરેકે ખોરાક લેવો પડે છે અને તે રીતે આપણે જીવન-એકમોનું શોષણ કરીએ છીએ, પણ હેતુ તો શક્ય તેટલા લઘુતમ જીવન-એકમો વાપરવાનો છે. આધ્યાત્મિક વિકાસ જેટલો વધુ તેટલા જીવન-એકમો ઓછા હોય છે. સામાન્યતઃ વનસ્પતિનો બનેલો $૧૦^{-૩}$ જીવન-એકમોનો વપરાશ નભાવી લેવા જોગ માનવામાં આવે છે. અલબત્ત એ ધ્યાનમાં રાખવું કે અત્યંત ગીચોગીચ હોય તેવા સૂક્ષ્મ જીવોનો વપરાશ ન કરવો જોઈએ કારણ કે તેનાથી જીવન-એકમો $૧૦^{-૩}$ થી વધી જાય છે. આથી મધ અને શરાબ ઉપરાંત મૃત પ્રાણીના માંસ(flesh)નો વપરાશ ન કરવો, કારણ કે તેમાં અગણિત સૂક્ષ્મ જીવો પેદા થતા હોય છે.[૧] આમાં કેટલાક છોડવાઓની પેશીઓનો પણ સમાવિષ્ટ છે કારણ કે તેમાં સૂક્ષ્મ જીવોના વસવાટ હોય છે.[૨] અંજીર અને ટામેટાને પ્રતીકરૂપે દર્શાવાય છે. અલબત્ત, કાંદા (ડુંગળી) વગેરે ટાળવા જોઈએ, કારણ કે તેના જીવન-એકમો છે $૧૦^{-૨}$. આ માત્ર 'કાય'થી હિંસા ઘટાડવાનું દર્શાવે છે.

ભાવાત્મક ક્રિયાને કારણે ઉદ્ભવેલું કાર્મિક દ્રવ્ય એક ચોક્કસ સમયગાળા માટે જ વ્યક્તિને અસર કરે છે. એ સમયગાળાની લંબાઈ કર્મના પ્રકાર, ભાવની તીવ્રતા, પ્રયોજન વગેરે પર આધાર રાખે છે. હકીકતમાં, વિકૃત દૃષ્ટિથી કરેલી જઘન્ય કક્ષાની હિંસાની અસર યુગો સુધી ચિરસ્થાયી રહે છે. પરંતુ જો તેના પર ચારમાંથી કોઈ એક ભાવનો પ્રભાવ

હોય તો તેની અસર એટલા દીર્ઘકાળ સુધી રહેતી નથી. જો કે માત્ર એકેન્દ્રિય જીવના નાશથી ઉદ્ભવતા કાર્મિક દ્રવ્યની અવધિ મર્યાદિત હોય છે. ક્રોધ, માન, માયા અને લોભથી થયેલા કર્મના ક્ષય માટે, પરંપરાગત રીતે અનુક્રમે ૨ માસ, ૧ માસ, એક પખવાડિયું અને ૪૮ મિનિટથી ઓછો સમય હોય છે. સંભવતઃ લોભથી આચરેલી અહિંસાથી થયેલા કર્મના ક્ષય માટે આ સમય હોઈ શકે. જો કે ક્ષયનો મહત્તમ પ્રભાવ, ચારેય ભાવની મંદતાને આધારે વધુ ઘટે છે. અલબત્ત, સ્થિરતા (યોગરહિત સ્થિતિ) દરમિયાન કોઈ કાર્મિક દ્રવ્ય ઉદ્ભવતું નથી. આથી માત્ર બાકીના કાર્મિક દ્રવ્યનો ક્ષય થાય છે.

સકારાત્મક અહિંસાના અમલીકરણ માટે ભૌતિક, માનસિક કે વાણીની ક્રિયામાં સંપૂર્ણ જાગૃતિ જરૂરી છે. મહાવીરસ્વામીએ પોતાના મુખ્ય ગણધર ગૌતમસ્વામીને વિવિધ વ્યાખ્યાનોથી, ઉપદેશથી આ બાબતો જણાવી છે (પરિશિષ્ટ ૩ બ, અવતરણ ૬.૪).


''એક પળ માટે પણ પ્રમાદ ન કરવો.''

તે પછીના અવતરણમાં વર્ણવ્યા મુજબ એના ચાર વ્યાવહારિક ઘટકો છે : મૈત્રી, કરુણા, અનુમોદના(ગુણગ્રહણ) અને સમતા (પરિશિષ્ટ ૩ બ, અવતરણ ૬.૫).

''તમામ જીવો પ્રત્યે મૈત્રી; ગુણસંપન્ન, પુણ્યશાળી પ્રત્યે અનુમોદના; દુઃખી પ્રત્યે કરુણા અને સાચાં મૂલ્યો ગુમાવ્યાં છે તેવા પ્રત્યે સમતા કેળવવી.''

આ જ વિચાર 'ચિત્રભાનુ'ના પ્રેરણાદાયી કાવ્ય જે હવે જાણીતું ભજન છે – ''મૈત્રી ભાવનું....'' તેમાં વ્યક્ત કરેલા છે (જુઓ મરડિયા, ૧૯૯૨).

એને અનુરૂપ ઉદાહરણ, પોતાના લક્ષ્ય તરફ એક કાર ચલાવવાનું છે. કાર એ જબરજસ્ત શક્તિ ધરાવતું વાહન છે. એ માટે તમે કાર કેવી રીતે ચલાવો છો અને કયો રસ્તો લો છો એટલું જ નહિ, પરંતુ પ્રતિ સેકન્ડ રાખવાની સાવધાની મહત્ત્વની છે. આ જ ઉદાહરણ વિશે આપણે પ્રકરણ ૮ માં ફરી વિચારીશું.




ચિત્ર ૬.૨ : હિંસાથી અને હકારાત્મક અહિંસાથી થતા સંજોગોનું નિદર્શન કાયથી[(અ),(બ)] વચનથી[(ક),(ડ)] અને મનથી[(ઇ),(ફ)].

ચિત્ર ૬.૨ માં મન, વચન અને કાયાથી આચરવામાં આવતી હિંસા અને અહિંસાના જુદા જુદા સંજોગો દર્શાવ્યા છે. એ જુઓ કે (અ)માં ખૂન, (બ)માં કરુણા, (ક)માં વાણીનો અસંયમ અને (ડ)માં મૈત્રી દર્શાવ્યાં છે. (ઈ)માં વ્યક્તિ દુશ્મન સાથે લડવાનું વિચારે છે અને (ફ)માં આલ્કોહોલની સમસ્યાથી પીડાતા એક મિત્રને મદદ કરવાનું વ્યક્તિ વિચારે છે.

## ૬.૩ હિંસાનું ભાવાત્મક પાસું

આપણે આગળ જોયું કે હલકા અને ભારે કાર્મિક દ્રવ્ય ઉત્પન્ન થવામાં વિચાર તેમ જ ક્રિયાઓ એટલે કે કૃત્યો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આથી જ દરેકે ''સંકલ્પજ હિંસા'' (premeditated violence) ટાળવી જોઈએ. જોકે આવા કૃત્યો ''આરંભજ હિંસા'' (accidental/ occupational violence)થી જુદા પાડવા જોઈએ. આમ, જટીલ ઓપરેશન દરમિયાન દર્દીના મૃત્યુથી સર્જન દ્વારા સંચિત થતા કાર્મણ કણોની સંખ્યા ખૂનીના કાર્મણ કણો કરતાં ઘણી ઓછી હોય છે. વળી, સર્જન કાબેલ હોય તો તે માત્ર હલકું કાર્મિક દ્રવ્ય સંચિત કરે છે, જ્યારે ખૂની, હત્યારો, અતિભારે કાર્મિક દ્રવ્ય સંચિત કરે છે.[3] ખેડૂતથી પોતાના વ્યવસાય દરમિયાન અકસ્માતે કિટકો મરે છે પરંતુ તે સૌમ્ય સ્વરૂપના ભારે કાર્મિક દ્રવ્ય સંચિત કરે છે. જંતુનાશકો, કીટનાશકોના ઉપયોગથી જીવોનો નાશ થાય છે. સામાન્યતઃ, અહિંસાની વિભાવના જે-તે વ્યવસાયોમાં $૧૦^{-૨}$ જીવન-એકમોથી ઉપરના જીવોની સંકલ્પજ હિંસા સુધી મર્યાદિત છે. સ્વબચાવના આત્યંતિક સંજોગોમાં કરેલી હત્યા, ''વિરોધી હિંસા'' (defensive violence)થી પણ ભારે કાર્મિક દ્રવ્ય સંચિત થાય છે.

મોટા ભાગની વ્યક્તિઓને આવા કઠોર વર્તનની ભાગ્યે જ જરૂર પડે છે. મહાત્મા ગાંધીએ શ્રીમદ્ રાજચંદ્રને લખેલો પત્ર અને તેનો પ્રત્યુત્તર આ બાબતને પ્રકાશમાં લાવે છે (જુઓ મરડિયા ૧૯૯૨, પૃ. ૧૪-૧૫). જો કે ઉદ્દેશ તો છે બે કે વધુ ઈન્દ્રિયના જીવોની સંકલ્પજ હિંસા કરતાં અને કરાવતાં અટકવું કે સહેતુક સંહાર કરતાં અટકવું.

## ૬.૪ જૈન સાર્વત્રિક સાંસારિક ચક્રો

જૈનો માને છે કે બ્રહ્માંડ સીમિત, પરિમિત છે. તેમાં મનુષ્ય સહિતના જીવોને સહારો આપવા વિવિધ વિશ્વો છે. વસવાટ ધરાવતા આ પ્રત્યેક વિશ્વ ઉત્સર્પીણી અર્ધચક્ર કાળ અને અવસર્પીણી અર્ધચક્ર કાળના અનંત ચક્રોની શ્રેણીઓમાંથી પસાર થાય છે. જો કે તેમના તબક્કાઓ જુદા જુદા હોય છે જેથી, દરેક પળે ક્યાંક એક તીર્થંકર ભગવાન હયાત હોય. આ અર્ધચક્રો છ આરા(time-section)માં વિભાજિત છે. આપણે દુ:ખ (દુષમા misery) માટે 'દુ' અને સુખ (સુષમા happiness) માટે 'સુ' લખીશું.

અવસર્પીણી અર્ધચક્રના આરા અનુક્રમે નીચે મુજબ છે :

(૧) અત્યધિક સુખ, સુસુસુ (સુષમા-સુષમા)

(૨) સુખ, સુસુ (સુષમા)

(૩) દુ:ખના પ્રમાણમાં વધુ સુખ, સુસુદુ (સુષમા-દુષમા)

(૪) સુખના પ્રમાણમાં વધુ દુ:ખ, સુદુદુ (દુષમા-સુષમા)

(૫) દુ:ખ, દુદુ (દુષમા)

(૬) અત્યધિક દુ:ખ, દુદુદુ (દુષમા-દુષમા)

હવે ઉત્સર્પીણીના આરા જોઈએ, જે અનુક્રમે નીચે મુજબ છે :

(૭) અત્યધિક દુ:ખ, દુદુદુ (દુષમા-દુષમા)

(૮) દુ:ખ, દુદુ (દુષમા)


(૯) સુખના પ્રમાણમાં વધુ દુ:ખ, દુદુસુ (દુષમા-સુષમા)

(૧૦) દુ:ખના પ્રમાણમાં વધુ સુખ, સુસુદુ (સુષમા-દુષમા)

(૧૧) સુખ, સુસુ (સુષમા)

(૧૨) અત્યધિક સુખ, સુસુસુ (સુષમા-સુષમા)

અહીં જુઓ કે (૧) અને (૧૨), (૨) અને (૧૧), ક્રમના આરા સરખા છે. આ અર્ધચક્રો ચિત્ર ૬.૩ માં દર્શાવેલાં છે. ચિત્રમાં 'દુ' અને 'સુ' માટેના વિસ્તાર ઉપરના વિચારો પ્રતિબિંબિત કરે છે.




ચિત્ર ૬.૩ : એક જૈન સાર્વત્રિક સાંસારિક ચક્ર(અનુઘડી),તથા સુખ અને દુઃખના સ્તરનો વર્તુળાકાર આલેખ (સુ=સુખ અને દુ=દુઃખ છાયિત ભાગમાં); તૂટક ચાપ બહુ મોટા સમયગાળા દર્શાવે છે. અવસર્પિણી અર્ધચક્ર P બિંદુથી શરૂ થાય છે.

આમ, એક આખું ચક્ર ૧૨ આરા ધરાવે છે, જે આ પ્રમાણે છે :

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| સુસુસુ | સુસુ | સુસુદુ | સુદુદુ | દુદુ | દુદુદુ |
| (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) |
| દુદુદુ | દુદુ | દુદુસુ | દુસુસુ | સુસુ | સુસુસુ |

આપણે પૂર્ણ જૈન સાર્વત્રિક સાંસારિક ચક્ર(Jain Universal Temporal Cycle)ને ટૂંકમાં જૈ. સાં. ચ. કહીશું. હવે નીચેના મુદ્દાની નોંધ લઈએ :

ચિત્ર ૬.૩ માં સમય એટલે કે કાળ અનુઘડી દિશામાં ફરે છે. પ્રત્યેક આરાનો સમયગાળો ઘણો મોટો છે. લઘુ એકમોમાંનો એક છે – સાગરોપમ. ૧ સાગરોપમ એટલે ઓછામાં ઓછા $૧૦^{૧૭}$ જૈ. સાં. ચ. આપણે અગાઉ વર્ણવ્યા મુજબ વિવિધ કાર્મિક ઘટકોના સમયગાળા માપી શકાય છે. ૫, ૬, ૭, અને ૮ આરા – એ પ્રત્યેક ૨૧,૦૦૦ વર્ષોના માનવામાં આવે છે; તે સિવાયના આરા ઘણા મોટા છે પરંતુ અનંત નથી; પરિણામે આ બધા તૂટક રેખાથી દર્શાવાય છે. આરા અને અર્ધચક્રો એકબીજાને સતત સહજ રીતે અનુસરે છે. હાલ(૧૯૯૬)માં આપણે અવસર્પીણી કાળના પાંચમા આરાના ૨૫૯૨મા વર્ષમાં છીએ.

એવું માનવામાં આવે છે કે માત્ર આરા ૩, ૪ કે ૭, ૮ દરમિયાન જ કોઈ જીવ તીર્થંકર કે અરિહંત બની શકે છે. વર્તમાન અવસર્પીણી કાળના ચોવીસેય તીર્થંકરો ત્રીજા આરા (સુસુદુ) કે ચોથા આરા(સુદુદુ)માં જન્મ્યા હતા. સુ અને દુ નો આ સંયોગ આત્મ-સાક્ષાત્કારના પથ પર આગળ ધપવા પૂરતો અને જરૂરી છે. આપણે પાંચમા આરાના ૨૧,૦૦૦ વર્ષમાંથી હાલ(૧૯૯૬)માં ૨૫૯૨મા વર્ષમાં છીએ, આથી આ પૃથ્વી પર અરિહંત/તીર્થંકરનો ઉદય થવામાં લાંબો સમયગાળો લાગશે. જો કે આધ્યાત્મિક રીતે ઉચ્ચ કક્ષાની વ્યક્તિઓ તીર્થંકરનો સંપર્ક સાધી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો દરેક પળે બ્રહ્માંડમાં કોઈક ક્ષેત્રમાં તો તીર્થંકર હોય છે જ.[૪]

સુધર્માસ્વામી(જુઓ પરિશિષ્ટ ૨)ના શિષ્ય જંબુસ્વામી વર્તમાન આરામાં આ પૃથ્વી પરથી મોક્ષ મેળવનારા છેલ્લા હતા. તેમને ઈ.સ. પૂર્વે ૪૬૩ માં મોક્ષ પ્રાપ્ત થયો હતો. કલ્પસૂત્ર(શ્લોક ૧૪૬)માં મહાવીર સ્વામીએ શરૂ કરેલા પાંચમા આરા, દુદુ, નું વર્ણન છે; જેકોબી (૧૮૮૪, પૃ.૨૪૬) આ શ્લોકને સ્પષ્ટ કારણોસર કલ્પસૂત્રનો જરા વિષાદપૂર્ણ, નિરાશામય શ્લોક તરીકે વર્ણવે છે.

## નોંધ

૧. પી.એસ.જૈની, પૃ. ૧૬૯, "... મૃત પ્રાણીનું માંસ પોતે જ અસંખ્ય નિગોદનું પ્રજનન સ્થળ છે અને તેથી તે વાપરવું કે આરોગવું જ ન જોઈએ."

૨. પી. એસ. જૈની, પૃ. ૧૬૮ "આવા જીવો (નિગોદ), ખાસ કરીને આથવણવાળા અને/અથવા ગળપણવાળા પદાર્થોમાં વિશેષ વ્યાપ્ત હોય છે. આથી દારૂ, શરાબ અથવા મધના સેવનથી અગણિત નિગોદનો અકાળે અને હિંસક રીતે નાશ થાય છે. કેટલીક વનસ્પતિની, ખાસ કરીને ગળ્યા, માંસલ (જાડા, ગરવાળા) અથવા બહુબીજ પ્રકારની પેશીઓ પણ નિગોદની આશ્રયદાતા હોવાનું મનાય છે. આ પ્રકારની વનસ્પતિ જે પોતાના શરીરમાં અન્યને સામેલ કરે છે તેને 'સાધારણ' કહે છે. અંજીરને મૂળગુણ વ્યવહારનો ભાગ ગણીને તેનો ઉપયોગ ટાળવાનું એ નિગોદયુક્ત વનસ્પતિજ પદાર્થોના ત્યાગનું પ્રતીકાત્મક નિદર્શન છે.

૩. પી.એસ.જૈની, પૃ.૧૭૧ "હત્યારો, ઉદાહરણ તરીકે, પોતાના વેરીને મારવા માટે જ નીકળે છે; એટલે કે તે સંકલ્પજ હિંસા' કરે છે. જ્યારે સર્જનથી દર્દીને કદાચ પીડા ઉદ્ભવે અથવા જટીલ ઓપરેશન દરમિયાન કદાચ દર્દીનું મૃત્યુ થાય, પણ તેણે માત્ર ઓછી ગંભીર આરંભજ હિંસાનો અપરાધ કર્યો ગણાય".

૪. પી. એસ. જૈની, પૃ. ૩૨. "...દરેક પળે એક તીર્થંકર ક્યાંક તો વિદ્યમાન હોય છે જ. બીજા શબ્દોમાં કહીએ તો મુક્તિનો પથ કોઈ પણ સમયે ખુલ્લો હોય છે; તત્કાળ મોક્ષનો મોકો મળે તે માટે કોઈ એક વિદેહ ક્ષેત્રમાં જન્મવું જરૂરી છે."

●

## ૭. આત્મવિજયનો માર્ગ
### (વિધાન ૪ ક)


**વિધાન ૪ ક : સંયમ નવા કાર્મિક કણો સામે સંવર રચે છે તેમ જ જૂના કાર્મિક દ્રવ્યના ક્ષયની નિર્જરણ ક્રિયા શરૂ કરે છે.**

### ૭.૧ વિધાન

વિધાન ૪ અ અને ૪ બ થી આપણે જાણીએ છીએ કે કાર્મણો કેવી રીતે દાખલ થાય છે. જો કે પાછળનાં પ્રકરણોથી એ સ્પષ્ટ છે કે સામાન્ય ઉદ્દેશ બેવડો છે : (૧) નવા કાર્મણોનો ધસારો કર્મ-કવચ(સંવર)થી અટકાવવો અને (૨) જૂના કાર્મિક દ્રવ્યનું સંપૂર્ણપણે નિર્જરણ કરવું. જો ઉદ્દેશો હાંસલ થઈ જાય તો માત્ર શુદ્ધ આત્મા બાકી રહે, જેને પ્રકરણ ૨ માં જણાવ્યા પ્રમાણે પૂર્ણ સામર્થ્ય અર્થાત્ અનંત વીર્ય, નિરપેક્ષ સુખ, પૂર્ણ જ્ઞાન અને દર્શન હોય છે.

આત્માનું પૂર્ણ સામર્થ્ય મન, વચન, કાયાની ભાવાત્મક ક્રિયાઓથી નીપજતા કાર્મિક દ્રવ્યની અસરો દૂર કરવાથી મેળવી શકાય. આપણે જોયું તેમ, આ બધી બાહ્ય કામગીરી છે જે કાર્મિક ક્ષેત્રમાં ન્યુક્લીયર રીએક્ટરની જેમ સતત ક્રિયા-પ્રતિક્રિયા કરતા રહે છે. વધુમાં, એક વ્યક્તિગત કાર્મિક કોમ્પ્યુટર વ્યક્તિ સાથે લાગેલું હોય છે જે બધી નોંધ (record) રાખે છે અને અણીના સમયે, યથાર્થ સમયે સૂચનાઓને પહોંચી વળે છે. પ્રશ્ન એ થાય છે કે વ્યક્તિ કાર્મિક દ્રવ્ય દૂર કેવી રીતે કરી શકે ? તાર્કિક રીતે, વ્યક્તિનું પોતાના હીન સ્વભાવ પ્રત્યેનું દાસત્વ કાર્મિક દ્રવ્યને કારણે જ હોવું જોઈએ, કારણ કે તે આત્માને પોતાનું પૂર્ણ સામર્થ્ય પ્રાપ્ત કરતાં અવરોધે છે. આથી સંયમ કે તપસ્યાના કોઈ સ્વરૂપથી કાર્મણોનો આત્મા તરફનો ધસારો અટકાવી શકાય. ભૌતિક પ્રકૃતિ અને મનનાં બંધનો સતત કર્મક્ષેત્રની અસર હેઠળ હોય છે. આમ, સંયમ એ જ

એક માત્ર માર્ગ છે જેના પરિણામે વ્યક્તિ પોતાની ભૌતિક પ્રકૃતિના તથા મનનાં બંધનોથી બચી શકે છે (જુઓ ચિત્ર ૭.૧). ઉપરાંત આ વિધાન, વિધાન ૪ અ ના પાંચ કર્મના કારકો – મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયો અને યોગ – ને દૂર કરવા માટે સંયમનું સમર્થન કરે છે. આ બધા કાર્મિક કારકોનું ક્રમિક નિદર્શન ચૌદ ગુણસ્થાનકોથી દર્શાવી શકાય તે હવે જોઈએ.




ચિત્ર ૭.૧ : સંવર(વર્તુળ) અને સંયમ દ્વારા કર્મનું ઉત્સર્જન(ઓછી ત્રાંસી રેખાઓ)


અહીં 'સંયમ' ને વ્યાપક સંદર્ભમાં સમજવો પડશે. તેનો અર્થ છે – સંશયથી ઉપર ઊઠીને, અહિંસાને મુખ્ય ગણીને અત્યંત જાગૃતિ સાથે બધી ઇન્દ્રિયો પર અંકુશ રાખવો. એટલે કે "તમારી ક્ષમતા મુજબ જાત પર અંકુશ રાખો." (પરિશિષ્ટ ૩ બ, અવતરણ ૭.૧) અર્થાત્ વ્યક્તિએ પોતાની ક્ષમતાથી એટલો વધારે સંયમ ન રાખવો જેનાથી પોતાને નુકસાન થાય. તેનાથી આત્મપીડન ન થવું જોઈએ.

## ૭.૨ શુદ્ધીકરણ-અક્ષ અને ચૌદ ગુણસ્થાનકો

પ્રકરણ ૩ માં આપણે જીવન-ધરી(Life axis)નો પરિચય મેળવ્યો છે. હવે આપણે અન્ય જીવસ્વરૂપોથી આધ્યાત્મિક રીતે ઊંચી કક્ષાએ પહોંચતા માનવીઓ સાથે સુસંગત એવા જીવન-ધરીના ઉપરના ભાગ વિશે વિચારીએ. શુદ્ધીકરણ-અક્ષ પર માનવીઓને નીચા જીવન-એકમોથી ખૂબ ઊંચા જીવન-એકમો પર એટલે કે મહત્તમ કાર્મિક ઘનત્વ

ધરાવનારથી માંડીને નિમ્નતમ કાર્મિક ઘનત્વ ધરાવનાર સુધી આલેખાય છે. બીજા શબ્દોમાં કહીએ તો જીવન-ધરીનો ઉપરનો ભાગ લંબાવવામાં આવ્યો છે. આને એક સીડી તરીકે વર્ણવાય છે, જે ભારે કાર્મિક ઘનત્વથી ખૂબ હલકા કાર્મિક દ્રવ્ય તરફ અને છેવટે મોક્ષ તરફ ઉન્નતિ સાધતાં દરેકે ચઢવી જોઈએ.

આ સીડીને ચૌદ સોપાનો છે, જે આધ્યાત્મિક શુદ્ધતાના તબક્કાઓ છે. આપણે આ સોપાનોને ચૌદ ગુણસ્થાનકો *(Fourteen purification stages)* કહીશું. આ સીડીમાં જેમ ઊંચે ચઢતા જાય તેમ શુદ્ધત્વ(જૈનત્વ)-ની કક્ષા ઊંચી હોય અને કાર્મિક દ્રવ્ય ઓછું હોય.




શુદ્ધીકરણ સોપાન

ચિત્ર ૭.૨ : ચૌદ ગુણસ્થાનકો સહિતની શુદ્ધીકરણ-ધરી

ગુણસ્થાનકોનાં નામ સહિતની શુદ્ધીકરણ - અક્ષ દર્શાવે છે. ધરી પર દર્શાવેલો ક્રમ ૧ એ પહેલું સોપાન તમામ જીવોને લાગુ પડે છે અને તે અહીં સૌથી ગાઢ, ભારે કાર્મિક દ્રવ્ય ધરાવતા માનવીઓ માટે છે.

સીડીની ઉપર તરફ જતાં કાર્મિક દ્રવ્ય ઘટતું જાય છે અને ૧૪ મા સોપાને તે શૂન્ય હોય છે. બીજી રીતે, આપણે શુદ્ધીકરણ-અક્ષને કાર્મિક ઘનત્વ અક્ષ તે સળંગ હોવાથી તેના ચૌદ મહત્ત્વના તબક્કાઓની રીતે જોઈ શકીએ.

કાર્મિક નિર્જરા, કર્મનિર્જરાની પ્રભાવી પ્રક્રિયા સમજવા માટે એ સ્પષ્ટ રીતે સમજવું જરૂરી છે કે જેમ જેમ કાર્મણો ખરતા જાય તેમ તેમ આત્માની શક્તિ વધે છે જેનાથી આધ્યાત્મિક વિકાસ આગળ ધપતો રહે છે. એવું માનવામાં આવે છે ભાવિ આસ્રવ રોકાશે; શક્તિ અને જ્ઞાનના ગુણ વધુ મુક્ત થાય છે, જેથી આત્મા પોતાના સાચા સ્વરૂપની શોધ કરી શકે છે. બીજો મહત્ત્વનો નોંધપાત્ર મુદ્દો એ છે કે કાર્મિક દ્રવ્યની અસરોનો શરૂઆતમાં નાશ થવાને બદલે તેનું ઉપશમન થાય છે. તદુપરાંત પ્રત્યેક સોપાનમાં કર્મબંધ તીવ્રતાથી પરિમિત થાય છે; જૂના કાર્મિક દ્રવ્યને ઘટાડે છે; લગભગ બધાં સોપાનમાં ક્રોધ, માન, માયા અને લોભ ક્રમશઃ ઘટતાં જાય છે, તેમાંયે ક્રોધ સૌથી પહેલો ઘટે છે. ચારેય કષાયની પાંચ કક્ષાઓ વિશે પ્રકરણ ૫ માં નિરૂપણ થઈ ગયું છે. જો કે એકંદર લક્ષ્ય તો વિધાન ૪ અ માં દર્શાવેલા કર્મબંધના પાંચેય મહત્ત્વના કારકો મૂળમાંથી દૂર કરવાનો છે.

## ૭.૩ શરૂઆતનાં ચાર સોપાનો

ચિત્ર ૭.૨ માં શરૂઆતનાં ચાર સોપાનો છે અનુક્રમે મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન સમ્યગ્ દૃષ્ટિ, મિશ્ર સમ્યગ્ દૃષ્ટિ અને અવિરત સમ્યગ્ દૃષ્ટિ.

### ૭.૩.૧ સોપાનોની વ્યાખ્યા અને આંતરિક ગતિ

સીડીનું પ્રથમ સોપાન મિથ્યાદૃષ્ટિ ધરાવતા તમામ જીવો માટે સમાન છે. શરૂઆતમાં પ્રત્યેક આત્મા સંપૂર્ણ અજ્ઞાનના આ સોપાનમાં હોય છે, જ્યારે ચારેય કષાયો તેમના મહત્તમ લેવલે હોય છે. જો કે વિધાન ૧ પ્રમાણે પ્રત્યેક આત્મા કાર્મિક દ્રવ્યમાંથી પોતાના ચારેય ગુણોને અનાવરિત કરવા મથામણ કરતો હોય છે. આ ક્રિયા ક્યાં તો પૂર્વભવો યાદ આવવાથી (જાતીય સ્મરણથી) કે જૈન ઉપદેશો/અધ્યયનથી[૧]

ગતિમાન થાય છે. આ ઘટના પછી પલકવારમાં સોપાન ૨ અને ૩ માંથી પસાર થઈ સોપાન ૪ માં પહોંચાય છે. સોપાન ૪ એ અવિરત સમ્યગ્ દૃષ્ટિનું સોપાન છે. આ અનુભવ એટલે જીવનના સાચા સ્વરૂપનો અને આત્માની વાસ્તવિકતાનો અને તેના પ્રગટીકરણનો, અર્થાત્ સાચા જ્ઞાનનો, સમ્યગ્ દર્શનનો હોય છે.

સમ્યગ્ દર્શનનો આ પ્રથમ અનુભવ માત્ર થોડી ક્ષણો પૂરતો ટકે છે અને તે અનુભવ દર્શન-મોહનીય કાર્મિક ઘટકના દૂર થવાને કારણે નહિ પરંતુ તેના અવરોધાઈ જવાથી જ થાય છે. આ અવરાધાયેલો ઘટક ઝડપથી છૂટો પડે છે અને પોતાનો પ્રભાવ ફરીથી દર્શાવે છે. આથી આત્મા પાછો પોતાના અંતિમ, મિથ્યાદૃષ્ટિના સોપાનમાં પરત જાય છે. તેમાં પાંચેય કાર્મિક કારકો – મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ – તેમના પૂરા જોશથી કાર્યરત હોય છે. જો કે આ પતન દરમિયાન, આત્મા ટૂંક સમય માટે ત્રીજા ગુણસ્થાનકમાં જાય છે, જ્યાં સ્થૂળ કષાયો ઉપશાંત રહે છે, પરંતુ સમ્યગ્ દર્શન હોતું નથી. આ ગુણસ્થાનકને મિશ્ર સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ કહે છે. તેની નીચે બીજું ગુણસ્થાનક છે – સાસ્વાદન સમ્યગ્ દૃષ્ટિ, જેમાં ચોથી કક્ષાના કષાયો ફરીથી પ્રભાવી બને છે અને તત્ક્ષણ આત્માને ફરીથી નીચલા ગુણસ્થાનકમાં ઉતારી દે છે. ચોથા ગુણસ્થાનક સુધીના પ્રથમ સંક્રમણમાં મિથ્યાદૃષ્ટિનું માત્ર ઉપશમ થાય છે, પરંતુ પછીના, અનુગામી લાંબા ગાળાનાં સંક્રમણોમાં આ ઘટક અંશતઃ દૂર થાય છે. આવાં કેટલાંક સંક્રમણો જેમાં અંશતઃ નિરસન અને ઉપશમન થાય છે. પછી આત્મા, પાંચમા ગુણસ્થાનક અને તેનાથી આગળ તરફ, આગળ ધપવા માટે, ચોથા ગુણસ્થાનકમાં સ્થિર થાય છે. સારણી ૭.૧ આ ગુણસ્થાનકોનો સારાંશ દર્શાવે છે.

**સારણી ૭.૧ : શરૂઆતનાં ચાર ગુણસ્થાનકો અને તેમને અનુરૂપ અવસ્થા**

| ગુણસ્થાનક | નામ | અવસ્થા |
|---|---|---|
| ૧. | મિથ્યાદૃષ્ટિ | મિથ્યાત્વ |
| ૨. | સાસ્વાદન સમ્યગ્ દૃષ્ટિ | |
| ૩. | મિશ્ર સમ્યગ્ | |
| ૪. | અવિરત સમ્યગ્ દૃષ્ટિ | શુદ્ધીકરણનું તરફનું પ્રથમ પગલું |

## ૭.૩.૨ ચોથા ગુણસ્થાનકનું વર્ણન અને દેખીતા સંકેતો

ચોથા ગુણસ્થાનકમાં મિથ્યાદૃષ્ટિ દૂર થાય છે અને સમતા પ્રાપ્ત થાય છે. શુદ્ધતામાં થયેલા આ વધારાને કારણે સમ્યગ્ દર્શનનો ઝબકારો થઈ શકે છે. ચારે કષાયોની ચોથી કક્ષા દૂર થતાં વીર્ય અને જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે જેને પરિણામે આત્મા સાચું જ્ઞાન શોધવામાં પહેલા કરતાં વધુ ઉત્સાહભેર તત્પર બને છે. વળી, તે કાર્મિક દ્રવ્યની પોતાના શરીર પર થતી અભિવ્યક્તિને ચાર કષાયો દ્વારા દેખાતી મનોવૈજ્ઞાનિક સ્થિતિઓ અને વ્યક્તિગત માલમતા, જેની સાથે અગાઉ પોતાની ઓળખ કેળવી હતી, તે બધાને ઓછું મહત્ત્વ આપે છે.[૨] આમ, એક શુદ્ધ અને ધીર, પ્રશાંત અવસ્થા પ્રાપ્ત થાય છે.

### વલણ અને અંતરાત્મા

વ્યક્તિની ધીર અવસ્થા દરમિયાન 'હું કોણ છું ?' એવો પ્રશ્ન કરવાનું વલણ પ્રોત્સાહિત થાય છે. આ વલણ આત્માના દર્શન ગુણને વધુ પ્રગટ કરે છે. વીર્ય ગુણના અગાઉ ન અનુભવાયેલા એક ઊભરા, આવેશ દ્વારા કાર્મિક દ્રવ્યનું વધારે નિરસન કે ક્ષય થાય છે. હવે કાયમી સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ શક્ય બને છે. વ્યક્તિ પ્રથમ ત્રણ વિધાનોથી વાકેફ થાય છે. આ રીતે આસ્રવની અસર દૂર કરવાનો ઉદ્દેશ કેળવાય છે અને આ ઇચ્છા, આકાંક્ષાથી વીર્ય ગુણ વધુ મુક્ત થાય છે. દર્શનના બધા અવરોધો કંઈ પણ અસર કરતાં અટકે છે અને એ ક્ષણે આત્મા વાસ્તવિકતાની કાયમી દૃષ્ટિ મેળવે છે. ચાર કષાયો ત્રીજા ગુણસ્થાનક સુધી સીમિત થવાને કારણે નીપજેલા પ્રબુદ્ધ દૃષ્ટિકોણનો આંતરિક સકેત છે – સ્વનું રૂપાંતરણ, પરિવર્તન. આત્માનું ધ્યાન વિચારપૂર્વક બીજા કશા પર નહિ પરંતુ માત્ર પોતાના સાચા સ્વરૂપ પર પુનઃસ્થિત થાય છે. આમ 'હું' ને બદલે સાચા અંતરાત્મા સાથે તાદાત્મ્ય કેળવાય છે અને સુખના ગુણની ગાઢ અનુભૂતિ થાય છે.

### વર્તન અને સકારાત્મક અહિંસા[૩]

જ્યારે આત્મા સ્વયંમાં શાંતિની અનુભૂતિ કરે ત્યારે તેના વર્તનવ્યવહાર ઉચ્ચ કોટિના અને વિનમ્ર બની જાય છે. વ્યક્તિ બધા જીવોની મૂળભૂત, પાયાની સમાનતા પ્રત્યે જાગ્રત, સભાન બને છે.

ભાઈચારાની આ ભાવનાથી તમામ પ્રત્યે મૈત્રીભાવ અને કમભાગીઓ માટે ઉત્કૃષ્ટ કરુણા પેદા થાય છે. આ કરુણા કોઈની સાથે કોઈ પણ વ્યક્તિગત બંધન કે દયાભાવથી મુક્ત હોય છે. આ અનુભૂતિને પરિણામે આત્મા સ્વીકારે છે કે તમામ જીવો માટે મોક્ષ શક્ય છે. અન્ય આત્માઓને મોક્ષ તરફ જવામાં મૈત્રીભાવથી મદદ કરવાની નિઃસ્વાર્થ ઉત્સુકતા રહે છે. સકારાત્મક અહિંસાને કારણે તે શોષણખોર અને હાનિકારક વર્તનવ્યવહારનાં દૂષણો પારખી શકે છે. સકારાત્મક અહિંસાનું આ પાસું એ વિધાન ૪ બ નો વ્યાવહારિક ઉપયોગ છે.

## ચાર કષાયો પર અસરો

ચોથા ગુણસ્થાનકે પહોંચવા માટે સંયમ અને તપસ્યાઓ જરૂરી હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ ક્યાંય નથી. પરંતુ ગર્ભિત રીતે એવું માની લેવામાં આવે છે કે તે જરૂરી છે, કારણ કે ચોથા ગુણસ્થાનકે પહોંચવા માટે વ્યક્તિના ચારે કષાયો ચોથી કક્ષામાંથી ત્રીજી કક્ષાએ ઊતરવા જરૂરી છે, જે ગુપ્તિ સિવાય, સંયમ સિવાય હાંસલ કરવું શક્ય નથી. વળી, સકારાત્મક હિંસા આત્મસંયમ વિના શક્ય નથી.

પ્રથમ જાગૃતિથી એવા કેટલાક કાર્મણો દૂર થાય છે જે પરિણામસ્વરૂપે મધ્યમ માત્રાના આત્મસંયમ તરફ દોરી જાય છે. અચાનક ગુસ્સો આવવો, પ્રપંચ કરવો, અભિમાનમાં બહેકી જવું, લોભના આવેશમાં આવવું વગેરે થતા નથી, અર્થાત્ આવા કિસ્સાઓમાં આત્મસંયમ જળવાઈ રહે છે. ઉપરાંત ચોથું ગુણસ્થાનક સંપન્ન થતાં સહિષ્ણુતા વધે છે અને ક્રોધ ઘટે છે, નમ્રતા વધે છે અને અભિમાન ઘટે છે, સરળતા વધે છે અને માયા ઘટે છે, સંતોષ વધે છે અને લોભ ઘટે છે.

## ૭.૪ ગુણસ્થાનક પાંચથી ગુણસ્થાનક અગિયાર

મુદ્દા ૭.૩ માં જોયા મુજબ જ્યારે વ્યક્તિની મિથ્યાદષ્ટિને સ્થાને સમ્યગ્ દર્શન આવે ત્યારે તે ચોથા ગુણસ્થાનકે ચઢે છે. પાંચમા ગુણસ્થાનકે વ્યક્તિ હજુ વધુ સંયમ કેળવવા પ્રયત્નશીલ બને છે. અર્થાત્ વ્યક્તિ વિવિધ સંકલ્પો કરે છે, વ્રતો પાળે છે જેનાથી તે દેશવિરતિ તરફ જાય છે. છઠ્ઠા ગુણસ્થાનકે પૂર્ણ સંયમ હાંસલ થાય છે.

પાંચમું ગુણસ્થાનક સામાન્ય માણસના જીવનની રીત જેવું છે, જ્યારે છઠ્ઠું ગુણસ્થાનક સાધુના પથ સમાન છે. છઠ્ઠા ગુણસ્થાનકમાં, એટલે કે પૂર્ણ સંયમની અવસ્થામાં પૂર્ણ શિસ્ત અને ઉચ્ચતર તપસ્યા સંપન્ન થાય છે. આ વિવિધ અવસ્થાઓ કેવી રીતે પ્રાપ્ત થાય તેનું નિરૂપણ પ્રકરણ ૮ માં છે.

સાતમા ગુણસ્થાનકે પ્રમાદ (carelessness) શૂન્ય થઈ જાય છે, મતલબ કે ક્રોધ પણ શૂન્ય થઈ જાય છે. આથી જ આ ગુણસ્થાનકને અપ્રમત્તવિરત કહે છે. આમ છતાં ચારેય કષાયોના થોડા અવશેષો હજુ ટકી રહ્યા હોય છે. ગુણસ્થાનકો આઠ, નવ અને દસમાં વ્યક્તિ ધ્યાન (meditation) દ્વારા માન, માયા અને લોભની કક્ષા ઘટાડીને શૂન્ય કરવા પ્રયત્ન કરે છે. ધ્યાન વડે સફળતાનાં ગુણસ્થાનકો આઠ, નવ અને દસ અનુક્રમે આ પ્રમાણે છે : અપૂર્વકરણ (૮), અનિવૃત્તિકરણ (૯) અને સૂક્ષ્મ સંપરાય (૧૦). સારણી ૭.૨ આ ગુણસ્થાનકોની વિગતો ટૂંકમાં દર્શાવે છે.

**સારણી ૭.૨ : પાંચમાથી અગિયારમા ગુણસ્થાનકો અને તેમને અનુરૂપ અવસ્થાઓ**

| ગુણસ્થાનક | નામ | અવસ્થા |
|---|---|---|
| ૫ | દેશવિરત | સાચો જૈન શ્રાવક |
| ૬ | પ્રમત્તવિરત | સાધુ; સંત |
| ૭ | અપ્રમત્તવિરત | આધ્યાત્મિક ગુરુ |
| ૮ | અપૂર્વકરણ | આધ્યાત્મિક ઉપાધ્યાય |
| ૯ | અનિવૃત્તિકરણ | આધ્યાત્મિક ઉપાધ્યાય |
| ૧૦ | સૂક્ષ્મ સંપરાય | આધ્યાત્મિક ઉપાધ્યાય |
| ૧૧ | ઉપશાંત મોહ | કષાયરહિત અવસ્થા |

આ અવસ્થાઓમાં, જો ચારેય કષાયો દૂર થવાને બદલે ઉપશાંત હોય તો વ્યક્તિ માત્ર અગિયારમા ગુણસ્થાનકે પહોંચી શકે, જ્યાંથી તેણે નીચે તરફ જવું જ પડે. અગિયારમા ગુણસ્થાનકને ઉપશાંત મોહ કહે છે.

જો કે ધ્યાન, સમાધિ દરમિયાન ચારેય કષાયો અને તેમના પ્રભાવો સંપૂર્ણપણે દૂર થઈ ગયા હોય, જેથી લોભની કક્ષા કાયમ માટે શૂન્ય થઈ ગઈ હોય તો વ્યક્તિ દસમા ગુણસ્થાનકથી સીધો બારમા ગુણસ્થાનકે પહોંચી જશે. બારમું ગુણસ્થાનક છે – ક્ષીણ મોહ.

### ૭.૫ ગુણસ્થાનક બારમાથી ચૌદ

બારમું ગુણસ્થાનક મેળવતાંની સાથે જ મોહનીય કર્મ સિવાયના મુખ્ય કાર્મિક ઘટકો આપોઆપ દૂર થઈ જાય છે. પરિણામે તેરમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે, જે કેવળી અવસ્થા છે. તેને ''સયોગ કેવળી અવસ્થા'' કહે છે. આ ગુણસ્થાનકમાં ભૌતિક શરીર માટે જરૂરી ક્રિયાઓ કે પ્રવૃત્તિઓનું નિયમન માત્ર યોગથી થાય છે. જો કે આ ક્રિયાઓથી નવા કાર્મણો બનતા નથી. વળી કેવળી હોવાથી અઘાતીય કાર્મિક ઘટકો છેવટે કશું શેષ ન રહે ત્યાં સુધી ક્રમશઃ ખરતા રહે છે. અંતિમ ક્ષણોમાં શરીર સંપૂર્ણ સ્થિર સ્થિતિમાં રહે છે. આ અવસ્થા છે – સયોગ કેવળી અવસ્થા અને તે ચૌદમું ગુણસ્થાનક છે.[૪] આ સ્થિતિ મોક્ષ પહેલાં વધુમાં વધુ ૪૮ મિનિટ રહે છે. મૃત્યુ થતાંવેત આત્મા સંપૂર્ણપણે અને કાયમ માટે જન્મમરણના ચક્રમાંથી મુક્ત થઈ જાય છે અને મોક્ષ પામે છે. સારણી ૭.૩ માં આ ઉચ્ચતર ગુણસ્થાનકોની વિગતો આપી છે.

**સારણી ૭.૩ : આખરી ત્રણ ગુણસ્થાનકો અને તેમની અવસ્થાઓ**

| ગુણસ્થાનક | નામ | અવસ્થા |
|---|---|---|
| ૧૨ | ક્ષીણ મોહ | |
| ૧૩ | સયોગ કેવળી અવસ્થા | તીર્થંકર |
| ૧૪ | અયોગ કેવળી અવસ્થા | મોક્ષ તરફ |

અહીં એ બાબતે ધ્યાન આપવું કે ગુણસ્થાનક ચાર એ ''અવિરત સમ્યગ્ દૃષ્ટિ''ની પ્રાપ્તિ છે; ગુણસ્થાનક પાંચ એ નીચલા વ્રતોની સાંસારિક અવસ્થા છે; ગુણસ્થાનક છ એ સંતના સ્તરના ઉચ્ચ વ્રતોની અવસ્થા છે; ગુણસ્થાનક સાત એ આધ્યાત્મિક ગુરુ જેવી અવસ્થા છે; ગુણસ્થાનકો આઠથી દસ એ આધ્યાત્મિક ઉપાધ્યાયની અવસ્થા છે;

ગુણસ્થાનકો બાર અને તેર એ તીર્થંકર / સયોગ કેવળી અવસ્થા છે. ચૌદમું ગુણસ્થાનક એ મોક્ષ પહેલાની થોડી ક્ષણોની સ્થિતિ છે. આ અવસ્થાઓ વ્યક્તિના ચારિત્રની સંક્ષિપ્ત રૂપરેખાને લગભગ મળતી આવે છે. ગુણસ્થાનક ૧ એ અણઘડ વ્યક્તિત્વ સાથે જોડી શકાય. ગુણસ્થાનક ૨ એ ઉચ્ચ સ્થિતિમાંથી અણઘડ વ્યક્તિત્વ તરફ પ્રત્યાવર્તન (પાછું જવું) છે; ગુણસ્થાનક ૩ એ ગુંચવણભર્યું અસ્પષ્ટ વ્યક્તિત્વ છે. ગુણસ્થાનકો ૪, ૫, ૬ ને અનુક્રમે વિશ્વસનીય, સંસ્કારી અને નૈતિક વ્યક્તિત્વો સાથે સાંકળી શકાય. ગુણસ્થાનક ૭ માં અત્યંત જાગ્રતિ સાથેનું આધ્યાત્મિક વ્યક્તિત્વ હોય. તેની ઉપરનાં ગુણસ્થાનકો અતીંદ્રિય વ્યક્તિત્વોનાં વિવિધ સ્તરો દર્શાવે છે.

## ૭.૬ કક્ષા (level) અને સંક્રમણોનું રૈખિક નિરૂપણ

આ વિચારોને માત્રાત્મક રીતે રજૂ કરવાથી તે ઉપયોગી બનશે. પ્રકરણ ૫માં આપણે ચાર કષાયોનું, પ્રત્યેકની કક્ષા ૦, ૧, ૨, ૩, ૪ સહિતનું નિરૂપણ કર્યું હતું તે યાદ કરો. હવે એ પ્રશ્ન એ ઊભો થાય છે કે કર્મબંધના અન્ય કારકોની કક્ષા કેવી રીતે નિયત કરી શકાય ? પ્રકરણ ૬માં આપણે જોયું કે મિથ્યાદર્શન દ્વારા થયેલી હિંસા ૩$\frac{૧}{૨}$ જૈન સાર્વત્રિક ચક્ર (Jain Universal Cycle) ટકે છે જ્યારે ચારમાંથી કોઈ પણ કષાય માટે એ ૨ જૈન સાર્વત્રિક ચક્ર હોય છે. આમ, આપણે લાક્ષણિક મિથ્યાદર્શનને ૦ થી ૭ નો માપક્રમ આપીએ. આ મુદ્દાને આગળ વધારીને આપણે અસંયમને મહત્તમ અંક ૪, પ્રમાદને ૪, નો-કષાયને ૪ અને યોગને ૧ અંક આપીએ. આમ, ગુણસ્થાનક ૧ માં કુલ કાર્મિક ઘનત્વ ૩૬ એકમ થાય. આ રીતે દરેક ગુણસ્થાનક માટે કાર્મિક ઘનત્વ નક્કી કરી શકાય. એ વિગતો અન્ય કેટલીક નોંધો સહિત સારણી ૭.૪ માં દર્શાવી છે. અલબત્ત, આ અંક અને માપક્રમ (scale) કોઈ નિયમને અનુસરતા નથી, યાદચ્છિક (arbitrary) છે, તેનો ઉપયોગ માત્ર ક્રમિક પ્રગતિની સ્પષ્ટ સમજ આપવા માટે જ છે.

ચિત્ર ૭.૩ સારણી ૭.૪ નું સૂક્ષ્મતર માપક્રમ પર કરેલું રૈખિક નિરૂપણ છે. તેમાં x-અક્ષ પર કર્મબંધના કારકો છે અને y-અક્ષ પર આધ્યાત્મિક શુદ્ધીકરણનાં સ્તર છે.

## સારણી ૭.૪ : વિવિધ ગુણસ્થાનકો પર કર્મબંધના કારકોનું કાર્મિક ઘનત્વ


| | | | | કષાયો | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુણ સ્થાનક | મિ.દ. | અ. | પ્ર. | ક્રો. | માન | માયા | નો | લો. | યો. | કુલ કા.ઘનત્વ | નોંધ |
| ૧ | ૭ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૧ | ૩૬ | |
| ૨ | ૫ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૧ | ૩૪ | |
| ૩ | ૩ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૧ | ૩૨ | |
| ૪ | ૦ | ૪ | ૪ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૧ | ૨૪ | સાચી દૃષ્ટિની પ્રાપ્તિ |
| ૫ | | ૨ | ૪ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૧ | ૧૭ | |
| ૬ | | ૦ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ | પૂર્ણ સંયમની પ્રાપ્તિ |
| ૭ | | | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ | સમિતિની પ્રાપ્તિ ક્રોધ = ૦ |
| ૮ | | | | | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | માન શૂન્ય |
| ૯ | | | | | | ૦ | ૧ | ૧ | ૧ | ૩ | માન શૂન્ય ખરી પડ્યા |
| ૧૦ | | | | | | | ૦ | ૦.૫ | ૧ | ૧.૫ | નોકષાયો ખરી પડ્યા |
| ૧૧ | | | | | | | | ૦.૧ | ૧ | ૧.૧ | ક્ષીણ લોભ |
| ૧૨ | | | | | | | | ૦ | ૧ | ૧.૦ | કષાયો ખરી પડ્યા |
| ૧૩ | | | | | | | | | ૦.૧ | ૦.૧ | સંપૂર્ણ જ્ઞાન |
| ૧૪ | | | | | | | | | ૦.૦૧ | ૦.૦૧ | યોગ સમાપ્ત |

**સંક્ષેપન સંકેત :** મિ.દ. = મિથ્યાદર્શન; અ. = અવિરતિ; પ્ર. = પ્રમાદ; ક્રો. = ક્રોધ; નો. = નો કષાયો; લો. = લોભ; યો. = યોગ;


કાર્મિક ઘનત્વને નકારાત્મક સ્વરૂપમાં જોવાનું છે, અર્થાત્ શુદ્ધતા વધે તેમ કાર્મિક ઘનત્વ ઘટશે એટલે કે ચાર કષાયોની અસર ઘટે.

કાર્મિક ઘનત્વનું નિરૂપણ y- અક્ષને સમાંતર z-અક્ષ પર કર્યું છે. છઠ્ઠા ગુણસ્થાનક સુધીમાં પૂર્ણ સંયમ પ્રાપ્ત થાય છે તથા ક્રોધ, માન, માયા અને લોભની કુલ કક્ષાઓ ઘટીને આઠ થઈ જાય છે. B થી B' અને C થી C' અનુસરતાં આપણને જણાય છે કે પ્રમાદ અને ક્રોધનો આંક શૂન્ય થઈ જાય છે, જો કે અન્ય મુખ્ય કષાયો થોડી માત્રામાં હજુ શેષ રહે છે

ચિત્ર ૭.૩ પરથી એ નોંધ કરવી જોઈએ કે દરેક કારકની સીમારેખા કે સીમાસ્તંભ અલગ છે કારણ કે મિથ્યાદર્શન અને કષાયો વચ્ચે કે ચાર કષાયો અને નો-કષાયો વચ્ચે સાતત્ય હોતું નથી. કર્મબંધના કારકોની પ્રત્યેક ક્રિયા, પ્રવૃત્તિનું વિલયન ત્યારે શરૂ થાય છે જ્યારે સીમારેખા નમવા માંડે એટલે કે ત્રિકોણીય આકારોનો આર્વિભાવ થાય. આમ O બિંદુ મિથ્યાદર્શન દૂર થવાની શરૂઆત દર્શાવે છે પરંતુ A એ ચિત્ર ૭.૪ માં સાચી દષ્ટિનું બિંદુ બને છે. બિંદુ B પર અસંયમ દૂર થવાની શરૂઆત થાય છે અને વ્યક્તિ B સુધી પહોંચે ત્યારે પૂર્ણ સંયમ કે આત્મસંયમ પ્રાપ્ત કરે છે. એ જ રીતે C' એ અપ્રમાદનું બિંદુ છે. અપ્રમાદ સાતમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે. D એ અક્રોધ (no anger) નું એટલે




ચિત્ર ૭.૩ : કાર્મિક ઘનત્વમાં ઘટાડો અને શુદ્ધતા-સ્તરમાં વધારો; મિ.દ.= મિથ્યાદર્શન; અ.=અવિરતિ; પ્ર.=પ્રમાદ; ક્રો.=ક્રોધ; મા.=માન; મા.=માયા; લો.=લોભ; નો.=નોકષાય; યો.=યોગ. લાઈન પરનો અંતરિત ખંડ = અચળ, છાયિત આકૃતિઓ જે-તે કારકોનું કાર્મિક ઘનત્વ દર્શાવે છે.




ચિત્ર ૭.૪ : શુદ્ધીકરણ-અક્ષ પર સંક્રમણ; ગુણસ્થાનક ૪ કે તેથી આગળના ગુણસ્થાનકથી પતન થાય ત્યારે જ ગુણસ્થાનક ૨ શક્ય છે.

કે પ્રશાંતિ (tranquality) નું બિંદુ છે. E એ અહંકાર રહિત (no pride) એટલે કે વિનય, નમ્રતા અગર્વ (humility)નું બિંદુ છે. F એ અ-માયા (no deceit) એટલે કે આર્જવ, સરળતા (straightforwardness/simplicity) નું બિંદુ છે. G પર નો-કષાય નથી રહેતા. H પર લોભ નથી રહેતો એટલે કે સંતોષ, અસ્પૃહા (contentment) હોય છે. K' એ મોક્ષ પહેલાનું સ્થાન છે. એ ધ્યાન રાખવું કે K' સ્થાન એટલે કે તેરમા ગુણસ્થાનકે યોગ અટકવાની શરૂઆત થાય છે.

ચિત્ર ૭.૩ પરથી આપણે કાર્મિક ઘનત્વના લઘુતમ મૂલ્ય સુધી અંદાજ લગાવી શકીએ. પ્રથમ ગુણસ્થાનક માટે y = ૧ છે અને સારણી ૭.૪ માંથી મિથ્યાદષ્ટિ (મિ.દ.), અપ્રમાદ (અ.) ... લોભ (લો.) અને યોગ (યો.) માટે કાર્મિક ઘનત્વ અનુક્રમે ૭, ૪, ... ૪ અને ૧ એકમ છે. ૫ મા ગુણસ્થાનકે કાર્મિક ઘનત્વ શોધવા, આપણે ધ્યાનમાં રાખવું કે y રેખા = ૫ મિ.દ. માટેના ત્રિકોણને છેદતી નથી તેથી મિ.દ. માટેનું કાર્મિક ઘનત્વ શૂન્ય છે જ્યારે BB' પર સમલંબકનો છેદક, તળિયા (base) ની લંબાઈ ૪ નું $\frac{૧}{૨}$ છે. આથી અપ્રમાદનું કાર્મિક ઘનત્વ ૨ છે. આ બાબતો સારણી ૭.૪ પ્રમાણે છે, લોભ માટેનો છેદક સારણી ૭.૪ માં જરૂરી છે તેમ, તળિયાથી અડધો નથી; પરંતુ કાર્મિક ઘનત્વ ૨ થી થોડું વધારે છે. આમ, અહીં ધ્યાનમાં રાખવું કે પ્રકરણ ૩ ના જીવન-એકમો ૧૦, $૧૦^{૨}$, $૧૦^{૩}$, $૧૦^{૫}$, $૧૦^{૧૦}$, $૧૦^{૧૦૦}$ કાર્મિક ઘનત્વના એકમો અનુક્રમે ૩૬, ૨૪, ૮, ૫, ૩ અને ૦.૦૧ ને લગભગ મળતા આવે છે.

## ૭.૭ ગુણસ્થાનકોમાં સંક્રમણ

આપણે અગાઉ દર્શાવ્યું કે એક ગુણસ્થાનકમાંથી અન્યમાં સ્થાનાંતર કેવી રીતે થાય છે. ચિત્ર ૭.૩ વિવિધ સંક્રમણો(transitions) દર્શાવે છે. ગુણસ્થાનક ૧ માંથી આપણે ગુણસ્થાનક ૩ માં જઈએ છીએ, તે પછી ગુણસ્થાનક ૪ માં અને ત્યાર બાદ ચિત્ર ૭.૪ માં દર્શાવ્યા મુજબ ક્યાં તો ગુણસ્થાનક ૫ તરફ પ્રગતિ સાધીએ છીએ અથવા ગુણસ્થાનક ૨ માં પાછા પડીએ છીએ. ફરી ગુણસ્થાનક ૫ માંથી આપણે ક્યાં તો ગુણસ્થાનક ૬ તરફ ચઢીએ છીએ અથવા ગુણસ્થાનક ૪ અથવા ૨ તરફ પતન પામીએ છીએ. ગુણસ્થાનક ૬ માંથી ક્યાં તો ગુણસ્થાનક ૭ તરફ પ્રગતિ થાય છે

અથવા ફરીથી ગુણસ્થાનક ૫ કે ૪ ગુણસ્થાનકમાં પતન પામીએ છીએ. ગુણસ્થાનક ૭ માંથી આપણે ક્યાં તો ગુણસ્થાનક ૮ તરફ ઉન્નતિ સાધીએ છીએ અથવા ગુણસ્થાનક ૬ ની જેમ નીચે તરફ જઈએ છીએ. ગુણસ્થાનક ૮ માંથી ગુણસ્થાનક ૯ તરફ પ્રગતિ થાય અથવા ફરીથી પતન થાય. ગુણસ્થાનક ૯ માંથી ગુણસ્થાનક ૧૦ માં સંક્રમણ શક્ય છે. ગુણસ્થાનક ૧૦ માંથી સીધા ગુણસ્થાનક ૧૨ માં કૂદી શકાય. ગુણસ્થાનક ૧૧ ઘણું લપસણું છે અને ત્યાંથી ગમે ત્યાં પતન થઈ શકે. જો કે સામાન્યતઃ ગુણસ્થાનક ૬ કે ૭ માં પતન થાય છે. એક વાર ગુણસ્થાનક ૧૨ માં પહોંચ્યા પછી કોઈ પતન થતું નથી, માત્ર ગુણસ્થાનક ૧૩ અને ૧૪ તરફ પ્રગતિ જ થાય છે. પરિશિષ્ટ ૪ માં મોટા ભાગના નોંધપાત્ર સંક્રમણો દર્શાવવા માટે સાપસીડી(snakes & ladders)ની સુધારેલી રમત છે.

## નોંધ

૧. પી.એસ.જૈની, પૃ.૧૪૦-૧. ''વીર્ય અને કર્મના સતત ચાલુ રહેતા ઉતારચઢાવને કારણે કેટલીક અનુભૂતિઓ (વિશેષ કરીને જિન અથવા તેમની પ્રતિમાના અચાનક દર્શનથી, જૈન ઉપદેશોના શ્રવણથી અથવા પૂર્વભવના સ્મરણથી) ભવિતવ્યને તેની સુષુપ્ત સ્થિતિમાંથી પ્રગટ કરે અને આમ મોક્ષ તરફ દોરતી પ્રક્રિયાનો આરંભ થાય છે.''

૨. પી.એસ.જૈની, પૃ.૧૪૭. ''અગાઉ તેણે પોતાની જાતનું, જીવનના બાહ્ય ચિહ્નો - કાયા, અવસ્થાઓ, માલમતા સાથે તાદાત્મ્ય સાધ્યું હતું. આમ તે ''બહિરાત્મા'' તરીકે ઓળખાતી સ્થિતિમાં હતો, ચેતનાના આધિપત્ય હેઠળની જાતને અનાવશ્યક બાબતોમાં જોતો હતો, જે માત્ર કર્મના ફળ(કર્મ-ફળ-ચેતના)થી જ વાકેફ હોય છે... આ સમાયોજન (orientation) એવા ખોટા ખ્યાલ આધારિત હોય છે કે એક કર્તા બનીને અન્યોને બદલી શકે...''

૩. પી.એસ.જૈની, પૃ.૧૫૦. ''બધા જીવોની મૂળભૂત મહત્તા વિશેની સભાનતા અને અન્યો સાથેનો તેનો સંબંધ અન્યો પ્રત્યે ઉત્કૃષ્ટ

અનુકંપાની લાગણી પેદા કરે છે. જ્યારે સામાન્ય માનવી દ્વારા અનુભવાતી સહાનુભૂતિમાં દયાની ઝાંય, છાંટ અથવા તેના પદાર્થ સાથેનો મોહ હોય છે; અનુકંપા આવા નકારાત્મક પાસાંઓથી મુક્ત હોય છે. તે માત્ર ડહાપણથી, દ્રવ્યના અવલોકનથી કેળવાય છે, જે દૃષ્ટિગોચર થતી પ્રત્યક્ષ પદ્ધતિના મૂળમાં હોય અને તે વ્યક્તિને અન્ય આત્માઓને મોક્ષ તરફ જવામાં સહાયભૂત થવાની નિઃસ્વાર્થ ઇચ્છા થાય છે.''

૪. પી. એસ. જૈની, પૃ.૧૫૯. ''મૂર્ત સ્વરૂપની છેલ્લી થોડી ક્ષણોમાં, યોગ પણ અટકી જાય છે; ચરમ સ્થિરતાની આ સ્થિતિને ચૌદમા ગુણસ્થાનકને અયોગ કેવલી સ્થિતિ કહે છે. નિર્વાણ પ્રાપ્ત થતાં જ આત્મા કાયમ માટે સાંસારિક પ્રભાવમાંથી સંપૂર્ણ મુક્તિ પામે છે....''

•

## ૮. શુદ્ધીકરણ માટેના ઉપાયો

### ૮.૧ પ્રાસ્તાવિક

છેલ્લા પ્રકરણમાં આપણે તપને પાંચ કાર્મિક કારકો – મિથ્યાદૃષ્ટિ, અવિરતિ, પ્રમાદ, કષાયો અને યોગ – ના ઉપચાર તરીકે વર્ણવ્યા. હકીકતમાં, "તપ" (ઉમાસ્વાતિ અનુસાર, જુઓ પરિશિષ્ટ ૩ અ, અવતરણ ૮.૧) એટલે

"સંયમ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહ-જય અને સમ્યક્ ચારિત્રનું સંવર્ધન, અભિવૃદ્ધિ".

આમ, ૫ કાર્મિક કારકોથી થતા કાર્મિક આસ્રવને અટકાવવા અને કાર્મિક દ્રવ્યના વિયોજન માટે ૬ અનિષ્ટનિવારકો છે. જો કે આ બધા, છયે અનિષ્ટનિવારકોને, વિધાન ૪ ક મુજબ, તપ ગણી શકાય.

આપણે હવે આ ૬ અનિષ્ટનિવારકોને ચૌદ ગુણસ્થાનકોના સંદર્ભે વિગતવાર જોઈએ. ઉપર્યુક્ત અનિષ્ટનિવારકો છઠ્ઠા ગુણસ્થાનક સુધી જતાં મૂળભૂત પાયો રચાય છે. અહીં એ બાબત મહત્ત્વની છે કે કાયાના શુદ્ધીકરણના મુખ્ય ઉપાયો છે – ઉપવાસ, મૌન દ્વારા વચનનિયંત્રણ અને ધ્યાન દ્વારા મનને શાંત કરવું.

### ૮.૨ સમ્યક દર્શનના આઠ ગુણો

'સમ્યક દર્શન'નું ચોથું ગુણસ્થાનક એક વાર પ્રાપ્ત થાય ત્યારે શુદ્ધીકરણ-અક્ષ પરના ચડિયાતા સ્થાનક પર પહોંચતા પહોંચતા, પહેલા સમ્યક દર્શનના આઠ ગુણો ઉદ્ભવે છે. આ ગુણોમાંના ચાર નકારાત્મક પ્રકારના છે. એ છે : (૧) નિઃશંક્તિ ગુણ – જૈન ઉપદેશોના સંદર્ભમાં, (૨) નિકાંક્ષિત ગુણ – ભવિષ્યના અનુમાનના સંદર્ભમાં, (૩) નિર્વિચિકિત્સા – બે વિરોધી બાબતોમાંથી ઉદ્ભવથી ઘૃણામાંથી મુક્તિ

અને (૪) અમૂઢદૃષ્ટિ – દેવો, ગુરુઓ અને ધાર્મિક ક્રિયાઓ સંબંધે. અન્ય ચાર ગુણો હકારાત્મક પ્રકારના છે. તે છે : (૫) ઉપગૂહન – જૈન ધર્મની પ્રજા દ્વારા આલોચના સામે સંરક્ષણ (૬) સ્થિતિકરણ – જ્યારે અન્ય લોકો સંશયી બને ત્યારે તેમને ધર્મ બાબતે વધુ ચોક્કસ બનાવવા. (૭) પ્રભાવના – જૈન ધર્મના પ્રચાર-પ્રસાર માટે હકારાત્મક પ્રવૃત્તિઓ કરવી. (૮) વાત્સલ્ય – મોક્ષના આદર્શ માટે નિઃસ્વાર્થ નિષ્ઠા અને એ રીતે આ ધ્યેય હાંસલ કરવા મથતા સાધુ-સાધ્વીઓ માટે અનહદ નિષ્ઠા.

## ૮.૩ શ્રાવક માટે પાંચમું ગુણસ્થાનક

ગુણસ્થાનક ૫ માં શ્રાવક માટે સ્વૈચ્છિક પરિત્યાગનાં અગિયાર આદર્શ સોપાનો સમાવિષ્ટ છે. એમાં સૌથી મહત્ત્વનું સોપાન છે – શ્રાવક માટે નિર્દેશેલા અણુવ્રતો (Lower vows) લેવાનું. અલબત્ત આ પાંચેય અણુવ્રતો બહુ મહત્ત્વનાં છે. એ છે : (ક) અહિંસા – એક કે વધુ ઇન્દ્રિયો

- ૧૧ – પરિવાર-ત્યાગ
- ૧૦ – ગૃહકાર્યોમાં દેખરેખનો ત્યાગ
- ૯ – પોતાની સંપત્તિનો ત્યાગ
- ૮ – ગૃહકાર્યોથી વિરતિ
- ૭ – બ્રહ્મચર્ય (મૈથુન-વિરતિ)
- ૬ – દિવસ દરમિયાન ઇન્દ્રિયસંગ્રહ (આત્મસંયમ)
- ૫ – ભોજનમાં શુદ્ધિ
- ૪ – પવિત્ર દિવસોમાં ઉપવાસ
- ૩ – સમત્વનો અભ્યાસ
- ૨ – અણુવ્રતોનું પાલન
- ૧ – સાચો દૃષ્ટિકોણ

ગુણસ્થાનક ૪થી

ચિત્ર ૮.૧ : શુદ્ધીકરણના પાંચમા ગુણસ્થાનકે પહોંચેલા શ્રાવક માટે સ્વૈચ્છિક પરિત્યાગનાં અગિયાર આદર્શ સોપાનો.

ધરાવતા જીવોને હાનિ, ઈજા ન પહોંચાડવી, (ખ) સત્ય – સાચું બોલવું, (ગ) અચૌર્ય(અદત્તાદાન) – ચોરી ન કરવી, (ઘ) બ્રહ્મચર્ય – લગ્નેતર મૈથુન સંબંધ ન રાખવા. (ઙ) અપરિગ્રહ – પોતાની સામગ્રીમાં નિયંત્રણ રાખવું. કેટલાક વધારાના વ્રતો આ અણુવ્રતોને દૃઢ કરે છે અને તેના પૂરક બને છે. વધારે વિગત માટે જુઓ પી.એસ.જૈની (૧૯૭૯, પૃ.૧૮૭) અને વિલિયમ્સ (૧૯૬૩).

## ૮.૪ ગુણસ્થાનક છ અને સાધુઓ

ગુણસ્થાનક ૬ માટે મહાવ્રતો (Higher vows) પાળવા પડે છે, જેમાં કઠોર તપસ્યાઓ કરવી પડે છે. ઉપર્યુક્ત બધાં (ક) થી (ઙ) અણુવ્રતોની વિસ્તૃતિ અને વૃદ્ધિ છે, ખાસ તો તેમાં વ્યક્તિની સાધનસામગ્રી અને માલમતાનો અને ગૃહસ્થ જીવનના સંપૂર્ણ ત્યાગનો સમાવેશ થાય છે.

તેનું એકંદર ધ્યેય છે – કાર્મિક દ્રવ્યમાં વધારો કરે એવી પ્રવૃત્તિઓનું પુનરાવર્તન અને વ્યાપ ઘટાડવો, કારણ એનાથી નવા કષાયો ઉદ્‌ભવે છે. હવે આપણે સાધુસાધ્વીઓએ કરવાયોગ્ય આચારનું વિગતવાર નિરૂપણ જોઈએ. આ બધાનો હેતુ અભિલાષીને ઉચ્ચ ધ્યાનાવસ્થા માટે તૈયાર કરવાનો છે, જેને પરિણામે કાર્મિક દ્રવ્ય છેવટે આત્મા પરથી દૂર થાય અને મોક્ષ પ્રાપ્ત થાય.

**૧. ગુપ્તિ (Restraint) :** ગુપ્તિ ત્રણ છે : કાયગુપ્તિ, વચનગુપ્તિ અને મનગુપ્તિ. આ ત્રણેય ગુપ્તિથી કાયા, મન અને વચનના યોગ ઉત્તરોત્તર નિયંત્રિત થાય છે, અર્થાત્ એકાગ્રતા કેળવવી અને જે જરૂરી નથી તે ટાળવું.

**૨. સમિતિ (Carefulness) :** વ્યક્તિની પ્રવૃત્તિઓમાં હકારાત્મક સાવચેતી દાખવતી સમિતિ પાંચ પ્રકારની છે : (૧) ચાલતી વખતે નાના જીવોને ઈજા ન થાય કે તે મરી ન જાય તે માટે જાગ્રતિ રાખવી : **ઈર્યા સમિતિ** (૨) સાચું બોલવું અને શક્ય તેટલું ઓછું બોલવું : **ભાષાસમિતિ** (૩) ગોચરી એવી રીતે વહોરવી કે જેનાથી સ્વ-રુચિ ન વધે : **એષણાસમિતિ** (૪) વસ્તુઓ લેતાં-મૂકતાં કાળજી રાખવી જેથી કોઈ જીવને ખલેલ ન પહોંચે કે તે કચરાઈ ન જાય : **આદાન નિક્ષેપન સમિતિ**

(૫) થૂંક, મળમૂત્ર જેવી ઉત્સર્જન ક્રિયાઓ કરતી વખતે જીવોને ખલેલ ન પહોંચે તેની કાળજી રાખવી : **પારિષ્ઠા વ્યુત્સર્ગ પાનિકા સમિતિ.**

**૩. ધર્મ (Reighteousness) :** આ પ્રવૃત્તિઓ દૃઢ કરવા માટે વ્યક્તિ ધર્મના દસ નિયમો પાળે છે. તે દસ ધર્મ છે.

### દસ ધર્મ

ઉત્તમ ક્ષમા : ક્રોધ ન કરવો, સહિષ્ણુતા, પૂર્ણ ધૈર્ય

ઉત્તમ માર્દવ : વિનમ્રતા, અભિમાન ન કરવું.

ઉત્તમ આર્જવ : સરળતા, છળ-કપટ/માયા નહિ.

ઉત્તમ સત્ય : સત્યના ગુણની પરિપૂર્ણતા.

ઉત્તમ શૌર્ય : પવિત્રતા, લોભનો અભાવ.

ઉત્તમ સંયમ : ઇંદ્રિય અને પ્રાણીઓ પ્રત્યે નિગ્રહ-ભાવ

ઉત્તમ તપ : બાહ્ય અને અંતરંગ તપનો અભ્યાસ

ઉત્તમ ત્યાગ : ચેતન અને અચેતન પરિગ્રહોનો ત્યાગ

ઉત્તમ અકિંચન્ય : સ્વકીય અને મમત્વ-બુદ્ધિનો ત્યાગ, અપરિગ્રહ

ઉત્તમ બ્રહ્મચર્ય : સ્ત્રી સંબંધી ગુણ-સ્મરણ, કથા-શ્રવણ, સંસર્ગ આદિનો ત્યાગ.

**૪. અનુપ્રેક્ષા (Reflections) :** વારંવાર જેનું માનસિક ચિંતન થાય છે તેને અનુપ્રેક્ષા કહે છે. અનુપ્રેક્ષા બાર પ્રકારની છે.

પ્રણાલીગત અભિગમથી તે નકારાત્મક જણાય પરંતુ ચિત્રભાનુ (૧૯૮૧)એ તેમને વધુ હકારાત્મક રીતે દર્શાવી છે. અહીં આપણે બંને અભિગમને સાંકળી લઈશું. બાર અનુપ્રેક્ષાઓ નીચે પ્રમાણે છે :

(૧) વ્યક્તિની આજુબાજુનું બધું નાશવંત છે, પણ તેમાંયે બદલાતા રહેતા શરીરમાં એક આત્મા જ અપરિવર્તનશીલ, કાયમ છે : **અનિત્યત્વ**

(૨) મૃત્યુ સામે આપણે અસહાય, અશરણ છીએ, પરંતુ એક આંતરિક

અદૃશ્ય શક્તિ સતત ચેતનવંત હોય છે : **અશરણત્વ**

(૩) ભવોભવના ફેરામાંથી, **પુનર્જન્મનું ચક્ર**

(૪) આ ભવચક્ર પસાર કરતો મનુષ્ય સાવ એકલો હોય છે. આથી તેણે આત્મનિર્ભરતા કેળવવી જોઈએ : **એકત્વ**

(૫) આત્મા અને શરીર અલગ છે. આપણું શરીર માત્ર ભૌતિક નથી તેથી વિશેષ છે. આપણે આત્માના અસ્તિત્વ દ્વારા જીવનો સાચો અર્થ શોધવો જોઈએ : **અન્યત્વ**

(૬) શરીર અનેક અપવિત્ર પદાર્થોનું બનેલું છે. ભૌતિક રીતે ખૂબ આકર્ષક શરીર પણ અપવિત્ર પદાર્થોનું બનેલું છે : **અશુચિત્વ**

(૭) કર્મોનો આસ્રવ કેવી રીતે થાય છે તેનું દૂર રહીને અવલોકન કરવું જોઈએ : **આસ્રવ**

(૮) કર્મોનો આસ્રવ કેવી રીતે રોકી શકાય ? જ્યારે ચાર કષાયો વાવાઝોડાની જેમ આવવાના હોય ત્યારે તેનો પ્રવેશ કેવી રીતે રોકી શકાય ? **સંવર (કર્મકવચ)**

(૯) આત્માને આવરી લેતા કર્મોને કેવી રીતે દૂર કરી શકાય, જેથી આત્માને શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય અને તે મોક્ષ પ્રાપ્ત કરી શકે ? **નિર્જરા (સંપૂર્ણ કર્મક્ષય)**

(૧૦) આ લોક અનાદિ છે. તેનું કોઈ દ્વારા નિર્માણ થયું નથી. પ્રત્યેક વ્યક્તિ પોતાની મુક્તિ માટે જવાબદાર છે, કારણ તેની મદદ માટે કોઈ ઈશ્વર નથી : **લોક**

(૧૧) સમ્યક્ જ્ઞાન ભાગ્યે જ પ્રાપ્ત થાય છે. કેવળ મનુષ્યને જ એ વિશેષાધિકાર અને મોક્ષ પ્રાપ્ત કરવાની તક છે : **બોધિદુર્લભ**

(૧૨) તીર્થંકરોના ઉપદેશનું સત્ય, મનુષ્યને પોતાના સાચા સ્વરૂપને સમજીને અનંત શાંતિ પ્રાપ્ત કરવાના લક્ષ્ય તરફ દોરી જાય છે : **જૈન પથની સત્યતા**

**૫. પરિષહ-જય (Afflictions' Mastery) :** 'પરિષહ' નો અર્થ છે – જાતે ઉત્પન્ન થયેલાં સંકટો (વિપત્તિઓ). ભૂખ, તરસ, ગરમી, ઠંડી, લાભ, અલાભ, માન, અપમાન, ડંખ વગેરે બાવીસ પરિષહો છે.

સારણી ૮.૧ માં વિવિધ ગુણસ્થાનકોમાં કરવાનાં વ્રત અને અભ્યાસો દર્શાવવામાં આવ્યાં છે.

અહીં એ ધ્યાનમાં રાખવું કે ત્રણ ગુપ્તિઓ, પાંચ સમિતિઓ, દશ ધર્મ, બાર અનુપ્રેક્ષા વગેરે સામાન્ય માણસને સ્પષ્ટ સમજ આપવા માટે જ છે. સામાન્યતઃ આદતવશ તે આચારમાં મૂકાય છે અને જ્યારે આચારમાં મૂકાય ત્યારે પણ ક્ષતિરહિત કે પરિપૂર્ણ નથી હોતા. સામાન્ય મનુષ્ય, શ્રાવક ખાસ દિવસોએ ઉપવાસ કરવા જેવા કેટલાક તપ કરે છે. જો કે સાધુસાધ્વીએ તો બધા સમયે આ માર્ગદર્શનોને શક્ય તેટલી ક્ષતિરહિત રીતે આચારમાં મૂકવા જોઈએ. ઉદાહરણ તરીકે, સાધુનો આહાર સામાન્ય મનુષ્ય કરતાં ઘણો વધારે મર્યાદિત હોય છે.

**સારણી ૮.૧ ગુણસ્થાનકો અને તેને અનુરૂપ અભ્યાસ**

| ગુણસ્થાનક | અભ્યાસ |
|---|---|
| ૧-૪ | પ્રશ્ન : ''હું કોણ છું ?''<br>ઉત્તર : વિધાન ૧ થી ૩, ૪ અ, ૪ બ, ૪ ક માં શ્રદ્ધા, વિશ્વાસ (સમ્યક્ દર્શનના ગુણો(૮)નો અભ્યાસ) |
| ૫ | શ્રાવકના અગિયાર સ્વૈચ્છિક ત્યાગના પેટા તબક્કા (sub-stages) (જુઓ ચિત્ર ૮.૧) |
| ૬ | ગુપ્તિ (૩), સમિતિ (૫), ધર્મ (૧૦) અનુપ્રેક્ષા (૧૨), પરિષહ-જય (૨૨) |
| ૭ | ધર્મધ્યાન |
| ૮-૧૦ | શુક્લ ધ્યાનના પ્રથમ બે પ્રકારનો અભ્યાસ |
| ૧૨-૧૪ | શુક્લ ધ્યાનના છેલ્લા બે પ્રકારનો અભ્યાસ |

## ૮.૫ ઉચ્ચતર ગુણસ્થાનક અને ધ્યાન

ઉચ્ચતર ગુણસ્થાનકોમાં જવા માટે વ્યક્તિએ ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન્ સહિતના ઉચ્ચ ધ્યાનનો ઉપયોગ કરવો પડે છે. આ બાબત મુદ્દા ૮.૪ માં વર્ણવેલા દસ ધર્મ હેઠળના વિશેષ તપનો ભાગ છે. ધર્મધ્યાન(virtuous meditaton)માં નીચેની બાબતો પર ૪૮ મિનિટ સુધીનું ઊંડું ચિંતન સમાવિષ્ટ છે :

૧. નવ તત્ત્વો પર જૈન ઉપદેશો (આજ્ઞા)

૨. અન્યોને મદદરૂપ થવાનાં સાધન (અપાય)

૩. કાર્મિક નિર્જરા / વિસર્જન (વિપાક)

૪. લોકની સંરચના (લોક)

એવું માનવામાં આવે છે કે વ્યક્તિ લગભગ ૪૮ મિનિટ સુધી ઊંડું ધ્યાન (deep concentration) કરી શકે છે. આવા સમયગાળામાં પ્રમાદ દબાઈ જાય છે અને સાધક થોડા સમય માટે, અસ્થાયી રીતે સાતમા ગુણસ્થાનકે પહોંચી જાય છે. સાધક ધ્યાન શરૂ કરી અને પૂરું થાય તે ગાળામાં તે વારાફરતી છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકો વચ્ચે હોય છે.

પ્રમાદરહિત આ ધ્યાનને મોક્ષ માટેની તૈયારીરૂપ માનવામાં આવે છે, પણ તેનાથી સૂક્ષ્મ કષાયોનો ઉચ્છેદ થતો નથી. આઠમું ગુણસ્થાનક પ્રાપ્ત થયા પછી જ ''અભૂતપૂર્વ આધ્યાત્મિક પ્રગતિ''થી મોક્ષ સુધી પહોંચવાના ઉચ્ચ સોપાને પહોંચવાની ખાતરી થઈ શકે. આ માત્ર શુક્લ ધ્યાન દ્વારા જ ઉદ્ભવી શકે છે. શુક્લ ધ્યાનના ચાર પ્રકાર છે :

૧. છ દ્રવ્યો(existents)નાં બહુ-સ્વરૂપી પાસાઓ અને તેમની પ્રકૃતિ વિશે શુક્લ ધ્યાન.

૨. એક દ્રવ્યના એક-સ્વરૂપી પાસા વિશે શુક્લ ધ્યાન

૩. સૂક્ષ્મ ક્રિયાઓની અનુભવાતીત અવસ્થા

૪. પરમ સ્થિરતાની અનુભવાતીત અવસ્થા

પ્રથમ બે પ્રકારના શુક્લ ધ્યાન આઠમા, નવમા અને દસમા ગુણસ્થાનકોમાં થાય છે, જે દરમિયાન નો-કષાયો અને ખૂબ સૂક્ષ્મ કષાયો

ઉત્તરોત્તર દબાય છે કે દૂર થાય છે (જુઓ મુદ્દો ૭.૪). પરિણામે આત્મા સોપાન ચઢવા માટે પૂરતું વીર્ય પ્રાપ્ત કરે છે અને તેથી દરેક ગુણસ્થાનકે કષાય દબાવાને બદલે દૂર થાય છે. આમ, આત્મા અગિયારમું ગુણસ્થાનક ટપી જઈને બારમા ગુણસ્થાનકે પહોંચી જશે. હવે આત્માનું શુદ્ધીકરણ તેની ઉચ્ચતમ કક્ષાએ હોય છે, જેથી તે તત્કાળ 'સયોગ કેવળી'ના તેરમા ગુણસ્થાનકે જાય છે.


મૃત્યુની થોડી ક્ષણો પહેલાં, શુક્લ ધ્યાનના છેલ્લા બે પ્રકારો ક્રમસર ઉપયોગમાં લેવામાં આવે છે અને તેનાથી ચૌદમા ગુણસ્થાનકે પહોંચવાની, ઊલટાવી ન શકાય એવી પ્રક્રિયા થાય છે. મુદ્દા ૭.૫ માં દર્શાવ્યા પ્રમાણે આ અવસ્થા ભૌતિક મૃત્યુ પહેલા વધુમાં વધુ ૪૮ મિનિટ ટકે છે. શુક્લ ધ્યાનના ત્રીજા પ્રકાર પછી શ્વાસોચ્છવાસ, હૃદયના ધબકાર વગેરે જેવી નિયમબદ્ધ ક્રિયાઓ સિવાય મન, વચન અને કાયાની ક્રિયાઓ સંપૂર્ણપણે બંધ થઈ જાય છે. ચોથા શુક્લ ધ્યાન પછી તો આ બધી નિયમબદ્ધ ક્રિયાઓ પણ અટકી જાય છે અને આત્મા મોક્ષ પ્રાપ્ત કરે છે.

અહીં આપણે હકારાત્મક ધ્યાનનું નિરૂપણ કર્યું. નકારાત્મક ધ્યાન કે નકારાત્મક માનસિક અવસ્થાઓ પણ હોય છે. તેમાંની એક છે આર્તધ્યાન (Mournful meditation). તે સગાવહાલાના મૃત્યુ કે કિંમતી વસ્તુઓ ખોવાવા જેવા પ્રસંગોએ કશીક અણગમતી ઘટનાનું ઊંડું ચિંતન તે આર્તધ્યાન છે. આ માનસિક અવસ્થા પરેશાનીની અવસ્થા છે. અન્ય એક નકારાત્મક ધ્યાન છે – રૌદ્રધ્યાન. હિંસા, મિથ્યાવાદ, ચોરી, વ્યભિચાર અને પોતાની ચીજોની ખૂબ જાળવણી જેવી બાબતો પર ધ્યાન કેન્દ્રિત થયું હોય તે રૌદ્રધ્યાન છે. આવી સ્થિતિઓ છઠ્ઠા ગુણસ્થાનક સુધી ટકી શકે છે. જૈનયોગ પર વધુ માહિતી માટે તાતિયા (૧૯૮૬) જોવા ભલામણ છે.

## ૮.૬ ત્રણ રત્નો અથવા રત્નત્રય (Gem-trio)

આપણાં વિધાનોને ટૂંકમાં ઉમાસ્વાતિના,નીચેના એક વાક્યમાં દર્શાવાય :

''સમ્યગ દર્શન, સમ્યગ જ્ઞાન અને સમ્યગ ચારિત્ર મોક્ષનો પથ રચે છે.''




ચિત્ર ૮.૨ : જૈનધર્મનાં ત્રણ "રત્નો" અને મોક્ષ (ચિત્ર ૩.૩નો સ્વસ્તિક આ ત્રણ રત્નોની નીચે દોરવામાં આવે છે.)

(પરિશિષ્ટ-૩ બ, અવતરણ ૮.૨), સમ્યગ દર્શન, સમ્યગ જ્ઞાન અને સમ્યગ ચારિત્રને જૈનપથનાં ત્રણ રત્નો કહે છે. આ ત્રણેય ક્રમસર જ પ્રાપ્ત થાય છે. સમ્યગ દર્શન ચોથા ગુણસ્થાનકે પ્રથમ પ્રાપ્ત થાય છે. એ પછી સમ્યગ ચારિત્ર આઠમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે અને સમ્યગ જ્ઞાન તેરમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે. ચિત્ર ૮.૨ આ વિચારોને સારાંશરૂપે, પંરપરાગત પ્રતીકાત્મક રીતે દર્શાવે છે. તે સામાન્યતઃ પૂજામાં વપરાય છે. સમાન્યતઃ તેની નીચે સ્વસ્તિક દોરવામાં આવે છે, જેની ચાર દિશાઓ મનની અવસ્થાઓ/જીવની ચાર ગતિઓ દર્શાવે છે. અલબત્ત, મુદ્દા ૭.૨ માં દર્શાવ્યા પ્રમાણે સમ્યગ દર્શનમાં આત્માનું અસ્તિત્વ, કાર્મિક દ્રવ્ય અને અન્ય સાત તત્ત્વો, સમ્યગ જ્ઞાનમાં તેમની સમજ અને સમ્યગ ચારિત્રમાં તપ સમાવિષ્ટ છે (પરિશિષ્ટ ૩ બ, અવતરણ ૮.૩).

સમ્યગ જ્ઞાન અનેકાંતવાદને મહત્ત્વ આપે છે. એવું કહેવાય છે કે વિકાસનો ક્રમ છે – ''પહેલા જ્ઞાન અને પછી કરુણા'' (પરિશિષ્ટ ૩ બ, અવતરણ ૮.૪). અગાઉ વર્ણવ્યા મુજબ, સમ્યગ ચારિત્ર એટલે સંયમ, પરંતુ અવિચારી સંયમથી બહુ વિકાસ થઈ ન શકે. કહેવાયું છે કે ''જો સમ્યગ જ્ઞાન વગરનો કોઈ મનુષ્ય મહિને એક વાર માત્ર ઘાસની અણી જેટલા આહાર પર જીવે તોપણ એને મળવાપાત્ર પુણ્યનો સોળમો ભાગ પણ ન મળે'' (પરિશિષ્ટ ૩ બ, અવતરણ ૮.૫).

અહીં એ નોંધવું જોઈએ કે વ્યવહારમાં ચાર કષાયોના વિવિધ લેવલની વ્યક્તિ પરની અસરો નીચે મુજબ હોય છે :

ચારેય કષાયોની કક્ષા ૪ થી વ્યક્તિનું દર્શન કે ચારિત્ર સમ્યગ કે સાચું ન હોઈ શકે. કક્ષા ૩ થી દર્શન સાચું હોય, પણ દોષપૂર્ણ ચારિત્રનો ત્યાગ અવરોધાય છે. કક્ષા ૨ થી પૂર્ણ સંયમમાં અવરોધ આવે છે, જો કે સમ્યગ દર્શન અને આંશિક સંયમ પ્રાપ્ત થાય છે. કક્ષા ૧ પૂર્ણ સંયમ થવા દે છે પરંતુ ધ્યાન માટે થોડી ઉદાસીનતા રહે છે અને કાયા માટે સૂક્ષ્મ રાગ રહે છે. કક્ષા ૦ એટલે સંપૂર્ણ સંયમની પ્રાપ્તિ.

વધુમાં કાર્મિક ઘટકો નીચે મુજબ દૂર થાય છે : (અહીં મુદ્દા ૫.૪ ની સંકેત પદ્ધતિ વાપરીશું.) કાર્મિક ઘટક ($a_1$) ચોથા ગુણસ્થાનક પર દૂર થાય છે અને ($a_2$) બારમા ગુણસ્થાનકે દૂર થાય છે. અન્ય ત્રણ મુખ્ય ઘટક (b), (c) અને (d) તેરમા ગુણસ્થાનકે દૂર થાય છે. ચારેય અઘાતીય કાર્મિક ઘટકો ચૌદમા ગુણસ્થાનકમાં મૃત્યુ સમયે એકસાથે દૂર થાય છે. અહીં એ નોંધવું જોઈએ કે ચિત્ર ૫.૪ મુજબ વ્યક્તિનું શુદ્ધીકરણ બહારના લંબચોરસથી શરૂ થાય છે અને અંદરની બાજુ તરફ જાય છે. જ્યારે બધું કાર્મિક દ્રવ્ય દૂર થઈ જાય ત્યારે ચિત્ર ૫.૪ મુજબ એક સીમાહીન ખાલી ક્ષેત્રમાં પરિવર્તિત થાય છે, જે આત્માનું નિરૂપણ છે.

આધ્યાત્મિક પ્રગતિની પરંપરાગત સમાનતા(analogy)એ દૂધમાંથી ઘી બનાવવાની ક્રિયા છે. સારણી ૮.૨માં તબક્કા વાર સરખામણી દર્શાવે છે. આ આધ્યાત્મિક અવસ્થાઓ, સારણી ૮.૨ ના છેલ્લા ખાનામાં દર્શાવેલાં ગુણસ્થાનકોને લગભગ મળતા છે.

**સારણી ૮.૨ : ઘી બનાવવાના તબક્કાઓ સાથે ગુણસ્થાનકોની સરખામણી**

| ઘી બનાવવાના તબક્કાઓ | સરખામણી | ગુણસ્થાનકો |
|---|---|---|
| ૧. દૂધમાંથી ઘી બનાવવું | સમ્યગ દર્શન મુજબ શુદ્ધ આત્માના અસ્તિત્વને જાણવું. | ૪ |
| ↓ | ↓ | |
| ૨. દૂધ ગરમ કરવું | ઉપવાસ કરવા (તપ) | ૫ |
| ↓ | ↓ | |
| ૩. દૂધ ઠંડું કરવું | મન શાંત કરવું (પ્રાથમિક ધ્યાન) | ૬ |
| ↓ | ↓ | |
| ૪.મેળવણ ઉમેરવું | સમ્યગ જ્ઞાન મેળવવું | ૬ |
| ↓ | ↓ | |
| ૫. ૬ કલાક સુધી સ્થિર રાખવું | મૌનવ્રત લેવું (સમ્યગ ચારિત્ર) | ૬ |
| ↓ | ↓ | |
| ૬. માખણ મેળવવા વલોવવું | ઉચ્ચ ધ્યાન કરવું | ૭-૧૧ |
| ↓ | ↓ | |
| ૭. માખણને અગ્નિથી ગરમ કરી ઘી બનાવવું. | અગ્નિ = શુક્લ ધ્યાન ઘી = શુદ્ધ આત્મા | ૧૨ |

## ૮.૭ કાર ચલાવવાની સાથે આધ્યાત્મિક પ્રગતિની સરખામણી

કાર ચલાવતા શીખીને પાવરધા થવાની પ્રક્રિયા સાથે વ્યક્તિની ચૌદ ગુણસ્થાનકોમાં થતી આધ્યાત્મિક પ્રગતિને સરખાવી શકાય (મરડિયા, ૧૯૮૧). બ્રિટીશ ડ્રાઈવિંગ ટેસ્ટનાં ધોરણો મુજબ વ્યક્તિ કાર ચલાવવામાં માત્ર પારંગત હોય એ જરૂરી નથી. ટેસ્ટ પાસ કર્યા પછી પણ ગુણવત્તા સુધારતા રહેવું જોઈએ. જો કે જીવનના સંદર્ભે તો વ્યક્તિ મોક્ષ પામે ત્યાં સુધી 'શીખાઉ' જ છે.

કારને માત્ર વાહન તરીકે પ્રશંસાપાત્ર રીતે નહિ પરંતુ એક ઉપયોગી મશીન તરીકે એવી રીતે ચલાવવું જોઈએ કે ચલાવનારને અને




ચિત્ર ૮.૩ : ડ્રાઈવરના ચાર આવેશો

અન્યને કોઈ જોખમ ન થાય. એ તબક્કા ગુણસ્થાનકો ૧ થી ૪ જેવા છે. જે વ્યક્તિ આ વિચાર માને અને વ્યવહારમાં મૂકે તે બ્રિટીશ ટેસ્ટ પાસ કરી શકે છે. અલબત્ત, તે પછી તેણે દક્ષ ડ્રાઈવર બનવા સુધારા કરતાં રહવા જ જોઈએ, સાધુના પથની જેમ જ.

ત્યાર બાદ કાર પૂરા નિયંત્રણમાં હોય તેથી ડ્રાઈવરે જરૂર ન હોય છતાં અચાનક ઝડપ વધારવી, જોરથી બ્રેક મારવી, લાઈટ લબૂક-ઝબૂક કરવી કે હોર્ન વગાડવું વગેરે કરવું ન પડે. ચિત્ર ૮.૩ ડ્રાઈવરના ચાર કષાયો દર્શાવે છે. ત્રણ ગુપ્તિઓ એટલે મન, વચન અને કાયાની ક્રિયાઓ પર ઉત્તરોત્તર અંકુશ જેથી ડ્રાઈવર સભાનપણે વિચાર્યા વગર સહજ રીતે કાર્યવાહી કરી શકે. સ્થિતિ ૭ એ સમિતિની પ્રાપ્તિ છે, એટલે કે અરીસો, ઈન્ડીકેટરો, લાઈટો વગેરે જરૂર પડ્યે ઉપયોગમાં લેવા જેથી અન્ય ડ્રાઈવર ખરાબ ડ્રાઈવીંગથી પરેશાન ન થાય. વળી તે પ્રત્યેક ક્ષણે સાવધાન રહે જેથી અકસ્માતની વકી ન હોય તોપણ અન્યના ખરાબ ડ્રાઈવીંગ સમયે જરૂરી પગલાં લઈ શકે. સ્થિતિઓ ૮ થી ૧૨ દરમિયાન આવેશ ઘટે છે અને દૂર થાય છે. આ બધા દોષો અને લાગણીઓ જેવી કે લાંબા ટ્રાફિક જામમાં અધીરાઈ, વારંવાર ઓવરટેઈક થવાથી થતી વ્યાકુળતા નિવારવી ઘણી અઘરી છે. આ આવેશો મનમાં ધૂંધવાયા કરે અને ક્યારેક જ પ્રગટ થાય, કારણ કે સામાન્યતઃ તેમના પર અંકુશ રાખેલો હોય છે. સ્થિતિ ૧૩ માં રસ્તા પર લઘુતમ ખતરાની સ્થિતિએ વ્યક્તિ પહોંચી જાય છે. સ્થિતિ ૧૪ એ પ્રવૃત્તિઓ બંધ થવાની શરૂઆત છે એટલે કે કારનો ઉપયોગ ન કરવાથી ખતરા તરફ દોરી જનારા બધાં જ પરિબળો દૂર થાય છે. જ્યારે એન્જિન ચાલુ હોય પણ કાર સ્થિર હોય ત્યારે આમાંની કોઈ ક્રિયા થતી નથી એટલે કે યોગ નથી હોતો. અહીં એ યાદ રાખવું કે આ સંપૂર્ણ સાદૃશ્યતા નથી.

આપણે પાંચ સમિતિઓનો ઉપયોગ પણ આ જ સરખામણીથી દર્શાવી શકીએ. કાર ચલાવતા રસ્તા પરનાં પક્ષીઓ, સસલાં વગેરેને અથડાઈ ન જવાય તેનું ધ્યાન રાખવું તે પહેલી સમિતિ છે. ડ્રાઈવીંગ કરતાં ખલેલ ન પડે માટે વાતચીત ઓછી કરવી એ બીજી સમિતિ જેવું છે. નશો કરીને ડ્રાઈવીંગ ન કરવું, એ રીતે પૂરી એકાગ્રતા જાળવવી એ ત્રીજી સમિતિ બરાબર છે. કાર શરૂ કરતાં પહેલાં અને પાર્કિંગની જગા શોધતી

વખતે કોઈ બાળક કે પ્રાણી અથડાય નહિ તે માટે આજુબાજુ જોઈ લેવું એ ચોથી સમિતિ જેવું છે. કારમાંથી નીકળતા ધુમાડાથી લોકોને અસર ન થાય તે માટે સાંકડી જગામાં કાર એન્જિન ચાલુ રાખવાનું ટાળવું એ છેલ્લી સમિતિ બરાબર છે.

## નોંધ

૧. પી.એસ.જૈની, પૃ.૨૫૨-૩, ''ધર્મધ્યાનમાં ટૂંકા ગાળાના (અડતાલીસ મિનિટ સુધીના) ગાઢ ચિંતનનો સમાવેશ થાય છે. તેમાં કેટલીક બાબતોમાંથી એક પર ચિંતન કરવામાં આવે છે :

(૧) નવતત્ત્વ પર જિનના ઉપદેશો અને આ ઉપદેશો (આજ્ઞાવિચય)ને સારામાં સારી કઈ રીતે જણાવી શકાય.

(૨) જેમના મન કષાયોથી ઘેરાયેલા છે અને જે અજ્ઞાનના કારણે વિવેકશૂન્ય થયા છે અને જેના દ્વારા આવા જીવોને બચાવી શકાય (અપાયવિચય);

(૩) આસ્રવ, કર્મબંધ, તેનો સમયગાળો, તેની ફલશ્રુતિની ગૂઢ, રહસ્યમય કાર્યવાહી, આત્મા મૂળભૂત રીતે આ બધી કાર્યવાહીથી સ્વતંત્ર છે તે હકીકત અને તેથી પોતાને તેનાથી મુક્ત કરી શકે છે (વિપાકવિચય);

(૪) લોકની સંરચના (બંધારણ) અને આત્માઓને તેમના ખાસ પ્રારબ્ધ પર લઈ જવાનાં કારણોની પારસ્પરિક ક્રિયા (સંસ્થાનવિચય).

•

# ૯. જૈન તર્કશાસ્ત્ર

જૈનોનો વિશ્વાસ છે કે આત્મા જેટલો શુદ્ધતર હોય તેટલું તેનું જ્ઞાન, દર્શન, સુખ અને વીર્યનું સ્તર ઉચ્ચતર હોય છે. માત્ર કેવળજ્ઞાનથી જ નવ તત્ત્વ તથા વાસ્તવિકતાના સંપૂર્ણ સત્યનો બોધ થાય છે. જો કે આપણને અન્ય ચાર પ્રકારના જ્ઞાન થાય છે : ૧. ઇન્દ્રિયો અને મનની સહાયથી ઉત્પન્ન થતું જ્ઞાન (મતિજ્ઞાન), ૨. આગમો(જ્ઞાનના ક્ષેત્રમાં ઉચ્ચતમ પ્રમાણ)થી થતું જ્ઞાન (શ્રુતજ્ઞાન), ૩. અવધિજ્ઞાન અને ૪. બીજાના મનની વાત જાણવી (મનઃપર્યવજ્ઞાન). જેવી રીતે વ્યક્તિ સામાન્યતઃ વિશેષજ્ઞોએ પુરવાર કરેલાં વિજ્ઞાનનાં પ્રતિપાદનો સ્વીકારી લે અથવા વ્યક્તિ દરેક પ્રતિપાદન પોતે ચકાસે છે. આવું આપણે ક્યારેક જ કરી શકીએ છીએ. જો કે કેટલાક બુદ્ધિગમ્ય, સ્વીકૃત સિદ્ધાંતો હોય અને જેમાં સુધારાને અવકાશ હોય તો વ્યક્તિ તેમને કોઈ પણ તપાસ માટે અપનાવી શકે, અહીં આપણે જૈન તર્કશાસ્ત્રના કેટલાક મુખ્ય સિદ્ધાંતો જોઈએ, જેનાથી આપણને એવા પ્રશ્નોના ઉત્તર મળી શકે જેના વિષયમાં પૂર્ણ નિશ્ચિત કે અનિશ્ચિત રૂપમાં કંઈ કહી ન શકાય. અહીં એ નોંધવું ઘટે કે કણ ભૌતિકશાસ્ત્રના સંબંધિત હાલના સિદ્ધાંત (જુઓ પ્રકરણ ૧૦) આ પ્રકારના સિદ્ધાંત પર અત્યધિક આધારિત છે.

જૈનોએ જ્ઞાન અને જ્ઞાન-પ્રાપ્તિ માટે વિલક્ષણ, અસાધારણ સિદ્ધાંતનો વિકાસ કર્યો છે. આ એક બહુ જટિલ વિષય છે, પણ સંક્ષિપ્તમાં તેની રૂપરેખા જોઈએ. (તત્ત્વાર્થસૂત્ર, અનુવાદ : તાતિયા, પ્રકરણ ૧ અને ૫; ૧૯૯૪). વ્યાપક રીતે કહીએ તો, આ વિષયના ત્રણ મહત્ત્વના મુદ્દા છે :

૧. પ્રમાણ (જ્ઞાનનાં અંગો / જ્ઞાનનાં સ્વીકૃત સાધનો)
૨. નય (દૃષ્ટિકોણો / દાર્શનિક દૃષ્ટિકોણો)

૩. અનેકાંતવાદ (સમગ્રતા પર આધારિત સિદ્ધાંત), જેમાં સ્યાદ્વાદ (સાપેક્ષ કથન) એક અનિવાર્ય વિજ્ઞાનના અંગ છે.

કોઈ વસ્તુ વિશેનું જ્ઞાન બે પ્રક્રિયાઓ દ્વારા મેળવી શકાય : (૧) આંશિક પ્રક્રિયા અને (૨) સમગ્ર પ્રક્રિયા. સમગ્ર પ્રક્રિયાને ''પ્રમાણ'' (જ્ઞાનનાં અંગો) કહે છે. આ પ્રક્રિયા માત્ર નિરીક્ષણ, અવલોકન પ્રક્રિયાને જ નહિ પરંતુ માનસિક આકલન(અવબોધ)ને પ્રમાણભૂત, વિશ્વસનીય ઠરાવે છે. આ પ્રક્રિયા ભૌતિક તેમજ માનસિક પ્રક્રિયાઓ સાથે સંકળાયેલી હોવાથી આ પ્રક્રિયાઓ વસ્તુની સમગ્રતા દર્શાવે છે. આંશિક પ્રક્રિયાને ''નય'' કહે છે. આ પ્રક્રિયામાં વસ્તુનો અભ્યાસ કોઈ એક સમયે એક જ પાસાથી કરવામાં આવે છે. અભ્યાસ ઘણાં પાસાંથી થઈ શકે એટલે નય પણ અનેક હોઈ શકે. આમ છતાં તેનાથી વસ્તુનું સમગ્ર ચિત્ર મળતું નથી.

જ્ઞાનનાં અંગો (પ્રમાણ) બે પ્રકારનાં છે : (૧) પ્રત્યક્ષ અને (૨) પરોક્ષ. પ્રત્યક્ષ પ્રમાણના બે ભેદ છે : અ. ઇન્દ્રિય પ્રત્યક્ષ અને બ. અતીન્દ્રિય પ્રત્યક્ષ. ઇન્દ્રિયજન્ય જ્ઞાનમાં સ્મૃતિ, અભિજ્ઞાન (પ્રત્યભિજ્ઞાન), સહ-અસ્તિત્વ અને અનુમાનની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. અહીં એ નોંધ લેવી કે નીચે આપેલ અનુમાનાત્મક, પંચાવયવ તર્ક (Syllogism) એ અનુમાનનાં અંગ છે. જૈન સિદ્ધાંતની માન્યતા અનુસાર અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન છે. પ્રમુખ આગમ ગ્રંથો પરોક્ષ જ્ઞાનના મુખ્ય સ્રોત છે. કોઈ પણ પ્રત્યક્ષ જ્ઞાન જે મૌખિક રીતે, શબ્દો દ્વારા વ્યક્ત કરવામાં આવે તે પરોક્ષ જ્ઞાનના સ્રોત છે. આવા જ્ઞાનના વર્ગીકરણ માટે જુઓ તત્ત્વાર્થસૂત્ર (અનુવાદ : તાતિયા, ૧૯૯૪ પૃ.૧૫).

કોઈ વસ્તુની ક્રમિક અને સંપૂર્ણ સમજ માટે નય આધાર તરીકે કામ કરે છે. આ બે રીતે શક્ય છે : ૧. વસ્તુનાં લક્ષણો કે ગુણોના આધારે અને ૨. વસ્તુનાં લક્ષણો વિશેની શાબ્દિક અભિવ્યક્તિના આધારે. તેઓ વસ્તુના સમગ્ર ચિત્રથી શરૂ કરીને તેના ગુણો તેમજ તેના વિશેની શાબ્દિક અભિવ્યક્તિથી આખરી, અંતિમ ચિત્ર સુધી જાય છે. આ પ્રમાણે જૈનધર્મમાં સાત પ્રકારના નય દર્શાવાય છેઃ

૧. સામાન્ય વ્યક્તિનો દષ્ટિકોણ (નૈગમ નય),

૨. સમગ્ર જૂથને લાગુ પડતો દૃષ્ટિકોણ (સંગ્રહ નય)

૩. વ્યવહારુ દૃષ્ટિકોણ (વ્યવહાર નય)

૪. રૈખિક દૃષ્ટિકોણ (રૈખિક નય, ઋજુસૂત્ર નય)

૫. શાબ્દિક દૃષ્ટિકોણ (શબ્દ નય)

૬. વ્યુત્પત્તિજન્ય દૃષ્ટિકોણ (સમભિરુઢ નય)

૭. વાસ્તવિક દૃષ્ટિકોણ (એવંભૂત નય)

આ બધા નયનું સમયના સંદર્ભે અર્થઘટન થઈ શકે. પહેલો નય ત્રણે કાળ દર્શાવે છે, જ્યારે રૈખિક નય વર્તમાન ક્ષણ દર્શાવે છે. એવંભૂત નય માત્ર વર્તમાન કાળ અને વર્તમાન ક્ષણ દર્શાવે છે. આમ, જ્ઞાન આ બધા નયનાં ખાસ પાસાઓના સંદર્ભે સ્થૂળથી સૂક્ષ્મ તરફ આગળ વધે છે.

હવે આપણે જૈન તર્કશાસ્ત્રના કેટલાક વિશિષ્ટ સિદ્ધાંતો જોઈએ.

### ૯.૨ અનુમાનાત્મક તર્ક / સૂક્ષ્મ તર્ક

આપણે પ્રથમ જૈન અનુમાનાત્મક તર્કના પાંચ અવયવો પર વિચાર કરીશું. જૈનોની મધ્યમ પંચપદીમાં પાંચ કથન કે પ્રતિજ્ઞાઓ હોય છે. ઉદાહરણ તરીકે,

૧. ટોમ મરણ પામ્યો, ડિક મરણ પામ્યો અને તે રીતે હેરી પણ મૃત્યુ પામ્યો.

૨. ટોમ, ડિક અને હેરી ખરેખર સર્વસાધારણ પ્રકારના માણસો છે.

૩. આથી, બધા માણસો મરે.

૪. જહોન એક માણસ છે.

મધ્યમ અનુમાનાત્મક તર્કના છેલ્લાં ત્રણ પદને, એરિસ્ટોટલના અનુમાનાત્મક તર્ક તરીકે ઓળખી શકાય, જે થશે :

માણસ મરણશીલ છે.

જહોન એક માણસ છે.

આથી, જહોન મરણશીલ છે.

મધ્યમ અનુમાનાત્મક તર્ક તર્કસંગત વિચારણાની આગમનાત્મક (inductive) અને નિગમન (deductive) રીતોને સ્પષ્ટ રીતે સાંકળે છે. હકીકતમાં, એ વૈજ્ઞાનિક કે આંકડાશાસ્ત્રીય વિચારણાના મુખ્ય તબક્કા પ્રતિબિંબિત કરે છે. પહેલાં બે પદને વસ્તીનાં અવલોકનો ગણી શકાય અને ત્રીજા પદને અવલોકનો પરથી અનુમાન તારવવાનું ગણી શકાય. છેલ્લાં બે પદ એક નવા અવલોકનનો વિસ્તાર (પ્રક્ષેપ) આપે છે. પ્રયોગસિદ્ધ તર્કશાસ્ત્ર એ વૈજ્ઞાનિક પદ્ધતિઓનો આધાર છે અને તેને કોઈ પણ વૈજ્ઞાનિક પ્રયોગોમાં નજરઅંદાજ કરવું ન જોઈએ.

હકીકતમાં, અનુમાનાત્મક તર્ક, જ્યારે પાંચેય અવયવ એકબીજા સાથે સંવાદી હોય ત્યારે સાચો, યથાર્થ કહેવાય. ઉપરના દૃષ્ટાંતના પાંચ અવયવ છે :

(૧) જ્હોન મરી જશે.

(૨) કારણ કે જ્હોન એક માણસ છે.

(૩) ટોમ, ડિક અને હેરીની જેમ.

(૪) કારણ એ બધા મરી ગયા છે.

(૫) આથી તે મરશે.

એક તર્ક જો તેના પાંચ અવયવમાંનો કોઈ એક આપણાં અવલોકનો સાથે વિસંવાદી થાય ત્યારે એ તર્ક ભૂલભરેલો તર્ક (આભાસ) બને છે.

## ૯.૩ : સ્યાદ્વાદ, પારિસ્થિતિક કથનનો સિદ્ધાંત (Conditional Predication Principle)

આ પદ્ધતિની અન્ય એક મહત્ત્વની વિશિષ્ટતા છે – સ્યાદ્વાદ કે સાપેક્ષવાદનો સિદ્ધાંત. તેમાં અનુમાન, નિષ્કર્ષને સાત નય(સપ્તભંગી નય)થી તપાસવામાં આવે છે.

(૧) એ છે (એક નયથી);

(૨) એ નથી;

(૩) એ છે અને નથી;

(૪) એ અસંદિગ્ધ છે.

(૫) એ છે અને અસંદિગ્ધ છે.

(૬) એ નથી અને એ અસંદિગ્ધ છે.

(૭) એ છે, એ નથી અને એ અસંદિગ્ધ છે.

એ નોંધવું કે તમામ કથનોમાં અનિશ્ચિતતાના થોડા અંશ છે અને સાત કથનોમાં પ્રત્યેકને નય કહી શકાય, કારણ કે તે એક વસ્તુની એક બાજુ, એક પાસું દર્શાવે છે. કથન(૧)ને ટ્રાફિક લાઇટના સેટમાંના ''લીલા રંગ'' તરીકે જોઈ શકાય, કથન(૨) ને ''લાલ રંગ''. એનું ખાસ લક્ષણ છે (૪), જે અસંદિગ્ધતાની શક્યતા એટલે કે ''પીળો રંગ'' સૂચવે છે. અન્ય કથનો એ (૧) અને (૨) ના (૪) સાથેનાં સંયોજનો છે. 'સંભવતઃ' એ 'સ્યાત' શબ્દનું સારું અર્થઘટન નથી. બીજું અર્થઘટન છે – ''એક નય પ્રમાણે.''

૧. + = સંભવતઃ, **એ છે** (એક નય પ્રમાણે)

૨. – = સંભવતઃ, એ નથી.

૩. ± = સંભવતઃ, **એ છે** અને એ નથી.

૪. ? = સંભવતઃ, એ *અસંદિગ્ધ* છે.

૫. + ? = સંભવતઃ, **એ છે** અને એ *અસંદિગ્ધ* છે.

૬. – ? = સંભવતઃ, એ નથી અને એ *અસંદિગ્ધ* પણ છે.

૭. ± ? = સંભવતઃ, **એ છે** અને એ નથી અને એ *અસંદિગ્ધ* પણ છે.

ચિત્ર ૯.૧ સાત પરિસ્થિતિક કથનોનું યોજનાબદ્ધ નિરૂપણ.
(+ = ગાઢા મોટા અક્ષરો, – = મોટા અક્ષરો, ? = ઇટાલિક મોટા અક્ષરો)

આમ, આપણે ગુણાત્મક નિર્ણય કરી શકીએ. એક યોજનાબદ્ધ આકૃતિ ચિત્ર ૯.૧ માં આપેલી છે. આપણે જાણીએ છીએ કે નિરીક્ષણની પ્રત્યેક ક્રિયામાં નિરીક્ષક સંકળાયેલો હોય છે. ઉપરનો સિદ્ધાંત નિરીક્ષક વગર જ્ઞાન મેળવવા પ્રયત્ન કરે છે, પણ તેમાં થોડી ભૂલ થવાની શક્યતા છે.

કોઠારી(૧૯૭૫)એ સૂચવ્યું છે કે ક્વોન્ટમ મિકેનિક્સ (Quantum Mechanics)ના સિદ્ધાંતનું અધ્યારોપણ સ્યાદ્વાદના દૃષ્ટાંત પર પ્રકાશ પાડે છે. ધારો કે ક્વોન્ટમ મિકેનિક્સ માટે Kets (a) $1 \propto' >$ (b) $1 \propto'' >$ કોઈ પણ નિરીક્ષણ અવસ્થા $\propto$ ની આઈજન અવસ્થાઓ (eigen states) છે. સાથોસાથ એ પણ માની લો કે આ સીસ્ટમ માટે અસંદિગ્ધ અવસ્થાને (c) $1P> = 1> + 1\ \alpha''1\ \alpha' >$ દ્વારા દર્શાવી શકાય. ચિત્ર ૯.૧ ની પારિભાષિક શબ્દાવલીમાં આપણે ઉપર્યુક્ત પરિમાણોને નીચે મુજબ ઓળખીએ :

(a) by +, (b)by –, અને (c) by = ?


ભરૂચા(૧૯૯૩)એ સ્યાદ્વાદની 'સત્ય-સારણી' (truth-table) અને ક્વૉન્ટમ તર્કશાસ્ત્ર પ્રસ્તુત કર્યાં છે.

## ૯.૪ સાપેક્ષ સમગ્રતાનો સિદ્ધાંત (અનેકાંતવાદ)

આપણે પ્રશ્નનાં ઉપ-અંગો સાપેક્ષ કથન દ્વારા જોવાની રીતોનું વર્ણન કર્યું. આમ છતાં, જ્ઞાનને અનુમાનાત્મક તર્કના વારંવારના ઉપયોગ સાથે સંયોજિત કરવાનું છે. પ્રથમ નીચેનું ઉદાહરણ ધ્યાનમાં લો. છ અંધ માણસોને જાણવું છે કે હાથી કેવી જાતની વસ્તુ છે. દરેક હાથીના જુદા જુદા ભાગને સ્પર્શે છે (જુઓ ચિત્ર ૯.૨).

ચિત્ર ૯.૨ જૈન સમગ્રતાનો સિદ્ધાંત : હાથી અને છ અંધ માણસો (ચિત્રમાં પાંચ દર્શાવ્યા છે.)

એક માણસ તેના પગને સ્પર્શે છે ને કહે છે, ''તે એક થાંભલો છે.'' એક તેની સૂંઢને સ્પર્શે છે ને કહે છે, "તે એક પાઈપ છે". એક માણસ તેના એક કાનને સ્પર્શે છે ને કહે છે, "તે એક સૂપડું છે", ઇત્યાદિ. આમ દરેક અભિપ્રાય અલગ છે. આથી જો હાથી કેવા પ્રકારની વસ્તુ છે તે જાણવું હોય તો આપણે તેને બધી બાજુથી જોવો જોઈએ. હાથીના આ ઉદાહરણના સંદર્ભમાં, ઇન્દ્રિયજન્ય નિરીક્ષણના ભાગ, સ્પર્શનો ઉપયોગ પ્રમાણ, પ્રત્યક્ષ પ્રમાણનો સમાવેશ થાય છે. દરેક અંધ માણસ નયની શ્રેણી હેઠળ ઉદાહરણ રચે છે. (આ વાર્તા પ્રથમ તો પશ્ચિમમાં જે. જી. સાક્ષે(૧૮૧૬-૧૮૭૧)ના કાવ્યથી પ્રચલિત થયેલી જણાય છે; મરડિયા(૧૯૯૧)એ પૂરું કાવ્ય નોંધ્યું છે.)




ચિત્ર ૯.૨ : જૈન સમગ્રતાના સિદ્ધાંતનું નિરૂપણ : હાથી અને છ અંધ મનુષ્યો (ચિત્રમાં માત્ર પાંચ દર્શાવ્યા છે.)

આ દષ્ટાંત જૈન સમગ્રતાના સિદ્ધાંત(અનેકાન્તવાદ)નું નિરૂપણ કરે છે આપણે હવે વાસ્તવિક દષ્ટાંત માટે લાગુ કરીએ. નીચેનાં પારિસ્થિતિક કથનો પર વિચાર કરો :

૧. પૃથ્વી ગોળ હોઈ શકે.

૨. પૃથ્વી ગોળ ન હોઈ શકે.

૩. પૃથ્વી ગોળ હોઈ શકે અથવા ન હોઈ શકે.

૪. પૃથ્વીનો આકાર અનિશ્ચિત હોઈ શકે.

૫. પૃથ્વી ગોળ હોઈ શકે અથવા અનિશ્ચિત આકારની હોઈ શકે.

૬. પૃથ્વી ગોળ ન હોઈ શકે અથવા અનિશ્ચિત આકારની હોઈ શકે.

૭. પૃથ્વી ગોળ હોઈ શકે અથવા ન હોઈ શકે અથવા અનિશ્ચિત આકારની હોઈ શકે.

આપણને એવા તારણ પણ મળશે કે વૈશ્વિક દષ્ટિકોણથી પૃથ્વી ગોળ છે, પરંતુ સ્થાનિક દષ્ટિકોણથી તે ગોળ નથી. આ જ પ્રકારનું તારણ મંગળ અને શુક્ર માટે મળી શકે. આથી બધા ગ્રહો માટે આ જ સાચું હોઈ શકે.

નવો ગ્રહ કે જેના આ જ ગુણધર્મો હોય તેને અનુમાનાત્મક તર્ક લગાવીને આપણે તારણ કાઢી શકીએ કે વૈશ્વિક દષ્ટિકોણથી એ ગ્રહ ગોળ છે. પરંતુ સ્થાનિક દષ્ટિકોણથી હવે ગોળ નથી. આમ, આપણે સાપેક્ષ સમગ્રતાના સિદ્ધાંતે પહોંચીએ છીએ. સાપેક્ષ (પારિસ્થિતિક) કથન દરેક વસ્તુને લાગુ કરીએ ત્યારે તે, મણકા જેવા છે, જેને સમગ્રતાના સિદ્ધાંતના દોરાથી જોડી શકાય છે.

## ૯.૫ વિચારવિમર્શ

અહીં આપણે જૈન તર્કશાસ્ત્ર અને દર્શનના માત્ર અલ્પાંશનું નિરૂપણ કર્યું છે. અહીં એ ધ્યાનમાં રાખવું કે સમગ્રતાનું (બહુવિધ) પાસું એ તંત્રનો મુખ્ય મુદ્દો છે અને તે સામાન્યતઃ સ્વરૂપમીમાંસા (ontology) ને લગતા પ્રશ્નોને લાગુ કરવામાં આવે છે. પ્રત્યેક દ્રવ્યનાં ત્રણ પાસાં હોય છે

: દ્રવ્ય, ગુણ અને રૂપ (mode). ઉપરાંત દરેક એકપક્ષીય પાસા માટે દરેક પરિસ્થિતિમાં ચાર પરિબળો મહત્ત્વનાં હોય છે : ૧. વિશિષ્ટ વસ્તુ, ૨. તેનું વિશિષ્ટ ક્ષેત્ર, ૩. તેનો વિશિષ્ટ સમય અને ૪. તેની વિશિષ્ટ અવસ્થા, અનેકાંતવાદ વસ્તુઓને તેના બહુપક્ષીય, બહુવિધ પાસાઓથી જોવાનો પ્રયત્ન કરે છે. વ્યવહારમાં, આ સિદ્ધાંતનો અર્થ એ થાય કે વ્યક્તિએ આત્યંતિક, અતિવાદી દૃષ્ટિકોણ ટાળવો જોઈએ અને સંકુચિત દૃષ્ટિકોણને બદલે વ્યાપક દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ.

મતિલાલ(૧૯૮૧)ની દલીલ છે કે અનેકાંતવાદ સંશ્લેષણનું દર્શન છે. એનો સાર, વિવિધ દાર્શનિક શાખાઓના દૃષ્ટિકોણો અથવા ધારણાઓ સુસ્પષ્ટ કરવામાં રહેલો છે. દાર્શનિક કાર્યવિધિ તરીકે એ બે રીતે થાય છે : ૧. નયવાદનો સિદ્ધાંત અને ૨. સાપેક્ષ કથન સિદ્ધાંત.

અનેકાંતવાદ પ્રેરિત પરિમાણાત્મક અભ્યાસ માટે આપણે હાલ્ડેન(૧૯૫૭)નો સંદર્ભ લઈએ. તેમાં આપણી પદ્ધતિ પાવલોવના જેવા વિદ્યા-પ્રાપ્તિના પ્રયોગોમાં કેવી રીતે લાગુ કરી શકાય તે દર્શાવ્યું છે. મરડિયા (૧૯૭૫, ૧૯૮૮) અન્ય કેટલાંક પાસાઓ દર્શાવે છે, જેમાં કાર્લ પોપર (૧૯૬૮) સાથે જૈન તર્કશાસ્ત્રના સંબંધનો સમાવેશ થાય છે. કાર્લ પોપર દાવાથી કહે છે કે આપણી પાસે નિરપેક્ષ, સંપૂર્ણપણે સાચા વૈજ્ઞાનિક નિયમો ન હોઈ શકે. વિશદ નિરૂપણ માટે તાતિયા(૧૯૮૪)નો સંદર્ભ લેવો; જૈન પંચાવયવ માટે જુઓ જે. એલ. જૈની (૧૯૧૬).

જૈન દૃષ્ટિકોણોનું મહલનોબિસ(૧૯૫૪)ના નીચેના અવતરણથી સમાપન કરીશું :

''આખરમાં, હું જૈન દર્શનના વાસ્તવિક અને અનેકત્વવાદી દૃષ્ટિકોણો અને વાસ્તવિકતાના બહુરૂપ અને અનંતપણે વિભિન્નતાવાળાં પાસાઓ પરના અતૂટ ઝોક તરફ આપનું ધ્યાન દોરીશ. તે વિશ્વનો મુક્ત દૃષ્ટિકોણથી, અનંત પરિવર્તન અને ખોજ સહિત સ્વીકાર કરે છે.

•

# ૧૦. જૈન ધર્મ અને આધુનિક વિજ્ઞાન

## ૧૦.૧ સમરૂપતાઓ

જૈન ધર્મને માત્ર ધર્મ કહેવો એ ખોટી રજૂઆત છે કારણ તે 'જીવ અને અજીવ' સહિતના સમગ્ર બ્રહ્માંડને એક એકીકૃત વૈજ્ઞાનિક આધાર આપવાનો પ્રયાસ કરે છે. આમ, તે એક સમગ્ર વિજ્ઞાન છે જેમાં ધર્મ સહિતની તમામ વસ્તુઓ સમાવિષ્ટ છે. આ યુગમાં વિજ્ઞાનના મુખ્ય યોગદાન અને તેમની જૈન ધર્મ સાથેની સામ્યતાઓ નીચે દર્શાવી છે (મરડિયા, ૧૯૮૮ બ). આ વિવરણ દરમિયાન એ ખાસ ખ્યાલમાં રાખવું કે જૈન વિજ્ઞાન ગુણાત્મક છે. જો કે જૈન વિજ્ઞાન ઘણી બાબતોમાં આધુનિક વિજ્ઞાનથી પણ આગળ જાય છે, પરંતુ તેમની વચ્ચે ભાગ્યે જ વિસંવાદિતા થાય છે.

### (૧) કણ ભૌતિક વિજ્ઞાન અને ક્વૉન્ટમ સિદ્ધાંત

માત્ર આ સદી દરમિયાન જ ટેક્નૉલોજીમાં એટલી પ્રગતિ થઈ છે કે હવે પરમાણ્વીય પ્રક્રિયાઓ અને પ્રાથમિક કણોનો અભ્યાસ અને તેની વિસ્તૃત સમજ શક્ય બની છે. જો કે એ નોંધવું રસપ્રદ રહેશે કે જૈનોએ તેમના વિચારો કદાચ થોડા આગળ વિકસાવીને કાર્મણો(karmons)ની સંકલ્પના વિકસાવી છે. આવા કણો અસ્તિત્વ ધરાવે છે કે નહિ તે વિવાદાસ્પદ હોઈ શકે, પરંતુ તે સ્વ-નિયંત્રિત વિશ્વ અને તેમાંના જીવન સાથે બંધ બેસે છે.

ક્વૉન્ટમ સિદ્ધાંત સંભાવનાત્મક છે. ઘણા કિસ્સાઓમાં તે અનેકાંતવાદ(જુઓ પ્રકરણ ૯)ના જૈન સિદ્ધાંતની ઘણી નજીક છે. આ સિદ્ધાંત એ અંશતઃ સંભાવનાત્મક સિદ્ધાંત છે જે વિજ્ઞાનના સંક્ષિપ્તીકરણ (reductionistic) સિદ્ધાંત સાથે જોડાયેલો છે. જૈનો આ સિદ્ધાંતમાં સમગ્રતાના સિદ્ધાંતથી પૂરવણી કરશે (જુઓ પ્રકરણ ૯). વર્તમાન

સમયમાં વિજ્ઞાન આ બે સિદ્ધાંતોની વચ્ચે ગતિમાન છે. જો કે એવા દાવાઓ છે કે વિશ્વ એવા તત્ત્વોનું બનેલું છે જેનું અસ્તિત્વ આત્મા(માનવીય ચેતના)થી સ્વતંત્ર છે : આ દાવા ક્વૉન્ટમ સિદ્ધાંત અને પ્રયોગસિદ્ધ હકીકતો(જુઓ દ'એસ્પગ્નટ, ૧૯૭૯)થી વિરોધી છે. ક્વૉન્ટમ સિદ્ધાંતના મોડેલોમાં ચૈતન્ય ઘટકો દાખલ કરવાના પ્રયાસો પણ થયા છે (જુઓ જહન, ૧૯૮૨). ક્વૉન્ટમ સિદ્ધાંત અને વાસ્તવિકતાના વિષયની પ્રથમ પ્રસ્તાવના તરીકે ગેમો(૧૯૬૫) અને ગ્રિબીન (૧૯૮૪)ના સંદર્ભ જોવા વિનંતી છે.

## (૨) ઉત્ક્રાંતિ

છેલ્લી સદીમાં, જીવવિજ્ઞાને હાંસલ કરેલી સૌથી મોટી સિદ્ધિ છે – ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ. એ નોંધવું રસપ્રદ છે કે જીવોના કાર્મિક દ્રવ્યના ઘનત્વને કારણે એક જીવ ઉત્ક્રાંતિથી આગળ જાય છે અને સમગ્ર સર્જનને આવરી લેવાનો પ્રયાસ કરે છે. તે વ્યક્તિગત પ્રક્રમ તરીકે જીવની ઉત્ક્રાંતિના મૂળભૂત પ્રશ્નનો ઉત્તર આપવા પ્રયાસ કરે છે.

## (૩) પદાર્થ અને ઊર્જાની વિનિમયશીલતા

આલ્બર્ટ આઇન્સ્ટાઇનના ક્રાંતિકારી વિચારોમાંનો એક સૌથી મહત્ત્વનો દાવો હતો કે પદાર્થ ઊર્જામાં અને ઊર્જા પદાર્થમાં રૂપાંતરિત થઈ શકે, એટલે કે પદાર્થ અને ઊર્જા વિનિમયશીલ છે. આ વિચાર જૈનો પાસે તો સદીઓથી છે. આ ઘટનાને વર્ણવવા 'પુદ્ગલ' શબ્દ વપરાય છે (જુઓ પ્રકરણ ૪). આ શબ્દમાં એ સ્પષ્ટ છે કે પદાર્થ અને ઊર્જા એ એક જ સિક્કાની બે બાજુઓ છે. આપણે જાણીએ છીએ કે ગ્રીક ભાષામાં આ ઘટનાને વર્ણવવા કોઈ પરિભાષા નથી અને તેથી એવી કોઈ વૈજ્ઞાનિક અભિવ્યક્તિ નથી. પરિણામે વિજ્ઞાનમાં આ ગહન સંકલ્પના માટે દ્રવ્યમાન-ઊર્જા (mass-energy) શબ્દનો ઉપયોગ કરી શકાય.

## (૪) મૂળભૂત બળો (Fundamental forces)

વર્તમાન સમયમાં વિજ્ઞાન ચાર મૂળભૂત બળોને સ્વીકારે છે : ગુરુત્વીય બળ, વિદ્યુતચુંબકીય બળ, મંદ(દુર્બળ) ન્યુક્લીયર બળ અને પ્રબળ ન્યુક્લીયર બળ. આ બધાં બળોને ઘટાડીને માત્ર એક બળ

'મહાબળ' (super force) કરવાના સંશોધનો ચાલુ છે. જૈનોનું કાર્મિક બળ/પ્રાણ સંચારણ બળ એક વધારાનું બળ છે જેનો વિશેષ અભ્યાસ આવશ્યક છે. તે કદાચ પદાર્થ પર મનનો પ્રભાવ જેવી વિવિધ અભૌતિક ઘટનાઓ સમજાવી શકે. જો આવાં બળો અસ્તિત્વમાં હોય તો, આ બળના અંતર્હિત કણો એ કાર્મણો છે, જે સજીવમાં શોષાવાને કારણે સૂક્ષ્મ, ગૂઢ (subtle) ગુણધર્મો ધરાવે છે. આથી તેમની ભાળ મેળવવી ઘણી મુશ્કેલ છે.

પ્રકરણ ૪ માં આપણે જોયું કે બે જૈન દ્રવ્યો – ધર્મ અને અધર્મને– ગતિશીલ બળ અને સ્થિર બળ તરીકે માની શકાય જે આત્મા અને પદાર્થમાં અન્યોન્ય ક્રિયા-અસમાન ગતિ (interaction-non-uniform motion) અને વિશ્રાંત અવસ્થા (સમાન ગતિમાં ?) થવા દે છે. આ કદાચ 'મહાબળ' માટે ગુણાત્મક જવાબ હોઈ શકે. જી.આર.જૈન(૧૯૭૫) અધર્મને અવકાશ અભૌતિક ઈથર સાથે એકરૂપ ગણે છે, જ્યારે ધર્મને ગુરુત્વીય અને વિદ્યુતચુંબકીય બળોના એકીકૃત બળ સમાન ગણે છે.

આ બાબતોનું હવે આપણે વિગતવાર નિરૂપણ કરીશું.

## ૧૦.૨ આધુનિક કણ ભૌતિક વિજ્ઞાન

એ જાણીતું છે કે ઓગણીસમી સદીના અંતમાં જે. જે. થોમ્સને ઈલેક્ટ્રોનની શોધ કરી તે પછી રાસાયણિક તત્ત્વોમાંના પરમાણુ જેવા ઘટકો માટે વધુ સંશોધનો કરવા પ્રેર્યા. ઈ.સ. ૧૯૧૦ના અરસામાં રૂધરફોર્ડ અને તેમના સાથીઓએ સૌપ્રથમ શોધ્યું હતું કે પરમાણુમાં ઈલેક્ટ્રોનો અને એક પરમાણુકેન્દ્ર (nucleus) હોય છે. ન્યુક્લીયસમાં ન્યૂરોન (neuron) અને પ્રોટોન(proton) હોય છે જેને સંયુક્તરૂપમાં ન્યુક્લીઓન (neucleon) કહે છે. એ તો વિદિત છે કે ઈલેક્ટ્રોન એ ઋણ વિદ્યુતભાર ધરાવતા કણ છે (ભાર = -૧) અને ન્યૂટ્રોન કોઈ ભાર ધરાવતા નથી, એટલે કે તે વિદ્યુતીય રીતે તટસ્થ છે. હાઈડ્રોજન, સૌથી સરળ પરમાણુસંરચના ધરાવતું રાસાયણિક તત્ત્વ છે. હાઈડ્રોજનમાં એક ઈલેક્ટ્રોન અને એક પ્રોટોન હોય છે. જો કે હાઈડ્રોજનના સમસ્થાનિકો (isotopes)માં એક કે બે ન્યૂરોન હોઈ શકે, જેનાથી તેના રાસાયણિક ગુણધર્મોમાં કોઈ ફેરફાર થતો નથી. રાસાયણિક સ્થિરતા માટે,

ઇલેક્ટ્રોનની સંખ્યા જેટલી જ પ્રોટોનની સંખ્યા હોવી જોઈએ.

૧૯૭૦ના દાયકામાં પરમાણુસંરચના સંદર્ભે સંજોગો બદલાઈ ગયા (જુઓ ચિત્ર ૧૦.૧). હવે પ્રાથમિક કણો (elementary particles)ના ત્રણ ગ્રુપ છે :

ક્વાર્ક, લેપ્ટોન અને ગૉજ બૉસૉન.

તેમાંથી બૉસૉન બાકીના બે કણો એટલે કે ક્વાર્ક અને લેપ્ટોન માટે ગુંદર જેવી રચના કરે છે. ક્વાર્ક ૨/૩, ૧/૩ , -૧/૩ અને -૨/૩ એવો આંશિક ભાર ધરાવે છે જ્યારે લેપ્ટોન ૦ કે -૧ ભાર ધરાવે છે. આ રીતે ક્વાર્ક અને લેપ્ટોન એકબીજાથી જુદા પડે છે. વળી, બૉસૉન અન્ય બંનેથી જુદું પડે છે, કારણ કે ક્વાર્ક અને લેપ્ટોન ૧/૨ પ્રચક્રણ (spin) ધરાવે છે, જ્યારે બૉસૉન ૧ પ્રચક્રણ ધરાવે છે. ઇલેક્ટ્રોન એ -૧ ભાર ધરાવતા લેપ્ટોનનું ઉદાહરણ છે. ન્યૂટ્રોનનો ભારરહિત લેપ્ટોનનું ઉદાહરણ છે.

ક્વાર્ક બે કે ત્રણના ઝૂમખામાં અસ્તિત્વ ધરાવે છે. પ્રોટોનની જેમ ત્રણ ક્વાર્ક હોઈ શકે. ત્રણ ક્વાર્ક ધરાવતા જૂથને ''બેરિઓન'' (baryon) કહે છે અને ખાસ સંજોગોમાં મળતા માત્ર બે ક્વાર્કો ધરાવતા જૂથને ''મેસોન'' (meson) કહે છે. બીજા કિસ્સામાં એક ક્વાર્ક સાથે એક એન્ટીક્વાર્ક હોઈ શકે. મેસોનનું સરળતમ ઉદાહરણ છે – ''ધન પાયોન'', જેમાં એક ક્વાર્ક સાથે એક એન્ટીક્વાર્ક હોય છે. અહીં એ ધ્યાન રાખવું કે ઇલેક્ટ્રોનની જેમ જ ક્વાર્કને સંરચના વગરનાં પૂર્ણ બિંદુ તરીકે આકારવામાં આવે છે.

નીચે દર્શાવેલા ગુણધર્મોથી પ્રાથમિક કણોને અલગ પારખી શકાય છે :


(૧) ભાર અથવા ભારરહિત (રંગ)

(૨) દ્રવ્યમાન


(૩) ઘૂર્ણન (મૂળભૂત કોણીય આવેગ)

(૪) જીવનકાળ

(૫) બળ (ચાર પ્રકાર, જુઓ મુદ્દો ૧૦.૩)




ચિત્ર ૧૦.૧ અ : હાઈડ્રોજન પરમાણુ જેમાં એક ઈલેક્ટ્રોન છે, એક ન્યુક્લીયસ છે અને પ્રબળ ન્યુક્લીયર બળ છે.





ચિત્ર ૧૦.૧ બ : હાઈડ્રોજન પરમાણુના અવ-પરમાણુક કણ : ન્યૂટ્રોન, અને પોતાના મેસોનો અને ક્વાર્કો સાથે પ્રોટોન.

એ ધ્યાનમાં રાખવું કે બેરિઓન સૌથી વધુ દ્રવ્યમાન ધરાવે છે અને લેપ્ટોન સૌથી ઓછું દ્રવ્યમાન ધરાવે છે. બૉસૉન એ બેથી મધ્યમ દ્રવ્યમાન ધરાવે છે. ક્વાર્ક છ સ્વાદ, સોડમ (flavour) અને ત્રણ રંગ ધરાવે છે. એ યાદ રાખવું કે આ સ્વાદ અને રંગ માત્ર સાંકેતિક છે. આ છ સ્વાદમાં સૌથી મહત્ત્વના છે : "up" અને "down" (ક્વાર્કની સૌથી હલકી જોડી માટે). જો up- ક્વાર્ક માટે "u" અને down- ક્વાર્ક માટે "d" સંજ્ઞા હોય તો પ્રતિ-કણ (anti-particle) માટે અનુક્રમે "ū" અને "d̄" અનુરૂપ સંજ્ઞા થાય. એક ધન પાયોન માટે ક્યાં તો ud અથવા ūd થાય. ત્રણ રંગો છે – લાલ, લીલો અને વાદળી. આ ત્રણેય વિદ્યુતીય રંગો છે.


## ૧૦.૩ કુદરતમાંનાં ચાર બળો

કુદરતમાં ચાર પ્રકારનાં બળ હોય છે : ગુરુત્વીય બળ, વિદ્યુતચુંબકીય બળ, દુર્બળ ન્યુક્લીયર બળ અને પ્રબળ ન્યુક્લીયર બળ. આ બધાં બળ ગૉજ બૉસૉન દ્વારા કાર્ય કરે છે એવું માનવામાં આવે છે. બે સ્કેટર (બરફ પર સરકનારા) એકબીજા સામે ભારે સ્નોબોલ (બરફના ગોળા) નાખતા હોય તેવી રીતે ગોજ બૉસૉન દ્વારા કણો એકબીજાને અસર કરે છે. ઉદાહરણ તરીકે, બે ઇલેક્ટ્રોન (સ્કેટરો) માટે, ફોટોન (સ્નોબોલ) એક ઇલેક્ટ્રોનને બીજા ઇલેક્ટ્રોનની હાજરી વિશે કહે છે અને પછી પ્રતિભાવ આપવા પ્રેરે છે : આ છે વિદ્યુતચુંબકીય બળ (જુઓ ચિત્ર ૧૦.૨ અ).





ચિત્ર ૧૦.૨ અ : બે ઇલેક્ટ્રોન અને તેમના અનુક્રમે પથ : વિદ્યુતચુંબકીય બળ ગૉજ બૉસૉન 'ફોટૉન'(વાંકીચૂંકી રેખા)ની સાથે

બે સ્કેટરો A અને B (ચિત્ર ૧૦.૨ બ)ના કિસ્સામાં, સ્કેટર A સ્કેટર B પર સ્નોબોલ (ફોટોન) પરસ્પર ફેંકે (ઉત્સર્જિત કરે) છે. સ્કેટર B, જે ખચકાશે (દુર્બળ બળ), ને પછી સ્નોબોલનું વિઘટન થશે (શોષાશે.) આ બધાં ફૈનમેનનાં રેખાચિત્રો છે.




ચિત્ર ૧૦.૨ બ : પરસ્પર સ્નોબોલ ફેંકતા બે સ્કેટર.


ન્યુક્લીયસમાં એક પ્રોટોન અને એક ન્યૂટ્રોન વચ્ચે લાગતા પ્રબળ ન્યુક્લીયર બળ (જુઓ ચિત્ર ૧૦.૧)ને યાદ કરો. પ્રબળ ન્યુક્લીયર બળ બેરિઓનો વચ્ચે એક રંગીન ગ્લુઓન દ્વારા કાર્ય કરે છે (જુઓ ચિત્ર ૧૦.૩).




ચિત્ર ૧૦.૩ : ક્વાર્કોની સાથે બેરિઓનો (ગોળમાં લા.=લાલ, લી.=લીલો, વા.=વાદળી) અને ગોજ બૉસૉનો-ગ્લુઓનો (વાંકીચૂંકી રેખા)ની સાથે પ્રબળ ન્યુકલીયર બળ.


બેરિઓનો પ્રબળ બળ અનુભવે છે, જ્યારે લેપ્ટોનો આ બળ અનુભવતાં નથી, કારણ કે તેમને રંગ હોતો નથી. બળવાળા ક્વાર્કો

ગ્લુઓન(gluon) ફેલાવે, વિસર્જિત કરે છે; જો કે જેમ જેમ તે બહાર નીકળે તેમ તેમ તેમણે પોતાનો રંગ નિષ્પ્રભાવી કરવો પડે; એ માટે ગ્લુઓન ઊર્જાઓનું, પારખી શકાય તેવા કણો, મુખ્યત્વે મેસોન દ્વારા રૂપાંતર કરે છે. દુર્બળ ન્યુક્લીયર બળ રેડિયો વિકિરણ(Radioactivity)માં રહેલું હોય છે. કણો Z અને ($W^+$, $W^-$) એ દુર્બળ ન્યુક્લીયર બળના વિદ્યુતભારિત અને તટસ્થ રૂપ માટેના ગોજ બૉસૉન છે (જુઓ ચિત્ર ૧૦.૪).




ચિત્ર ૧૦.૪ : દુર્બળ બળ : (અ) એક ન્યૂટ્રોન અને એક પ્રોટોન $W^+$ ની અદલાબદલી કરે છે. અને (બ) એક પ્રોટોન અને એક ઇલેક્ટ્રોન $W^-$ ની અદલાબદલી કરે છે.

ગુરુત્વીય બળ (જુઓ ચિત્ર ૧૦.૫), જે આ ચારચે બળોમાંથી સૌથી દુર્બળ છે, તે પદાર્થની માત્રાને સાથે રાખે છે. પરંતુ એક કણ ગુરુત્વ કે ગ્રેવિટોનનું સંચારણ કરે તો સંકેત બહુ સીમિત હોય છે.





ચિત્ર ૧૦.૫ : મેસોન $m_1$ અને $m_2$ વચ્ચે ગુરુત્વીય બળ અને ગ્રેવિટોન

આ યાદીમાં આપણે કાર્મિક બળો ઉમેરી શકીએ. કાર્મિક ક્ષેત્રો પણ અભૌતિક ક્ષેત્રો છે, જે પોતાનો પ્રભાવ અવકાશમાં ફેલાવે છે અને કાળમાં

ચાલુ રહે છે, પરંતુ અજીવ અને જીવ વચ્ચે એટલે કે આત્મા અને કાર્મણો વચ્ચે પરસ્પર ક્રિયા થવા દે છે. બૉસૉનની જેમ કાર્મિક બળો માટે, આત્મા અને કાર્મણો વચ્ચેની પરસ્પર ક્રિયા માટે ''કષાયો'' (કાર્મિક ઉત્સર્જનનું એક સ્વરૂપ) છે. સિવાય કે અ-કષાય (બળ-કવચ) હેઠળ જ્યારે માત્ર કાર્મિક ઉત્સર્જન થાય (જુઓ ચિત્ર ૧૦.૬), પણ કર્મબંધ નહિ.

આ બે બૉસૉનોને અનુક્રમે ''પેસિઓન'' અને ''એપેસિઓન'' કણો કહી શકાય. બીજું એક સ્તર (જુઓ એસ.કે.જૈન, ૧૯૮૦) તેજોમય બળ કદાચ, મૃત્યુ સમયે મુક્ત થતા વિદ્યુતચુંબકીય પ્રકારના તરંગોના ઊર્જાના સ્વરૂપ (તેજસ સંપુટ) તરીકે પુનર્જન્મનું ચક્ર સમજાવી શકે. આમ, એ તત્કાળ લાંબા અંતર સુધી કાર્મિક શરીરમાં વિશિષ્ટ સંદેશા, વિચાર લઈ જઈ શકે. ઉદાહરણ તરીકે કાર્મિક શરીર ફેરોમોન (pheromone) નામનો રાસાયણિક ઘટક વગેરે સાથે લઈ જઈ શકે.




ચિત્ર.૧૦.૬ : એક એપેસિઓનું કાર્મિકબળ તેના બૉસૉન તરીકે

(ફેરોમોન એ રાસાયણિક ઘટક વ્યક્તિગત માહિતી, વિચારની આપ-લે કરી શકે તેવા પ્રાણીમાં પેદા થાય છે.) આ કાર્મિક શરીર ગર્ભ(zygote) સાથે સંલગ્ન અને સંક્રમિત હોય છે. (ઝાયગોટ એટલે નર અને માદાના સંયોગથી પરિણમેલો નવજાતનો પ્રથમ કોષ). ગર્ભને મળતી ''ઊર્જા'' ડીએનએ (DNA) માં પૂર્વનિર્ધારિત ફેરફારો પ્રેરી શકે છે (DNA એટલે જીવનનો આનુવંશિક કોડ). જો કે આ વિષયનો ગહન અભ્યાસ જરૂરી છે.

## ૧૦.૪ અન્ય કેટલીક સમરૂપતાઓ

આધુનિક કણ ભૌતિકવિજ્ઞાન અને જૈન કણ ભૌતિકવિજ્ઞાન વચ્ચેની કેટલીક સમરૂપતાઓ જી.આર.જૈન(૧૯૭૫) અને ઝવેરી (૧૯૭૫)એ દર્શાવી છે.

મુદ્દા ૪.૫ માં દર્શાવેલા જૈન ચરમ કણોના પાંચ ગુણો વર્તમાન ભૌતિકશાસ્ત્ર સાથે નીચે પ્રમાણે સમતુલ્ય ગણી શકાય, અલબત્ત આ વિગતો બિનઆધારભૂત છે :

(૧) **પાંચ રંગો** : ક્વાર્કના ૩ વિદ્યુતભારીત રંગો + ધન અને ઋણના બે ભાર સફેદ અને કાળા રંગ તરીકે.

(૨) **પાંચ સ્વાદ** : ક્વાર્ક અને લેપ્ટોનના સ્વાદ (ક્વાર્કનો છઠ્ઠો સ્વાદ હજુ સુધી પરખાયો નથી.)

(૩) **બે ગંધ** : ઘૂર્ણન ૧ અને ૧/૨

(૪) **સ્પર્શ** : (અ) ઇન્દ્રિયગોચરતા = ગોજ બૉસૉન
(જી. આર. જૈન તેને ધન અને ઋણ ભાર સાથે સમાન ગણે છે.)
(બ) તાપમાન = વિકિરણ
ઇન્દ્રિયગોચરતાની તીવ્રતા = ઊર્જા સ્તર.

(મુદ્દા ૪.૫ માં આપેલો ચરમ કણોના સંયોગનો નિયમ પાઉલીના અપવર્જન સિદ્ધાંત (Pauli's exclusion principle) જેવો છે).

**(૫) બે પ્રકારના ચરમ કણો** : કાર્ય કણ અને કારણ કણ = કણ અને તેનો પ્રતિ-કણ.

(જી. આર. જૈન આને અનુક્રમે ઇલેક્ટ્રોન અને પોઝીટ્રોન સાથે સમાન ગણે છે.)

અન્ય કેટલાંક ટિપ્પણ નીચે મુજબ છે :

ચરમ કણો એ એક અર્થમાં કણો છે અને બીજા અર્થમાં તે ઊર્જાઓ છે. ચરમ કણોના ગતિ અને અવસ્થા સંબંધી ગુણધર્મો સંભવિત,

અનિશ્ચયાત્મક છે અને તે હાઈઝનબર્ગના અનિશ્ચિતતાના સિદ્ધાંતને પ્રતિબિંબિત કરે છે. વળી, ચરમ કણોને ગતિમાન અવસ્થામાં અવરોધી કે રોકી શકાતા નથી, સિવાય કે સમૂહમાં, તે ભેગા હોય. આમ, તે ન્યૂટ્રીનો અથવા તો ફોટોન કરતાં વધુ ઝડપ ધરાવતા ટેકિઓન જેવા છે.

કુદરતનાં ચાર બળોને અનુરૂપ ચાર ક્ષેત્રો ઉપરાંત, વધારામાં શેલ્ડ્રેક(૧૯૮૧) "મોર્ફિક અનુનાદ"ને અનુરૂપ "મોર્ફિક ક્ષેત્ર" સૂચવે છે; જૈનવિજ્ઞાન કાર્મિક ક્ષેત્ર પર આધાર રાખે છે. કાળ અને અવકાશનાં ચાર સામાન્ય પરિમાણ છે, પણ નવા સાપેક્ષતાવાદમાં દ્રવ્યમાન(mass)નું પાંચમું પરિમાણ ધ્યાનમાં લેવાય છે. અહીં એ ધ્યાનમાં રાખવું જોઈએ કે જૈનોના "પ્રદેશ" કે "આકાશ-પ્રદેશ"ની પરિભાષા મુજબ આને એક બિંદુ માનવામાં આવે છે, જેને પરિમાણ હોય છે, અતિ અલ્પ પણ પરિમાણ હોય છે. વિશ્વના તમામ ચરમ કણોને એક બિંદુમાં સમાવી શકાય (જુઓ બાશમ, ૧૯૫૩ પૃ.૭૭-૭૮).

આ રીતે બિગ બેંગ થીયરી (big bang theory) તરફ ઇશારો થાય છે. વળી, બાશમ(૧૯૫૩, પૃ.૭૮) પણ પ્રાચીન, જૈન ગાથા દર્શાવે છે– "પારિમાણીય બિંદુઓનું સંકુલ સમક્ષિતિજ છે, જ્યારે કાળ સાથે જોડાયેલાં કાર્ય ઊર્ધ્વ હોય છે." આમ, કાળ એ ચોથું પરિમાણ છે.

આધુનિક ભૌતિક વિજ્ઞાનના હાલના અગ્રણીઓમાંના એક છે – સ્ટીફન હૉકિંગ. એમનો તર્ક છે કે વિશ્વને આદિ કે અંત નથી (જુઓ, હૉકિંગ, ૧૯૮૮ પૃ.૧૧૬). વળી આ જ મત મુદ્દા ૬.૪ માં જૈન વૈશ્વિક ચક્રોમાં સ્પષ્ટપણે નિરૂપેલો છે. વળી, તેમનો દાવો કે વિશ્વ સિમિત છે તે વિશ્વ વિશેની જૈન સંકલ્પનામાં નિહિત છે. કૃષ્ણ વિવર(Black hole)ની વિભાવના મુદ્દા ૪.૪માં સાંકેતિક મોક્ષની વિભાવનાને મળતી આવે છે.

અધિષ્ઠિત અને અનધિષ્ઠિત આકાશ (લોકાકાશ અને અલોકાકાશ)ની સીમાઓ પણ ઘટના-સીમા(event horizon) જેવી છે, જે કૃષ્ણ વિવરની સીમા માટે પ્રયોજિત થાય છે (જુઓ હૉકિંગ ૧૯૮૮, પૃ.૮૯). જો કે કોઈ પણ વ્યક્તિ કૃષ્ણ વિવરમાં જવાને બદલે મોક્ષમાં જવાનું વધુ પસંદ કરશે. જૈનવિજ્ઞાનમાં વિચારોને પણ કણિકામય માનવામાં આવ્યા છે.

## ૧૦.૫ સમાપન

આધુનિક વિજ્ઞાન વિક્ષુબ્ધ સ્થિતિમાં છે. હાલમાં દ્રવ્ય અને ક્ષેત્રો વિશે નવી સંકલ્પના(concept)ઓ ઊપસી રહી છે. વિજ્ઞાન અને ધર્મના વિહંગાવલોકનમાં વિશેષ રસ ધરાવતા વાચકોને ડેવીસ (૧૯૮૩) અને ખુરશીદ(૧૯૮૭) જોવા ભલામણ છે. આપણે આઈન્સ્ટાઈન(૧૯૪૦, ૧૯૪૧)ના અભિપ્રાયોમાંના કેટલાકથી સમાપન કરીએ.

એક, આઈન્સ્ટાઈનની ધર્મ વિશેની સંકલ્પના જૈનોની સંકલ્પનાની ઘણી નિકટ છે :

"........એક વ્યક્તિ જે ધાર્મિક રીતે પ્રબુદ્ધ છે તે મને એવી લાગે જેણે પોતાની ઉત્તમ ક્ષમતાથી પોતાને પોતાની સ્વાર્થી ઇચ્છાઓથી મુક્ત કરી છે....."

બીજું, તેનું વિજ્ઞાન અને ધર્મ પ્રત્યેનું વલણ (આઈન્સ્ટાઇન, ૧૯૪૦, ૧૯૪૧) ધ્યાનમાં રાખવા જેવું છે : "એ બાબતમાં શ્રદ્ધા હોવાની શક્યતા છે કે વિશ્વના અસ્તિત્વ માટેના નિયમનો તાર્કિક અર્થાત્ તર્કથી સુસ્પષ્ટ, બોધગમ્ય છે. હું પ્રગાઢ શ્રદ્ધા વગરનો પ્રામાણિક વિજ્ઞાનીની કલ્પના નથી કરી શકતો. આ સ્થિતિનું તાદૃશ વર્ણન આ રીતે કરી શકાય :

ધર્મ વિનાનું વિજ્ઞાન પંગુ છે,<br>
વિજ્ઞાન વિનાનો ધર્મ અંધ છે."

•

# ઉપસંહાર

આ પુસ્તકના પ્રથમ સંસ્કરણ બાદ લેખકને આ પુસ્તકના વિષયવસ્તુના સંબંધે અનેક સંગોષ્ઠીઓમાં ભાગ લેવાના પ્રસંગો ઊભા થયા છે. આ પ્રકારનાં વ્યાખ્યાનોએ એમને અવસર આપ્યો કે આ પુસ્તકના બધા જ મુખ્ય સિદ્ધાંતોને એક સંગોષ્ઠીમાં આધારરૂપે પ્રસ્તુત કરવામાં આવે. તે અનુસાર આ પુસ્તકના સારને અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે. આ સાર નવી પેઢીને વિશેષરૂપે ઉપયોગી થશે. વળી જિજ્ઞાસુઓને પોતાના જ્ઞાનની અભિવૃદ્ધિ માટે એલ.એમ. સિંઘવી (૧૯૯૧), અતુલ શાહ(૧૯૯૦) અને માઇકલ ટોબાયાસ(૧૯૯૧)નાં તાજેતરનાં પુસ્તકો વાંચવાની ભલામણ કરું છું.

**૧. કાર્મણ કણ અને કર્મોનું વ્યક્તિગત કોમ્પ્યુટર**

આઇન્સ્ટીને કહ્યું છે :-

ધર્મ વિના વિજ્ઞાન પંગુ છે,
વિજ્ઞાન વિના ધર્મ અંધ છે,

આ દૃષ્ટિએ જૈન ધર્મ એ ધર્મ હોવાની સાથે સાથે વિજ્ઞાન પણ છે. જૈન ધર્મનો પ્રત્યેક પક્ષ વિશ્વ અને તેમાં વિદ્યમાન જીવ અને અજીવ વસ્તુઓના વિશેષ જ્ઞાન પર આધારિત છે. આધુનિક વિજ્ઞાન વસ્તુના સત્યાંશનું પ્રકાશન કરે છે. તે પદાર્થને બળ અને લઘુતર કણોના રૂપમાં વ્યાખ્યાયિત કરે છે. ઇલેક્ટ્રોનના માધ્યમથી વિદ્યુત આપણા ઓરડાને પ્રકાશિત કરે છે. વિદ્યુતચુંબકીય બળોને આધારે રેડિયોના તરંગો લાઉડસ્પીકરથી ધ્વનિને ઉત્પન્ન કરે છે. આવા બીજાં અનેક ઉદાહરણો આપી શકાય. જૈન ધર્મ પણ આવા જ અદૃશ્ય લઘુતર કણો અને આત્માની અન્યોન્ય ક્રિયાના

માધ્યમ દ્વારા જીવનને વ્યાખ્યાયીત કરે છે. જૈનોનો લઘુતર કણ કર્મ પુદ્‌ગલ અથવા કાર્મણ પરમાણુ છે. (એવા પરમાણુ-પુદ્‌ગલ જેમાં કર્મરૂપ ધારણ કરવાની ક્ષમતા હોય છે.) આ કર્મ કર્મશક્તિને ઉત્પન્ન કરે છે. આપણે આપણી વિભિન્ન પ્રકારની ક્રિયાઓ દ્વારા આ કામર્ણ પુદ્‌ગલો - પરમાણુઓને આકર્ષિત (આસ્રવ) કરતા રહીએ છીએ અને તેમાંથી કેટલાકને તેનો પ્રભાવ પૂર્ણ થયા બાદ છૂટા કરતા જઈએ છીએ. આ રીતે આત્માની સાથે એક પ્રકારનું "કાર્મિક કોમ્પ્યુટર" લાગેલું છે, તે બધા પ્રકારની ગણતરી રાખે છે. આ વ્યક્તિગત કોમ્પ્યુટર કર્મોના અવશોષણ અને નિર્ગમનનો હિસાબ રાખે છે. એટલું જ નહીં પરંતુ તે પૂર્વજન્મના રેકોર્ડ દ્વારા કેટલાંક કર્તવ્ય અને દિશાઓનું પણ નિર્દેશન કરે છે. ઉદાહરણ રૂપે, તમારા કાર્મિક કોમ્પ્યુટરમાં તમને આ પુસ્તક વાંચવાનો સંદેશ છે અથવા જૈન ધર્મના વિષયમાં વાંચવા-વિચારવાનો સંદેશ છે. આ એક સારી ક્રિયા છે. પરિણામે આત્મા સકારાત્મક કાર્મણો અથવા શુભ કર્મોનું અવશોષણ કરે છે. આ શુભ કર્મોનો પુણ્યોદય થાય છે. વળી, સકારાત્મક કાર્મણ કણોનું અવશોષણ નકારાત્મક કાર્મણ કણોના પ્રભાવને ઓછો કરે છે, તેને લીધે આત્માની શુદ્ધિ વધવા લાગે છે. આમ કર્મ પુદ્‌ગલ અને આત્મા એક ન્યૂક્લીયર રીએક્ટરની કોટિનું કાર્મિક રીએક્ટર બની જાય છે અને તેનાથી ઉત્સર્જિત પ્રબળ ઊર્જા આત્માના શુદ્ધીકરણની પ્રક્રિયા જેવી બને છે.

આ ક્રિયાઓને નિરૂપિત કરવા માટે જૈન ધર્મમાં બંધ (કર્મબંધ), આસ્રવ (કર્મશક્તિનું આકર્ષણ) આદિ શબ્દ પ્રયુક્ત કરવામાં આવ્યા છે. જેવી રીતે આધુનિક ભૌતિક વિજ્ઞાનનો આધાર વિભિન્ન પ્રકારની શક્તિઓ છે. તેવી જ રીતે જૈન ધર્મનો આધાર કર્મશક્તિ છે. જેવી રીતે આધુનિક વિજ્ઞાન પદાર્થ અને ઊર્જાની અન્યોન્ય પરિવર્તનીયતામાં વિશ્વાસ કરે છે, તેવી જ રીતે કર્મ પુદ્‌ગલ અને આત્મામાં અન્યોન્ય ક્રિયાપ્રતિક્રિયા થાય છે. આ દ્રવ્યમાન અને ઊર્જાની સમકક્ષતા માટે જૈનોએ પુદ્‌ગલ (પુદ્-સંયોજન, ગલ-વિયોજન)શબ્દનો પ્રયોગ કર્યો છે. આધુનિક વિજ્ઞાનમાં આ પ્રકારની ધારણા માટે આવો કોઈ જ શબ્દ નથી, કારણકે આધુનિક વિજ્ઞાનની શબ્દાવલી યુનાની અથવા લેટિન ભાષામાંથી ઉદ્‌ભવેલી છે.

## ૨. કર્મબંધ અને શાકાહાર

આપણું લક્ષ્ય આ કાર્મણ કણોના અંતર્ગ્રહણની માત્રાને ઓછું કરવાનું છે. આ એક મહત્ત્વપૂર્ણ કારણ હોવાથી શાકાહાર એ જૈનજીવનનું એક અનિવાર્ય અંગ બન્યું છે. જૈનો ડુંગળી-બટાટા જેવા કોઈપણ કંદમૂળ ખાતા નથી, પરંતુ જમીનની ઉપર ઉગનારા તમામ શાકભાજી તથા ફળો ખાય છે. તમે આનું કારણ જાણીને આશ્ચર્યચકિત થઈ જશો. જૈનો દ્વારા તેનું કારણ આપવામાં આવે છે કે જમીન ઉપર ઉગનારા સફરજન આદિમાં જીવોની સંખ્યા કરતાં કંદમૂળમાં જીવોની સંખ્યા અધિક હોય છે. સફરજનના એક બીજમાં માત્ર એક જ જીવ છે જ્યારે કંદમૂળના એક બટાટા કે ડુંગળીમાં અનેક જીવ હોય છે. આથી બટાટાના એક અંશથી પુનઃ અનેક બટાટા ઉત્પન્ન થાય છે અર્થાત્ સફરજન કરતાં કંદમૂળમાં જીવોની સંખ્યા અધિક હોય છે. પરિણામે કંદમૂળ ખાવાથી અનેક જીવોની હત્યા થાય છે, જ્યારે સફરજન ખાવાથી અલ્પ જીવોની હત્યા થાય છે. આથી સફરજનના ભક્ષણ કરતાં કંદમૂળના ભક્ષણથી અધિક કર્મગ્રહણ થાય છે. આ સિદ્ધાંત અન્ય ખાદ્ય પદાર્થો ઉપર પણ લાગુ પાડી શકાય. આમ જૈનો ખૂબ જ દૃઢતાપૂવક શાકાહારનું પાલન કરે છે. તેઓ માંસ, માછલી અને ઈંડાં પણ ખાતા નથી. જૈનોનો આહાર માત્ર અનાજ, ફળો, શાકભાજી અને દૂધ તથા દૂધની બનાવટો સુધી જ સીમિત છે.

## ૩. કાર્મણ કણો અને જ્ઞાનનું આવરણ

આપણા વિચારોમાં બુદ્ધિ-સંગતતા લાવવા માટે જૈન તર્કશાસ્ત્રનું પરીક્ષણ પણ કરવું જોઈએ. જૈન ધર્મ સાપેક્ષ કથન(સ્યાદ્વાદ)ના સિદ્ધાંતમાં વિશ્વાસ કરે છે. સ્યાદ્વાદ અર્થાત્ પ્રત્યેક વસ્તુનું સ્વરૂપ વિશિષ્ટ સમયમાં થનારા આપણા જ્ઞાન પર હોય છે. તેમ જ જ્યાં સુધી આત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી વસ્તુનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. કર્મ પુદ્ગલોથી બંધાયેલો આત્મા પેટ્રોલની તુલનામાં અપરિષ્કૃત કાચા તેલ જેવો છે. આ કાચા તેલને જેટલું પરિષ્કૃત કરવામાં આવે તેટલું જ પેટ્રોલ વધુ શુદ્ધ અને ક્ષમતાવાળું બને છે તેવી જ રીતે આત્માને જેટલો વધુ પરિષ્કૃત કરવામાં આવે તેટલો તે વધુ શુદ્ધ અને સામર્થ્યવાન બનવા લાગે છે.

જૈન ધર્મના વિચારોમાં અનેકાન્તવાદને અનુસરવાની ભલામણ કરવામાં આવી છે. આ સિદ્ધાંતનું વૈજ્ઞાનિક શોધમાં પૂર્ણતઃ અનુસરણ કરવામાં આવે છે. ઉદાહરણ રૂપે કેટલાક સમય પૂર્વે લઘુતમ કણ પ્રોટોન હતો આજે ક્વાર્ક છે.[૧]

ઉપરાંત જૈન ધર્મ એમ પણ કહે છે કે આપણે આપણા વિચારોમાં અનેકાન્તવાદના સિદ્ધાંતના આધારે સાપેક્ષવાદી બનવું જોઈએ. આ માટે પૂર્વે પ્રયોજવામાં આવેલું છ આંધળા પુરુષો અને હાથીનું ઉદાહરણ ધ્યાનમાં લેવું જોઈએ. જે વ્યક્તિ હાથીના પૂંછડાને પકડે છે તે હાથીને દોરડા જેવો માને છે. હાથીના પગને પકડનારો હાથીને થાંભલા જેવો માને છે. આમ અંધપુરુષ હાથીના જે જે અંગને સ્પર્શે તે હાથીને તેવો માને છે. આ છ પુરુષોનું જ્ઞાન આંશિક હોવાથી અપૂર્ણ છે. ખરેખર તો વ્યક્તિએ જીવન અને પદાર્થનાં બધાં જ પાસાઓને જોવા જોઈએ, તો જ પદાર્થના યથાર્થ જ્ઞાનને પામી શકાય. હાથી અને અંધપુરુષોની આ વાતો જે. જી. સાક્ષે(૧૮૧૬-૭૭)ની એક કવિતાના માધ્યમથી પશ્ચિમના દેશોમાં લોકપ્રિય બની હતી.

### ૪. શુદ્ધીકરણનો માર્ગ

સંક્ષેપમાં જૈન ધર્મ અનુસાર કાળ, આકાશ, જીવ, અને અજીવ (પુદ્‌ગલ) દ્રવ્ય હંમેશા વર્તમાન રહે છે અને ભવિષ્યમાં પણ રહેશે. વિશ્વ સ્વસંચાલિત અને સ્વનિયંત્રિત છે. જ્યાં સુધી કાર્મણ પુદ્‌ગલો સંપૂર્ણપણે નિર્જરીત ન થઈ જાય ત્યાં સુધી જીવન કર્મ પુદ્‌ગલો દ્વારા નિયંત્રિત હોય છે. આ કાર્મણ પુદ્‌ગલો કેવી રીતે નિર્જરીત થાય ? આ માટે જ આત્માના શુદ્ધીકરણનો માર્ગ નિદર્શિત કરવામાં આવ્યો છે. આ માર્ગ સરળ નથી કેમ કે જૈન ધર્મ માને છે કે આત્મા ઉપર ચોંટેલા કર્મ પુદ્‌ગલો માત્ર તપશ્ચર્યાથી જ ખરે છે કે નિર્જરીત થાય છે, અન્યથા વ્યક્તિગત કાર્મિક કોમ્પ્યુટર પોતાનું કામ કરતું જ રહેશે. આ માર્ગ આસક્તિને બદલે સંયમનો છે. જ્યારે આઇન્સ્ટાઇને ધર્મના સંબંધમાં પોતાની ધારણા પરિભાષિત કરી ત્યારે તેમણે કહ્યું હતું કે,

"....જે વ્યક્તિ ધાર્મિક દૃષ્ટિથી પ્રબુદ્ધ હોય છે તે મને એવો લાગે

છે કે જેણે પોતાની યોગ્યતા અનુસાર સ્વયંને સ્વાર્થપ્રેરિત આકાંક્ષાઓની બેડીઓથી મુક્ત કરી દીધો છે."

વાસ્તવમાં તો આ જૈન ધર્મની વ્યાખ્યા છે.

## ૫. આત્મસંયમ અને પર્યાવરણની સમસ્યાઓ

આત્મ-શોધન સંબંધી ઉપદેશ/માર્ગદર્શનમાં સંતુલિત જીવન જીવવાનો પ્રયત્ન કરવો અને કેટલીક હદ સુધી વ્રતો (વિરતિઓ) અને તપશ્ચર્યાનો અભ્યાસ કરવો સમાહિત છે. તેના દ્વારા વ્યક્તિ, વિશ્વ અને તેનાં સાધનો ઉપર વધુ પડતું ભારણ આવતું નથી. જૈનોની અહિંસાના સિદ્ધાંતનો નિહિતાર્થ માત્ર સ્વયં પ્રતિ અહિંસા નથી પરંતુ સમગ્ર જીવમાત્ર પ્રત્યે અને સમસ્ત માનવજાતિ પ્રત્યે અનુકંપાની ભાવના ભાવવાનો છે. ઘરમાં પાળેલાં જાનવરોને પણ છોડી દેવા અને તેમને ચાબૂક કે લાકડીથી મારવા નહિ. ક્યારેક તેને દંડ કરવો પડે એમ હોય અર્થાત્ દંડ આવશ્યક હોય તો સમુચિત વિચાર કરીને ક્રોધ કર્યા વગર દયાભાવથી દંડ આપવો જોઈએ. સંગ્રહ અથવા પરિગ્રહ ઓછો કરવો જોઈએ અને વ્યક્તિગત ભોગવિલાસમાં આસક્તિ ઓછી કરવી જોઈએ અને દાનની પ્રવૃત્તિ વધારતા જવી જોઈએ. સંપત્તિ અને પરિગ્રહ પ્રત્યે રાગ અને તેને એકઠી કરવાની ઇચ્છા એ મોહ અને મૂર્ચ્છાકારક સ્થિતિ છે. તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં મૂર્ચ્છાને જ પરિગ્રહ કહ્યો છે(તત્ત્વાર્થ સૂત્ર ૭.૧૭). જૈન ધર્મે સામાન્યરૂપે વ્યક્તિગત સંપત્તિનો માલિકરૂપે નહીં પરંતુ ટ્રસ્ટીરૂપે સ્વીકાર કરી તેનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કરવાની પ્રેરણા કરી છે. અર્થાત્ જૈન ધર્મ સામાજિક સંપત્તિની ધારણાને પ્રશ્રય આપ્યો છે. આ દૃષ્ટિએ હંમેશા સંપૂર્ણ સજાગતા મહત્ત્વપૂર્ણ છે. જેવી રીતે એક ક્ષણમાત્રનો નકારાત્મક વિચાર (પાપ, અશુભ) અસંયમિત જીવનમાં બહુ મોટા જથ્થામાં કાર્મણ પુદ્‌ગલોને ગ્રહણ કરી બરબાદી સર્જી શકે છે, તેવી જ રીતે સંયમિત જીવનમાં એકાદ સકારાત્મક વિચાર (પુણ્ય, શુભ) લઘુ, હળવા કાર્મણ કણો કે કાર્મણ પુદ્‌ગલોને ગ્રહણ કરી સ્થાયી શાંતિ અને ક્ષમતાને ઉત્પન્ન કરી શકે છે (જુઓ ટોબાયાસ, ૧૯૯૧, પૃ.૯૦).

જૈન ધર્મમાં પર્યાવરણનાં સંરક્ષણને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આત્માના કાર્મિક ઘનત્વ, વર્ણ અથવા લેશ્યાના સિદ્ધાંત દ્વારા પર્યાવરણના

સંરક્ષણની વાત દર્શાવવામાં આવી છે. આ વર્ણ- સમૂહ એટલે કે લેશ્યાનાં છ ક્રમિક સ્તર છે : કૃષ્ણ, નીલ, કાપોત, પીત, રક્ત-કમલ-ગુલાબી, દીપ્તિમાન તેજસ-શુક્લ. તેમાંના પહેલા ત્રણ ભારે ઘનત્વ(પાપ)ના પ્રતીક છે. જે.એલ. જૈની(૧૯૧૬)એ તેનો માનવીના આભામંડળ સાથે સંબંધ દર્શાવ્યો છે. વ્યવહારમાં એક વૃક્ષનાં ફળોને પ્રાપ્ત કરવાની લોકકથા સાથે સરખાવી આ રંગોના સ્તરોને વર્ગીકૃત કરવામાં આવ્યા છે. પ્રથમ કૃષ્ણ સ્તરનો માણસ વૃક્ષનાં ફળોને પ્રાપ્ત કરવા સમગ્ર વૃક્ષને કાપી નાંખે છે (કૃષ્ણ). બીજા સ્તરનો માણસ વૃક્ષની ડાળીઓને કાપે છે ( નીલ). ત્રીજા સ્તરની વ્યક્તિ વૃક્ષની શાખાઓને કાપે છે (કાપોત). ચોથા સ્તરની વ્યક્તિ ફળોના ઝૂમખાઓ તોડે છે (પીત). પાંચમા સ્તરની વ્યક્તિ વૃક્ષ ઉપરના પાકેલાં ફળોને જ તોડે છે ( ગુલાબી). છઠ્ઠા સ્તરની વ્યક્તિ વૃક્ષની નીચે, જમીન ઉપર પડેલાં પાકાં ફળોને જ વીણે છે (જુઓ ચિત્ર ૩.૧). આમ ઉચ્ચતમ આધ્યાત્મિક સ્તરની વ્યક્તિ માટે પર્યાવરણનું સંરક્ષણ સર્વાધિક મહત્ત્વપૂર્ણ છે. મળ અને પ્રદૂષણ ઉત્પન્ન કરવાથી પણ કાર્મણ કણોના ગ્રહણમાં વૃદ્ધિ થાય છે, કારણ કે તેને હિંસક પ્રવૃતિ માનવામાં આવે છે. (સિંઘવી, ૧૯૯૧). વાસ્તવમાં પર્યાવરણના સંરક્ષણની સમસ્યાનું સમાધાન મધમાખીના દૃષ્ટાંતથી પ્રાપ્ત થાય છે. મધમાખી વૃક્ષનાં ફળફૂલમાંથી વૃક્ષને જરા પણ હાનિ પહોંચાડ્યા વગર જ મધ ચૂસી લે છે અને સ્વયંને  શક્તિશાળી બનાવે છે.

•

# પરિશિષ્ટ

# ૧, ૨, ૩, ૪

# પરિશિષ્ટ ૧

## ભગવાન મહાવીર સ્વામીનું જીવનવૃત્તાંત

ભગવાન મહાવીરનો જન્મ ઈ.સ.પૂર્વ ૫૯૯ માં કુંડગ્રામ(વૈશાલી, બિહાર, ભારત)માં થયો હતો. તે સમયે એ એક મોટું નગર હતું અને હાલના ઉત્તર ભારતના પટણા નગરની પાસે આવેલું હતું. તેમના પિતા રાજા સિદ્ધાર્થ અને માતા રાણી ત્રિશલા હતાં. તેમનું સર્વ પ્રથમ નામ વર્ધમાન હતું. જ્યારથી માતા ત્રિશલા ગર્ભવતી થયાં ત્યારથી જ રાજ્યમાં બધા જ પ્રકારની સુખ-સમૃદ્ધિ વધવા લાગી હતી તેથી તેમનું નામ વર્ધમાન પાડવામાં આવ્યું હતું.

તેમણે પોતાના પ્રારંભિક જીવનમાં જ બૌદ્ધિક વિકાસ કર્યો હતો અને પશુઓ સાથે ઘનિષ્ઠતા સ્થાપિત કરી હતી. તેમણે બાલ્યાવસ્થામાં જ એક ભયંકર સાપને સાહસપૂર્વક વશમાં કરી લીધો હતો. તેમણે એક મદોમત્ત હાથીને પણ વશ કર્યો હતો. પરિણામે તે હાથી જન અને ધનને હાનિ ન પહોંચાડી શક્યો. તેમણે એક આતતાયી ઉપર પણ વિજય પ્રાપ્ત કર્યો હતો. આથી જ તેમનું નામ મહાવીર (મહાન વીર) પાડવામાં આવ્યું હતું.

તે સમયે રાજકુમારોને યોગ્ય સાહિત્ય, રાજનીતિ, ધનુર્વિદ્યા, ગણિત, આદિ અનેક વિદ્યાઓનું અને કલાઓનું વિશેષ પ્રશિક્ષણ અપાતું તેવી રીતે તેમને પણ આપવામાં આવ્યું હતું. તે બહુ જ બુદ્ધિમાન હતા. તેમના ગુરુએ પણ એ વાત સ્વીકારી હતી કે મહાવીરનું જ્ઞાન પોતાનાથી અનેકગણું શ્રેષ્ઠ છે.

તેઓ સામાન્યરૂપે જ રાજકુમારના રૂપે ઘરમાં રહ્યા હતા. શ્વેતામ્બર પરંપરા અનુસાર માનવામાં આવે છે કે તેમનો વિવાહ યશોદા સાથે થયો હતો. પરંતુ દિગમ્બર પરંપરા અનુસાર તેમનો વિવાહ થયો ન હતો.

તેમને પ્રિયદર્શના નામની પુત્રી હતી, જેનો વિવાહ જમાલીની સાથે થયો હતો. એક પરંપરા અનુસાર જ્યારે તેઓ ૨૮ વર્ષના થયા ત્યારે રાજમહેલની બહાર ફરવા માટે નીકળ્યા હતા. ત્યારે તેમણે જોયું કે માલિક પોતાના નોકરને કોરડા મારી રહ્યો હતો. આ ઘટનાથી તેમને ઘણું દુઃખ થયું. તેઓ વિચારવા લાગ્યા કે સમાજમાં ધનવાન વ્યક્તિઓ અશિક્ષિત, અજ્ઞાની અને નિર્ધન વ્યક્તિઓનું શોષણ કરે છે. પરિણામે તેમને ઘર-સંસાર છોડવાની ઇચ્છા થઈ. પરંતુ તેમને માતા-પિતા ઉપર અત્યંત સ્નેહ હતો. આથી તેમણે વિચાર કર્યો કે માતા-પિતા હયાત હોય ત્યાં સુધી પોતે ગૃહત્યાગ નહીં કરે. માતા-પિતાના મૃત્યુ પછી મોટાભાઈનો શોક ઓછો થાય અને અધિક આઘાત ન લાગે તે માટે તેઓ લગભગ બે વર્ષ સુધી સંસારમાં રહ્યા. ત્યારબાદ તેમણે મોટાભાઈ પાસે ગૃહત્યાગની આજ્ઞા માગી. (દિગમ્બર પરંપરા અનુસાર તેઓએ માતા-પિતાની હયાતીમાં જ ગૃહત્યાગ કર્યો હતો.) એવું માનવામાં આવે છે કે છેલ્લાં બે વર્ષ તેઓ સંસારમાં રહ્યા પણ પોતાનો મોટાભાગનો સમય રાજકાર્યો કે સાંસારિક કાર્યોમાં વિતાવવાને બદલે આત્મવિશ્લેષણમાં જ ગાળ્યો હતો.

ત્રીસ વર્ષના ઉંમરે તેમણે સંસારમાં વ્યાપ્ત અનેક પ્રકારની સમસ્યાઓના મૂળને શોધવા માટે ગૃહત્યાગ કર્યો. તેમણે માનવની પ્રકૃતિને સમજવા માટે તથા જગતના સ્વરૂપને સમજવા માટે વૈરાગ્ય ધારણ કર્યો. રાજમહેલનું વાતાવરણ અને તેમનું સામાજિક સ્તર આ બધાની શોધ કરવા માટે અનુકૂળ ન હતું તેથી જ તેમણે સંસારનો ત્યાગ કર્યો હતો.

## પરિ.૧.૧ લક્ષ્યનું અનુસરણ અને જ્ઞાનપ્રાપ્તિ

દીક્ષા ગ્રહણ કર્યા પછી સાડા બાર વર્ષ સુધી તેઓએ નિષ્ઠાપૂર્વક ગહન મનોમંથન કર્યું. લક્ષ્યની પ્રાપ્તિ માટે તેઓ સતત પ્રયત્ન કરતા રહ્યા. તેમણે અનુભવ કર્યો કે ધ્યાન સાધનામાં મિતાહાર, એક વસ્ત્ર ધારણ, પાદવિહાર અને ઉપવાસ સહાયક છે. તેની સાથે જ તે પોતાના હાથે કેશલોચ જેવી ક્રિયાઓના માધ્યમથી પોતાની આવશ્યકતાઓ ઉપર અને અન્ય પરની નિર્ભરતા ઉપર અંકુશ કરવા લાગ્યા. પોતાના લક્ષ્ય તરફ તેઓ અત્યંત જાગૃત હતા. દીક્ષા લીધા પછી તેર મહિના બાદ તેમનું

વસ્ત્ર ઝાડીમાં ભરાઈને ફાટી ગયું પણ તેની તેમણે પરવા ન કરી અને પછી નગ્નાવસ્થામાં જ રહ્યા. (જો કે દિગમ્બર પરંપરા અનુસાર તેમણે દીક્ષાના સમયે જ પોતાનાં બધાં જ વસ્ત્રોનો ત્યાગ કરી દીધો હતો.)

પોતાના ઉદ્દેશ્ય પ્રતિ નિષ્ઠા સાબિત કરનારી એક અન્ય ઘટના પણ છે. એક વખત તેઓ કોઈ એક ખેતર પાસ ઊભા-ઊભા ખડ્ગાસનમાં ધ્યાન કરી રહ્યા હતા. તેમની આજુબાજુ કોઈ ખેડૂતની ગાયો ચરી રહી હતી. ખેડૂતે તેમને જોઈને કહ્યું કે ''હું ક્યાંક જઈ રહ્યો છું. તમે મારી ગાયોની સંભાળ રાખજો.'' પરંતુ મહાવીર સ્વામી ઊંડા ધ્યાનમાં લીન હતા. તેમણે એ પણ ન જોયું કે તેમની આજુબાજુ ગાયો ચરી રહી છે. જ્યારે ખેડૂત થોડા સમય પછી પાછો ફર્યો ત્યારે તેણે જોયું કે તેની ગાયો ત્યાં ન હતી. તેણે ધ્યાનસ્થ મહાવીર સ્વામીને પૂછ્યું, પરંતુ તેને કોઈ જ ઉત્તર ન મળ્યો, કારણ કે તેમણે મૌનવ્રત ધારણ કર્યું હતું. આથી ખેડૂત વધુ વ્યગ્ર થયો અને તેણે મહાવીરને દંડ દેવા માટે ત્યાં પડેલા લાકડાના બે ખીલા તેમના કાનમાં ઠોકી દીધા. પરંતુ તેથી મહાવીરનું મૌન તૂટ્યું નહીં, તેઓ તો તેના પ્રતિ કરુણાવાન બન્યા.

કહેવાય છે કે મંખલી ગોશાલકે ભગવાન મહાવીરને શોધ્યા ન હતા ત્યાં સુધી મહાવીર એકાકી સાધના કરતા હતા. મંખલી ગોશાલકે મહાવીર સ્વામીના ઉત્તમ ગુણો વિશે સાંભળ્યું હતું. ગોશાલક એક પરિવ્રાજક કથાવાચક હતો અને નિયતિવાદી આજીવક સંપ્રદાયનો અનુયાયી હતો. સમય જતાં તે આજીવક સંપ્રદાયનો પ્રમુખ પ્રવક્તા બની ગયો હતો. એમ કહેવામાં આવે છે કે મહાવીર અને ગોશાલ છ વર્ષ સુધી સાથે રહ્યા હતા. આટલા સમયમાં ગોશાલક મહાવીર સ્વામી અને તેમની ક્ષમતાઓથી સુપેરે પરિચિત થઈ ગયો હતો. મહાવીર સ્વામીએ તેને છ મહિનાની તપશ્ચર્યા બતાવી હતી જે તેમના જેવી ક્ષમતાઓ પ્રાપ્ત કરવા માટે આવશ્યક હતી.

અંતમાં ગોશાલક મહાવીર સ્વામીનો વિરોધી થઈ ગયો અને તેણે મહાવીર સ્વામીને પડકાર્યા. તેણે મહાવીર સ્વામીને ભયભીત કરવા માટે શાપ આપ્યો કે તેઓ છ મહિનામાં જ કોઈ ભયંકર બિમારીથી મરી જશે. મહાવીર સ્વામી બિમાર પડ્યા પણ પછી સ્વસ્થ થઈ ગયા. થોડા સમય

પછી ગોશાલક સ્વયં મરી ગયો. પરિણામે એવી ધારણા થઈ કે શાપ તેને જ વળગ્યો અને તે મૃત્યુ પામ્યો. મહાવીર સ્વામી હંમેશા યૌગિક અથવા જાદુઈ શક્તિઓના ઉપયોગના વિરોધી હતા.

અંતે મહાવીર સ્વામીને પોતાના ઉદ્દેશ્યની શોધ માટે લીધેલી દીક્ષાના ૧૨ વર્ષ, ૬ મહિના અને ૧૫ દિવસ પછી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. આથી તેઓ સમગ્રરૂપે વિશ્વની સંરચના, કાર્યવિધિ અને વિશેષરૂપે માનવ પ્રકૃતિને સમજવા સમર્થ બન્યા. આ આન્તરજ્ઞાનથી તેઓ બધા જ પ્રકારની સમસ્યાઓના મૂળને જાણવા સમર્થ બન્યા.

## પરિ.૧.૨ તીર્થંકરરૂપે ભગવાન મહાવીરનું જીવન

પોતાના ઉદ્દેશ્યથી પ્રાપ્તિ માટે રાજવૈભવ છોડી દીક્ષા ગ્રહણ કર્યા બાદ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ભગવાન મહાવીરે પોતાના જ્ઞાનનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કરવાનો વિચાર કર્યો. અર્થે જ્ઞાનને સમાજ સમક્ષ, લોકકલ્યાણ અર્થે લઈ આવવાની ઘટના તેમના લક્ષ્યપ્રાપ્તિ માટેની સાધના કરતાં પણ મોટી ઘટના છે. તેમણે પોતાનો સર્વપ્રથમ ઉપદેશ એવા શ્રોતાઓને આપ્યો કે જેમાં ઇન્દ્રભૂતિ ગૌતમ પણ ઉપસ્થિત હતા. ગૌતમ હિન્દુ શાસ્ત્રોના મહાન જ્ઞાતા હતા અને તેમને પોતાના જ્ઞાનનું અભિમાન હતું. આ બંનેના સમાગમ સમયે કેટલાક પ્રશ્નોત્તર થયા, જેનું સમાધાન પામીને ઇન્દ્રભૂતિ ગૌતમ પ્રથમ ગણધર (પ્રથમ શિષ્ય) બન્યા. મહાવીર સ્વામીની અંતરંગ સભામાં અગિયાર ગણધર હતા. મહાવીર સ્વામીમાં સ્વભાવતઃ મહાન સંગઠન ક્ષમતા હતી. જ્યારે તેમના અનુયાયીઓની સંખ્યા વધવા લાગી ત્યારે તેમણે ચતુર્વિધ સંઘ(શ્રાવક, શ્રાવિકા, સાધુ અને સાધ્વી)ના રૂપે તીર્થ (સંસાર, સમુદ્રને પાર પામવાનું માધ્યમ)ની સ્થાપના કરી. તેમની પુત્રી પ્રિયદર્શના પણ (જેનો વિવાહ જમાલિ સાથે થયો હતો) ભગવાન મહાવીરની અનુયાયી બની.

તત્કાલીન હિન્દુ ધર્મના પ્રભાવથી પોતાની વિચારધારાને ભિન્ન કરવા માટે તેમણે નવી શબ્દાવલીના વિકાસમાં બહુમુખી પ્રતિભા દર્શાવી. ઉદાહરણરૂપે સામાન્ય અનુયાયીને શ્રાવક કહેવામાં આવ્યા, જે શ્રદ્ધાપૂર્વક ઉપદેશ સાંભળે છે તે. (શ્ર-શ્રદ્ધા, વ-વિવેક, ક-ક્રિયા). તેમણે સાધુઓને શ્રમણ કહ્યા. અર્થાત્ જે આધ્યાત્મિક પથ ઉપર ચાલવા માટે શ્રમ કરે તે.

આટલું જ નહીં પણ તેમણે દૃઢતાપૂર્વક જગતની સ્વસંચાલિતતાની ધારણાને પુષ્ટ કરી અર્થાત્ તેમણે ઈશ્વરની એ અવધારણાને નિરસ્ત કરી જે પ્રત્યેક વ્યક્તિના દૈનિક જીવનને પણ પ્રભાવિત કરતી હતી. આટલું જ નહીં પરંતુ તેમણે ઉદ્‌ઘોષણા કરી કે પ્રત્યેક વ્યક્તિને નિર્વાણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે અને તે પોતાના જ પ્રયાસોથી પ્રાપ્ત કરી શકે છે તે માટે અન્ય કોઈ પ્રભુસત્તા, ઈશ્વર સત્તા કે માધ્યસ્થરૂપે પુરોહિતોની સહાયતાની જરૂર નથી.

મહાવીર સ્વામીએ બધા જ જીવો અને મનુષ્યોની સમાનતાનો પ્રચાર કર્યો. આ દ્વારા તેમણે દાસપ્રથા, જાતિવ્યવસ્થા, પશુબલિ, આદિના ત્યાગનો ઉપદેશ આપ્યો. હકીકતે તેમના સાધ્વી સંઘની મુખ્ય સાધ્વી ચંદનબાળા દાસી જ હતી. એક બીજા સીમાંત ઉપર તત્કાલીન રાજાઓમાં પ્રમુખ રાજા શ્રેણિક બિંબિસાર તેમનો નિષ્ઠાવાન અનુયાયી બની ગયો હતો. (જુઓ એચ.એલ.જૈન અને ઉપાધ્યે, ૧૯૭૪).

મહાવીર સ્વામીનું એક ક્રાંતિકારી યોગદાન એ પણ હતું કે તેમણે હિન્દુઓની આશ્રમ વ્યવસ્થામાં મૂળભૂત પરિવર્તન આણ્યું. હિન્દુ પરંપરા પ્રમાણે સંન્યાસ એ જીવનના ઉત્તર ભાગમાં લેવાની વાત હતી, તેને બદલે મહાવીર સ્વામીએ જણાવ્યું કે સાંસારિક કાર્યોથી નિવૃત્તિ લેવા માટે કોઈ વિશેષ આયુ અથવા સમયસીમા હોતી નથી. જે લોકો જીવનના આરંભકાળમાં જ પૂર્ણ સાધુતા પ્રાપ્ત નથી કરી શકતા તેમને માટે તેમણે ક્રમિક પરિવર્તનનો માર્ગ પણ દર્શાવ્યો.

મહાવીર સ્વામીની વિશેષતા એ પણ હતી કે તેઓ બધા જ પ્રકારનાં પ્રાણીઓ અને જીવો માટે કરુણાની મૂર્તિ હતા. આ માટે ચંડકૌશિક નાગનું ઉદાહરણ રજુ કરવામાં આવે છે. આ નાગ પોતાના પક્ષાયતન પાસેથી પસાર થનાર કોઈ પણને રસ્તો પાર કરવા દેતો ન હતો. એક દિવસ સ્વયં મહાવીર સ્વામી તે રસ્તેથી પસાર થયા ત્યારે નાગે તેમને ડંશ દીધો. પરંતુ મહાવીર સ્વામી ખૂબ જ જ્ઞાની હતા. તેમણે જ્ઞાનથી નાગના પૂર્વભવો સહિત જાણી લીધું કે તેની પ્રવૃત્તિ આવી કેવી રીતે બની ? તેમને તે નાગ માટે કરુણા ઉપજી. તેમની આ કરુણા કોઈ માતાની પોતાના બાળક માટે હોય તેવી વાત્સલ્યભરી કરુણા હતી. ત્યારે નાગને

એવું પ્રતીત થયું કે ડંશને કારણે નીકળેલી લોહીની ધારા તે દૂધની ધારા સમાન હતી. ડંશની પીડા ગૌણ હતી, પરંતુ મહાવીર સ્વામીના મનમાં ચંડકૌશિકના કલ્યાણની ભાવના પ્રબળ બની ગઈ હતી.

ભગવાન મહાવીર સ્વામી પોતાના નિર્વાણ સુધી રત્નત્રયીની શિક્ષા આપતા રહ્યા. જૈન પરંપરામાં આજે પણ વિભિન્ન પ્રકારના મૂળભૂત ઉપદેશ અને આચાર પ્રચલિત છે, જેમાં સમયાનુસાર બહુ જ થોડા ફેરફારો થયા છે. વિશેષતઃ બધાં જૈનો દિવાળીનો ઉત્સવ ઉજવે છે, કારણ કે તે દિવસે જ ભગવાન મહાવીરને નિર્વાણ પ્રાપ્ત થયું હતું અને તે રાતે જ તેમના પ્રમુખ શિષ્ય ગૌતમ ગણધરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું.

•

# પરિશિષ્ટ ૨

## જૈન આગમગ્રંથો

પ્રત્યેક ધર્મની પોતાની આચાર અને વિચાર સંહિતા હોય છે, જેને ધર્મસંસ્થાપકો પોતાના જ્ઞાન અને અનુભવ દ્વારા આચારપાલનની સુવિધા માટે પવિત્ર ધર્મગ્રંથ રૂપે પ્રસ્તુત કરે છે. આ ગ્રંથોને શ્રુતિ, શ્રુત અથવા આગમ કહેવામાં આવે છે. જૈન ધર્મ પણ આમાં અપવાદ નથી. જૈન ધર્મના આગમોનો મૂલસ્રોત તીર્થંકરની વાણી છે.

એવું માનવામાં આવે છે કે તીર્થંકરોનો ઉપદેશ દિવ્યધ્વનિ-દિવ્યભાષા રૂપે પ્રાપ્ત થાય છે. (દિગમ્બર પરંપરા અનુસાર આ દિવ્યધ્વનિ ઉપદેશના અંતરંગ અર્થને સંચારિત કરે છે. ત્યારબાદ તેમના મુખ્ય ગણધર શિષ્યો તેને આગમરૂપે નિબદ્ધ કરે છે. જ્યારે શ્વેતામ્બર પરંપરા અનુસાર તીર્થંકર એક દિવ્ય માનવભાષામાં જ ઉપદેશ આપે છે.) સામાન્યતઃ ગણધરો તીર્થંકરના ઉપદેશોનું સંકલન, સંપાદન અને તેનું જનભાષામાં રૂપાંતરણ અથવા અનુવાદ કરવાનું કામ કરે છે. આથી આગમગ્રંથોને શાબ્દિક રૂપે ન લેવા જોઈએ, પરંતુ તેની આત્મવિશ્લેષણ અને સંકલનની ધારણાને પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

### પરિ.૨.૧ પ્રમુખ આગમગ્રંથો

સામાન્યરૂપે જૈન ધર્મના આગમગ્રંથોની સંખ્યા ૬૦ છે. તેને ત્રણ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યા છે :

વર્ગ-૧ પૂર્વ ૧૪

વર્ગ-૨ અંગ (પ્રાથમિક આગમગ્રંથ) ૧૨

વર્ગ-૩ અંગબાહ્ય (અન્ય આગમગ્રંથ) ૩૪

આ ૬૦ ગ્રંથોમાંથી વર્તમાનમાં કેવળ ૪૫ ગ્રંથો જ ઉપલબ્ધ છે, કારણકે ૧૪ પૂર્વ ગ્રંથો લુપ્ત થઈ ગયા છે, તથા એક અંગ ગ્રંથ-દષ્ટિવાદ પણ લુપ્ત થઈ ગયેલું માનવામાં આવે છે. આ ગ્રંથોના નામ અને પાંચ કોટિઓ અંગેનું વિસ્તૃત વર્ણન મુનિ નથમલે દસવેયાલિય સૂત્રની ભૂમિકામાં આપ્યું છે. નીચેની સારણી પરિ.૨.૧માં ગ્રંથોની રૂપરેખા કેટલાંક વિવરણો સાથે આપવામાં આવી છે. સારણી ૨માં વર્ગ-૩ના ઉપવર્ગોની જાણકારી આપવામાં આવી છે. જૈન ધર્મના અગિયાર અંગ આગમોની રચનામાં ભગવાન મહાવીરના પ્રમુખ ગણધર ગૌતમ સ્વામી અને સુધર્મ સ્વામીનું (જુઓ પરિશિષ્ટ ૧) પ્રમુખ યોગદાન છે. આ આગમગ્રંથોની મૌખિક સંચરણની પરંપરા બહુ લાંબા સમય સુધી ચાલુ રહી હતી.

આ આગમગ્રંથોનું ટીકાઓ સાથેના લેખનકાર્યનો લગભગ ઈ.સ. ૪૫૦(પાંચમી સદી)માં પ્રારંભ થયો. આચાર્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની પ્રેરણાથી વલભીમાં ત્રીજી અથવા ચોથી આગમવાચના થઈ હતી. આચાર્ય ભદ્રબાહુ દ્વિતીય(પાંચમી શતાબ્દી) અને જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ(છઠ્ઠી શતાબ્દી) આગમોના પ્રમુખ ટીકાકાર છે.

આ આગમગ્રંથોમાંથી કેટલાક વિશિષ્ટ આગમગ્રંથો નીચે પ્રમાણે છે :

**(૧) આચારાંગ સૂત્ર (વર્ગ-૨)** : જૈન સાધુ અને સાધ્વીઓની આચારસંહિતાનો ગ્રંથ.

**(૨) સૂત્રકૃતાંગ (વર્ગ-૨)** : અનેકાન્તવાદના આધારે જૈનેતર દર્શનોનું સમીક્ષાત્મક પરીક્ષણ.

**(૩) ભગવતી (વર્ગ-૨)** : (આનો અર્થ આદરણીય થાય છે.) : આ આગમગ્રંથમાં ગૌતમસ્વામીના પ્રશ્ન અને ભગવાન મહાવીરના ઉત્તરો સંગ્રહિત કરવામાં આવ્યા છે. ગ્રંથમાં સ્યાદ્વાદ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ગોશાલક અને મહાવીર સ્વામીના સંબંધોનું વર્ણન પણ સામેલ છે.

**સારણી પરિ.૨.૧ : જૈનોના પ્રમુખ (ઉપલબ્ધ) આગમગ્રંથ અને વિવિધ સંપ્રદાયો દ્વારા સમ્મત આગમસંખ્યા.**

| ક્રમ જૈન સંપ્રદાય | પૂર્વ (પ્રાચીન ગ્રંથ) | અંગ (પ્રાથમિક અંગ) | અંગબાહ્ય (દ્વિતીયક ગ્રંથ) | સમ્મત સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. શ્વેતામ્બર (મૂર્તિપૂજક) | ૦ (૧૪) | પ્રથમ ૧૧(૧૨) | ૩૪(૩૪) | ૪૫ |
| ૨. સ્થાનકવાસી | ૦ (૧૪) | પ્રથમ ૧૧(૧૨) | ૨૧(૨૧) | ૩૨ |
| ૩. તેરાપંથી(શ્વે.) | ૦ (૧૪) | પ્રથમ ૧૧(૧૨) | ૨૧(૨૧) | ૩૨ |
| ૪. દિગમ્બર | ૦ (૧૪) | ૧૨ | ૧૪ | ૨૬ |

* જુઓ સારણી ૨

**સારણી પરિ. ૨.૨ : અંગબાહ્ય વર્ગ-૩ ના ગ્રંથોનું વિવરણ.**

| ક્રમાંક | વર્ગ-૩ ના ઉપવર્ગ | અર્થ | ગ્રંથોની સંખ્યા શ્વે. | સ્થા. | દિગ. |
|---|---|---|---|---|---|
| અ | ઉપાંગ | અંગના દ્વિતીયક ગ્રંથ | ૧૨ | ૧૨ | — |
| બ | છેદસૂત્ર | આચારસંહિતા-પ્રાયશ્ચિત | ૦૬ | ૦૪ | — |
| સ | મૂળસૂત્ર | મુખ્ય આચારસંહિતા | ૦૪ | ૦૪ | — |
| દ | પ્રકીર્ણક | વિવિધ | ૧૦ | — | ૧૪ |
| ય | ચૂલિકા | — | ૦૨ | ૦ | ૦ |
| ર | આવશ્યકસૂત્ર | — | ૦ | ૦ | ૦ |
| | કુલ | | ૩૪ | ૨૧ | ૧૪ |

(૪) **દૃષ્ટિવાદ (વર્ગ-૨)** : આ અંગ આગમગ્રંથ વર્તમાનમાં ઉપલબ્ધ નથી. આમાં મુખ્યત્વે કર્મવાદની વિવેચના કરવામાં આવી હતી. તેમાંથી દિગમ્બર પરંપરાના બે મુખ્ય આગમ કલ્પ ગ્રંથો ષટ્ખંડાગમ અને કષાયપાહુડની રચના કરવામાં આવી છે. આ બંને ગ્રંથોની પ્રમુખ ટીકાઓ ક્રમશઃ વીરસેન કૃત ધવલા(ઇ.સ. ૮૧૬) અને જયધવલા (ઇ.સ. ૮૨૩)ની છે. આ ગ્રંથનો કેટલોક ભાગ જયસેને લખ્યો હતો. આ ગ્રંથ ઇ.સ.૭૯૨ થી ૮૩૭ વચ્ચે રચાયેલો માનવામાં આવે છે. શ્વેતામ્બર પરંપરામાં કર્મસાહિત્યની રચના દેવેન્દ્રસૂરિ (૧૪ મી સદી)કૃત કર્મગ્રંથ

છે. તેમાં તેમણે વિસ્તારથી કર્મસિદ્ધાંતની વિવેચના કરી છે. તેની વિષયસૂચિ માટે ગ્લાજનેપ(૧૯૪૨)નું પુસ્તક જુઓ.

**(૫) આચારદશા (વર્ગ-૩ બ) :** જૈનધર્મમાં કલ્પસૂત્ર પણ એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. તે આચારદશાનો આઠમો અધ્યાય છે. તેમાં તીર્થંકરો અને તેની ગણધરોત્તર પરંપાર (સ્થવિરાવલી) આપવામાં આવી છે. આ અધ્યાયમાં વર્ષાકાળ(ચાતુર્માસ)માં મુનિઓની આચારસંહિતા પણ આપવામાં આવી છે.

છેલ્લાં ૧૫૦૦ વર્ષથી આ ગ્રંથનું પર્યુષણમાં સાર્વજનિક વાચન કરવામાં આવે છે. (શ્વેતામ્બરોમાં પર્યુષણ આઠ દિવસનું અને દિગમ્બરોમાં પર્યુષણ ૧૦ દિવસનું હોય છે.) રાજા ધ્રુવસેનને પોતાના પુત્રના મૃત્યુને કારણે થયેલા શોકથી ઉગારવા માટે સહુથી પહેલા આનંદપુર(વલભી)માં આ ગ્રંથ જાહેરમાં વાચવામાં આવ્યો હતો. ત્યારથી આ ગ્રંથ જાહેરમાં વાંચવાની પરંપરા ચાલી આવે છે.

**(૬) દશવૈકાલિક (વર્ગ-૩ સ) :** આ ગ્રંથમાં મુનિજીવન સંબંધી વિવરણ છે. આ ગ્રંથના ૧૦ અધ્યાયોનો સ્વાધ્યાય નિર્ધારિત સમયસીમા પછી કરવામાં આવે છે.

**(૭) ઉત્તરાધ્યયન (વર્ગ-૩ સ) :** આ ગ્રંથમાં ભગવાન મહાવીરનો અંતિમ ઉપદેશ સંગ્રહિત કરવામાં આવ્યો છે. વિશેષતઃ ગૌતમ સ્વામીને ગુરુ પ્રત્યે નિર્મમત્વ ધારણ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે તે ભાગ અંતિમ ઉપદેશ રૂપે છે. તે સાથે કેશી-ગૌતમના સંવાદનું વિવરણ પણ પ્રાપ્ત થાય છે. આ સંવાદમાં ભગવાન મહાવીર સ્વામીએ ચારને બદલે પાંચ વ્રતો સ્વીકાર્યાની વાત કરવામાં આવી છે. પાંચમું જોડવામાં આવેલું વ્રત તે બ્રહ્મચર્ય છે.

**(૮) આવશ્યક (વર્ગ-૩ સ) :** આ ગ્રંથમાં વર્તમાન પ્રતિક્રમણનો અધિકાંશ ભાગ પ્રાપ્ત થાય છે. પ્રતિક્રમણનો અર્થ છે—પોતાના દોષોની સ્વીકૃતિ અને ભવિષ્યમાં તે દોષો ન થાય તેની કામના. આ પ્રતિક્રમણનો અભ્યાસ વર્તમાનમાં પ્રચલિત છે અને તેમાં જૈન ધર્મનો સારસંક્ષેપમાં વણી લેવામાં આવ્યો છે.

## પરિ.૨.૨ દ્વિતીયક જૈન આગમ-અનુયોગ-આધારિત ગ્રંથ

જૈન ધર્મના દ્વિતીય-ઉપાંગ ગ્રંથો પ્રથમ કોટિના આગમ-અંગ આગમગ્રંથોના પૂરક ગ્રંથો છે. તેને અનુયોગના આધારે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. આ અનુયોગના ચાર વિભાગ કરવામાં આવે છે. તેને જૈન ધર્મના ચાર વેદ પણ કહી શકાય. આ ગ્રંથો મુખ્યત્વે મુનિઓ તથા સ્થવીરોએ રચેલા છે. તેને ચાર વિભાગમાં વિભાજિત કરવાની પરંપરા પ્રથમ સદીમાં શરૂ થઈ હતી. તેના ચાર વિભાગ નીચે પ્રમાણે છે :

(૧) **પ્રથમાનુયોગ(પ્રાથમિક અનુયોગ) :** આ અનુયોગમાં તીર્થંકરો તથ અન્ય ઉચ્ચ કોટિના મહાપુરુષો અથવા શલાકાપુરુષોા જીવન-ચરિત્રોનું વર્ણન કરવામાં આવ્યું છે.

(૨) **કરણાનુયોગ(ટેકનિકલ બાબતોનો અનુયોગ) :** આ અનુયોગમાં વિશ્વવિજ્ઞાન તથા જ્યોતિષવિજ્ઞાન જેવા અન્ય પ્રાચીન વિજ્ઞાન અને કલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

(૩) **ચરણાનુયોગ(સાધુ તથા શ્રાવકોના આચારનો અનુયોગ) :** આ સહુથી વધુ મહત્ત્વપૂર્ણ અનુયોગ છે. જૈન યોગ અથવા આચાર સંબંધિત તેમાં આચાર્ય હેમચંદ્ર(બારમી સદી)ના યોગશાસ્ત્ર તથા હરિભદ્રસૂરિ(આઠમી સદી)ના યોગબિંદુ જેવા ગ્રંથો નિહિત્ છે.

(૪) **દ્રવ્યાનુયોગ(દ્રવ્યોનો અનુયોગ) :** આમાં જૈન ધર્મ અનુસાર વિશ્વમાં માન્ય ભૌતિક જગતના છ દ્રવ્યો તથા આધ્યાત્મિક જગતના નવ તત્ત્વો આદિનું વર્ણન છે. આ વર્ગનો સહુથી મહત્ત્વપૂર્ણ ગ્રંથ ઉમાસ્વાતિ(બીજી સદી)નો તત્ત્વાર્થાધિગમ સૂત્ર છે. આ ગ્રંથમાં ૩૫૦ સૂત્રોમાં જૈન ધર્મની તમામ સૈદ્ધાંતિક માન્યતાઓનો સંક્ષેપમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથની તુલના પતંજલિના યોગસૂત્ર સાથે કરવામાં આવે છે, કારણકે આ ગ્રંથમાં દર્શનના ઉપદેશોને સંક્ષેપમાં સંગ્રહિત કરવામાં આવ્યા છે.

આવા જ અન્ય ગ્રંથોમાં સિદ્ધસેન દિવાકર સૂરિ(પાંચમી સદી)ના ન્યાયાવતાર અને સન્મતિસૂત્રનો સમાવેશ કરી શકાય. આ બંને ગ્રંથો દર્શનશાસ્ત્રના ઉત્તમ ગ્રંથો છે. મુનિ યશોવિજયજી આધુનિક દર્શનશાસ્ત્રના પ્રતિનિધિ છે.

આ વિવેચન પ્રાયઃ શ્વેતામ્બર સાહિત્ય સુધી સીમિત છે. દિગમ્બર પરંપરા પણ ૬૦ ગ્રંથ માને છે, પરંતુ તે બધા જ લુપ્ત થઈ ગયા છે. તેમ છતાં તેમની પાસે અભિલેખો છે જેને આધારે કહી શકાય કે લગભગ બીજી સદીમાં બે આગમ તુલ્ય ગ્રંથ ષટ્ખંડાગમ(છખંડી આગમ) અને કષાયપાહુડ(કષાય સંબંધી) રચવામાં આવ્યા. આ ઉપરાંત દદાચાર્ય (સંભવતઃ બીજી સદી)ના ગ્રંથો સર્વાધિક બોધગમ્ય છે. તેમના ગ્રંથોમાં સમયસાર, નિયમસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય વગેરે મુખ્ય ગ્રંથો છે. તેમની પરંપરાને પૂજ્યપાદે જાળવી રાખી. સમયસાર ઉપર અગિયારમી સદીમાં આચાર્ય અમૃતચંદ્રે આત્મખ્યાતિ નામની મહત્ત્વપૂર્ણ ટીકા રચી છે. અન્ય ઉલ્લેખનીય આચાર્યોમાં જિનસેન(નવમી સદી) અને સોમદેવ (દસમી સદી)નું નામ લઈ શકાય. ઉમાસ્વાતિનું તત્ત્વાર્થસૂત્ર અને સિદ્ધસેનનો તર્ક પરનો ગ્રંથ બંને પરંપરામાં માન્ય છે. આ વિષયની વધુ વિગત માટે પી.એસ.જૈની (૧૯૭૯)નું પુસ્તક જુઓ.

પ્રથમ વર્ગના અંગ આગમગ્રંથો અર્ધમાગધી ભાષામાં રચવામાં આવ્યા છે. અર્ધમાગધી ભાષા મગધની લોકભાષા અથવા પ્રાકૃતની એક ઉપભાષા છે. ઉમાસ્વાતિ અને તેમના ઉત્તરવર્તી આચાર્યોએ સંસ્કૃત ભાષામાં ગ્રંથો રચ્યા છે. આમ જૈનોનું વિશાળ સાહિત્ય ઉપલબ્ધ છે. પરંતુ એવું જણાય છે કે ધર્મસંબંધિત પુસ્તકોમાં ઉમાસ્વાતિના તત્ત્વાર્થસૂત્રને મુખ્ય માનવામાં આવે છે અને તેને બધા જ જૈનો પ્રામાણિક માને છે. અહીં એ પણ ધ્યાન રાખવું જોઈએ કે દિગમ્બર અને શ્વેતામ્બર પરંપરાના આગમગ્રંથોના સારરૂપે સમણસુત્તં નામનું ૭૫૬ ગાથાઓનું એક પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તક ભગવાન મહાવીરના ૨૫૦૦ નિર્વાણ મહોત્સવ સમયે સર્વસેવા સંઘ, રાજઘાટ, વારાણસીથી પ્રકાશિત કરવામાં આવ્યું છે. ૧૯૯૩માં આ ગ્રંથનો અંગ્રેજી અનુવાદ પણ પ્રકાશિત થયો છે. આ પુસ્તકના અંતે આપવામાં આવેલ સંદર્ભ ગ્રંથ સૂચિનો ખંડ 'અ' કેટલાક મૂળગ્રંથો અને તેના અનુવાદોનો નિર્દેશ કરે છે.

•

# પરિશિષ્ટ ૩

## અવતરણ

### અ : વિધાનો

**વિધાન ૧**

૧. जीव इति.........कर्म-संयुक्त

(पंचास्तिकाय-सार, गाथा २७)

૨. यथाप्रवृत्त-करणम् इति अर्थः

(विशेषावश्यक-भाष्य, गाथा १२०२)

**વિધાન ૨**

૩. नारक-तिर्यङ्-मनुष्या-देवा इति नाम संयुक्ताः प्रकृतयः ।

(पंचास्तिकाय-सार, गाथा ५५)

૪. कर्मावरण-मात्रायाः तारतम्य-विभेदतः ।

(नथमल मुनि, विजडम ऑफ महावीर, अध्याय २, पेज ७०)

**વિધાન ૩**

૫. परिणामात् कर्म कर्मणो भवंति, गतिषु गतिः ।

(पंचास्तिकाय-सार, गाथा १२८)

**વિધાન ૪ અ**

૬. मिथ्यादर्शना-ऽविरति-प्रमाद-कषाय-योगाः बंधहेतवः ।

(तत्त्वार्थसूत्र, अध्याय ८ सूत्र १)

**વિધાન ૪ બ**

૭. .....प्राणिघातेन....सप्तमं नरकं गतः ।

૮. मातेव सर्व-भूतानां अहिंसा हितकारिणी ।

૯. अहिंसायाः फलं सर्वं किमन्यत्, कामदैव सा ।

(योगशास्त्र, अध्याय २, गाथा २७, ५१, ५२)

**વિધાન ૪ ક**

૧૦. तपसा निर्जरा च ।

(तत्त्वार्थसूत्र, अध्याय ९ सूत्र ३)

**બ : ગ્રંથોમાંથી અવતરણ (અવતરણ : અ)**

૧. અ.૩.૧. सब्बे करेइ जीवो, अज्झवसाणेण तिरियणेरइये ।
देव-मणवे य सव्वे, पुण्णं पावं च अणेयविहं ॥
(समयसार, गाथा २६८)

૨. અ.૫.૧. शुभः पुण्यस्य, अशुभः पापस्य
(तत्त्वार्थसूत्र, अध्याय ६ सूत्र ३-४)

૩. અ.૫.૨. सकषायत्वात् जीवः कर्मणो... आदत्ते, स बंधः ।
(तत्त्वार्थसूत्र, अध्याय ८ सूत्र २)

૪. ઉ.૬.૧. परस्परोपग्रहो जीवानाम्
(तत्त्वार्थसूत्र, अध्याय ५ सूत्र २१)

૫. અ.૬.૨. पुरिसा, तुमेव तुं मित्रः किं बहिया मित्र-मिच्छसि ।
(आचारांगसूत्र, अध्याय ३ सूत्र १२५)

૬. અ.૬.૩. सच्चे जीवावि इच्छंतिं जीवियं न मरिज्जियं ।
(दशवैकालिकसूत्र, अध्याय ६ गाथा १०)

૭. અ.૬.૪. मा पमायए
(उत्तराध्ययनसूत्र, अध्याय १० गाथा १)

૮. અ.૬.૫. मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थानि
सत्वगुणाधिक-क्लिश्य-मानाऽविनेयेषु ।
(तत्त्वार्थसूत्र, अध्याय ७ सूत्र. ६)

૯. અ.૭.૧. ज्ञानं बलाबलं
(योगशास्त्र, अध्याय १ गाथा ६४)

૧૦. અ.૮.૧. स गुप्ति-समिति-धर्मऽनुप्रेक्षा-परीषहजय-चारित्रैः ।
(तत्त्वार्थसूत्र, अध्याय ९ सूत्र २)

૧૧. અ.૮.૨. णाणेन जाणि भावे, दंसणेण य सुद्दहे ।
चारित्रेण णिगिण्हइ तवेण परिसुज्जई ॥
(उत्तराध्ययनसूत्र, अ. २८ गाथा ३५)

૧૨. અ.૮.૩. सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ।
(तत्त्वार्थसूत्र, अध्याय १ सूत्र १)

૧૩. અ.૮.૪. प्रथमं ज्ञानं, ततो दया ।
(दशवैकालिकसूत्र, अध्याय ४ गाथा १०)

૧૪. અ.૮.૫. मासे मासे तु जो बालो, कुसग्गेणवच तु भुंजे ।
ण सो सुक्खाय, धम्मस्स, कलं अग्धई सोलसिं ।
(उत्तराध्ययनसूत्र, अध्याय ९ गाथा ४४)

●

## પરિશિષ્ટ ૪
## ગુણસ્થાનકો અને સાપસીડીની રમત


અહીં લેખકે વિભિન્ન ગુણસ્થાનકો વચ્ચે પ્રમુખ સંક્રમણોને નિરૂપિત કરવા માટે સાપ અને સીડીની રમતને પરિવર્ધિત કરેલ છે. (ચિત્ર ૫.૪.૧.) આ રમતમાં એક બોર્ડ ઉપર ૧૬ ચોરસ બનાવવામાં આવ્યા છે તેમાં એક સિક્કો ઉછાળી ગમન કરવામાં આવે છે. સિક્કાના આગળના ભાગનો અર્થ ૨ અંક અને પાછળના ભાગનો અર્થ ૧ અંક ગણવો. આ બોર્ડના પ્રથમ બે ચોરસ તીર્યંચ, પ્રાણીજગતના નિમ્નસ્તર અને ઉચ્ચતર જીવનને દર્શાવે છે.

ત્રીજા ચોરસથી મનુષ્ય જીવનનો પ્રારંભ થાય છે. તે પહેલા ચરણથી ઉચ્ચતર ચરણના—તબક્કા સુધી પહોંચવા તત્પર છે. આ રમતના નિયમો નીચે મુજબ છે :

(૧) પ્રારંભ કરવા માટે સિક્કાનો પાછળનો ભાગ આવવો જોઈએ.

(૨) બીજા ચોરસ ઉપર સિક્કાનો પાછળનો ભાગ જ આવવો જોઈએ, જેથી તે ત્રીજા ખાનામાં પહોંચી શકે છે એટલે કે સીડીના ત્રીજા ચરણ સુધી પહોંચી શકે. અહીં એ ખાસ ધ્યાનમાં રાખવું કે સિક્કો ઉછાળવાથી પાછળનો ભાગ આવે તો તેને ચોથા ખાનામાં જવાની અનુમતિ નથી અર્થાત્ તેણે સિક્કાનો આગળનો ભાગ લાવવો જરૂરી છે. રમનારને ચોથા ખાનામાં જવાની અનુમતિ ત્યારે જ મળે કે તે જ્યારે સાતમા નંબરના ખાનામાં પહોંચે અને સાપને માર્ગે ચોથા ખાનામાં પહોંચે. આ રમતનો અંત પણ યથાર્થરૂપે જ થવો જોઈએ. એટલે કે તેરમા ખાનામાં પહોંચ્યા પછી રમનારને સિક્કાનો પાછલો ભાગ આવવો જરૂરી છે.

ભગવાન મહાવીરના શિષ્ય આનંદના ઉદાહરણને ધ્યાનમાં રાખીએ સંભવ છે કે સીડીને કારણે ૫ નંબરના ખાનાથી ૮ નંબરના ખાનામાં સાધુ અવસ્થા પ્રાપ્ત કર્યા વગર પણ પહોંચી શકાય છે. સામાન્યરૂપે આ રમત એ વાત ઉપર પ્રકાશ પાડે છે કે ક્યારે ગુણપ્રાપ્તિ દ્વારા સીડીથી ઉપર ચડી શકાય છે અને ક્યારે સાવ નીચે પછડાવાય છે. રમનાર એક વાર ૧૨ મા ખાના સુધી પહોંચી જાય પછી તે નિશ્ચિતરૂપે મોક્ષ પ્રાપ્ત કરે જ છે.




ચિત્ર : પરિ.૪.૧ : સાપસીડીના માધ્યમથી ગુણસ્થાનક સંક્રમણનું નિદર્શન. (અહીં અંકો ગુણસ્થાનકના ક્રમાંકને દર્શાવે છે.)

આ ધર્મકલ્પ રમતને પ્રાથમિકરૂપે જ્ઞાનબાજી (જ્ઞાનની રમત) કહેવામાં આવે છે. આના વિશેષ વિસ્તાર માટે પાલ(૧૯૯૪, પૃ.૮૭)નું પુસ્તક જોવા ભલામણ કરું છું.

## રમતના નિયમો

(૧) સિક્કાના પાછલા ભાગને અંક એક ગણવો. આગળના ભાગને અંક બે ગણવો.

(૨) સિક્કાના પાછલો ભાગ પ્રાપ્ત થાય ત્યારે જ તેની રમતનો પ્રારંભ થઈ શકે. અહીંથી તેના પ્રથમ ગુણસ્થાનકનો પ્રારંભ થાય છે.

(૩) જો ફરીવાર પાછલો ભાગ આવે તો કુકરી બીજા ખાનામાં રાખવામાં આવે છે. હવે ફરીવાર ઉછાળવાથી પાછલો ભાગ આવે તો ત્રીજા ખાનામાં કુકરી મૂકવામાં આવે છે અને તે ત્રીજા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે.

(૪) ખાના નંબર ૪ માત્ર ખાના નંબર ૭ માં અધ:પતનથી જ પ્રાપ્ત થાય છે.

•

# संदर्भ ग्रंथ सूची

## अ. प्राकृत, संस्कृत या हिन्दी ग्रंथ और उनके अनुवाद


१. आचारांगसूत्र; प्राकृत-मूल और मधुकर मुनि का हिन्दी अनुवाद; आगम प्रकाशन समिति, व्यावर, १९८०.

२. आचारांगसूत्र (अंग्रेजी अनुवादक : एच. जैकोबी) : जैन सूत्राज भाग-१. डोवर पब्लिकेशन, न्यूयार्क से पुनः प्रकाशित, १९६८ पृ. १-२१३.

३. आवश्यकसूत्र; जैन आगम सीरीज, खंड १५, श्री महावीर जैन विद्यालय, बंबई, १९७७.

४. उत्तराध्ययनसूत्र; प्राकृत ग्रंथ; अनु. के.सी.ललवानी, प्रज्ञानं, कलकत्ता, १९७७.
अनुवाद : एच. जैकोबी, जैन सूत्राज भाग-२ डोवर पब्लिकेशन, न्यूयार्क से पुनः प्रकाशित, १९६८ पृ. १-२३२.

५. देशवैकालिकसूत्र (अंग्रेजी); अनुवादक के. सी. ललवानी, मोतीलाल बनारसीदास, दिल्ली, १९७३.

६. कल्पसूत्र (अंग्रेजी); अनु. एच. जैकोबी; जैन सूत्राज, खंड ३, डोवर पब्लिकेशन्स, न्यूयोर्क से पुन प्रकाशित, १९६८.

७. कर्मग्रंथ, भाग १-६; देवेन्द्रसूरि, हिन्दी अनु. एस.एल.सिंघवी, वर्धमान स्थानकवासी जैनधर्म शिक्षा समिति, बडौत (मेरठ), १९८४.

८. तत्त्वार्थसूत्र : उमास्वाति (मि) कृत, पं. सुखलालजी की टीका के साथ मूल संस्कृत ग्रंथ, अंग्रेजी अनुवादक के.के.दीक्षित, एल. डी. इंस्टीस्यूट ओफ इंडोलोजी, अहमदावाद, १९७४.

९. तत्त्वार्थसूत्र : अंग्रेजी अनुवादक : 'दैट व्हिच इज' नथमल टाटिया, पी.एस.जैनी आदि, हार्पर कोलिन्स, लंदन, १९९४. (सेक्रेड लिटरेटक सीरीज)

१०. महापुराण, भाग १-३; पुष्पदंत, अपभ्रंश ग्रंथ (सं.) पी. एल. वैद्य; माणिकचंद्र दि. जैन ग्रंथमाला, बंबई, १९३७-४७.

११. नियमसार; कुंदकुंद, अंग्रेजी अनु. उग्रसेन जैन, सेंट्रल जैन पब्लिशिंग हाउस, लखनउ, १९३१.

१२. पंचास्तिकाय-सार; कुंदकुंद, संस्कृत और अंग्रेजी अनुवाद ए. चकवर्ती और ए.एन.उपाध्ये, भारतीय ज्ञानपीठ दिल्ली १९७५.

१३. प्रवचनसार; कुंदकुंद का प्राकृत ग्रंथ (अमृतचंद की तत्त्वदीपिका, जयसेन की तात्पर्यवृत्ति और हेमराज पांडे की बालावबोध भाषा टीका के साथ), (संपा) ए.एन.उपाध्ये, राजेन्द्र जैन शास्त्रमाला, अगास, १९९३.

१४. समणसुत्तं; सर्व सेवा संघ, वाराणसी, १९९३.

१५. समयसार; कुंदकुंद का प्राकृत ग्रंथ (अमृतचंद्र की आत्मख्याति टीका के साथ), मूल ग्रंथ और अंग्रेजी अनुवाद : ए.चकवर्ती, भारतीय ज्ञानपीठ, दिल्ली, द्वितीय संस्करण, १९७१.

१६. योगशास्त्र; हेमचंद्र, हिन्दी अनुवाद के साथ मूल संस्कृत ग्रंथ अनु. मुनि पद्मविजय, श्री निर्ग्रंथ साहित्य प्रकाशन संघ, दिल्ली, १९७५.

१७. विशेषावश्यक भाष्य; जिनभद्रगणि : संपादक नथमल टाटिया; रिसर्च इस्टींट्यूट ओफ प्राकृत, जैनोलोजी एण्ड अहिंसा, वैशाली, १९७२.

१८. विश्वप्रहेलिका; महेन्द्र मुनि, जवेरी प्रकाशन, इंदौर, १९६९

१९. कषाय; साध्वी हेमप्रज्ञा, विचक्षण प्रकाशन, इंदौर, १९९९.

२०. ग्यारह प्रतिमायें; महात्मा भगवानदीन, प्रबुद्ध जैन विचार मंच, कलकत्ता-७, २०००.

२१. मेरी भावना; जुगल किशोर मुख्तार जैन साहित्य सदन, नई दिल्ली, १९८२.

२२. तीर्थंकर वर्धमान; मुनि विद्यानंद, वीर निर्वाण ग्रंथ प्रकाशन समिति, इंदौर, १९७३.

## B : Modern Works


1. Amarendravijay (1993); *Science Discovers Eternal Wisdom*, Jain Sahitya Academy, Gandhidham.
2. Basham, A.L. (1958); *Jainism and Buddhism, Sources in Indian Tradition*, ed. De Bary, W.T., Vol. 1, 38-92. Columbia University Press, New York.
3. Bharucha, F.(1993); *Role of Space-Time in Jaina's Syādvāda and Quantum Theory*, Sri Satguru Publications, Delhi.
4. Capra. F. (1975); *Tao of Physics*, Bantam Books, New York.
5. Carrithers, M. & Humphrey, C. (1991); *The Assembly of Listeners, Jains in Society*, Cambridge University Press Cambridge.
6. Chitrabhanu, Gurudev Shree (1980); *Twelve facets of Reality. The Jain Path of Freedom.* (Edited by Clare Rosenfield), Dodd, Mead & Co., New York.
7. Davies, P.C.W. (1983); *God and the New Physics*, London; J.M. Dent; Penguin Books (1984).
8. Dundas, P.(1992); *The Jains,* Routledge, London.
9. Eintein, A. (1940); Science and Religion, *Nature*, Vol.146, pp. 605-7.
10. Einstein, A. (1941); "*Science and Religion*" First conference of Science, Philosophy and Religion, New York (Reprinted in *Ideas and Opinions*, 1973, Souvenir Press, London).
11. d'Espagnat, B. (1979); *The Quantum Theory and Reality, Scientific American*, **241**, pp.128-40.
12. Gamow, G. (1965); *Mr. Tompkins in Paperback*, Cambridge University Press.
13. Von Glasenapp, H. (1942); *The Doctrine of Karma in Jain Philosophy*. tr. from the German by G. Barry Gifford. Bai Vijibhai Jivanlal Pannalal Charity Fund, Bombay.
14. Gribbin, J. (1984); *In Search of Schrodinger's Cat*, Wildwood House (Reprinted by Corgi books).

15. Haldane, J.B.S. (1975); *"The syādvāda system of predication."* Sāṇkhya, **A 18,** pp. 195-200.

16. Hawking, S.W. (1998); *A Brief History of Time,* Bantam Press, London.

17. Hay, S.N. (1970); *Jain influences on Gandhi's early thought in Gandhi, India and the World,* ed. S. Ray, pp.29-38. Philadelphia, Temple University Press.

18. Jacobi, Hermann (1884, 1895); *Jaina Sutra,* Vol. 1,2, Sacred Books of the East, 'XXII, XLV; Oxford. Reprinted (1968), Dover Publication, New York.

19. Jahn, R.G.(1982); *"The Persistent Paradox of Psychic Phenomena: an engineering perspctive"*. Proc. Inst. of Elect. & Electronics Engr., 70 pp. 136-70.

20. Jain, D.C. (1990); (Editor) *Studies in Jainisim,* Jain Study Circle, Flushing, New York.

21. Jain, C.R. (1929); *The Practical Dhrama,* The Indian Press, Allahabad (Re-printed as *Fundamentals of Jainism,* 1974, Veer Nirvan Bharti, Meerut).

22. Jain, C.R. (1929); *Cosmology Old and New.* Bhāratīya Jñānpītha Publication, Delhi.

23. Jain, H.L. and Upadhye, A.N. (1974); *Mahavira : his Times and his Philosophy of Life.* Bhāratīya Jñānpītha Publication, Delhi.

24. Jain, L.C. (1992); *The Tao of Jaina Sciences.* Arihant International, Delhi.

25. Jain, N.L. (1993); (a) *Jain Systems in Nutshell.* Nij-Jnan-Sagar Shiksha Kosha, Satna : (b) *Jaina Karmology* (1998), Parshwanath Vidyapith, Varanasi : (c) *Scientific Contents in Prākṛta Canons,* (1996) Parshwanath Vidyapith, Varanasi.

26. Jain, S. K. (1980); *Communication Regarding the Process of Rebirth in Karma and Rebirth in Classical Indian Traditions,* ed. By W.D. O'Flaherty. pp.237-8. University of California Press, Berkeley.

27. Jaini, J.L. (1916); *Outlines of Jainism,* Cambridge. Reprinted in 1979. J.L. Trust, Indore.

28. Jaini, P.S. (1979); (a) *The Jaina Path of Purification./* University of California Press : Berkeley (Reprinted by Motilal Banarsidass, Delhi); (b) *Gender and Salvation.* (1991); University of California Press, berkeley.

29. Kapashi, V. (1985); *Jainism for Young Persons*. Jain Samaj Publications, Leicester.

30. Kapashi, V., Shah, A. and Desai, K (1994); *Text Book of Jainism* : Level I. Institute of Jainilogy, London.

31. Khursheed, A.(1987); *Science and Religion*. One World Publication, London.

32. King, Ursula (1987); *"Jainism"*. In *The Encylopedia of World Faiths*. Ed. Bishop, P. and Darto, M. Macdonald Orbis 1987, London and Sydney.

33. Kothari, D. S. (1975); *Some Thoughts on Truth*. Anniversary Address, Indian National Science Academy, pp. 1-23, Delhi.

34. Mahalanobis, P.C. (1954); *"The Foundations of Statistics."* Dialectica 8, pp. 95-111.

35. Mardia K.V. (1975); *"Jain Logic and Statistical Concepts." Jain Antiquary and Jaina SIddanta Bhaskar*, Oriental Research Institute. Arrah, 27, pp.33-7.

36. Mardia K.V. (1981); *"Why Paryushana is Doing Your Own MOT ?"* The Jain, 3, issue 9, pp.4-5.

37. Mardia K.V. (1982); *"Mahavira as a Man"*. The Jain, 4 issue 11, p.16.

38. Mardia K.V. (1988a); *Discussion to "Probability, Statistics and Theology"*, by D.J.Bartholomew. *J. Roy. Statist.* Soc A 151, pp. 166-7.

39. Mardia K.V. (1988b); *"Jain Culture". The Jain, Pratistha Mahotsava Souvenir Issue*, pp. 51-3. Jain Samaj Publications, Leicester.

40. Mardia K.V. (1991); *"Modern Science and the Principle of Karmons in Jainism". Jain Journal*, Vol.26 pp. 116-19.

41. Mardia K.V. (1992); *Jain Thoughts and Prayers*, The Yokshire, Jain Foundation, Leeds.

42. Marett, P. (1985); *Jainism Explained,* Jain Samaj Europe Publication, Leicester.

43. Motilal, B.K. (1981); *The Central Philosophy of Jainism* (Anekanta-vāda), L.D. Institute of Indology, Ahmedabad.

44. Mehta, M.L. (1995); *Jaina Psychology*, Sohanlal Jaindharma Pracharak Samiti; Amritsar.

45. Nandighoshvijay, Munishri (1995); *Jainism : Though Science,* Shri Mahavira Jain Vidyalaya, Bombay.

46. Nathmal, Muni (1970); *Wisdom of Mahavira*, Tr. Bhuteria, K. and Manian, K.S., Adarśa Sāhitya Sangh Publication, Churu.

47. Oldfield, K. (1989); *Jainism : The path of purity and peace,* Christian Educational Movement, Derby.

48. Pal, P. (1994); *The Peaceful Liberators : Jain Art from India*, Themes and Hudson, Los Angeless Country Museum of Art.

49. Pedler, K. (1981); *Mind over Matter,* Thomas Methuen, London.

50. Propper, K.R. (1968); *The Logic of Scientific Discovery*. 2nd ed. Hutchinson, London.

51. Shah, A.K. (1991); *Experiments with Jainism*. young Jains Publications, London.

52. Shah, B.S. (1992); *An Introduction to Jainism*. The Setubandh Publications, New york.

53. Sheldrake, R. (1981); *A New Science of Life*. Blond & Briggs Ltd., (Paladin Books, 1983).

54. Singhvi, L.M. (1990); *The Jain-Declaration on Nature*. The Jain Sacred Literature Trust. London.

55. Stevenson, S. (1915); *The Heart of Jainism*. Oxford University Press. Reprinted in 1970, Delhi (also see, review The Jain, 1983, pp. 5-6).

56. Tatia N. (1994); *New Dimensions in Jaina Logic*. tr. of "Jaina Nyaya ka Vikasa" by Mahaprajna Yuvācāryashri, Jaina Vishva Bharati, Ladnun.

57. Tatia N. (1986); *Jaina Meditation : Citta Samādhi : Jaina-Yoga.* Jaina Vishva Bharati, Ladnun.

58. Tobias, M. (1991); *Life Force.* (The World of Jainism), Asian Humanities Press, Berkeley.

59. Vakharia, N.N. (1978); *Cosmological Truths of Ancient Indian Religions : Jainism and Hinduism,* Flint, Michigan.

60. Willians, R. (1963); *Jaina Yoga: A Survey of the Mediaeval Srāvakācaras.* Oxford University Press, London (Reprint, Motilal Banarsidas, 1983).

61. Wilson, I (1981); *Mind out of Time* ? Gollancz, London.

62. Zaveri, J.S. (1975); *Theory of Atom in the Jaina Philosophy.* Jaina Vishva Bharati, Ladnun.

•

# પુસ્તકમાં વપરાયેલી પારિભાષિક શબ્દાવલી
## (અંગ્રેજી-ગુજરાતી)

Abstinence = વિરતી
Accidental/occupational violence = આરંભજ-હિંસા
Activities = યોગ
Afflitions = પરિષહ-જય
Anger = ક્રોધ
Animal/plant life = તિર્યંચAttachment = રાગ
Aversion = દ્વેષ
Bliss = સુખ
Bliss-defiling = મોહનીય
Body = કાય
Body producing karma = નામ કર્મ
Classification of imports of words = નિક્ષેપ
Carelessness = પ્રમાદ
Carelessness-free Self-restraint = અપ્રમત્ત વિરત
Clairvoyance = અવધિજ્ઞાન
Complete self-restraint with eliminated greed = ક્ષીણ મોહ
Complete self-restraint with subtle greed = સૂક્ષ્મ મોહ
Complete self-restraint with suppressed greed = ઉપશાંત મોહ
Complete self-restraint with uniform mild volition = અનિવૃષ્ટિ સંપરાય
Complete self-restraint with unprecedented volition = અપૂર્વ કરણ
Comprehensive right knowledge = પ્રમાણ
Conditional predicaltion principle = સ્યાદ્વાદ
Conduct deluding = ચરિત્ર-મોહનીય
Consciousness = ચેતના, ચૈતન્ય
Continence = ઇન્દ્રિયનિગ્રહ, બ્રહ્મચર્ય

Deceit = માયા
Defensive violence = વિરોધી-હિંસા
Different type of karmic matter (karmic components) = પ્રકૃતિ
Deluded world view = મિથ્યાદૃષ્ટિ
Disinterested love = વાત્સલ્ય
Dissociation = નિર્જરા
Dynamic medium = અધર્મ
Dynamic omniscience state = સયોગ કેવળી/લીન
Eight karmic components = આઠ કાર્મિક ઘટક (કર્મ)
Eight qualities of the true-insight = અષ્ટાંગ
Emission = ઉદય
Empirical Knowledge = મનઃ પર્યવજ્ઞાન
Energy = વીર્ય
Energy obstructing = વીર્ય-અંતરાય
Enlightened world view with careless self-restraint = પ્રમત્ત વિરત
Enlightened world view with partial self-restraint = દેશ વિરત
Environmental determining karma = ગોત્ર કર્મ
Equanimity = સમભાવ
Feeling producing = વેદનીય
Five lower vows = પાંચ અણુવ્રત
Five-spiritually high = પંચ-પરમેષ્ઠિ
Forbearance = મનોનિગ્રહ, ધૈર્ય
Four existences = ગતિ
Four principal passions = કષાય
Fourteen purification stages = ગુણસ્થાનકો
Freedom from anticipation = નિઃકાંક્ષિત
Freedom from disgust = નિર્વિચિકિત્સા
Freedom from doubt = નિઃશંકિત
Freedom from false notions = અમૂઢદૃષ્ટિ
Freedom longing (Catalyst) = ભવ્યત્વ
Greed = લોભ
Happy = સુષમા
Heavenly being = દેવ
Heavy Karmic Matter = પાપ
Hellish being = નારકી

Human = મનુષ્ય
Infinite knowledge = કેવળજ્ઞાન
Inhabited universe = લોક આકાશ
Illumination = પ્રભાવના
Insight deluding = દર્શન-મોહનીય
Jain Holistic principle = અનેકાન્તવાદ
Jain layman = શ્રાવક
Karmic body = કાર્મિક શરીર
Karmic bondage/fusion = કર્મબંધ
Karmic density = કાર્મિક ઘનત્વ
Karmic fission/decay = નિર્જરા
Karmic force shield = સંવર
Karmic force/influx = આસ્રવ
Karmic matter = કાર્મિક દ્રવ્ય
Knowledge = જ્ઞાન
Knowledge obscuring = જ્ઞાન-આવરણીય
Liberated soul = સિદ્ધ
Liberation = મોક્ષ
Light karmic matter = પુણ્ય
Lingering enlightened world view = સાસાદન
Living being = જીવ
Longevity determining karma = આયુ કર્મ
Luminous capsule = તેજસ શરીર
Matter = પુદ્ગલ
Meditation = ધ્યાન
Micro-organisms = નિગોદ
Mind = મન
Minor vow = અણુવ્રત
Misery = દુષમા
Mixture of deluded & Enlightened world view = મિશ્ર
Mournful Meditation = આર્તધ્યાન
Mouth mask = મુહપત્તી
Natural consciousness = સહજ ચેતના
Nine reals = નવ તત્ત્વ
No sexual deviations = અણુ બ્રહ્મવ્રત
Non-possession = અપરિગ્રહ

Non-restrained enlightened world view = અવિરત સમ્યગ દૃષ્ટિ
Nonrestraint = અવિરતિ
Non-soul/Insentient object = અજીવ
Non-violence = અહિંસા
No-stealing = અસ્તેય
Number of karmons in karmic fusion = પ્રદેશ
Occupied space = લોક આકાશ
Omniscience = કૈવલ્ય
Pain producing karma = અસાતા-વેદનીય
Particle-grouping variforms = વર્ગણા
Passion = કષાય
Perception = દર્શન
Perception obscuring = દર્શન-આવરણીય
Perfect being = અરિહંત
Perverted views = મિથ્યાદર્શન
Pleasure producing karma = સાતા-વેદનીય
Pure soul/liberated soul = સિદ્ધ
Premeditated violence = સંકલ્પજ હિંસા
Pride = માન
Primary Karma = ઘાતીય કર્મ
Progressive half cycle = ઉત્સર્પિણી કાળ
Promoting stability = સ્થિતિકરણ
Protential energy in karmon-decay = અનુભવ
Pure trance = શુક્લ ધ્યાન
Purification axis = શુદ્ધીકરણ અક્ષ
Quasi (Subsidiary) Passions = નો-કષાય
Reflections = અનુપ્રેક્ષા
Regressive half cycle = અવસર્પિણી કાળ
Restraint = ગુપ્તિ
Right conduct = સમ્યક્ ચરિત્ર
Right faith = સમ્યક્ દર્શન
Right knowledge = સમ્યક્ જ્ઞાન
Righteousness = ધર્મ
Safeguarding = ઉપગૂહન
Saint = સાધુ
Secondary karma = આઘાતીય કર્મ

Seven fold conditional predication = સપ્તભંગી-નય
Six existents = દ્રવ્ય
Soul = જીવ
Soul's elements = ગુણ
Space = આકાશ
Space point = પ્રદેશ
Speech = વચન
Spiritual master = આચાર્ય
Spiritual teacher = ઉપાધ્યાય
Standpoint principle = નયવાદ
Static omniscience state = અયોગ-કેવલિન
Stationary Medium = ધર્મ
Sub-atom = અણુ
Suppression = ઉપશમ
Ten-fold righteousness = દસ ધર્મ
Three jewels = ત્રિરત્ન; રત્નત્રયી
Time = કાળ
Time to decay of fused karmons = સ્થિતિ
Truthfulness = સત્ય
Ultimate particle = પરમાણુ
Unoccupied space = અલોક આકાશ
Verbal/articulate knowledge = શ્રુતજ્ઞાન
Violence = હિંસા
Virtuous meditation = ધર્મધ્યાન
Volition = ભાવ
Watchfulness = સમિતિ
Wrathful meditation = રૌદ્રધ્યાન

•

આ પુસ્તક એવા આધુનિક વિચારક અને વૈજ્ઞાનિકે લખ્યું છે, જે વૈજ્ઞાનિક જ્ઞાનના સંશોધન અને સંપ્રસારણ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ ધરાવે છે. "The Scientific Foundations of Jainism"– આ પુસ્તક જૈનધર્મને સ્પષ્ટ રીતે સમજવા માટે માર્ગદર્શક છે. ડૉ.મરડિયા કહે છે કે જૈનધર્મ મુજબ કોઈ પણ વ્યક્તિ "જૈનવિજ્ઞાન"ની સમગ્ર સત્યતા એ વખતે જાણી શકે જ્યારે એને કેવળજ્ઞાનની ક્ષમતા પ્રાપ્ત થઈ જાય. જૈનવિજ્ઞાનના સત્યને પ્રગટ કરવાનો ડૉ.મરડિયાનો આ પ્રયાસ દર્શાવે છે કે તેઓએ જૈનધર્મમાં સાહિત્યનો ગહન અભ્યાસ કર્યો છે. આ પુસ્તક જૈનોને તેમજ જૈનેતરોને એક મહાન ધર્મના ઉદયને સમજી ને સત્ય શોધવામાં અને પોતાના અસ્તિત્વ અને જીવનના ઉદ્દેશને સમજવામાં સહાયભૂત થશે.

Prof. C.R.Rao, FRS
Penosylvania State University, USA

"The Jain"
April, 1992

લેખક સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્ર અને દર્શન – એ બંને ક્ષેત્રના પ્રકાંડ વિદ્વાન છે. આ પુસ્તક સરળ અને સુબોધક છે. પ્રાચીન સમયની દુર્બોધ શબ્દાવલીની જગાએ આજની ભાષામાં નવી શબ્દાવલી તેમજ સંકલ્પનાઓનો સમુચ્ચય તેમણે આપ્યો છે. આપણે શ્રદ્ધા રાખીએ કે લેખકે દર્શાવેલા પથને ભવિષ્યમાં અનેક વિદ્વાનો અનુસરશે. આ પુસ્તક જૈન કે જૈનતર દરેક જિજ્ઞાસુએ વસાવવું જોઈએ.

Paul Marett

"The Jain"
March, 1991

આ પુસ્તકનાં પ્રારંભિક પાનાં પર બે બાબતો છે : (૧) "આઇન્સ્ટાઇનના આ શબ્દ કે ધર્મરહિત વિજ્ઞાન પંગુ છે અને વિજ્ઞાનરહિત ધર્મ અંધ છે." અને (૨) જૈન = એ વ્યક્તિ જેણે સ્વયંને જીતી લીધો છે. મારી સમજમાં સંપૂર્ણ કૃતિ આ બે મુખ્ય બાબતો પર કેન્દ્રિત છે. આટલાં ઓછાં પૃષ્ઠમાં વિદ્વાન લેખકે જૈનધર્મ અને દર્શનની લગભગ સંપૂર્ણ અસ્મિતાનું સફળતાથી નિરૂપણ કર્યું છે. એમણે ઓછામાં ઓછા શબ્દોમાં વધુમાં વધુ વિષયવસ્તુ આપવાનો પ્રયાસ કર્યો છે. હકીકતમાં એક એવા પુસ્તકની આવશ્યકતા હતી, જે વિજ્ઞાનની આધારભૂમિ પર રહીને જૈનધર્મને એની સમગ્રતામાં દર્શાવતું હોય. આ કૃતિએ, આ સાંસ્કૃતિક પિપાસાને છિપાવીને જૈનધર્મ/દર્શનના ક્ષેત્રને અનુગ્રહિત કર્યું છે. "જૈન દર્શન અને વિચાર કાલાતીત છે" એ કથન વિદ્વાન લેખકે પગલે પગલે પ્રમાણિત કર્યું છે. લેખકમાં બે વિશેષતા છે : સંતુલન અને સ્પષ્ટતા. આધુનિક વિજ્ઞાનની વર્ણમાળામાં જૈન સિદ્ધાંતોને વ્યાખ્યાયિત કરીને લેખકે પોતાના સમયની પેઢી પર ઉપકાર કર્યો છે. નવી પેઢી જૈનધર્મની પ્રાસંગિકતા અને સાર્થકતાને હૃદયગમ્ય કરવા ચાહે છે.

નેમીચંદ જૈન
સંપાદક, "તીર્થંકર", ઇન્દોર

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર
અમદાવાદ-૩૮૦ ૦૦૯